Vol. 42, No.7
November 2021
ISSN 2455 - 4162

Rs: 40

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક

દીપોત્સવી વિશેષાંક



અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

30g
પ્રોટીન



₹47* / 1 L

અમૂલ
તાજા

Amul
75
YEARS OF MILK & PROGRESS

500mL: ₹ 24* | 15g પ્રોટીન

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ વેસ્ટર્નઃ 8657459260, સેન્ટ્રલઃ 9324513052, થાણેઃ 7045841018, નાશિકઃ 9028161181

અનહદ બાની

☐ સુભાષ ભટ્ટ

ક્યારેક નહીં, સતત એમ થાય કે કોઈ અનામ નદીના એકલવાયા તટ પર ઝૂંપડી બાંધીને જીવન-ગીતના મરમી ગાયક કવિ રવીન્દ્રનાથ ટાગોરનું સમગ્ર સાહિત્ય છેલ્લા શ્વાસ સુધી વાંચું. ગત અને આવતા વર્ષની સીમા પર ઊભા છીએ ત્યારે તેમની થોડી જીવન-કથા સમજાવી જાય તેવી પંક્તિઓ જોઈએ. જીવન કથા તો આડા ઊભા દોરાઓ થકી વણાય છે જે ક્યારેક તૂટે તો ક્યારેક સંધાય બાકી તે તો છે ઘટમાળ. જીવન અને મૃત્યુ તો જાણે બે ચરણ છે, એક ઊપડે અને બીજો ભૂમિ પર મુકાય છે. તેમાં ઉદય અને અસ્તનો લય અને તાલ છે. સ્વયં મૃત્યુ પણ જીવનજ્યોતને બુઝાવતું નથી પણ પરોઢ પ્રગટવામાં છે તેથી તે જ્યોતના ઉજાસને સંકેલે છે. આ જ તો ઋતુ છે. સૂર્યોદયે માથું ઊંચકીને અહોભાવથી તેને આવકારવાનો છે અને સૂર્યાસ્તે વિનમ્રતાથી સ્વીકાર કરીને માથું નમાવી દેવાનું છે. શ્રમમાંથી વિશ્રામમાં સહજતાથી સરી જવાનું છે.

તે એમ પણ કહે છે, 'સંધ્યા ટાણે દિવસના કાનમાં રાત્રિ હળવો ગણગણાટ કરે છે, ''ભલે હું મૃત્યુ હોઉં પણ તારી મા છું, મારાથી ડર નહીં. હું તારું થાકેલ જીવન લઈને નવજીવન આપું છું. હું તને દરેક સવારે નવું કલેવર આપું છું.'' પ્રિય ટાગોરે એક સ્થળે આમ લખીને આપણને બાંહેધરી આપી છે. 'મારી પળે-પળ પર પરમના હસ્તાક્ષર છે. તેની આકરણી, મૂલવણી અને ખરાઈ બજાર વચ્ચે થોડી હોય!' બસ આપણી જીવન આસ્થા ટકાવવા આ પર્યાપ્ત છે. આ સમજાઈ-પમાઈ જાય તો દરેક ક્ષણ-ભંગુરતા શાશ્વતીનો પત્ર લાગશે. દરેક ઓછપમાં સંપન્નતાનો સાદ સંભળાશે.

આવો, ગત વરસનો સ્મરણ-બોજ ઉતારીને સંભાવનાને ઓટલે ઊભા ઊભા નવા નક્કોર ત્રણસો પાંસઠ દિવસ લઈ આવીએ...

❑❑❑

૧૨૩

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૨ અંકઃ ૭, નવેમ્બર ૨૦૨૧

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

પૃષ્ઠસજ્જા :
યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન, કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan9@gmail.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ☐ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ☐ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.



મુનશીવાણી

જૂન ૧, ૧૯૬૩ - અધ્યાત્મમાર્ગ

મારા નવયુવાન મિત્ર,

હિટલરની સરમુખત્યારશાહી ઇતિહાસની સૌથી વધુ મલીન અને ક્રૂર સરમુખત્યારશાહી કહી શકાય. પણ એણે ય આજનાં રાજ્યતંત્રો માનવમનની આધ્યાત્મિક આકાંક્ષાના મૂળને વિષમય બનાવવા જે સાધનોનો ઉપયોગ કરે છે, તેનો ક્યારેય ઉપયોગ કર્યો ન હતો. સામ્યવાદી તંત્ર હિટલરે પણ જે નહોતું કર્યું એ કરે છે.

જો આપણા પર ચીનને અધીન રાજ્ય બનવાની ફરજ પડે તો આપણી સામાજિક પરંપરાઓનો નાશ થશે, આપણી ધાર્મિક સ્વતંત્રતા અદૃશ્ય થશે. આપણા અધ્યાત્મમાર્ગમાં અંતરાય રચાશે. આથી જ ચીન સામેની લડાઈ એ આપણા આત્માના રક્ષણ માટેની લડાઈ છે.

હા, એવા હિંદીઓ પણ છે જેમને અધ્યાત્મમાર્ગનું આટલું મહત્ત્વ નથી. તેઓ ચીને આપણા પર ઠોકી બેસાડેલી લડાઈનો વિચાર બીજાં મૂલ્યોના સંદર્ભમાં કરતા હશે. પરંતુ ધર્મનાં મૂલ્યો જેમના હૈયે વસ્યાં છે એવા વિશાળ જનસમાજ માટે તો આ લડાઈનું સ્વરૂપ જુદું જ છે.

આપણા મોટા ભાગના સૈનિકો પણ ખૂબ જ ધર્મનિષ્ઠ સમાજમાંથી આવે છે. ભગવાનમાંની શ્રદ્ધામાંથી તેઓ શૌર્યની પ્રેરણા મેળવે છે. તેઓ પ્રાણાર્પણ કરવા તૈયાર છે, કારણ કે તેઓને લાગે છે કે તેમની પ્રિય પવિત્ર માતૃભૂમિને બલિદાનનો ખપ પડ્યો છે.

આ અધ્યાત્મમાર્ગમાં શ્રદ્ધા ધરાવનાર કેટલાયે લોકો માટે હાથમાં હથિયાર લઈ લડવું શક્ય નહીં હોય. મારા માટે એ અશક્ય છે અને મારા જેવા બીજા ઘણા હશે. તો આપણે શું કરવું?

કોઈકે હમણાં જ કહ્યું હતું – અને એ મારા મનમાં આ પ્રશ્નનો સાચો જવાબ લાગે છે. કહેવામાં આવ્યું હતું કે જેમને પણ આસ્થા હોય તેમણે આપણને પ્રિય એવાં આ મૂલ્યોના રક્ષણ માટે આપણી પાસે જે કંઈ હોય તેનાથી – અને એથીય વિશેષ તો આપણા હૃદયથી લડી લેવું જોઈએ. શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું હતું:

[ક્રમશઃ]

દીપોત્સવી શુભેચ્છા-સંદેશ



દર વર્ષની જેમ આ વર્ષે પણ 'નવનીત સમર્પણ'નો દીપોત્સવી અંક આપના હાથમાં છે. અનેક પડકારો વચ્ચે પણ ભવન જીવન, સાહિત્ય અને સંસ્કારનો આ જ્ઞાનયજ્ઞ પ્રજ્વલિત રાખી શક્યું છે એમાં ભવનની ટીમ સાથે વાચકોનો પ્રેમભર્યો પ્રતિભાવ કારણભૂત છે. દીપોત્સવીના આ પાવન પ્રસંગે હું ભવન અને ભવન સાથે સંકળાયેલા સર્વ સાથીઓનો આભાર માનું છું અને આ પર્વનો દિવ્ય પ્રકાશ આપ સૌનાં ઘરની સાથે અંતરને અજવાળે એવી શુભેચ્છા વ્યક્ત કરું છું.

છેલ્લાં દોઢ વર્ષથી આપણે એક અણધારી આફતનો ભોગ બન્યા છીએ. અનેક પરિવારોએ પોતાનાં સ્વજન ગુમાવ્યાં છે. એ સર્વ પ્રત્યે અંત:કરણપૂર્વકની દિલસોજી વ્યક્ત કરું છું. આ આફતમાંથી ઊગરી ગયેલા સૌને વિનંતી છે કે પોતાની અને આસપાસના સૌની કાળજી લે, એમને સધિયારો આપે અને સાવચેતીના બધા નિયમોનું પાલન કરે.

આ દીપોત્સવી અંકમાં ઉત્તમ સર્જકો ઉપરાંત ઉત્તમ વિચારકો, વૈજ્ઞાનિકો, તબીબો, હાસ્યકારોનો સમાવેશ થયો છે. આશા છે આપ સૌને એ સાર્થક વાંચન પૂરું પાડશે.

ફરી આપ સૌને દીપોત્સવીની હાર્દિક શુભેચ્છાઓ.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા
પ્રમુખ
(ભારતીય વિદ્યા ભવન)



ચંબુ

❑ હેમન્ત દવે

ભૌતિક સંસ્કૃતિ અને ભાષા એકમેક સાથે અભિન્ન રીતે જોડાયેલાં છે. સામાન્ય રીતે જે વસ્તુ ભાષકના ભૌતિક જગતમાંથી અદૃશ્ય થાય તે માટેનો શબ્દ પણ એની ભાષામાંથી પણ સમયાંતરે ઘસાઈ જવાનો. આવો એક શબ્દ ચંબુ છે. પાણી પીવા માટેનો નાના મોં અને મોટા ગોળાકાર શરીરનું આ પાત્ર એક સમયે જિવાતા જીવનનો અગત્યનો હિસ્સો હતો. આજે બૉટલો (શીશી પણ હવે કોણ કહે છે? મૂળે તો કાચ એટલે કે શીશામાંથી બનતી માટે એ નામ. સરખાવો પ્યાલા માટેનો 'ગ્લાસ' શબ્દ) પ્રચલિત થઈ છે એટલે ચંબુનાં વળતાં પાણી થયાં છે.

સાર્થ જોડણીકોશ એની વ્યુત્પત્તિમાં સમાંતરે હિન્દી મરાઠીનો ઉલ્લેખ કરી પછી કાનડીનો પણ નિર્દેશ કરે છે. આ મૂળે કાનડી શબ્દ જ છે અને એનાં ચંબુ, ચેંબુ, ચોંબુ એવાં રૂપો મળે છે. એને મળતા આવતા શબ્દો તમિળ, મલયાળમ, તેલુગુ, તુળુ, વગેરે ભાષાઓમાં છે. પણ એ સંદર્ભે બરો અને એમનો જે નોંધે છે તે જોવાલાયક છે. 'આ દ્રાવિડી શબ્દો સંસ્કૃત તામ્ર પ્રાકૃત તામ્બથી પ્રભાવિત હશે? મુદ્દો એ કે કેટલાયે કિસ્સામાં છેવટનો અભિપ્રાય આપવો શક્ય હોતો નથી.

❑❑❑



સૂર્યોદયના વિવિધ રંગો

☐ મકરન્દ દવે

મારા મનમાં જે છાપ પડી તેની વાત કહું. અહીંથી ત્યાં પેલા ઘરમાં જતો હતો ને સવારના રંગની આભા હતી. નીચેનાં વાદળાં ઘેરાં લાલ હતાં. ઉપર જરા કથ્થઈ રંગનાં અને તેની ઉપરનાં ભૂરા રંગનાં હતાં. એક સુંદર સંમિશ્રણ હતું - ઘેરા લાલ રંગનું, જરા કથ્થઈ અને ઉપર ભૂરું. ભૂરાં વાદળ એ બહુ સુંદર રંગ છે. સૂર્યોદય પહેલાંની આભા જે અરુણમાં હોય એનું અત્યંત સુંદર દર્શન થયું. પછી ઘરમાં જઈને પાછો આવ્યો ત્યારે એ દશ્ય બદલાઈ ગયું હતું. ઘેરો લાલ તે આછો ઘેરો થયો હતો. જે કથ્થઈ હતાં તે વધુ તેજસ્વી થયાં હતાં. અને ભૂરા વાદળમાં જાણે રંગનાં કિરણો પરોવાતાં હોય એમ એ ગુલાલમય થતાં જતાં હતાં. પેલો ઘેરો લાલ રંગ, કથ્થઈ રંગ, ભૂરો રંગ હતા એ બહુ સુંદર હતા. એ જોવાનું મન થયા કરે. પણ પેલા સૂર્યોદયે સૂર્યનારાયણને લીધે રંગ બદલ્યા. હું તો બધાને કહેવા આવ્યો કે, 'કાન્તાબેન, કુન્દનિકાબેન જુઓ જુઓ સૂર્યોદયનું અપૂર્વ દશ્ય છે.' બારણું ખોલ્યું અને જોયું તો દશ્ય એટલું જ સુંદર હતું. પણ પેલો ઘેરો લાલ રંગ મનમાં વસી ગયો હતો તે નહોતો. થયું કે હાય, એ રંગ હોય તો! ઘેરા લાલ, કથ્થઈ અને ભૂરા રંગમાં મારું મન ગૂંથાઈ ગયું હતું.

પણ જેણે રંગ ગૂંથ્યો હતો તેને તો કશી પરવાહ નહોતી. એ તો નવા નવા રંગ પ્રગટ કરતો આગળ વધતો જતો હતો.

ત્યારે મને એક વિચાર એ પણ આવ્યો કે આ સૃષ્ટિમાં કોઈ એવડો મોટો કળાકાર છે કે જેની તોલે આવે એવું બીજું કોઈ નથી. એક એક રચના, એક એક પળેપળની એની કૃતિ અપૂર્વ હોય છે. એ છતાંય કળાકારને પોતાની કૃતિમાં એટલો મોહ નથી હોતો કે એમાં તે અટવાઈ રહે કે એની કૃતિમાં બદ્ધ બને. આપણે કોઈ સુંદર કાર્ય કર્યું હોય તો એમાં બદ્ધ બની જઈએ છીએ. આપણું મન એની આસપાસ ગૂંથાયેલું હોય છે. એક સારી કળાકૃતિ કરી હોય કે વાર્તા લખાઈ હોય કે કવિતા થઈ હોય કે ચિત્ર થયું હોય - વરસો પહેલાં કર્યું હોય તોય મન ફરી એની આસપાસ પરિક્રમા કરતું આંટા મારે છે. આ જે સૃષ્ટિનો કળાકાર છે એ ભૂતકાળનું સુંદરતમ હોય તો પણ એ બનાવીને ભૂંસી નાખે છે, વિખેરી નાખે છે.

કોઈ શારિરીક પીડા હોય, કોઈ માનસિક યાતના હોય, કોઈ બહારથી આપત્તિ આવી ગઈ હોય જે આપણે ન સર્જી હોય, આધિ-વ્યાધિ-ઉપાધિ હોય પણ તેની વચ્ચે પણ ક્યાંક મને આછેરી સમાધિ આવી જાય છે. ઉપાધિની વચ્ચે રહેતી સમાધિ એ સાચી સમાધિ છે. એને સંતો સહજ સમાધિ કહે છે.

સમાધિ એટલે મનની સમત્વભરી અવસ્થા. મનની પ્રશાંત અવસ્થા. સમાધિ એટલે આંખો મીંચીને પડ્યા રહેવું તે નહીં પરંતુ આંખો ઉઘાડીને પરમની સાથે ચાલવું, ગતિ કરવી. સમાધિ ગતિમાન છે. બહુ સુંદર કૃષ્ણમૂર્તિનું વાક્ય છે : 'Meditation is a movement of love.' ધ્યાન એ પ્રેમની ગતિ છે, પ્રેમનાં પગલાં છે. ધ્યાન એટલે એક ખૂણે બંધ નેત્રે બેસી રહેવું એમ આપણે માનીએ છીએ. ધ્યાન એટલે પોતાના સ્વજનો સાથે ચાલવું, એમનાં સુખ-દુઃખમાં ભાગ લેવો, એમનો બોજો ઓછો કરીને ખભે ઉપાડવો. A movement of love. પ્રેમ જ્યારે ગતિ કરે છે ત્યારે પ્રેમ પોતાનો વિચાર કરતો નથી. પોતાની મર્યાદામાંથી એ બહાર નીકળી જાય છે.

આજે સવારે સૂર્યપ્રકાશે થોડું ભાતું બંધાવ્યું, રંગનું ભાતું બંધાવ્યું, આનંદનું ભાતું બંધાવ્યું અને નવા નવા રંગની કળાનું દર્શન કરાવ્યું. આ એક મોટી પ્રાપ્તિ છે. આજે તમને શું પ્રાપ્ત થયું? તમે કહેશો કે મને સૂર્યએ થોડો ઉજાસ આપ્યો, કિરણો આપ્યાં. હવે એ વિખેરાવા નહીં દઉં. મારા અંતરના આકાશમાં એની કળાને ખીલવા દઈશ. કેવડું મોટું કામ થઈ જાય! બહારના સૂર્યે જે મારી આંખોની અંદર રંગો પૂર્યા એ અંદરનો સૂર્ય બની જાય તો? તો સૂર્યના રથમાં ગતિ કરીશ. એ વિના આપણી ગતિ સ્તંભિત થઈ ગઈ છે, આપણે અટકી પડ્યા છીએ, બંધાયેલા છીએ

એવું લાગે છે. આપણે પોતે જ બંધન ઊભું કર્યું છે. ક્યાંક કાળી કોટડી ઊભી કરી છે. અને એ કોટડીને જ આપણું સ્થાન માનીને બેસી ગયા છીએ. પણ એને ક્યાં સ્થાન છે? એની કઈ જગ્યા છે? સ્થિરતા ક્યાં છે? ગતિમાં સ્થિરતા છે, ગતિમાં સ્થિતિ છે.

સવારમાં સૂર્યએ આપણને કિરણની ભેટ આપી, નવા દર્શનની ભેટ આપી, ઉજાસ આપ્યો. આપણે પણ એની સાથે ઉજાસમય થઈએ, આનંદમય થઈએ, ગતિમાન થઈએ તો જ નાની સરખી વિપત્તિ આપણે મોટી કરી મૂકીએ છીએ, આપણો જ પડછાયો મોટો કરીએ છીએ અને એનાથી ભય પામીએ છીએ - એ ચાલ્યો જશે. મારે બીજું કાંઈ જ કહેવાનું નથી. એક જ વાત છે કે આપણું સાયુજ્ય પરમ સત્ય સાથે સદા જોડાયેલું રહે. ચાર અવસ્થા કહી છે. સાલુક્ય, સારૂપ્ય, સામીપ્ય અને સાયુજ્ય.

સાલુક્ય: પરમાત્માના લોકમાં જવું તે સાલુક્ય. અત્યારે આપણે શરીરમાં છીએ, જડતામાં છીએ, પાર્થિવલોકમાં છીએ, મૃત્યુલોકમાં છીએ. સાલુક્ય એટલે મૃત્યુલોકને ભેદીને અમૃતલોકમાં જવું તે. ખરેખર તો બંને લોકમાં ભેદ નથી. જો આપણાં પડળ ખોલીશું તો અમૃતલોકમાં પ્રવેશીશું, તેમાં ગતિ કરીશું. કોઈ પૂછે કે 'તમે ક્યાં વસો છો?' તો કહીશું કે 'પરમાત્માના લોકમાં. અમારી પાસે પાસપોર્ટ છે.' કેવડી મોટી વાત થઈ ગઈ!

સારૂપ્ય: પરમાત્મામય રહેવું તે સારૂપ્ય. એની જ વાતો કરવી. એના સ્વરૂપમાં મારું રૂપ છે, જુદું રૂપ નથી એમ અનુભવવું. રૂપ તો અનંત છે પણ દરેકમાં તેનું જ સ્વરૂપ જોવું.

સામીપ્ય: સાધના એક જ છે, અહીંયાં જ છે. જે બધા મારી આસપાસ બેઠા છે તે પરમાત્મા જ છે એમ અનુભવવું તે સામીપ્ય. સામીપ્ય એટલે સમીપ છે. મારી જડતા જતાં જ મેં એને મારી સમીપ જોયો. ચેતનથી ચેતનનું મિલન થયું. જ્યોતથી જ્યોતનું મિલન થયું.

પછી એ હું જ છું. બીજો ક્યાં હતો - એ સાયુજ્ય.

આ થઈ ચતુર્વિદ્યાની યાત્રા. જે સર્વમાં નિવાસ કરી રહ્યો છે એનો આપણે સાક્ષાત્ પરિચય પામીએ. હે મહારાજાધિરાજ, હે અનંત પ્રેમી, હે શાશ્વત પ્રેમી તું અમારામાં પ્રગટ થા. તારા દ્વારા અમારું બ્રહ્માંડ પ્રકાશિત થાઓ. આજે સૂર્યએ જે રંગ ભર્યા એ સૂર્યના નહોતા પણ સૂર્યને આપેલા હતા. સૂર્યમાંય જે પરમ તત્ત્વ બેઠું છે એના હતા. એ મારામાં પણ છે, તમારામાં પણ છે અને સહુમાં છે. જ્યારે એની સાથે આપણું અનુસંધાન થશે ત્યારે જગતનું સ્વરૂપ બદલાઈ જશે. બસ નિત્ય આનંદ, નિત્ય દર્શન, નિત્ય ઓચ્છવ, નિત્ય કીર્તન પ્રાપ્ત થાય એવી પરમાત્માને પ્રાર્થના કરીશું.

*પ્રાતઃપ્રાર્થના પછી મકરન્દભાઈ જે વાત કરતા હતા તેમાંથી. સં. મીનુ ભટ્ટ



ૐ નમો ભગવતે રામકૃષ્ણાય

☐ કૂપમંડૂક

યોગીનનું લીંબુ

ભગવાન રામકૃષ્ણને કોઈ કોઈ વાર નવું નવું ખાવાનો શોખ થાય. કોઈ વાર પુડિંગ, કોઈ વાર કઢી, કોઈ વાર સંદેશ મીઠાઈ તો કોઈ વાર બરફ. એક વખત એમને લીંબુની એક ચીર ચૂસવાનું મન થયું. એમના શિષ્ય યોગીન રોજ એક વાડીના ઝાડ ઉપરથી એક લીંબુ તોડીને લાવે. માલિકની પરવાનગી લઈ રાખેલી.

એક દિવસ એ લીંબુ લઈને આવ્યો. ઠાકુર કહેઃ ''અલ્યા, ગઈ કાલે તું ક્યાંથી લીંબુ લાવેલો? હું એ લેવા જાઉં ને મને હાથમાં એવો ઝટકો લાગે કે હું એને અડી જ ન શકું. ત્રણ-ચાર વાર કોશિશ કરી પણ એને અડી જ ન શક્યો.'' યોગીન કહેઃ ''હું તો જે ઝાડ પરથી રોજ લાવું છું ત્યાંથી જ લાવ્યો હતો.''

યોગીન અને એના ગુરુભાઈઓ

નરેન્દ્ર, નિરંજન, રાખાલ અને બાબુરામ આશ્ચર્યચકિત થઈ ગયા. યોગીન તપાસ કરવા નીકળી પડ્યો. થયેલું એમ કે જે વાડીના ઝાડ પરથી એ લીંબુ લાવતો એની લીઝ આગલે દિવસે જ પૂરી થઈ ગયેલી અને વાડી એના ઓરિજિનલ માલિકના તાબામાં ચાલી ગયેલી. હવે, યોગીને એની પરવાનગી તો મેળવેલી નહિ. એટલે એ લીંબું ખાવું એ ચોરીને ખાધેલું કહેવાય.

જે શુદ્ધ આત્મા છે એને દેવીમા અણજાણપણે પણ કશુંક ખોટું કરતાં રોકી દે. એ અણજાણપણે પણ અસત્ય બોલવા જાય તો એનું મોઢું જ ન ખૂલે.

હવે, એક બીજી વાત. કોઈને એમ થાય કે ઠાકુર જેવા પરમ ત્યાગીને નવું નવું ખાવાનો શોખ કેવી રીતે ઊપડે? હકીકત એ છે કે એક સામાન્ય સાધકને ઈશ્વર સાથે એકાકાર થવાની એની સાધનમાં દુન્યવી વસ્તુઓ પરથી થોડી પળ માટે પણ મન ઉઠાવી લેવામાં જબરદસ્ત પરિશ્રમ કરવો પડે. ઠાકુરનું એનાથી ઊલટું. જે કર્તવ્ય કરવા એમણે જન્મ લીધેલો એ બજાવવા એમણે દુન્યવી સપાટી પર ઊતરવું જ પડે. ઈશ્વર અને દેવીમા સાથે સતત એકાકાર થઈને રહેવાની એમની અવસ્થાથી વારંવાર નીચે ઊતરવું પડે. એટલે આવા ખાવાના કે એવા બીજા દુન્યવી શોખ રાખવા પડે. નહિ તો એમને સમાધી લાગી જાય.

ઠાકુર જ્યારે નિર્વિકલ્પ સમાધિમાં ચાલ્યા જાય ત્યારે એ સર્વોચ્ચ ભૂમિકા પરથી નીચે ઊતરવું ભારે મુશ્કેલ પડે. સ્વામી શિવાનંદે લખેલું કે ઠાકુર એ સમયે તુચ્છ કહી શકાય એવી ઇચ્છાઓ સેવે કે જેથી દુન્યવી જમીન ઉપર એમના પગ સ્થિર થઈ શકે.

શિષ્ય હરનાથ (સ્વામી તુરિયાનંદ) દક્ષિણેશ્વર આવીને જુએ છે કે ઠાકુર ભોજન ગ્રહણ કરવા બેઠા છે. વિવિધ વાનગીઓ આરોગી રહ્યા છે. એને વિચાર આવ્યો કે આવા પરમ દૈવી મહાત્મા આવું ખાય! હંમેશ મુજબ ઠાકુરે વિચાર પકડી લીધો. કહે: “મારા મનનો લગાવ હંમેશાં દેવીમા પર જ હોય. કોઈ વાર આવું રાજસિક ભોજન કરું જેથી મન નીચેની ભૂમિકા પર રહે. નહિ તો હું તમારી સાથે વાતો કેવી રીતે કરી શકું?”

* * *

ઠાકુર અને રમણી

એક દિવસ બલરામ બાસુની હવેલીના ઓટલા ઉપર બાસુ પરિવારની સ્ત્રીઓ સાથે બેસી ઠાકુર વાતો કરતા હતા. દૂરથી રમણીને પસાર થતાં એમણે જોઈ. રમણી કલકત્તાની વિખ્યાત વેશ્યા હતી. ઠાકુરે બૂમ પાડીને એને બોલાવી. કહે: ''તું આજકાલ (દક્ષિણેશ્વર) આવતી કેમ નથી?'' હાથ જોડી ઊભેલી રમણીએ કહ્યું કે એને સમય નથી મળતો.

ઊંચા ઘરાણાની સ્ત્રીઓ આ દશ્ય

તમારું પ્રિય સામયિક

નવનીત સમર્પણ

હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ



તમારાં કોમ્પ્યુટર, લેપટોપ, નોટબુક, ટેબ્લેટ કે અન્ય ગેજેટ ઉપર વાંચો

* * *

હમણાં જ ક્લિક કરો

www.navneetsamarpan.com

અને **માણો**

ઉત્તમ, આનંદદાયક
અર્થસભર વાચનનો રસથાળ

એક વર્ષનું લવાજમ
ડાઉનલોડ - રૂ. 220
રીડિંગ - રૂ. 120

અનુકૂળતાઓઃ
ગમે ત્યાંથી, ગમે ત્યારે, પાનું ફેરવો, એકસાથે પાનાં જુઓ, પાનાનું કદ મોટું કરી વાંચો

નિહાળી આઘાત ખાઈ ગઈ. ઠાકુર રમણીને બોલાવે?! થોડા સમય પછી ઠાકુર આ સ્ત્રીઓને મા કાલીના મંદિરે લઈ ગયા. "મા, તું જ રમણીનું સ્વરૂપ ધારણ કરીને આવેલી ને? મા, તું ક્યારે શીલવાન સ્ત્રી બનીને આવે છે તો ક્યારે વેશ્યા બનીને."

આવું દેવીમાને કહેવાય? પરંતુ ઠાકુર તો દરેક સ્ત્રીમાં માનાં દર્શન કરતા. એમની પત્ની મા શારદમાં પણ. બાસુ કુટુંબની સ્ત્રીઓને સમજાયું કે તેઓ ઊંચા ઘરાણાની મહિલાઓ હતી એ તો માત્ર દેવીમાની ઇચ્છાને લીધે જ હતી. એમનો રમણી પ્રત્યેનો ધિક્કાર સાવ ખોટો હતો.

ગિરીશ ઘોષ બંગાળના મહાન સર્જનાત્મક નાટ્યકાર ને લેખક હતા. ખૂબ શરાબ પીએ, વેશ્યાગમન કરે ને ગંદામાં ગંદી ગાળો ભાંડે. ઠાકુરની અસીમ કૃપા એમના પર ઊતરી અને એ નેક ઇન્સાન બન્યા. એમના ધાર્મિક નાટકોમાં તેઓ ઠાકુરને લઈ જાય. નાટક પૂરું થાય ને ગિરીશ બધાંને ઠાકુર પાસે આશીર્વાદ લેવા લઈ જાય. ઠાકુર આ વેશ્યા-અભિનેત્રીઓને નમીને પ્રણામ કરે અને આશીર્વાદ આપી એમની અભિનય કલાના વખાણ કરે.

એક દિવસ રાણી રાસમણીના જમાઈ અને દક્ષિણેશ્વર સંકુલના સર્વેસર્વા માથુરબાબુને થયું કે ઠાકુર કોઈ વાર ગાંડીઘેલી વર્તણૂક કરે છે એ સાઈકોલોજિકલ હોઈ શકે. એટલે

ઠાકુરને તેઓ વેશ્યાઘરે લઈ ગયા. બધી સ્ત્રીઓને જોઈ ''મા, મા'' કહી ઠાકુરે એમને પ્રણામ કર્યા. સ્ત્રીઓએ માથુરને સખત ખખડાવ્યો કે તું આવા નિર્દોષ, પવિત્ર, માણસને અમારી પાસે લાવે છે!!

* * *

ઠાકુર અને રસિક

દક્ષિણેશ્વરમાં રસિક નામનો એક દલિત સફાઈકામદાર રહેતો. એનું કામ ઝાડુ કાઢવાનું અને જાજરૂ સાફ કરવાનાં. ઠાકુર એની સાથે દોસ્ત તરીકે વર્તતા. સુખદુઃખની વાતો કરે, ગપાટા મારે. રસિક ઠાકુરને બાપા કહી બોલાવે. કોઈ વાર બન્ને ગંભીર બનીને લાંબા સમય સુધી વાતો કરતા દેખાય.

રસિકનો નિવૃત્ત થવાનો સમય આવ્યો. એક દિવસ ઠાકુર પંચવટીની દિશાએથી આવતા હતા. રસિકે એમને રોક્યા અને ઘૂંટણે પડી પ્રણામ કર્યા. એ રડતો હતો. કહેઃ ''બાપા! મને આશીર્વાદ આપો. તમારી કૃપા કેમ નથી ઊતરતી? બાપા, મારું શું થશે?''

ઠાકુરે એને પ્રેમથી ઊભો કર્યો, આલિંગન કર્યું અને આશ્વાસન આપતાં કહ્યુંઃ ''રસિક તારે ડરવાની શી જરૂર છે? હું છું ને! તારી ઇચ્છા પરિપૂર્ણ થશે. તારી આખરી ઘડીએ હું તને મળવા આવીશ.''

અને બરાબર બન્યું પણ એવું જ. રસિક નિવૃત્ત થઈને પોતાના વતનમાં હતો. અંતિમ સમય આવી પહોંચ્યો. સગાંઓએ જ્યાં તુલસીના ક્યારાઓ હતા એ પવિત્ર જગ્યાએ એને સુવાડ્યો. છેલ્લી ઘડી આવી અને રસિકે એકાએક આંખો ખોલી અને બૂમ પાડીઃ ''તમે અહીં છો? બાપા, તમે આવી ગયા, ખરેખર આવી ગયા.'' એનાં મોં પર સ્મિત ઝળક્યું. શ્વાસ ઊડી ગયા.

એ જ સમયે દક્ષિણેશ્વરમાં ભગવાન રામકૃષ્ણ નિર્વિકલ્પ સમાધિમાં સરી પડેલા ને અચેતન થઈને ઊભા રહેલા. શશીએ એમને પકડી રાખેલા.

* * *

હું તારા માટે પુડિંગ લાવ્યો છું

ભગવાન રામકૃષ્ણના મોટાભાઈ રામેશ્વરના પુત્ર રામલાલ વર્ષો સુધી દક્ષિણેશ્વરના કાલી મંદિરના પૂજારી હતા. હંમેશાં ઠાકુરની સેવામાં હાજર રહે. રામલાલે એક દિલચસ્પ ઘટનાની વાત લખેલી.

એક યુવાન પણ પ્રખર સાધુ અયોધ્યામાં રહે. એક દિવસ એમને સ્વપ્ન આવ્યું કે ભગવાને અયોધ્યાની પૂર્વ દિશાએ અવતાર ધારણ કર્યો છે. એમણે તો બીજે જ દિવસે પ્રયાણ શરૂ કરી દીધું, અવતારની શોધમાં. સેંકડો માઈલ ચાલીને એ બંગાળ પહોંચ્યા ત્યારે અનેક ઠેકાણેથી એમણે સાંભળ્યું કે કલકત્તાની નજીક રામકૃષ્ણ પરમહંસ નામના એક મહાન સંત રહે છે. એ દક્ષિણેશ્વર પહોંચ્યા અને કાલી મંદિરના દર્શને આવેલા ભક્તોએ એમને જાણ

કરી કે ઠાકુરે તો થોડા દિવસ પૂર્વે જ મહાસમાધિ લઈ લીધી હતી.

સાધુ રડવા માંડ્યા. મંદિરના મેનેજરે એમને થોડા દિવસ દક્ષિણેશ્વર રહી જવાનું આમંત્રણ આપ્યું. અને ભોજન ગ્રહણ કરવા કહ્યું, પરંતુ એ તો રડતાં રડતાં પંચવટી ગયા અને રામકૃષ્ણને યાદ કરતાં બેસી પડ્યા. ત્રણ દિવસ ખાધા પીધા વગર પલાંઠી મારી બેસી રહ્યા.

ચોથી રાત્રે ઠાકુરે એમને દર્શન આપ્યા. માથે હાથ ફેરવી કહેઃ ''કેટલાયે દિવસોથી તે અન્નનો દાણો પણ ખાધો નથી. લે, આ ખા. હું તારા માટે પુડિંગ લાવ્યો છું.'' પોતાને હાથે સાધુને જમાડી તેઓ ચાલી ગયા. બીજી સવારે રામલાલ સાધુની ખબર કાઢવા ગયા ત્યારે આનંદથી તરબતર થઈને નાચતાં સાધુએ એમને આ વાત કરી અને જે માટીના વાડકામાં ઠાકુર પુડિંગ લાવેલા એ વાડકો પણ દેખાડ્યો. રામલાલે આજીજી કરી વાડકો માંગી લીધો. ઘણાં વર્ષ પછી એક દિવસ અજાયબ રીતે એ તૂટીને ગાયબ થઈ ગયો.

* * *

ચાલ, આપણા ઘરે પાછા ફરીએ

નરેન (વિવેકાનંદ) જ્યારે કોલેજના વિદ્યાર્થી હતા ત્યારે પ્રથમ વાર 1881માં ભગવાન રામકૃષ્ણને મળવા ગયેલા. ભક્તો સાથે બેસી ઠાકુરે આનંદનો મેળો ભરેલો. ભજનો ગવાય, સંવાદ થાય. નરેન ખૂબ જ પ્રાણવાન ગાયક. એમણે ઠાકુર આગળ પ્રથમ વાર આ ગાયન ગાયું.

હે મનઃ ચાલ, આપણા ઘરે પાછા ફરીએ.

આ પૃથ્વી તો વિદેશી ધરતી છે. અહીં અમસ્તા ભટકવાનો શો અર્થ છે?

અહીં બધાં જ અજનબી છે. તારું પોતાનું કોઈ નથી.

અહીંના લોકો સાથે નાતો બાંધી તું તારી અસલિયતને કેમ ભૂલી જાય છે?

હે મન! ચાલ, પાછા ફરી જઈએ.

આ માટે હે મન!

સત્યનો રાહ પકડવાનો છે. તારા હાથમાં પ્રેમનો દીવો રાખજે. એ તારા રસ્તાને પ્રકાશમય બનાવશે.

તારા સદ્‌ગુણો તારું ભાથું છે. પણ એને સંતાડીને રાખજે કારણ કે એ ઝૂંટવી લેવા બે ડાકુઓ - લોભ અને ભ્રમ - તારી રાહ જોઈને ઊભા છે.

આ સફરમાં બે ચોકીદારો - મનની સ્વસ્થતા અને સ્વ ઉપરનું નિયંત્રણ - તારી પડખે રાખજે.

અને રસ્તામાં વિસામો લેવાની જરૂર પડે તો સાધુ-સંતોનો સમાગમ તારું સુંદર વિશ્રામગૃહ બનશે.

સફર દરમિયાન કોઈક કે કશું તને ડરાવે તો મોટે સાદે હરિનું નામ લેજે.

કારણ કે એ જ આ રસ્તાનો માલિક છે. એવો શક્તિશાળી માલિક કે મોત પણ એની સામે મૃત્યુ પામે છે.

❑❑❑



પુષ્કળ પીડા, અઢળક આનંદ ને ન્યામત કવિતાની

☐ હરીશ મીનાશ્રુ

માધવ કૌશિકજી અને મિત્રો,

સૌ પ્રથમ તો આ પ્રતિષ્ઠિત પુરસ્કારથી વિભૂષિત સૌ મિત્રોને પોતપોતાની સુંદર ભાષાઓને વિશેષ લાવણ્યમય બનાવવા બદલ મારા અભિનંદન. આજે જ્યારે હું આપ સૌની સન્મુખ ઊભો છું ત્યારે અતિ સંકુલ લાગણી અનુભવી રહ્યો છું, જેને યથાતથ વ્યક્ત કરવી કઠિન છે. અલબત્ત, આ પ્રસન્નતાની ક્ષણ છે, પણ મારું હૃદય વિષાદગ્રસ્ત છે. કદાચ આપ સૌની પણ એ જ દશા હશે. જીવનમાં પહેલીવાર આ છેલ્લાં દોઢેક વર્ષમાં આપણને એટલું તો સમજાઈ ગયું છે કે આપણો આ ગ્રહ કેવળ 'મૃત્યુલોક' છે. એક 'મૃત્યુ' જ છે જે ચક્રવર્તી છે, નહીં કે પેલા કહેવાતા ચક્રવર્તીઓ, જે વિશ્વના નકશાના નાનાંમોટાં ચિંદરડાં પર 'ખાધું પીધું ને રાજ' કરે છે. દાયકાઓથી આપણે જે અપકૃત્યો કરતાં રહ્યાં એનો આ કુદરતી પ્રત્યાઘાત છે.

ધંધે હું બૅન્કર હતો, પણ પહેલીવાર એ વાત સમજાઈ કે જિંદગીમાં એવી ક્ષણો પણ આવતી હોય છે જ્યારે 'વન ઇઝ લેફ્ટ વિથ નથિંગ ટુ બૅન્ક અપોન'. - માણસ સાવ નોંધારો હોય છે. હું અનુસ્નાતક પદવીધારી રસાયણવિજ્ઞાનનો વિદ્યાર્થી છું, પણ પહેલી વાર એ સમજાયું કે O2 એ ખાલી કેમિકલ ફોર્મ્યુલા નથી, એ 'મૃત્યુ'ની એન્ટોનિમ - વિરુદ્ધાર્થી સંજ્ઞા છે. સૈકાઓ પૂર્વે કવિ જહોન ડન ભણી ગયા છે એમ, આજે મનુષ્યજાતિમાં હું 'ડિમિનિશ્ડ આઈ' -'હ્‌સ્વ હું' છું. હા, હું આ રહ્યો, અહીં, છું ખરો પણ હ્‌સ્વીભૂત. વિખૂટાં પડેલાં એ સૌ દિવંગત પ્રિયજનોને મારી વિનમ્ર પ્રાર્થનાભરી શ્રદ્ધાંજલિ.

હવે હું મૂળ વાત પર આવું ને મારા પુસ્તક 'બનારસ ડાયરી' વિષે કૈંક કહું. જો તમે કથાલેખક હો તો કથાની રૂપરેખા, પાત્રો, એમાં નિરૂપિત સ્થળકાળાદિની વાત માંડી શકો. પણ કવિતામાં વાત ક્યાંથી શરૂ કરવી? કવિઓને તો મોટેભાગે પોતાની કવિતાની વાત કરતાં નવનેજા થાય છે. હું એવું માનું છું કે એ વિશેષાધિકાર ભાવયિત્રી પ્રતિભા ધરાવતા વાચકનો- ભાવકનો છે. કવિ પોતાની કવિતા વિષે વાત કરવાનું ટાળે એ આદર્શ સ્થિતિ. મારું માનો તો કવિતા કઈ રીતે રચાઈ છે એની એને જરા જેટલી જ ખબર હોય છે. કદાચ પહેલા પાંચ પંદર શબ્દો એની કલમમાંથી ટપકી પડે છે, પણ બીજી જ ક્ષણથી કવિતા એનો કબજો લઈ લે છે ને 'બૅકસીટ ડ્રાઈવિંગ' કરીને એને દોરી જાય છે અજાણી ને આડીઅવળી ગલીઓમાં ને ભેદભરમાળી શેરીઓમાં ને છેવટે એને પહોંચાડી દે છે કોઈ પરાભૌગોલિક અચરજી મંઝિલે. કાવ્યની યદચ્છાગતિ આગળ કવિની પૂર્વનિર્ધારિત યોજના અવળી પડી જાય છે. આ યાત્રાની ઇટિનરરી - પ્રવાસરેખા- બિલકુલ કોન્ફિડેન્સિયલ હોય છે જેની જાણકારી હોય તો હોય છે કેવળ કવિતાને, કવિને તો નહીં જ, એટલું નક્કી. એ માન્યતા ભૂલભરી છે કે કવિ કવિતા compose કરે છે, ખરેખર તો કવિતા જ કવિને compose કરે છે, એના તમામ સંભવિત અર્થોમાં. (to compose- કાવ્યરચના કરવી/ સ્વરરચના કરવી/ અંશોની કલામક ગોઠવણી કરી પૂર્ણની રચના કરવી/ શાતા પમાડવી આદિ) પથ્થરમાંથી મૂર્તિ ઘડવાની પ્રક્રિયામાં સલાટ ખુદ ઘડાતો જાય છે. સૃજનની લીલા, લેખનની લીલા કવિને કેન્દ્રગામી ધક્કો મારે છે, અસ્તિના મર્મસ્થળ તરફ, પ્રજ્ઞા અને પ્રસન્નતાના નાભિકમળ તરફ.

શું કવિતા સત્ય તરફ દોરી જતું મહાદ્વાર છે કે એનાથી પલાયન કરવા માટેની કોઈ છટકબારી? ખાત્રીપૂર્વક તો શું કહું? - અવઢવમાં છું.

સમજણની આ ભૂમિકાએ, આ સંગ્રહ

વિષે થોડીઘણી વાત કરવાનું સાહસ કરું. આ સંગ્રહમાં આ સદીના બીજા દાયકામાં રચાયેલી અછાંદસ રચનાઓ-ગદ્યકવિતાઓ સંગૃહિત છે. અંતિમ દીર્ઘ કાવ્ય 'શ્રાદ્ધ' તે અપવાદ, એણે ખાસ્સાં બારેક વર્ષ લીધાં છે. 'બનારસ ડાયરી', 'ચન્દ્ર વિષે ચાટૂક્તિઓ', 'કવિતા વિષે ચાટૂક્તિઓ' જેવી થોડી કાવ્ય શ્રેણીઓ સાથે થોડાંક કાવ્ય-યુગ્મ પણ છે. કાવ્યશ્રેણીઓ તો મારા આ પૂર્વેના સંગ્રહોમાં પણ જોવા મળશે, એને મારી કવિતાનું વ્યાવર્તક વલણ ગણવું હોય તો ગણી શકાશે.

એક કવિ લેખે હું કોઈ કલ્પન, કોઈ રૂપક, કોઈ વિષયવસ્તુની પરકમ્મા કરતો હોઉં છું. જુદજુદેરા કાવ્ય કોણોથી ને પરિપ્રેક્ષ્યથી હું એને જોતો રહું છું ને એની બહુવિધ કાવ્ય સંભાવનાઓને આત્મસાત કરવા મથું છું. આ સૃજનાત્મક ચેષ્ટા જ મને શ્રેણિબદ્ધ રચનાઓની ફરજ પાડે છે.

'બનારસ ડાયરી' અને 'શ્રાદ્ધ' - એ બે પ્રમાણમાં દીર્ઘ રચનાઓ પર જ હું એકાગ્ર થઈને વાત કરું.

પ્રથમ નજરે બન્ને કાવ્યો યાત્રાસ્થલિ વિષેનાં છે. બનારસ અને સિદ્ધપુર, મરણ સાથે એ બન્નેનું સાંસ્કૃતિક સાહચર્ય અતિ પ્રાચીન છે. એ કાવ્યોને કેવળ 'ટોપોગ્રાફિક પોએમ્સ'- સ્થળ કવિતા લેખે ખતવી મારવાનાં આવે તો એ ભારે મોટી ગફલત ગણાશે. આ પૂર્વેના 'પંખીપદારથ' સંગ્રહનાં 'સાપુતારા' શ્રેણીનાં કાવ્યોની જેમ જ આ કાવ્યોની ગતિ પણ 'સ્થળ કવિતા'થી 'મર્મસ્થળ કવિતા' બનવા તરફની છે. ઉર્દુનો એક રહસ્યમંડિત શબ્દ છે: ' લામકાં.' 'બનારસ ડાયરી' કાવ્ય શ્રેણી પણ આ પ્રાચીન નગરીને એની સાંસ્કૃતિક દ્યુતિ સમેત કોઈ સ્થલાતીત અવકાશમાં સ્થાનાંતરિત કરવા તાકે છે.

સ્વયંની સાંસ્કૃતિક વિભૂતિમત્તાથી કબીર અહીં વાજબી રીતે જ હાજર છે. એમની નૈસર્ગિક અને સાત્ત્વિક પ્રભા કાવ્યમાં સતત વર્તાતી રહે છે. એમની જોડાજોડ પંડિત બ્રહ્મશંકર મિશ્ર જેવી વિભૂતિ છે તો ગાલિબ, સત્યજિત રે, ગિરિજાબાઈ, રસૂલનબાઈ, હુસ્નાબાઈ, બડી મૈનાબાઈ, કાશી નરેશ જેવાં વ્યક્તિવિશેષો પણ છે. એ ઉપરાંત પંડા, દંડી સ્વામી, કેવટ, બનારસી સાડીવાળા, કલ્લુ રબડીવાળા જેવાં સર્વસાધારણ પાત્રો પણ કાવ્યમાં ટોળે વળેલાં છે.

આ કાવ્યો સ્થળકાળને વટી જવાની ફિરાકમાં છે. ભગીરથ, કેવટ ને કાશી વિશ્વનાથ જેવાં પુરાકથાનાં પાત્રોની અને ગુગલ, લિન્ક્ડ ઈન, ટ્વિટર કે યાહૂ જેવા અત્યાધુનિક ટેક્નોલોજિકલ આવિષ્કારો અને જન્મદિવસની ઉજવણી જેવા પ્રસંગોની સહોપસ્થિતિ રચીને મેં બહુવિધ સમયોને અધુનાક્ષણમાં સેળવી-ભેળવી દેવાની કોશિશ કરી છે.

આ કાવ્યશ્રેણી બે સમાંતર પાઠને -

ટેક્સ્ટને અરસપરસ ગૂંથતી આગળ વધે છે; એક તે વૈયક્તિક, બીજી સામૂહિક; એક અંતર્મુખ, બીજી બહિર્મુખ; એક કબીરચેતના પર એકાગ્ર, બીજી વર્તમાન બનારસની સામૂહિક નગરચેતના પર. કવિ આ બન્ને ટેક્સ્ટને એકમેકના પૂરક અંગ રૂપે રજૂ કરે છે ને યુગપત રીતે પરસ્પરનો વિરોધાભાસ પણ રચે છે. એમ કરીને કાવ્યોપકારક તણાવ ઊભો કરે છે. એની ભાષામાં પણ કબીરની બોલછાનો તોછડો સ્વાદ છે. આ કાવ્ય રિચ્યુઅલ અને સ્પિરિચ્યુઅલ - વિધિવૈધાનિક અને આધ્યાત્મિક બનારસ વચ્ચેના તણાવને પણ સારી પેઠે દર્શાવી આપે છે.

કવિ પાસે ક્રીડા માટે બીજું તો શું છે,- સિવાય ભાષા? પણ અહીં કવિતા એ ચીંધી આપે છે કે પરમાર્થી અનુભવોની અભિવ્યક્તિ માટે ભાષાનો પનો કેવી રીતે ટૂંકો પડે છે. કવિની પરમાર્થી ખોજ કબીરને અસ્તિત્વલક્ષી પ્રશ્નો પૂછવા તરફ દોરી જાય છે. કબીર અને કવિ વચ્ચેના સંવાદ રૂપે આવાં કાવ્યોનો પિંડ બંધાયો છે.

અહીં કાવ્યનાયક 'હું' ભાષા સાથે પ્રબળ અનુબંધ ધરાવે છે ને વળી એનાથી મુશ્કેટાટ બંધાયેલો છે. એ જીવનને પ્રત્યક્ષ રીતે નહીં, પણ કક્કોબારાખડી કે ભાષા મારફત અનુભવવા મથે છે ને વાચકને પણ એમ કરવા પ્રેરે છે. પણ કબીર એને ફટકાર લગાવે છે કે જો તું પરમાર્થનો અસલ ખોજી હોય તો ભાષાની આત્યંતિક આસક્તિ તો મૂઢતા છે, એને છોડ. દુન્યવી ઇચ્છાઓ અને ભૌતિકવાદી વળગણોની સામે એ 'મૃત્યુ'ની ભલામણ કરે છે. સીધી રીતે જ એ કવિને (ને આડકતરી રીતે વાચકને પણ) અંતરતમની બારીમાં પ્રગટી રહેલ 'સુબહે બનારસ' - પરમાર્થી પ્રભાતની અસલ સૂક્ષ્મ અનુભૂતિ ઝીલવાનું નિમંત્રણ આપે છે. આ કાવ્યશ્રેણીમાં કબીર અત્યંત આધુનિક વેશભૂષા અને શૈલીમાં, એમની સૈકાઓ જૂની ઓજસ્વિતાનું સત્ત્વ જરાય અળપાય નહીં તે રીતે નિરૂપણ પામ્યા છે.

ઘણું બધું કહી શકાય, પણ હવે મારે અટકવું રહ્યું. અનુવાદ દ્વારા એક ભાષાની શ્રેષ્ઠ સર્જકતા, એનું અભિરામ સૌંદર્ય અન્ય ભાષાઓમાં પણ પ્રસરે એ પણ અકાદેમીનો એક મૂળભૂત સંકલ્પ છે. હું આશા રાખું કે કોઈક દિવસ આપણે પરસ્પરની કૃતિઓનું આપણી પોતાની ભાષામાં વાંચન અને રસાસ્વાદન કરી શકીશું. હું ઇચ્છું કે એ દિવસ ઢૂંકડો હોય.

કક્કોબારાખડી શીખીને એની સાથે ખેલવું ને એની પાસે કવિ રૂપે લાસ્યમય નર્તન કરાવવું - આ એક પ્રલંબ યાત્રા છે, - પુષ્કળ પીડા, અઢળક આનંદ ને ન્યામત કવિતાની.

આ એક પ્રલંબ યાત્રા છે, શબ્દ, પ્રાસ, છંદોલય અને કાવ્યશાસ્ત્ર સાથેની

એક તોફાની સાગરખેડ.

એની શરૂઆત થાય છે પ્રાથમિક શાળાના નિશાળિયાથી, એના લંગડી રમતા પ્રાસવાળા પહેલપરથમ બાલિશ જોડકણા બદલ પીઠ થાબડેલી એક ઉદારચરિત ભાષાશિક્ષકે ત્યાંથી લઈને આજે બેવકૂફીભરી ગંભીરતા અને હાસ્યાસ્પદ ગૌરવ સાથે એના દસમા કાવ્યસંગ્રહ 'બનારસ ડાયરી' વિષે વાત કરતા આ માણસ સુધીની એક પ્રલંબ યાત્રા.

હું અમારી ભાષાના એક મોટા કવિ મકરન્દ દવેની બે પંક્તિઓ ગણગણવા માંગું છું:

ડગલું માંડું હું અવકાશમાં, જોઉં નીચે
હરિવરનો હાથ
અજંપાની સદા સૂની શેરીએ ગાતો આવે
અદીઠો સંગાથ
જાગીને જોઉં તો કોઈ નથી એકલું

આ એક પ્રલંબ યાત્રા છે. ચરૈવેતી ચરૈવેતી. જોજનનાં કૈં જોજન હું ચાલતો રહ્યો છું મારી જાજરમાન ગુજરાતી ભાષાની સોંસરો ને સાથોસાથ મારી ભાષા પણ મારી ભીતર ઊંડે ને ઊંડે પ્રવાસ કરતી રહી છે. આ એક પ્રલંબ યાત્રા છે, બહિરંતર. હું ભલે એકાકી હતો, એકલો તો નિશ્ચે નહોતો.

હું આભારી છું એ સર્વ યાયાવર ક્ષણોનો, પાછળ છૂટી ગયાં તે સઘળાં થાનકોનો, સહુ વટેમારગુઓનો, બધી ઋતુઓનો, પથિક પર મંજુલ કલરવ અને છાંયડા ઢોળનારાં બધાં તરુવરોનો ને ઠોકરે ચડેલા બધા પથ્થરોનો, પંથના અંતરાયોનો.

હું આભારી છું મારા પરિવારનો, સન્મિત્રોનો, બેટરથી બેસ્ટ બનવા બદલ મારી બેટર હાફ ગીતાનો. આયુષ્યભરની આ ખેપ દરમિયાન ખમી ખાવાની એની સુપરલેટિવ ખમતીધરતા બદલ.

આભાર અકાદેમીનો, આ પ્રજ્ઞાવંત સમાગમ બદલ: મનોહર જનસમૂહ, ચેતોહર ચિત્તસમૂહ. હું આ તકે અકાદમીને એનાં સામયિકો માટે 'એક્સેલન્સ ઇન બુકપ્રોડક્શન' - 'ગ્રંથવિધાનની શ્રેષ્ઠતા' બાબતે ઇનામી ઠરવા બદલ અભિનંદન આપું છું

મને ધીરજપૂર્વક સાંભળવા બદલ આપ સૌનો આભાર.

(સાહિત્ય અકાદેમી પુરસ્કૃત સર્જકોની 'રાઈટર્સ મીટ'માં તા.૧૯-૯-૨૦૨૧ ને રવિવારના રોજ નવી દિલ્હી ખાતે સાહિત્ય અકાદમીના સભાગારમાં અપાયેલા મૂળ અંગ્રેજી વક્તવ્યનો અનુવાદ)

આ સચરાચર વિશ્વમાં આપણે વિશ્વકવિની જે લીલા ચારેકોર જોવા પામીએ છીએ તે લીલા સામંજસ્યની છે.

એમાં સૂર, પછી એ ગમે એવો કઠિન સૂર ભલે હોય, ક્યાંય ભ્રષ્ટ થતો નથી; તાલ, ગમે એટલો મુશ્કેલ હોય તોયે ક્યાંય તેનું લગારે સ્ખલન થતું નથી. - **રવીન્દ્રનાથ ટાગોર**



કેરોલિન માસઃ એનર્જીની બાયોગ્રાફી

☐ રાજ ગોસ્વામી

"જે પણ ચીજ જીવંત છે તેમાં ઊર્જા (એનર્જી) ધબકે છે અને એ ઊર્જામાં સૂચના સમાયેલી છે. વૈકલ્પિક સારવાર કરવાવાળા આ વાતને સ્વીકારે છે તેમાં તો નવાઈ નથી, પણ અમુક ક્વોન્ટમ ફિઝિસિસ્ટ પણ માને છે કે બાયોલોજીકલ પ્રક્રિયાના પરિણામ સ્વરૂપ ઇલેક્ટ્રોમેગ્નેટિક ફિલ્ડ પેદા થાય છે. વૈજ્ઞાનિકો કહે છે કે જીવંત ટીસ્યુઓમાં ઊર્જા હોય છે અને એટલે માનવીય શરીર ઇલેક્ટ્રિસિટી પેદા કરે છે.



"તમારું શરીર હાથ લાંબા કરો ત્યાં સુધી અને ઉપરથી નીચે સુધી ઉર્જાના ક્ષેત્રથી ઘેરાયેલું હોય છે. આ એક ઇન્ફોર્મેશન સિસ્ટમ છે. આપણી આજુબાજુમાં જે કંઈ છે તેની સાથે આપણે આ સિસ્ટમના માધ્યમથી સંપર્કમાં રહીએ છીએ, જેમાં

એક પ્રકારે કોન્સિયસ ઇલેક્ટ્રિસિટી પસાર થાય છે અને જે અન્ય લોકોનાં શરીરોને મેસેજ આપે છે અને સ્વીકારે છે.

"એનર્જી મેડિસિનની પ્રેક્ટિસ કરવાવાળા માને છે એ માનવીય એનર્જી ફિલ્ડમાં દરેકની વ્યક્તિગત એનર્જી હોય છે. આપણી અંદર અને બહાર આપણને જે હકારાત્મક કે નકારાત્મક અનુભવો થાય છે, તેનાથી ઉત્પન્ન થયેલી ઈમોશનલ એનર્જી ચોતરફથી આપણને ઘેરાયેલી હોય છે. આ ઈમોશનલ ફોર્સનો આપણા શરીરના ટીસ્યુને પ્રભાવિત કરે છે."

આ દિલચસ્પ વાત 'એનાટોમી ઓફ ધ સ્પિરિટ: ધ સેવન સ્ટેજીસ ઓફ પાવર એન્ડ હીલિંગ' નામના પુસ્તકમાં અમેરિકન લેખક કેરોલિન માસ લખે છે. ૬૮ વર્ષની કેરોલિન પોતાને મેડિકલ ઇન્ટૂઇટિવ (સહજજ્ઞાની ચિકિત્સક) ગણાવે છે. ૧૯૯૬માં પ્રકાશિત થયેલું આ પુસ્તક વૈકલ્પિક સારવારની દુનિયાનું બેસ્ટ સેલર ગણાય છે. કેરોલિન તેમની સારવાર પદ્ધતિને એનર્જી મેડિસિન કહે છે. આ વિષયમાં પંદર વર્ષના અભ્યાસના નીચોડરૂપે કેરોલિન કહે છે કે આપણી દરેક બીમારીનું મૂળ આપણા ભાવનાત્મક અને માનસિક સ્ટ્રેસમાં હોય છે.

જેની ૧૫ લાખ નકલો ૨૮ ભાષાઓમાં વેચાઈ છે તેવા આ પુસ્તકનો આધાર હિંદુઓનાં સાત ચક્રો, ઈસાઈ લોકોના સાત સેક્રામેન્ટ (સંસ્કાર) અને યહૂદી કબાલાના ટ્રી ઓફ લાઈફ છે. કેરોલિન તેને શક્તિ અને સારવારનાં સાત સ્તર કહે છે. પુસ્તક એક પ્રકારે ગાઈડનું કામ કરે છે, જે વાચકને તેના શરીર અને આત્મા (સ્પિરિટ)ને નવી રીતે જોતાં શીખવાડે છે અને સ્વાસ્થ્યનો આધ્યાત્મિક ઉપાય બતાવે છે.

કેરોલિને આ ઉપરાંત 'વ્હાય પીપલ ડોન્ટ હીલ એન્ડ હાવ ધે કેન,' 'સેક્રેડ કોન્ટ્રેક્ટ,' 'ઇન્વિસિબલ એક્ટ ઓફ પાવર,' 'એન્ટરિંગ ધ કાસલ' અને 'ડિફાય ગ્રેવેટી' નામનાં લોકપ્રિય પુસ્તકો પણ લખ્યાં છે.

તમને આ વાંચીને એવું લાગે કે કેરોલિન માસ કોઈ તંત્ર-મંત્ર કરવાવાળા લોકો પૈકીની એક હશે. એવું નથી. પશ્ચિમમાં ફાસ્ટ-ફૂડની જેમ, એલોપથી પણ ફાસ્ટ-મેડિસિન બની ગયું છે અને લોકો તેના પર એટલો બધો આધાર રાખતા થઈ ગયા છે કે સારવારની શરીરની પોતાની પ્રકૃતિદત્ત તાકાત છે તેને મોકો જ આપવામાં આવતો નથી. બીજું, મુખ્ય ધારાની સારવાર પદ્ધતિ તન અને મનને બે ભિન્ન બાબત ગણે છે.

આધુનિક તબીબી વિજ્ઞાન કહે છે કે શરીરની બીમારી હોય તો ફિઝિશિયન પાસેથી દવા ખાવી જોઈએ અને મનની બીમારી હોય તો સાઇકોલોજિસ્ટ પાસેથી ગોળી લેવી જોઈએ. તન અને મનના

આવા 'કૃત્રિમ' વિભાજન સામે પશ્ચિમમાં વૈકલ્પિક અથવા પૂરક સારવારનું એક નવું ક્ષેત્ર વિકસ્યું છે, જે બીમારીનો ઉપચાર કરવાને બદલે પ્રકૃતિને જ એક અંગ ગણીને દર્દીનો ઇલાજ કરે છે. કેરોલિન આ પૈકીની એક ડોક્ટર છે.

કેરોલિન શિકાગોના કેથોલિક પરિવારમાં પેદા થઈ હતી, અને પત્રકારત્વમાં ગ્રેજ્યુએટ થઈને પત્રકારત્વમાં કારકિર્દી શરૂ કરી હતી. લખવા-વાંચવાનો શોખ હતો એટલે કામના ભાગ રૂપે તેને એકવાર સ્વીસ-અમેરિકન સાઈકિયાટ્રિસ્ટ, એલિઝાબેથ કુબ્લેર-રોસનો ઇન્ટરવ્યૂ કરવાનો આવ્યો હતો. એ ઇન્ટરવ્યૂએ તેના જીવનની દિશા બદલી નાખી.

એલિઝાબેથે 'ઓન ડેથ એન્ડ ડાઈંગ' નામનું મશહૂર પુસ્તક લખ્યું હતું, જે કેરોલિનના વાંચવામાં આવ્યું હતું. એલિઝાબેથે તેમાં કહ્યું હતું કે શોક (ગ્રિફ) વારાફરતી પાંચ લાગણીઓમાંથી પસાર થાય છે; ઇનકાર, આક્રોશ, કાકલૂદી, ડિપ્રેશન અને સ્વીકાર. તેને કુબ્લેર-રોસ મોડલ કહે છે, જે તેમણે અસાધ્ય બીમારીઓથી પીડાતા દર્દીઓ સાથેના અનુભવો પરથી તૈયાર કર્યું હતું. એલિઝાબેથે પુસ્તકમાં કહ્યું હતું કે જે લોકો મૃત્યુની સન્મુખ હોય, ત્યારે તેમને આ પાંચ લાગણીઓનો અનુભવ થાય છે. મૃત્યુ જેવા 'નકારાત્મક' વિષય પર મેડિકલ સાયન્સમાં કદાચ એ પહેલું પુસ્તક હતું.

એલિઝાબેથને ત્યારે મીડિયામાં બહુ પ્રસિદ્ધિ મળતી હતી. તેમની થિયરી હતી કે માણસોને માત્ર વૈજ્ઞાનિક ઢબે જ નહીં, લાગણીઓના માધ્યમથી પણ સાજા કરી શકાય છે. પત્રકાર તરીકે કેરોલિનને એવું લાગતું હતું કે એલિઝાબેથ સારવારના નામે તૂત ચલાવે છે. એ 'તૂત'ને ખુલ્લું પાડવા તે એલિઝાબેથના એક વર્કશોપમાં ગયાં હતાં. ત્યાં ઘણા બધા દુ:ખી લોકો હતા. તેમાં એક પીડિત સ્ત્રી હતી. ડો. એલિઝાબેથે તેને પૂછ્યું, ''તને કોઈએ પ્રેમ કર્યો છે?''

સ્ત્રીએ સપાટ આવજે કહ્યું, ''ના.''

ડો. એલિઝાબેથે ફરી પૂછ્યું, ''કોઈએ તને શરીરથી પકડી છે?''

સ્ત્રીએ કહ્યું, ''મને યાદ નથી.''

કેરોલિન આ સંવાદ સાંભળતી હતી. એલિઝાબેથના સવાલનો પેલી સ્ત્રી પર જે પ્રભાવ પડ્યો તે કેરોલિને જોયો અને એ જોઈને તેની અંદર કશુંક થયું. તેને થયું કે મારે આ સમજવું છે. એ પછીનાં ૨૦ વર્ષ સુધી કેરોલિને માણસની અંદર ઊર્જાની તાકાતને સમજવામાં કાઢ્યાં.

''આપણે ઊર્જાવાન લોકો છીએ,'' કેરોલિન કહે છે, ''આપણી ભાષાનો દાખલો લો; એમાં 'દિલ તૂટવાની' અને 'ઊર્જા નહીં હોવાની' વાતો આવે છે. હું કોઈ નવી વાત નથી કરતી. આપણે આપણી અંદર જોવાની જરૂર છે અને



ઓપ્રાહ વિન્ફ્રે સાથે કેરોલિન માસ

ત્યાં સાજા થવાની તાકાત છે.''

૨૦૧૩માં, અમેરિકાની જાણીતી ટીવી હોસ્ટ ઓપ્રાહ વિન્ફ્રેએ કેરોલિન માસનો એક ઇન્ટરવ્યૂ કર્યો હતો. તેમાંથી થોડા અંશ:

ઓપ્રાહ: તમે કહો છો કે આધ્યાત્મિક દૃષ્ટિએ, સમગ્ર ભૌતિક દુનિયા એક ક્લાસરૂમ છે અને આપણે એ નક્કી કરવાનું છે કે આપણે આપણા સ્પિરિટને વધારવો છે કે ઊર્જાનો વ્યય કરવો છે.

કેરોલિન: એ સાચું છે. આપણા જીવનમાં બધું જ એક લેસન છે. સ્ટોરમાં ગયા હોઈએ અને આપણે વિચારીએ કે 'હું આ લઉં કે ન લઉં?' અને અંદરથી એક અવાજ આવે કે 'પણ તારે આ ન ખાવું જોઈએ.' આપણે એ અવાજની ઉપેક્ષા કરીએ, તો આપણે સહજસ્ફૂરણાને ગૂંગળાવીને જાતને હાની પહોંચાડી છે.

ઓપ્રાહ: મતલબ કે આપણી પ્રત્યેક ચોઈસ કાં તો ઊર્જામાં વધારો કરે છે અથવા તેનો વ્યય કરે છે. રોજ આપણે જાતને તાકાતવર બનાવીએ છીએ અથવા તાકાત છીનવી લઈએ છીએ.

કેરોલિન: સાચી વાત છે.

ઓપ્રાહ: લોકોને જીવવા માટેનાં કારણોને લઈને ગૂંચવણ કેમ હશે?

કેરોલિન: કારણ કે તેઓ જીવનનો અર્થ તેમની પાસે જે છે તેનાથી નહીં, પણ જે જોઈએ છે તેનાથી કરે છે. લોકોને કોઈ ચીજ ધ્યાનમાં આવી જાય, પછી તેને પ્રાપ્ત કરવાની ખ્વાહીશ જાગી જાય છે, પછી ભલે અંતરઆત્મા કહેતો હોય કે તે ચીજ તારા માટે નથી. માણસ

કોરોલિન માસનાં કેટલાંક અવતરણો

"

તમારું જીવન કેવું હોવું જોઈએ એ નિશ્ચિત કરવાનું છોડી દો. જે જીવન તમારી ચેતનામાં જે રીતે કામ કરી રહ્યું છે એનો સ્વીકાર કરો.

* * *

જે તમને સૌથી વધુ ભયભીત કરે છે એ માર્ગની પસંદગી કરો કારણ કે એમ કરવામાં તમારી મહત્તમ દક્ષતાની જરૂર પડશે. તમે પાછું વળીને જોશો તો સમજાશે કે જો ભયભીત થઈને ન જીવ્યા હોત તો તમારું જીવન કેટલું રમ્ય હોત.

* * *

આપણો પવિત્ર કરાર કોઈ શાબ્દિક દસ્તાવેજ નથી એ આપણે સૌથી પહેલાં સમજવું પડશે. આપણો પવિત્ર કરાર એ એક આધ્યાત્મિક દસ્તાવેજ છે જે આપણો આત્મા ઓળખે છે.

* * *

'સ્વ'નો સાક્ષાત્કાર માનવીય ચેતનાને પરિવર્તિત કરવામાં નિમિત્ત બને છે.

* * *

જ્યારે તમને બાહ્ય મંજૂરીની જરૂર કે ઝંખના નથી ત્યારે તમે સૌથી વધુ શક્તિશાળી સ્થિતિમાં હોવ છો.

* * *

તમને મળેલી પ્રતિભા અને કુશળતાઓનો વિશ્વને બહેતર બનાવવા ઉપયોગ થાય એનાથી વધુ જીવનની સાર્થકતા બીજી કોઈ નથી એમ હું માનું છું. ભલે, પછી તમારું વિશ્વ ગમે તેટલું મોટું કે નાનું કેમ ન હોય!

* * *

તમારી જાતને ચાહવા માટે તમે તમારી જાતને ખરેખર ચાહો. પ્રેમ કરો. આખરે વ્યક્તિગત હિંમત, આત્મ-સન્માન, આત્મનિષ્ઠા અને આત્મગૌરવનો સાર એ જ છે. આ સદ્‌ગુણો કૃપાદત્ત હોય છે અને સશક્ત આત્મામાંથી સીધા આવે છે.

* * *

પ્રતિકૂળતા ડાહ્યો શિક્ષક છે.

* * *

નિર્ધારિત ઘટનાઓ કઈ રીતે બને છે એ જાણવાની જીદ હું છોડી દઉં.
એનો તાગ હું ક્યારેય નહિ પામી શકું અને સતત આશ્ચર્ય એ સતત પીડા છે.

* * *

"

જીવવાનો અર્થ સંબંધ કે કારકિર્દી જેવી ચીજો સાથે જોડી દે છે, કારણ કે ભૌતિક જગતમાં તેનાથી સુરક્ષા મહેસૂસ થાય છે, પણ આપણે જે વણદેખી (ઊર્જાની) દુનિયા છે, એમાં એટલા મહેફુજ નથી. મોટાભાગના લોકોને ભીતરની યાત્રામાં રસ નથી.

ઓપ્રાહ: લોકો ઉછીનાં સપનાં પાછળ ભાગે છે એટલે દુ:ખી થાય છે એ વાત બહુ ઊંડી છે, પણ સવાલ એ છે કે મારો અસલી માર્ગ શું છે એ ખબર કેમ પડે?

કેરોલિન: એટલું અઘરું નથી. દરેકનો જીવનપથ નિર્ધારિત જ હોય છે. જીવન છે એનો અર્થ જ એ થયો કે તેનું પ્રયોજન છે. પ્રયોજન વગરનું જીવન ન હોય. એક અણુનું પણ એટલું જ પ્રયોજન છે જેટલું પૃથ્વીનું છે. જે એકમાં છે, તે સમષ્ટિમાં છે. હું તને સમષ્ટિમાંથી કાઢીને એવું ન કહી શકું કે તું બધાથી અલગ છે. કોઈ કહે કે 'મારા જીવનનું પ્રયોજન શું?' તો હું એમ કહું કે, 'પણ તારું પ્રયોજન ખોવાયું જ નથી.' બીજી વાત: 'જીવન વિશે જજમેન્ટ ન બાંધવું. કોઈ અપેક્ષા નહીં. કાલે શું થશે તે જાણવાની ઇચ્છાને જતી કરો. જીવનમાં આ મિનિટે જે છે તેમાં જ રહો.'

ઓપ્રાહ: નોકરી જતી રહે તો દુ:ખ ન થાય?

કેરોલિન: દુ:ખ એટલે થાય છે કે જે તમારું હતું જ નહીં તેમાં તમે બંધાઈ ગયા હતા. હું એવા ઘણા લોકોને મળી છું જેમનું સર્વસ્વ જતું રહ્યું હોય, પણ તેમની પાસે જે ક્ષમતા હોય છે તેના આધારે તે આગળ વધતા રહે છે. માણસ આશા અને શ્રદ્ધા પર આધાર રાખતો થાય તો ટકી જવાનો ચમત્કાર થાય છે. ઓફકોર્સ, દુ:ખ સાથે સંઘર્ષ તો હોય જ છે. એ રોજે રોજની લડાઈ છે, પણ એ જીતી પણ શકાય છે.

કેરોલિન માસનું બીજું પુસ્તક 'ધ પાવર ઓફ હોલી લેંગ્વેજ: પ્રેયર, ગાઈડન્સ એન્ડ ગ્રેસ' મનની ભાષાને બદલે આત્માની ભાષાની વાત કરે છે. હોલી લેંગ્વેજ એટલે પવિત્ર ભાષા નહીં, આધ્યાત્મિક ભાષા. કેરોલિન કહે છે કે આપણે આત્માની ભાષાથી બોલવાનું અને સાંભળવાનું ભૂલી ગયા છીએ.

એક શિબિરમાં તેણે શ્રોતાઓને પૂછ્યું હતું, ''તમારો કોઈ મિત્ર આધ્યાત્મિક સંકટમાં હોય તો કેટલા લોકોને તેની ખબર પડે? કેટલાને ખબર છે કે આધ્યાત્મિક સંકટ કોને કહેવાય? આપણે માનસિક સંકટથી પરિચિત છીએ. કોઈ વ્યક્તિ ડિપ્રેસ્ડ હોય તો ખબર પડી જાય, પણ આત્મિક સ્તરે તેનું સંકટ ખબર ન પડે. આપણે એ ભાષામાં વિચારતા નથી.''

આપણે આગળ વાત કરી તે એનર્જી સિસ્ટમની આ ભાષા છે. આપણે તેને ગટ ફીલિંગ, આત્માનો અવાજ કે અંદરનો અવાજ કહીએ છીએ. ઇન્ટ્યૂઇશન

અથવા સહજસ્ફૂરણા એટલે એનર્જી સિસ્ટમમાં જે ડેટા છે, સૂચનાઓ છે, ભાવનાત્મક સિગ્નલ્સ છે તેનું અર્થઘટન કરવાની અને શરીરના સ્વાસ્થ્યનું આકલન કરવાની ક્ષમતા. એનર્જીમાં જે ભાવનાત્મક પ્રભાવો હોય તે માણસની બાયોગ્રાફી છે, એ બાયોગ્રાફી આપણી બાયોલોજી બને છે. કેરોલિન કહે છે, ''એનર્જી ફિલ્ડમાં અને સેલ મેમરી (શરીરના કોષોમાં બીમારીની જે સ્મૃતિ હોય તે) તેમાં જે પણ ડેટા હોય છે તેના પરથી વ્યક્તિમાં કેવા સ્ટ્રેસ છે તે ખબર પડે. તેના માટે વ્યક્તિએ પ્રમાણિકતાથી ઉઘાડા થવું પડે.''

ઇન્ટ્યૂઇશન સ્કિલ છે. એ માણસની સર્વાઇવલ ટૂલ કીટ છે. તે દરેક વ્યક્તિની ચેતનામાં હોય છે. એ આપણા પાચનતંત્ર જેટલી સામાન્ય ચીજ છે. આપણી ઇન્દ્રિયોની જેમ એ પણ એક ઇન્દ્રિય છે. તેના પર ફોકસ કરવું પડે, તેને કેળવવી પડે, તેની ભાષા શીખવી પડે.

આપણે હાઈસ્કૂલમાં ફિઝિક્સના ક્લાસમાં ભણ્યા હતા કે પદાર્થ અણુઓનો બનેલો છે અને અણુઓ ઊર્જાનું જ એક સૂક્ષ્મ સ્વરૂપ છે જે નિરંતર વાઈબ્રેટ થતા રહે છે. આપણને જડ નજર આવતું ટેબલ પણ વાઈબ્રેટ થતું હોય છે. માણસો પણ વાઈબ્રેટ થતા હોય છે.

તેના પરથી જ 'વાઈબ' શબ્દ આવ્યો છે. આપણે જ્યારે કહીએ કે ફલાણી વ્યક્તિની વાઈબ્સ સરસ છે, ત્યારે તેનો અર્થ એ થયો કે તેની માનસિક અને ભાવનાત્મક હકારાત્મકતા શરીરની વાઈબ્સ મારફતે આપણા સુધી પહોંચે છે. જગ્યાઓની પણ વાઈબ્સ હોય છે. અમુક ઘર કે રૂમમાં તમને મજા ન આવે. મંદિરમાં જાવ તો શાંતિનો અનુભવ થાય. એ ઇલેક્ટ્રોમેગ્નેટિક ફિલ્ડ છે.

આપણે નીચે કેમ પડીએ છીએ અને ઉપર કેમ જતા નથી તે સમજવા માટે જેમ પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ સમજવાની જરૂર નથી, તેવી રીતે એનર્જી હીલિંગ કેવી રીતે કામ કરે છે તે સમજવા માટે કોઈ વિશેષ અભ્યાસની જરૂર નથી. આપણે રોજબરોજના જીવનમાં તેનો ઉપયોગ કરીએ જ છીએ, માત્ર આપણે તેના પ્રત્યે વધુ સભાન થવાની જરૂર છે.

આપણે મનના કોલાહલમાં શરીરનો અવાજ સાંભળતા બંધ થઈ ગયા છીએ એટલે આપણને આપણા જ હીલિંગ પાવરની ખબર નથી. આપણે મનનું વોલ્યુમ ઓછું કરી નાખીને શરીર શું કહે છે તે સંભાળવાનું શરૂ કરી દઈએ, તો આપણી બુનિયાદી તનદુરસ્તી અને મનદુરસ્તી એટલી અઘરી નથી કે દર વખતે ડોક્ટર પાસે દોડવું પડે.

કેરોલિન માસ કહે છે તેમ, ''આત્માને ખબર છે કે કેવી રીતે ખુદનો ઇલાજ કરવો, પણ ચેલેન્જ મનને ચૂપ કરવાની છે.''

❑❑❑



કાંગડા શૈલી

રૈખિક સૌંદર્ય

☐ નિસર્ગ આહીર

સૃષ્ટિરચનામાં રેખા દશ્યમાન નથી હોતી. સૃષ્ટિ તો આકારોની અનેકવિધ રૂપરમણાથી દર્શનીય બને છે. કુદરતમાં આકારો હોય, રૂપ હોય, રંગ હોય, ઘનતા હોય, કદમાપની વિવિધા હોય. સામાન્યતઃ ત્રિપરિમાણ ધરાવતી સૃષ્ટિના ઊંડાઈ, ઘનતા જેવા આયામોને દ્વિપરિમાણમાં અભિવ્યક્ત કરવા એક મોટો પડકાર છે. હૃદય પર પડેલી છાપને રેખા વડે સપાટી આંકનાર માણસને એક મોટું સત્ય લાધ્યું હશે! કદાચ ભીની માટી પરની પગલાંની છાપ કે આકૃતિના પડછાયા પરથી રેખાંકનની દિશા પ્રાપ્ત થઈ હશે. આકારોની સ્થિતિ, સીમા અને ગતિને ભૌતિક સપાટી ઉપર રૂપ આપવા શોધાયેલી રેખા માણસની ખૂબ જ મહત્ત્વની ઉપલબ્ધિ છે. આકારને રેખામાં અવતારીને વિશેષ ચાક્ષુષ સૃષ્ટિ રચી આપવી એ માણસની સર્જનશીલતાનું પ્રશસ્ય સોપાન છે. બહુપરિમાણીય સૃષ્ટિને માત્ર લંબાઈ અને પહોળાઈનાં બે પરિમાણમાં જ સમાવીને વિસ્તારી દેનાર કલાકારની શક્તિને વંદન!

દશ્યકલામાં રેખા પાયાનું, પ્રમુખ અંગ છે. આકારની સીમા નક્કી કરી રૂપ આપવામાં, આકૃતિની દશ્યગત વિવિધા રચવામાં, અંગો જોડવામાં, આંતરિક સંરચના સ્થાપિત કરવામાં,

એક આકારથી બીજા આકારનો ભેદ રચવામાં, રૂપની નિહિત સંવાદિતાને વ્યક્ત કરવામાં રેખાની અનેકસ્તરીય ગુણવત્તા જ કામ કરે છે. આ ઉપરાંત ભાવ, લય, લાવણ્ય, તરંગિતતા, ગતિ, ઊર્જા, જીવંતતા, ચેતના, પ્રવાહિતા, લવચિકતા ઇત્યાદિ રેખા દ્વારા જ વ્યક્ત કે સૂચિત થાય છે. રેખાના આવા અનેક



અજંતા, રેખાંકન ગણેશ હાલોઈ

ગુણધર્મોને ઉત્તમ ચિત્રકાર અનેકવિધ રીતે પ્રયોજતો હોય છે.

કલા સંદર્ભે ભારતમાં રેખાનું ખૂબ જ મહત્ત્વ કરવામાં આવ્યું છે. રેખા વિશેની તાત્ત્વિક વિચારણા આપણને આનંદાશ્ચર્યનો અનુભવ કરાવે છે. ચિત્રકલા સંદર્ભે રેખા મુખ્યતઃ આકૃતિનો પાયો બને છે, રૂપનું અંકન બને છે, ઘનતા અને કદની સપાટી બને છે, ભાવની વ્યંજના બને છે, છાયાપ્રકાશનો સંકેત બને છે, દર્શનનું મુખ્ય અથવા વિસ્તૃત બિંદુ બને છે, દૃષ્ટિક્ષેપની સીમા બને છે.

શૂન્ય કે બિંદુ કોઈ પણ સર્જનનો પ્રારંભિક સ્રોત છે. આ બંને શબ્દો ભારતમાં અનેક અર્થના વાચાક છે. શૂન્ય એટલે કશું જ નહિ એમ ન કહી શકાય. શૂન્ય જ વ્યાપ્તિ અને સમષ્ટિનું ઉદ્‌ગમસ્થાન છે. એ જ રીતે સમષ્ટિની વ્યાપ્તિને શૂન્યમાં ઘનીભૂત કરી શકાય છે. ચિત્રકલા સંદર્ભે 'બિંદુ' શબ્દ વિશેષ પ્રયોજાય છે. બિંદુઓની આવલિ કે પુનરાવર્તન જ રેખા છે. બિંદુમાંથી અનેક દિશામાં, અનેક અવસ્થામાં, અનેક રેખાઓ ઉદ્‌ભવી શકે છે. ઇચ્છિત આરંભ અને અંતની વચ્ચેનાં અનેક બિંદુઓનો સુયોજિત, સુષ્ઠુ, સાભિપ્રાય સંવાદ એટલે જ રેખા. રેખા એટલે જ બિંદુઓની ઈપ્સિત ગતિઓનું સંઘટ્ટિત, સંગઠિત થયેલું રૂપ. બિંદુ ઊર્જા અને ચેતનાની અમાપ ગતિની સંભાવના રચે છે. એવાં અનેક બિંદુઓને ઉપરનીચે,

આગળપાછળ, તરંગિત, વક્ર, જટિલ, સંદિગ્ધ કરીને રેખાઓમાં પણ ઇચ્છિત ચેતનાનો સંચાર કરવામાં આવે છે. ચિત્રકાર સામાન્યતઃ પીંછી કે અન્ય માધ્યમથી સળંગ રેખા આલેખે તો પણ બિંદુત્વ પોતાનો પ્રભાવ દાખવે જ છે.

'રેખા' અથવા 'લેખા' શબ્દ 'રિખ' કે 'લિખ' ધાતુ પરથી સિદ્ધ થયો છે. આ શબ્દનું મૂળ 'ઋગ્વેદ'માં છે. વૈદિક સાહિત્યમાં 'રેખા' શબ્દ અનેક અર્થમાં પ્રયોજાયો છે. વૈદિક કાળમાં યજ્ઞવેદીના નિર્માણ માટે અને તંત્રશાસ્ત્રમાં યંત્રના નિર્માણ માટે રૈખિક સૌંદર્ય એના ભૌમિતિક સ્તરમાં વિશેષ કાર્યસાધક નીવડ્યું છે. ભારતીય શિલ્પશાસ્ત્રના ગ્રંથો અને ચિત્રકલાની ચર્ચામાં રેખાનું વૈવિધ્ય અને વૈશિષ્ટ્ય વ્યાપકતાથી નિરૂપવામાં આવ્યું છે. ભારતીય કલામાં એ પ્રકારનો રૈખિક વૈભવ બહુવિધ રીતે સિદ્ધ કરવામાં આવેલ છે. રેખા ઇત્યાદિ આકારની ત્રણ લાક્ષણિકતા ભારતીય પરંપરામાં વિશેષ મહત્ત્વ ધરાવે છે: ઋજુ એટલે સીધું અને સપ્રમાણ, સુષમ એટલે વર્તુળાકાર તેમજ સપ્રમાણ, અને વિષમ એટલે તરંગિત કે આંશિક સપ્રમાણ. આ ત્રણ પ્રકારના આકારમાં રેખાનું વૈવિધ્ય સિદ્ધ કરવું નિહિત છે.

રેખા વિશેની તાત્ત્વિક વિચારણા અલગ અલગ ગ્રંથોમાં કરવામાં આવી છે. 'અભિલાષિતાર્થચિંતામણિ' (૧.૩.૧૬૧)માં કહેવામાં આવ્યું છે




શક્તિ, નાથદ્વારા શૈલી

કે રેખા દરેક આકારની જનની છે : आकारजनिकां रेखां। 'શિવતત્ત્વરત્નાકર'માં કહેવામાં આવ્યું છે કે આકારનિર્મિતિ માટે રેખા જ પ્રથમ ચરણ છે : आकारनिर्मितं रेखाम्। (૨૯).

રેખા મુખ્યતઃ બે રીતની હોય છે: સીધી અને વક્ર. આ બેનાં અનેક સંયોજનોથી રૈખિક વૈવિધ્ય સિદ્ધ થાય છે. આ સંદર્ભે 'વાસ્તુસૂત્ર ઉપનિષદ્' કહે છે કે જેને રેખા અને વર્તુળનું જ્ઞાન છે તેને સ્થાપક કહેવાય છે : वृत्तज्ञानं रेखाज्ञानं च यो जानाति स स्थापकः (૧.૧૪). રેખાનું જ્ઞાન સર્વ કલાકારોને હોવું જોઈએ એમ સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે : रेखाज्ञानं सर्वमिति ज्ञेयम् (૨.૨૭). આ ઉપનિષદ્ કહે છે કે રેખાભેદથી ભાવભેદ જન્મે છે. તે રૂપ પ્રગટ કરે છે અને સુરૂપ બને છે :

'નારદશિલ્પ'માં નારદ ચિત્રનાં ઉત્તમ લક્ષણોમાં અવિષમરેખા, એટલે



ઘાસીરામ

કે રેખાની સુઘડતા અને સુરેખતાને, અને અવિરુદ્ધસૂત્રપાત, એટલે કે તાલમાન અને શરીરશાસ્ત્રના નિયમોનું પાલન - આ બેને વિશેષ મહત્ત્વ આપે છે. 'શિલ્પપ્રકાશ'માં યંત્ર, મંદિર ઇત્યાદિના નિર્માણ સંદર્ભે રેખાના પ્રયોજનની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. 'અભિલાષિતાર્થચિંતામણિ'ના 'આલેખ્યકર્મ' નામના પ્રકરણમાં રેખા અંગે પાયાની અને સૂક્ષ્મ ચર્ચા કરવામાં આવી છે. જગન્નાથકૃત ગણિત ગ્રંથમાં રેખાને વ્યાપક સંદર્ભમાં ચર્ચવામાં આવી છે. એમાં રેખાના સરલા અને વક્રા એવા બે ભેદ દર્શાવવામાં આવ્યા છે.

'અપરાજિતપૃચ્છા' (૧૩૯.૧)માં કહેવામાં આવ્યું છે કે બધી કલાઓ સોળ રેખાઓમાંથી ઉત્પન્ન થઈ છે. આમ કહીને ગ્રંથકાર સોળ રેખાઓનાં નામ આ પ્રમાણે આપે છે : શશિની, શાંતિની, લક્ષ્મિણી, કામિની, પુષ્પિણી, શુભા, શાન્તા, આહ્‌લાદા, કુમુદા, સુખાસની, શંખિની, વિદ્યાશોધનિકા, નાહિની, દીપિની, સૌમ્યા અને અમૃતા (૧૩૯.૫). આ નામ આપીને ગ્રંથકાર રેખાઓના આયોજનની વિવિધા વિશે વિશેષ પ્રકાશ પાડે છે.

ભારતીય કલાસંદર્ભે 'કામસૂત્ર'માં કલાનાં છ અંગ વિશે કહેવામાં આવ્યું છે એ ભારતીય ચિત્રકલાની ભવ્યતા માટેનો આધાર બને છે :

रूपभेदाः प्रमाणानि लावण्यं भावयोजनम् ।
सादृश्यं वर्णिकाभङ्ग इति चित्र षडङ्गकम् ॥

રૂપભેદ, પ્રમાણ, લાવણ્ય, ભાવયોજના, સાદશ્ય, વર્ણિકાભંગ એ છને ચિત્રનાં અંગ કહ્યાં છે. અહીં 'વર્ણિકાભંગ'માં રૈખિક સંયોજન માટેના સંકેતો છે. 'કામસૂત્ર'ની જેમ ભોજના 'સમરાંગણસૂત્રધાર' (અ. ૭૧)માં ચિત્રનાં સાત અંગ દર્શાવવામાં

આવ્યાં છે. એમાં રૈખિક સંયોજન માટે 'રેખાકર્માણિ' શબ્દ પ્રયોજાયો છે.

રેખા વસ્તુતઃ નજરને દિશા આપે છે, નજરની મર્યાદા નક્કી કરે છે, નજરને વિસ્તરવા કે સ્થિર થવા માટેના સંકેતો રચે છે. ચિત્રકલા માત્ર બે આયામમાં, લંબાઈ અને પહોળાઈમાં જ આકારિત કરવાની હોઈ, ચિત્રકાર ઊંડાઈ, ગતિ, સમય, લય, જીવંતતા જેવા અન્ય આયામોને રૈખિક સંવાદ દ્વારા આકારિત અથવા તો સૂચિત કરે છે. એમાં રેખાની વિવિધ શક્તિઓનો, અમાપ સંભાવનાઓનો તે ઉપયોગ કરતો હોય છે. રેખાઓને ક્યાં જોડવી, ક્યાં તોડવી, ક્યાં મરોડવી, ક્યાં જાડી કરવી, ક્યાં આછી કરવી, ક્યાં છોડી દેવી, ક્યાં લંબાવવી, ક્યાં વિસ્તારવી અને ક્યાં અટકાવવી એવી પોતપોતાની સૂઝ પ્રમાણે સૌ કલાકારો રેખાઓની અમાપ શક્તિઓને ખપમાં લેતા હોય છે. ઉત્તમ ચિત્રકાર રેખાઓના સંયોજનથી ભાવકની નજરને બાંધે છે. રેઆઓ જ ચિત્ર કેમ જોવું એ નક્કી કરતી હોય છે. ચિત્ર જોવા માટેનું કયું આરંભબિંદુ છે અને કયું અંતિમબિંદુ છે એ ઉત્તમ કલાકાર સૂચિત કરી દેતો હોય છે. નજર ક્યાં સ્થિર કરવી, કયું રસબિંદુ વધારે ઉપસાવવું, કયા બિંદુ પર સંકેતો રચવા, કઈ રેખાના વળાંક કે છેદથી સંકુલતા રચવી - દશ્યગત આવી તો અનેક યુક્તિઓ કલાકાર પ્રયોજતો હોય છે.

રેખા આલેખવાનું માધ્યમ પણ રૈખિક સૌંદર્ય રચવામાં સહાયક બને છે. પીંછી દ્વારા લયાત્મક રેખા જન્મે તો પેન્સિલ દ્વારા ભાર આપીને રચાતી રેખા વધારે હેતુપૂર્ણ બને. રેખા માટેનો રંગપદાર્થ પણ રૈખિક લય સાધવામાં સહાયક બને છે. આછો, પાતળો, ઘટ્ટ, ઘેરો એવો પદાર્થ પોતાની આગવી છટા રચે છે. ઉત્તમ કલાકાર આ પ્રકારે ફલક માટેના માધ્યમ, આલેખન માટેનાં સાધન, રંગ માટેના પદાર્થ વગેરેનો સમુચિત ખ્યાલ રાખીને પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરે છે.

દરેક રેખાઓનો દષ્ટિગત પ્રભાવ હોય છે. ઊભી, આડી, ત્રાંસી, વાંકી, સળંગ, તરંગિત, લયાત્મક, પુનરાવર્તિત, જાડી, પાતળી, તૂટક, આછીપાતળી થતી ને બદલાતી જતી એવી દરેક રેખાઓનું ભાવગત કે દષ્ટિગત અલગઅલગ



રવીન્દ્રનાથ ટાગોર



નંદલાલ બોઝ

મૂલ્ય છે. જેમ કે, ડાબેથી જમણે જતી રેખા સરલતાનું સૂચન કરે છે. ઊભી રેખા ભવ્યતાનું સૂચન કરે છે. તરંગિત રેખા ગતિનું સૂચન કરે છે, ગૂંચળાયુક્ત રેખા સંકુલતા સૂચવે છે, છેદાતી રેખા અવરોધનું સૂચન કરે છે ઇત્યાદિ. દૃઢ અને કાળજીપૂર્વક કરેલી રેખા સ્થિરતા સૂચવે છે, સહજ લસરકાથી ઊભરતી રેખા સરળતા સૂચવે છે, વળાંકયુક્ત રેખા ગતિની સાથે લાલિત્ય સૂચવે છે, કોણીય રેખા અંતરાય કે ખટકો સૂચવે છે, તૂટક રેખા અંતરાલયુક્ત સાતત્ય સૂચવે છે. ચિત્રકાર રૈખિક પ્રતીતિ પ્રભાવક કરવા માટે રેખાની આવી પ્રતીકાત્મકતાનો વિનિયોગ કરતો હોય છે.

રૈખિક લીલાની અનંત શક્યતાઓ દ્વારા ભાવગત વિલાસ સાધવાની કલાકારની આ શક્તિનાં જેટલાં વખાણ કરીએ એટલાં ઓછાં છે. રેખાની શક્તિઓ અનંત છે. ભલે એ સમતોલ સપાટી પર અંકિત થતી હોય, એની પ્રતીકાત્મક ચેતના દ્વારા એ અનેક સ્થૂળ-સૂક્ષ્મ સંકેતો રચી શકે છે. સૃષ્ટિની મૂર્ત-અમૂર્ત લીલાઓને જે રેખાયિત કરીને વ્યાપક સંકેતો રચી શકે તે કલાકાર પ્રતિભાશાળી ગણાય.

રેખાની વિવિધા અમાપ છે. સીધી, વક્ર, આંશિક વક્ર, તરંગિત, એકબીજીને છેદતી, સમાંતર, આંશિક પરિવર્તિત, પરિવર્તિત, સળંગ, તૂટક, સીમિત, અસીમિત, જડ, ચેતનવંતી, સંકુલ, જટિલ, લયાત્મક, ગતિશીલ એવી એની અનંત કોટિઓ છે. કલાકારોએ સ્થૂળ અને સૂક્ષ્મ રીતે એની સાધના કરી છે. હસ્તના કૌશલ્ય દ્વારા રેખાઓને બાહ્ય સપાટી દ્વારા ચિત્રોચિત સંયોજનો



શ્રી. આર. સંતોષ

રચવાની સાથેસાથે નિરાકાર સૃષ્ટિના સાક્ષાત્કાર દ્વારા પ્રાપ્ત થયેલ ચિત્રપરક નિજી દર્શનને અનેક રીતે સૂચિત કે વ્યંજિત કરીને રેખાઓની બહુપરિમાણીય સૌંદર્યશાસ્ત્રીય કોટિઓ રચી આપી છે. કલાકારોએ રેખાઓ દ્વારા વ્યક્ત કરેલ આવી બહુઆયામી સૃષ્ટિ તો ભાવક માટે પણ સાધનાનો વિષય બની રહે છે.

ભારતીય ચિત્રકલા રેખાપ્રધાન છે. ભીમબેટકા ઇત્યાદિની પ્રાગૈતિહાસિક કલાઓથી માંડીને મધ્યકાલીન કલાઓ સુધીનો સમગ્ર ચિત્રસંસાર ભારતીય પ્રણાલીમાં રેખા સંદર્ભે થયેલ સાધના અને તેની સિદ્ધિનો મનોરમ ઇતિહાસ છે. શિષ્ટ કલાસર્જનની સમાંતરે જ લોકકલાનું રૈખિક સૌંદર્ય મનનીય રહ્યું



કે. કે. હેબ્બર



એમ. વી. ધુરંધર

છે. શિષ્ટ કલામાં સાધના દ્વારા રેખાના પ્રયોજનમાં પ્રાવીણ્ય અને સૂક્ષ્મતા સિદ્ધ કરી શકાય છે. પરંતુ, લોકપરંપરાએ પણ આગવી રેખાસિદ્ધિ પ્રાપ્ત કરી જ છે. સામાન્ય, સહજસુલભ પદાર્થનો ઉપયોગ કરીને રેખાંકન કરતા લોકકલાકાર કે સરેરાશ માનવ પણ જાડી, બરછટ, ક્વચિત્ અણઘડ રેખાઓમાં જીવંતતા, સહજતા, આકૃતિની પ્રબળતા, ઊર્જા, ગતિશીલતાનો પ્રભાવક ચાક્ષુષ સંસાર રચી શક્યા છે. એમની સરળ છતાં આંખને આકર્ષે એવી ચિત્રકૃતિઓથી પરંપરિત આવાસો ભર્યાભર્યા રહેતા. આંગણામાં રચવામાં આવતી રંગોળી



જગન્નાથ અહિવાસી

હોય, દીવાલો પરના આળેખ હોય, ભરતગૂંથણનું અલંકરણ હોય - આ સર્વમાં રૈખિક સંવાદની પોતીકી રમણા સર્જવાની આગવી પરિપાટીઓ હતી, જે હવે નાશ પામી રહી છે. લોકકલામાં જે જીવંતતા અને પ્રાણસંચાર છે તે આશ્ચર્યજનક છે! રાજસ્થાની માંડણાં, બંગાળી અલ્પના, દક્ષિણની કોળમ, બિહારની મધુબની, મધ્યપ્રદેશની ગોંડ, ઓરિસ્સાની સોરા, મહારાષ્ટ્રની વારલી, ગુજરાતની બાબો પીઠોરો... આ સર્વમાં કેવી તો ભવ્યતા સિદ્ધ કરવામાં આવી!! કાલીઘાટની શૈલીનાં ચિત્રોમાં રેખાઓની જે પ્રાણપ્રદતા છે એ અત્યંત સરાહનીય છે. બહુરૂપિણી સૃષ્ટિને અત્યંત સરલ રીતે ઉપાસતી લોકચેતનાનું તો શું કહેવું!!!

અજંતા, બાઘ, સિત્તનવાસલનાં ગુફાચિત્રોમાં સૌથી અગત્યનું કોઈ અંગ હોય તો તે રેખાઓની ચારુતા. કલાકારોની રેખાસાધના એકેએક ચિત્રમાં સ્પષ્ટ રીતે અનુભવાય છે. રેખાના કમનીય વળાંકો, આછીપાતળી રેખા દ્વારા નીપજતી સંવાદિતા, લયાત્મક સંયોજન દ્વારા દર્શનીય બનતું સૌંદર્ય એ ગુફાચિત્રોની નોંધનીય લાક્ષણિકતાઓ છે. લઘુચિત્રો (મિનિએચર પેઈન્ટિંગ)માં રેખાની બહુવિધ સત્તા જ કેન્દ્રમાં છે. નાના ફલક પર આકારનું વૈવિધ્ય, સંયોજન, સૌંદર્ય અનુભવાય છે એ રેખાની અસીમ સુંદરતાને



એમ. એફ. હુસેન

કારણે જ. કાંગડા, ગુલેર, બશૌલી જેવી પહાડી શૈલીમાં તો ભારોભાર સૂક્ષ્મતા છે. રાજસ્થાની ચિત્રોમાં આકારોનો પ્રભાવ અને માનવપાત્રોનો દબદબો રેખાની અનેકસ્તરીય રમણાને કારણે શક્ય બન્યા છે. બુંદી, કોટાનાં લઘુચિત્રોમાં પ્રાણીચિત્રણામાં રૈખિક પ્રભાવ નોંધનીય છે. એમાં પશુની શક્તિ, ગતિ અને સૌંદર્ય રેખાના સંયોજન દ્વારા સુપેરે વ્યક્ત થાય છે.

આધુનિક ભારતીય કલામાં પણ રેખાઓનું મહત્ત્વ એની મહત્તમ અવસ્થામાં જોઈ શકાય છે. રવીન્દ્રનાથ ટાગોરનાં ચિત્રોમાં પેન દ્વારા ઘૂંટાતી , સાતત્યપૂર્ણ રેખાનું બાહુલ્ય છે, જેના દ્વારા તેઓ જે તે ભાવને પ્રભાવક રીતે ભાવકમાં સ્થાપી શકે છે. યામિની રાયની



સુનિલ દાસ



જતીન દાસ

રેખાઓમાં લોકચેતનાની સહજતા, સરળતા અને ગતિશીલતા પ્રાપ્ત થાય છે. નંદલાલ બોઝનાં ચિત્રોમાં લાવણ્ય અને લયાત્મકતા વિશેષ ધ્યાનાર્હ છે. આધુનિક કલામાં રેખાઓને એના મહત્તમ સ્વરૂપમાં એમ. એફ. હુસેન અને એફ. એન. સૂઝા પ્રયોજે છે. એમ. એફ. હુસેનની રેખામાં જે લયાત્મકતા, જીવંતતા અને નાવીન્ય છે એ અજોડ છે. જાડી રેખાઓમાં પ્રવાહિતા, ઊર્જા અને આંખને ભરી દેતો પ્રબળ દશ્યપ્રભાવ આ કલાકારની ખાસિયત છે. એફ. એન. સૂઝા જીવનની છિન્નભિન્નતા અને આંતરિક બેડોળતાને રેખાઓની બહુ જ બોલકી તોડફોડ દ્વારા વ્યક્ત કરે છે. તેઓ રેખાઓને દઢાવી, ઘટ્ટ કરી માનવીય કદર્ય, કુરૂપતા કે વિકૃતિને વ્યક્ત કરે છે. કે. કે. હેબર અને જગન્નાથ અહિવાસીનું રેખા પરનું પ્રભુત્વ કાબિલેદાદ છે. કે. કે. હેબરનું પુસ્તક 'સિંગિંગ લાઈન્સ'



તૈયબ મહેતા

અને જગન્નાથ અહિવાસીનું 'રેખાંજલિ' પુસ્તક જોઈએ એટલે રેખાની કમનીય કમાલનો સુખદ, આશ્ચર્યકારક અનુભવ થયા વિના ન રહે. એમ. આર. આચરેકરનું 'રૂપદર્શિની' પુસ્તક પણ નોંધનીય છે. સુનિલ દાસ અને જતિન દાસ જેવા કલાકાર આકૃતિની ચેતનાને પ્રભાવક રીતે વ્યક્ત કરવા રેખાઓના સંયોજન પર વિશેષ કાળજી લે છે. આ બંને કલાકારો રેખાઓની નિજી લીલા સ્થાપિત કરી શક્યા છે. લક્ષ્મા ગૌડ જેવા કલાકારો આદિમતાના ભાવને રેખાઓની સંકુલતા દ્વારા પ્રગટ કરે છે.

ગોગી સરોજ પાલનાં ચિત્રોમાં કમનીય વળાંકોમાં વ્યક્ત થતી સ્ત્રીસહજ નમણાશ છે, રબીન મોન્ડાલ ભાવની તીવ્રતા રેખા દ્વારા ઘટ્ટ કરે છે. અનુપમ સુદ રોમાંચકતા સિદ્ધ કરે છે. પી. ખેમરાજ જીવનની લવચિકતા આકારિત કરે છે. જોગેન ચૌધરી ક્રિયાત્મક જગતની ગતિશીલતા વધારે કેન્દ્રમાં રાખે છે. જહાંગીર સાબાવાલાનાં ચિત્રોમાં શાતા અને સહજતાનો અનુભવ થાય છે. તૈયબ મહેતામાં વ્યક્તિનું ચેતનાપરક માળખું કેન્દ્રમાં હોય છે. બળકટ રેખાઓ દ્વારા તેઓ દ્વૈત રચે છે.

ગુજરાતી ચિત્રકારોમાં રવિશંકર રાવળ, કનુ દેસાઈ, ઈશ્વર સાગરા, શ્યાવક્ષ ચાવડા, યજ્ઞેશ્વર શુક્લ, ભૂપેન ખખ્ખર, વાસુદેવ સ્માર્ત, ખોડીદાસ પરમાર, પ્રતાપસિંહ જાડેજા, જ્યોતિ ભટ્ટ, નટુ પરીખ, જેવા કલાકારોની રેખાકેન્દ્રી ચિત્રસૃષ્ટિ વિશેષ નોંધનીય છે. કનુ દેસાઈએ તો રેખાંકન આધારિત અનેક સંપુટો આપ્યા છે. જેરામ પટેલનાં આલેખનમાં આધુનિક પરિપ્રેક્ષ્ય બહુપરિમાણીય થઈને રેખાયિત થાય છે. વૃંદાવન સોલંકી રેખાઓની બહુવિધ પ્રયુક્તિઓથી પાત્રગત ચેતના અને સૌંદર્યનો વિલાસ ઉત્તમ રીતે વ્યક્ત કરે છે.

સપાટ ફલક પર રંગના આધાર વિના માત્ર રેખાઓ દ્વારા દૃશ્યપરક પ્રતીતિ સંક્રાંત કરવી એ કઠિન કામ છે. જે તે આકાર માટે રૂપ, ઘનતા, કદ, અંગાંગની સંધિ, ભાવ, ગતિ, લય, સંવાદ જેવાં અનેક પાસાંઓ માત્ર રેખા દ્વારા આકારિત કે સૂચિત કરવાનું સામર્થ્ય સાધના વિના શક્ય નથી. કેવળ રેખાઓના સંયોજન દ્વારા અનેક દૃશ્યાત્મક આયામો અંકિત કરીને કલાકારો સવાઈ સૃષ્ટિ સર્જતા હોય છે. ભારતીય પરંપરામાં રેખાને આપવામાં આવેલા મહત્ત્વને કારણે સર્વત્ર રૈખિક સૌંદર્યનો વિલાસ જોવા મળે છે. સિદ્ધહસ્ત કલાકારની ક્લાકૃતિની રેખાઓ વૈશ્વિક લયની અનંતરૂપિણી ગતિવિધિની જ વ્યાપ્તિ હોય જાણે!

(ચિત્રસૌજન્ય : અભ્યાસના હેતુથી અનેક સ્રોત દ્વારા કલાકારોની કૃતિઓ ખપમાં લીધી છે. સર્વ કલાકારો, ગેલેરી, સંગ્રાહકોનો હૃદયપૂર્વક આભાર)



ભૂપેન ખખ્ખર

'નવનીત-સમર્પણ'માં જાહેરખબર

જીવન, સંસ્કાર અને સાહિત્યના સામયિક તરીકે 'નવનીત સમર્પણ' શુભ અને સુંદર વિચારોનો પ્રસાર કરે છે તે આપ સૌ જાણો છો. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોના જતન-સંવર્ધન સાથે જીવનના આધુનિક પ્રવાહોનું સન્માન કરતા આ સામયિકમાં જાહેરખબર મોકલી આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

જાહેરખબરના દર આ પ્રમાણે છે:

જાહેરખબરના દર

આખું પાનું (Colour)	રૂ. 9,000/-
આખું પાનું B/W	રૂ. 5,000/-
અડધું પાનું (Colour)	રૂ. 5,000/-
અડધું પાનું B/W	રૂ. 3,000/-
બીજું/ત્રીજું મુખપૃષ્ઠ (4 Colours)	રૂ. 11,000/-
પાછલું મુખપૃષ્ઠ	રૂ. 12,000/-

અન્ય વિગતો :

આખું પાનું

કુલ સાઈઝ 19.5 સે.મી. X 13.5 સે.મી.
પ્રિન્ટ એરિયા 15.5 સે.મી. X 10.5 સે.મી.

અડધું પાનું

આડું પાનું 8.0 સે.મી. X 10.5 સે.મી.
ઊભું પાનું 15.5 સે.મી. X 5 સે.મી.
બ્રોમાઈડ, આર્ટપુલ, આર્ટવર્ક B/W જા.ખ. માટે 4 કલરની (રંગીન જા.ખ. માટે), સી.ડી.
છાપકામ: કાગળની જાત ઉપર

સંદર્ભસૂચિ :

• ભટ્ટ માર્કન્ડ, રૂપપ્રદ કલા, પ્રકા. લેખક પોતે, વડોદરા, ૧૯૫૮

• શાસ્ત્રી લક્ષ્મીનાથ બદરીનાથ, પ્રાચીન સાહિત્યમાં કલાસંબંધી વિવેચનાત્મક અને વર્ણનાત્મક ઉલ્લેખો, લલિતકલા વિભાગ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, ૧૯૬૧

• 'जुगनू' श्रीकृष्ण, डॉ., शर्मा भंवर, डॉ., संपा.-अनु., अपराजितपृच्छा, परिमल पब्लिकेशन्स, दिल्ली, २०११

• 'जुगनू' श्रीकृष्ण, डॉ., संपा.-अनु., विष्णुधर्मोत्तरीय चित्रसूत्रम्, चौखम्बा कृष्णदास अकादमी, वाराणसी, २०११

• मालवीय सुधाकर, डॉ., मालवीय चित्तरंजन, डॉ., अनु., समराङ्गणसूत्रधार, चौखम्बा संस्कृत भवन, वाराणसी, २०११

• Ahivasi J. M., Rekhanjali, B. G. Navlakhi Publication, Bombay, 1961

• Karode Roobina, The naked line, Delhi Art Gallery Publication, New Delhi, 2006

• Singh Kishore, The Naked and the Nude, Delhi Art Gallery Publication, New Delhi, 2013

• Sharma Ramesh Chandra, Form/Shape, Kalatattvakosa, Vol. 5, Indira Gandhi National Centre for the Arts, New Delhi and Motilal Banarasidass Publishers Pvt., Ltd., Delhi, 2002

• Shukla D. N., Vastu-sastra, Vol. 2, Munshiram Manoharlal Publishers Pvt. Ltd., Delhi, 2003

• Sivaramamurti C., Edi., Chitrasutra of the Vishnudharmotara, Kanak Publications, New Delhi, 1978



લાભશંકર પુરોહિત સાથે એક ગોષ્ઠિ

☐ આરાધના ભટ્ટ

માત્ર જ્ઞાનાર્થે જ્ઞાનની ઉપાસના અને એ જ્ઞાન જીવનલક્ષી બને એવી સજાગતાનાં દર્શન બહુ ઓછાં વ્યક્તિત્વોમાં થાય. લાભુદાદાના પ્રેમાદારભર્યા નામથી ગુજરાતના ભાવકોમાં જાણીતા લાભશંકર પુરોહિત આવું વિરલ વ્યક્તિત્વ છે. લાભશંકર પુરોહિત એટલે ભાષાવિજ્ઞાન, ભાષાશાસ્ત્ર, શાસ્ત્રોની ઉપાસના, લેખન, સંપાદન, વિવેચન, અનુવાદ, સંશોધન, ગુજરાતી અને સંસ્કૃત ઉપરાંત અંગ્રેજી અને ગ્રીક જેવી ભાષાઓનાં સાહિત્યનું અધ્યયન અને મીમાંસા, શિક્ષણ, કર્મકાંડ- આ બધાનો સરવાળો અને છતાં નિર્ભાર, વિનમ્ર જીવનસપાટી. ગુજરાતી વાઙ્મયને તેમનું અનેરું અને અદ્વિતીય પ્રદાન તે મધ્યકાલીન સાહિત્યનો એમનો અભ્યાસ અને એ વિષયક એમના લેખો, જે પાછળથી પુસ્તક સ્વરૂપે આપણને મળ્યાં. અનેક વિપરીત સંજોગોને વળોટીને એમણે ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ઘડી અને લગભગ ત્રીસ વર્ષ સુધી ગુજરાત

કોલેજ સહિત અનેક નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ-અધ્યાપન કર્યું. એમનું પ્રથમ પુસ્તક ‘ભક્ત કવિ દયારામ’ એ સંગીતરૂપક તરીકે કોલેજકાળમાં લખાયું અને પ્રસિદ્ધ થયું. ત્યાર બાદ ‘અંતઃશ્રુતિ’, ‘ફલશ્રુતિ’, ‘પરથમ પરણામ’, ‘શબ્દપ્રત્યય’, જેવાં પુસ્તકો પ્રગટ થયાં, જે પૈકી એકાધિક પુસ્તકો ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત થયાં છે. હવે જીવનના નેવુમા વર્ષની નજીક પહોંચેલા લાભશંકરભાઈના ભાવસભર અને બુલંદ કંઠે આખ્યાનો અને હરિકથા સાંભળવાં, અને એમની અસ્ખલિત અને પ્રભાવક વાણીમાં એમનાં વ્યાખ્યાનો અને વાર્તાલાપ સાંભળવાં એ એક લ્હાવો છે. એમની જૈફ વય છતાં હજુ તેઓ લેખન, અધ્યયન રત રહે છે અને જામનગરના એમના નિવાસમાં આનંદથી નિવૃત્તિનો સમય પસાર કરે છે.

પ્રશ્ન: નમસ્કાર લાભશંકરભાઈ. આપના બાળપણ, ઉછેર અને એ સમયના ઘરના વાતાવરણ વિષે જાણવાની ઇચ્છા છે. આપના પિતા શિક્ષક હતા અને ઘરમાં પુષ્ટિમાર્ગની પરંપરા હતી. આ વાતાવરણનો આપના ઘડતર ઉપર પ્રભાવ હશે.

મારો જન્મ થયો ત્યારે દેશી રજવાડાં હતાં. મારું ગામ દેવડા, જૂનાગઢ રાજ્યની સરહદનું ગામ. અને ત્યાં અનેક જાતની વસ્તી. ખેડુ, વસવાયાં, મજૂર વર્ગ અને બારેમાસ વહેતી નદી મીણસાર, અને ત્યાં મારો જન્મ થયો, ૧૦મી ડિસેમ્બર ૧૯૩૨ના દિવસે. મારા પિતા પ્રાથમિક શિક્ષક હતા. મારાં દાદી ખેડુની દીકરી હતાં અને એમના પિતાએ એમને દાયજામાં ઠાકોરજી પધરાવેલાં અને એક ગાય પધરાવેલી. એ ગાયનું નામ મંગુ. એટલે પુષ્ટિમાર્ગ અમારા ઘરમાં મારાં દાદીને કારણે આવ્યો. ગામ સારું અને મારા પિતા કર્મકાંડ પણ કરતા. ગામમાં વૈષ્ણવ હવેલી. ગામના ખેડૂતો તરફથી પાક આવે, ગાયનું દૂધ આવે, ઘી આવે અને પ્રસંગ હોય ત્યારે એ સામગ્રી પધરાવી જાય. એટલે મારા પિતાની સંગે મને સેવા મળી. એ ગાતા અને હું ઝાંઝ વગાડતો એટલે મને સંગીતનો રંગ લાગ્યો. ગાયોને મૂકવા જવાનું, મારી બા ગાય દોતાં. એટલે અનેક પ્રકારની ઘરની પ્રાથમિક ક્રિયાઓ કરવાની આવી. કીર્તનો ગવાતાં એટલે એ બધું મનમાં ગૂંજ્યા કરતું. આમ ઠાકોરજીની સેવાને કારણે કૃષ્ણ સાથેનો સીધો અનુબંધ સાવ બચપણથી જ મળ્યો. પુષ્ટિમાર્ગની એક પરંપરા છે કે શ્રીમદ્ ભાગવતને અમે ગ્રંથ નથી માનતા, એ ઠાકોરજીનું સ્વ-રૂપ છે એટલેકે એ ઠાકોરજી પોતે જ છે. તો એને કારણે ભાગવત કથા કરવા ક્યાંય ન જઈ શકાય, કારણકે એના દ્વારા નિર્વાહ ન કરાય. એને કારણે

નાનપણથી સંસ્કૃતનું થોડું અધ્યયન થયું, અમારું ગામ તો નવાબી સત્તાનું હતું. પણ એ ગામની એક બેગમ, એને કુતિયાણા બેગમ કહેતા. એમને અમારું ગામ પરવરિશમાં મળેલું. એ ગામમાં આવે ત્યારે અડધો-પોણો કિલોમીટરના રસ્તે બધા છોકારાઓને ઊભા રાખે અને એ બધાને પૂછતાં જાય કે 'તું કોનો દીકરો?' એ વખતે આપણા દેશમાં પેન્સિલ પણ બનતી નહીં. એટલે એ દરેક છોકરાને નોટબુક, ચોકલેટ વગેરે આપે. એ કુતિયાણા બેગમને મારા પિતા માટે ખૂબ આદર. તમને નવાઈ લાગશે કે મારા પિતા જ્યોતિષી હતા એટલે એમણે અબીબુલ્લા ખાન, કરિમભાઈ જેવા અમલદારોના સંતાનોના જન્માક્ષર પણ કરાવેલા. એટલે એક પ્રકારનું આપણે સેક્યુલર કહીએ એવું વાતાવરણ હતું. આ સેક્યુલર શબ્દ મને ગમતો નથી. ત્યારે સેક્યુલર શબ્દ નહોતો પણ એ પદાર્થ હતો. આજે એ પદાર્થ નથી, પરિભાષા છે. અમારા ગામમાં મુસલમાનની વસતી, સિંધીઓની પણ વસતી, કણબી, મેર અને વસવાયાં. મારા ગામમાં પાંચ ધોરણ સુધીની સ્કૂલ હતી એટલે પહેલાં પાંચ ધોરણ સુધી મારા ગામમાં ભણ્યો. ત્રણ-ચાર શિક્ષકો હતા, વર્ષમાં એકાદ વખત પરીક્ષા લેવાય, વર્ષમાં એક વખત કેળવણી ઇન્સ્પેક્ટર આવે, ગાડામાં. અમે અંકગણિત, ભૂગોળ, જૂનાગઢ રાજ્યનો ઇતિહાસ અને ગુજરાતી ભાષા એટલા વિષયો ભણતા. અમારા વર્ગશિક્ષક એ સ્કૂલના આચાર્ય હતા, અને પોસ્ટમાસ્તર પણ એ જ. એટલે એ જૂનાગઢ જાય ત્યારે કોથળો ભરીને ટપાલ લઈ આવતા. આમ ધૂમકેતુની 'પોસ્ટઓફિસ' વાર્તા મને સાહિત્યિક દૃષ્ટિએ સ્પર્શી નહોતી પણ એ વાર્તાનાં પાત્રોનું તાદાત્મ્ય મારા ગામનાં પાત્રો સાથે હતું.

પ્રશ્ન: આપ પંદર વર્ષની વયે શિક્ષક બન્યા, પછી ઉચ્ચ અભ્યાસ કર્યો ત્યારે દરેક તબક્કે પ્રથમ વર્ગમાં પાસ થયા અને ગાંધીજીના પ્રભાવ હેઠળ લોક-શિક્ષણના જુદા જુદા પ્રકલ્પો પણ હાથ પર લીધા. આ બધા વિષે અમને વાત કરશો?

મારા ભાઈને જૂનાગઢ નોકરી મળી હતી તેથી ત્યાં જઈને હું આગળ ભણ્યો, એવામાં જૂનાગઢ પાકિસ્તાનમાં ભળ્યું અને અમારે હિજરત કરવી પડી. હું પાછો અમારે ગામ આવી ગયો અને મારી સ્કૂલ છૂટી ગઈ. એ વખતે જૂનાગઢ રાજ્ય હજુ સૌરાષ્ટ્રમાં ભળ્યું નહોતું. એટલે એમણે ત્યાં શાળાંત પરીક્ષા લીધી અને હું એ પરીક્ષામાં બેઠો. એનું પરિણામ આવે તે પહેલાં મારા પિતાનું અવસાન થયું. એ પરીક્ષાનું પરિણામ આવ્યું ત્યારે એમાં હું પહેલો આવ્યો અને ગેઝેટમાં મારું નામ હતું. એ દરમ્યાન એક કેળવણી નિરીક્ષક અમારા ગામમાં આવ્યા. મને ગાવાનો શોખ હતો અને

હું કીર્તનો ગાતો. એમણે મને ગાતો સાંભળ્યો અને મારા વિષે અમારા આચાર્યને પૂછ્યું અને મને કહ્યું કે તારે નોકરી કરવી છે? મેં હા પાડી એટલે કહે કે કાલથી આવી જજે. પછી મારી નિમણૂક કરવામાં આવે છે એવો એમનો પોસ્ટકાર્ડ આવ્યો, એ ૨૬.૭.૧૯૫૯ની તારીખવાળો પોસ્ટકાર્ડ મેં હજી સાચવી રાખ્યો છે. એટલે જે છોકરાઓ સાથે ગઈકાલ સાંજ સુધી હું રમતો હતો એમને મારે આજે સવારે ભણાવવાના આવ્યા. જૂનાગઢ રાજ્ય પાકિસ્તાનમાં મળ્યું એ પછી ત્યાં અનેક જુલમો થતા. ત્યાર પછી હું પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવતો. સરકારની ગ્રાન્ટ તો કંઈ મળતી નહીં. નાની ઉંમરનાં છોકરા-છોકરીઓને લઈને પ્રભાતફેરી કાઢું. ગાંધીજીની અસર નીચે શેરીઓમાંથી કચરો કાઢીને સાફ કરતા, કચરાનો ઢગલો થાય એમાંથી જે વેચવા જેવું હોય એ વેચીને પૈસા આવે એમાંથી ફાનસ, વાટ, પાટી-પેન ને ઘાસતેલ એવું બધું ખરીદીને હું પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવતો. પછી સ્ત્રીઓના વર્ગો ચલાવતો. સવારમાં પ્રભાતફેરી કાઢીને હું ગાતો ''ભણતરના વાગ્યા ઢોલ ભણવા આવોને ઘરઘરની નારી આવો મણિ, મોંઘી ને માણેકકાકી... જ્ઞાનગોવિંદ પધારે અનમોલ, કે ભણવા આવોને ઘરઘરની નારી.'' એમને થતું કે આ તો આપણું ગીત જ ગાય છે એટલે એ બધાં આવતાં. પછી મારે રબારીઓને ભણાવવા હતા. એને માટે હું એક કિલોમીટર દૂર નેસડામાં જતો અને ગીત ગાતો, "ભેરુ મારા ભણવા આવો", અને એટલો બધો આનંદ આવતો. ગાંધીજયંતિએ આખી રાત કાંતણ ચાલે, ત્યારે જાણે આપણે સ્વર્ગમાં ઊતરી ગયા એવી અનુભૂતિ થતી. પછી હું પીટીસી કરવા ગયો ત્યાં સુધી મેં કોઈ દિવસ લાઇબ્રેરી જોયેલી નહીં. ત્યાં જઈને મને પહેલી વખત ખબર પડી કે લાઇબ્રેરી શું હોય. તે વખતે દયારામની ૧૫૦મી જયંતિની ઉજવણી હતી અને મારા આચાર્યે મને સોંપ્યું એટલે મેં દયારામનું આખું એક રૂપક લખ્યું. એની એક નાનકડી પુસ્તિકા કરી એમાં જાણે મેં મોટું પરાક્રમ કર્યું હોય એવું લાગેલું.

પ્રશ્ન: ૧૯૪૯થી શરૂ થયેલી આપની શિક્ષણયાત્રા છેક ૧૯૯૨માં પૂરી થઈ, એટલે એક સુદીર્ઘ શિક્ષણયાત્રા કહી શકાય.

પીટીસીમાં હું આખી પૂના બોર્ડમાં બીજા નંબરે આવ્યો એટલે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં બીજા નંબરે અને ગુજરાતમાં પહેલા નંબરે આવ્યો. અમારા ગામમાં એ વખતે છાપું પણ ન આવે. આજનું છાપું આવતીકાલે બપોર પછી આવે. એ જોઈને સરપંચે મને બોલાવીને કહ્યું કે તું પહેલા નંબરે આવ્યો છે. એક વસ્તુ મારે કહેવી જોઈએ કે એ વખતના સ્થાનિક માણસો, શેઠ



હોય કોઈ વેપારી હોય એમને એવો પ્રેમ હશે. એટલે મસ્કતમાં કામ કરતો કુતિયાણાનો કોઈ વેપારી હશે એણે ત્યાં જાણ્યું કે આ કોઈ છોકરો પહેલો આવ્યો એટલે એણે હેડમાસ્તરને ૫૦૦ રૂપિયા મોકલ્યા અને કહ્યું કે આ છોકરાને જ્યાં સુધી ભણવું હોય ત્યાં સુધી હું દર વર્ષે ૫૦૦ રૂપિયા આપીશ. એમ કરતાં કરતાં હું પોરબંદરમાં નવી જ શરૂ થયેલી આર્ટ્સ કોલેજમાં ભણવા ગયો અને ત્યાં આચાર્ય હતા મનસુખલાલ ઝવેરી. ત્યાં હું સવારની કોલેજમાં ભણવા જાઉં અને બપોર પછી સામેની સ્કૂલમાં ભણાવું. પછી તો મનસુખલાલ ઝવેરી સાથે મારે ઘણો પરિચય થયો. એ ન આવ્યા હોત તો હું ગામડાની નિશાળમાં ભણાવતો હોત કે હેડમાસ્તર થયો હોત, મારે બે-ત્રણ ગાયો હોત, કર્મકાંડ કરતો હોત. પણ મનસુખલાલ આવ્યા. હું આને ચમત્કાર નથી માનતો, પણ મારી જિંદગીમાં દરેક તબક્કે એક એવી વ્યક્તિનો પ્રવેશ થયો છે અને પછી એ નીકળી જાય, ક્યાંતો એમનું અવસાન થાય કે એ જગા છોડીને ચાલી જાય. એમ મનસુખલાલે મને એટલી નિરાંત કરી દીધી, મારી ફી માફ કરી દીધી, ગામમાંથી મને સ્કોલરશીપ અપાવી. સિનિયર બી.એ.માં મારા થોડાક માર્ક ખૂટ્યા અને મારો ફર્સ્ટ ક્લાસ ન આવ્યો, ગુજરાતીમાં તો ફર્સ્ટ ક્લાસ આવ્યો. મનસુખલાલ આશુતોષ અને આશુરોષ હતા, એ મારા પર બહુ ચિડાયા. પણ પછી એમણે રાજકોટમાં એમ.એ.માં એડમિશન અપાવ્યું. એમ.એ.માં સંસ્કૃત અને ગુજરાતી રાખેલું અને એમાં હું યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યો અને મને ચંદ્રક મળ્યો. એટલે એક વાત ત્યારે મને નહોતી ખબર પણ આટલાં વર્ષ પછી મને સ્પર્શી જાય છે કે આપણામાં જો પુરુષાર્થ હોય તો ઈશ્વર કોઈ અદૃશ્ય

શક્તિ દ્વારા અથવા કોઈ વ્યક્તિ દ્વારા આપણને પાટે ચડાવી દે છે. પછી તો મને અમદાવાદ ગુજરાત કોલેજમાં નિમણૂક મળી. અનંતરાય રાવળ, મનસુખલાલ ઝવેરી, યશવંત શુક્લ, ગુલાબદાસ બ્રોકર, પીતાંબર પટેલ, ઉમાશંકર, સુન્દરમ્ જેવા મોટા મોટા સાહિત્યકારોને ઓળખતો થયો અને એ બધાએ મને જે જે સગવડો કરી આપી. આજે જે દેશ-કાળમાં આપણે જીવીએ છીએ એમાં આમાંની એકપણ સગવડ કોઈ કરી આપે એવી શક્યતા નથી, સિવાય કે તમે ભ્રષ્ટાચાર આદરો, કે જૂઠું બોલો કે કોઈના માથા પર પગ મૂકીને આગળ ચાલો. આને હું ઈશ્વરની કૃપા ગણું છું. મને અધ્યાપકો બહુ સારા મળ્યા, હું સિનિયર બી.એ.માં હતો ત્યાં ચન્દ્રકાન્ત ટોપીવાળા, હું એમના કરતાં ઉંમરમાં મોટો હતો, પણ એ મારે માટે બહુ સદ્ભાવ રાખતા. હું હસતાં હસતાં કહેતો કે મેં પરણવાનું કામ પહેલાં કર્યું અને ભણવાનું કામ પછી કર્યું. ઉપેન્દ્ર પંડ્યા પણ હતા, એમણે મને બહુ સાચવ્યો. એ એટલા બધા સ્ટોલવર્ટ પણ ખૂબ જ વિનમ્ર. એવા જ કે.ડી. વ્યાસ હતા. એટલે જ્યારે હું અધ્યાપક બન્યો ત્યારે આ બધા અધ્યાપકો મારા આદર્શો હતા. એમને કારણે અધ્યાપન શું છે એ મને ખબર પડી.

પ્રશ્ન: લાભશંકરભાઈ, કોઈ એક વ્યક્તિ કેવી રીતે આટલાં બધાં ક્ષેત્રોમાં પોતાનો ચૈતસિક વિસ્તાર કરી શકે, જે આપે કર્યો છે? કર્મકાંડ, શાસ્ત્રોનું અધ્યયન, ગુજરાતી અને સંસ્કૃત ઉપરાંત ગ્રીક અને અંગ્રેજી સાહિત્યિક કૃતિઓનો અભ્યાસ, લેખન, સંશોધન, ભાષાશાસ્ત્ર, વિવેચન, સંપાદન, અનુવાદ....આ યાદી ઘણી લાંબી છે. આ બધું કઈ રીતે સિદ્ધ થયું?

મારા પિતાનું અવસાન થયું ત્યાં સુધી એમને સતત એક ખટકો રહ્યો કે મારા દીકરાને હું ભણાવી શકતો નથી. મારાથી ભણવા કશે જઈ શકાતું નહોતું એટલે મને એમ હતું કે હું સંસ્કૃત ભણીશ, આખ્યાનો કરીશ, હરિકથા કરીશ, અને કર્મકાંડ કરીશ. પણ તમારી સાથે વાત કરું છું ત્યારે એમના મૃત્યુના બે દિવસ પહેલાંનું એક ચિત્ર મારી સમક્ષ ખડું થાય છે. છેક છેલ્લા દિવસ સુધી મને ભણાવવાની એમની પ્રબળ ઇચ્છા હતી. તમે જુવો કે મારે ભારોભાર અભાવોની વચ્ચે જીવવું પડ્યું છતાં છેક મેટ્રિકથી માંડીને હું ભણી રહ્યો ત્યાં સુધી જુદીજુદી દિશાઓમાંથી મારે માટે મદદ આવી. ગામના પાદરે પાણીનો ટાંકો, એ ટાંકા પર બેસીને હું વાંચતો અને એમ પાઠમાળા લઈને અંગ્રેજી શીખતાં મને બે વર્ષ લાગ્યાં. તમે બીજો જે સવાલ કર્યો કે આટલી બધી દિશાઓમાં કેવી રીતે બધું થયું. તો મને એમ લાગ્યું કે સંસ્કૃત કે ગુજરાતી ભાષાનો અધ્યાપક હોય એને હિન્દી, ગુજરાતી, સંસ્કૃત ઉપરાંત

અંગ્રેજી અને બીજી ભાષાઓનું જ્ઞાન હોય એ મહત્ત્વનું છે. એટલે અમારી લાઇબ્રેરીમાં અંગ્રેજી પુસ્તકો પણ ઘણાં હતાં અને હું વાંચ્યા જ કરતો. મારે એક ગ્રીક ટ્રેજડી ભણાવવાની હોય તો હું બધી જ ગ્રીક ટ્રેજેડી વાંચી જાઉં અને પછી જે તે નિષ્કર્ષ પર પહોંચું. મને એમ લાગે કે કોઈપણ દેશ કે કોઈપણ કાળ કોઈપણ ભાષા મનુષ્યની સંવેદનાની અને સમજણની એકસરખી સપાટી હોય છે. અહીં પણ બાપ છે અને અમેરિકામાં પણ બાપ છે. સમય જતાં એનાં મૂલ્યોનાં પરિમાણો બદલાતાં જાય. મારે એમ.એ.માં ઈડિપસ ભણાવવાનું હતું તો ત્યારે એક રમેશ પારેખની કવિતા છે, એક અમેરિકન કવિતા છે અને એક સોફોક્લીસ છે એ રીતે મેં વિચાર્યું. મેં કહ્યું એમ, કાળા માથાનો માણસ જ્યાં હોય ત્યાં, એની ગમે તે ભાષા હોય, ગમે તે રહેણીકરણી હોય, સંસ્કારિતા જુદી હોય, જીવનની પરિપાટી જુદી હોય પણ ઈશ્વરે સંવેદના સૌને આપી છે. અને આંતરિક સંબંધો, દાખલા તરીકે પિતા-પુત્રના સંબંધો બધે છે. હું 'એન્ટીગની' ભણાવતો તો એમાં પિતા-પુત્રીની વાત છે, હું કુંવરબાઈનું મામેરું ભણાવતો તો એમાં પણ છે બાપ-દીકરી. તમે 'રઘુવંશ' લો તો એમાં શું છે? વંશાવલી તો ચારણ-બારોટ પણ આપી શકે. પણ કાલિદાસ જેવો કવિ એક આખી પ્રજાનો, એક આખા વંશનો એક આખા પ્રદેશનું નેતૃત્વ જેની પાસે છે એ વ્યક્તિ ઉત્તરોત્તર એનું વિભાજન થાય, વિખરાઈ જાય એની વાત રઘુવંશમાં કરે છે. જે રાજ્યનો મૂળ પુરુષ ખુલ્લા પગે ગાયને ચારવા માટે ઋષિની આજ્ઞાથી જંગલમાં જાય છે એના વંશજનું પતન. એટલે કોઈપણ રાષ્ટ્રનું નેતૃત્વ જેમની પાસે છે એ શીલસંપન્ન હોય, સત્ત્વસંપન્ન પણ હોય અને સમજણસંપન્ન પણ હોય... માત્ર સંવેદનસંપન્ન હોવું કે માત્ર શીલસંપન્ન હોવું પર્યાપ્ત નથી. વધારે પડતા સંવેદનશીલ હોવું એ પણ શ્રાપ છે. એને કાઠિયાવાડીમાં 'ઘેલહાગરો' કહે છે. એટલે રઘુવંશની મેં આ રીતે ચર્ચા કરી. મહાકાવ્યની વ્યાખ્યા કાલિદાસે મહાકાવ્ય લખ્યું તેના પરથી નથી થઈ. 'હું ને મારી વહુ એમાં દુનિયા આવી સૌ' એટલું જ નથી. આપણે એવું માનીએ છીએ કે પ્રેમ એટલે માત્ર સ્ત્રી અને પુરુષ, પણ એવું નથી.

તો સારી વાત એ હતી કે અમારી કોલેજમાં યુનિવર્સિટી કક્ષાની લાઇબ્રેરી હતી. અને બધા અધ્યાપકો અભ્યાસુ હતા. એને કારણે એવું બન્યું કે મારે વર્ગમાં કદી માથું ખંજવાળવું પડ્યું નથી. આપણે હવે ઓવર સ્પેશિયલાઈઝેશનના જમાનામાં જીવીએ છીએ. 'તજ્જ્ઞ' શબ્દ આપણે બોલીએ છીએ. હું કોલેજમાં મધ્યકાળ ભણાવતો અને એના પર તો મેં લેખો લખ્યા છે અને આખું પુસ્તક કર્યું

છે. 'અંતઃશ્રુતિ'માં મધ્યકાળને લગતા જ બધા લેખો છે. 'કેસરભીના કાનજીને કસુંબાભીની નાર, લોચનભીના ભાવ શું ઊભા નંદજીને દ્વાર' એટલેકે કૃષ્ણ ભીનેવાન છે, અને એમણે કેસર વસ્ત્ર પહેર્યું છે. કસુંબાભીની નાર, એટલે રાધાએ કસુંબી રંગની સાડી પહેરી છે. એટલે કેસરીમાં લાલ રંગ ઓછો અને પીળો વધારે હોય છે. અને કસુંબી રંગ છે એમાં લાલ વધારે અને પીળો રંગ ઓછો હોય. એટલે એમાં બંનેનો મૂળ રંગ એક જ છે. રામમાં પણ જુવો 'કંદર્પ અગણિત અમિત છબિ, નવ નીલ નીરદ સુન્દરમ્. પટ પીત માનહું તડિત રુચિ-શુચિ નૌમી જનકસુતાવરમ્' એટલેકે રામ એ ભીનેવાન છે અને સીતા એ ગોરેવાન છે. આ આખી આપણા દેવોની પરંપરા છે. તમે જુવો 'ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી' આવી જ રચના મીરાંની ગુજરાતીમાં અને રાજસ્થાનીમાં છે. આવી જ રચના સુરદાસની છે. આ મૂળ શ્લોક ભાગવતનો નથી, લોકો ભલે કહે. 'વિક્રેતુકામા કિલગોપકન્યા મુરારિ પાદાર્પિત ચિત્તવૃત્તિઃ દધ્યાદીકમ્ મોહવાશાદવોચદ્દ્, ગોવિંદ દામોદર માધવેતિ'. કૃષ્ણ વિશેના બે ગ્રંથો સાંપ્રદાયિક નથી. એક ગીતગોવિંદ અને બીજો કૃષ્ણકર્ણામૃત. એટલે મેં મધ્યકાળને આ રીતે જોયો. મધ્યકાળ કોઈ ભણાવવા નહોતું માંગતું અને મેં એના પર લેખો લખ્યા અને પુસ્તક કર્યું. એટલે આખરે તો મારો મુદ્દો એટલો જ છે કે દુનિયાની જે શ્રેષ્ઠ કૃતિઓ છે, એ કવિતા હોય, નાટક હોય કે નવલકથા હોય એમાં સાર્વત્રિક મનુષ્યતાની સંવેદનાને સ્પર્શવાનો આશય હોય છે.

પ્રશ્ન: હા, હું જે પ્રશ્ન પૂછવા જઈ રહી છું એ પણ એવો જ છે કે મનુષ્ય એક સામાજિક પ્રાણી છે, એ અનેક સંદર્ભો સાથે અને સંબંધો સાથે જીવે છે. આપ જ્યારે હવે ૯૦ વર્ષના આરે છો ત્યારે મનુષ્ય મનુષ્યના સંબંધોમાં કેવાં પરિવર્તનો આવેલાં આપ જુવો છો?

એક સૌથી મોટું પરિવર્તન મને એ લાગે, અને ખાસ કરીને આ કોરોનાને કારણે, કે સતયુગના આરંભથી આ કળિયુગ સુધી રક્તસંબંધો બધા ખરડાઈ ગયા છે અને માત્ર ઔપચારિક રહ્યા છે. માણસ આપરખો, એટલે પોતાની રક્ષા કરવા પૂરતો જ છે. આપણા બધા જ સંબંધો એટલા બધા પાંગળા બની ગયા છે કે પોતાની જાત સિવાય કોઈને કશો વિચાર જ નથી આવતો. બીજું, આપણે ત્યાં સંયુક્ત કુટુંબો હતાં એટલે સ્વર્ગ હતું એમ માનવાની જરૂર નથી. એવું કહેવાયું છે કે જેને ઝાઝા બંધુજનો છે એને દુશ્મન બહાર શોધવાની ક્યાં જરૂર છે? એટલે એક વખતે માણસ માણસના સહારે જીવી શકતો, આજે એવું નથી. કાફકાની એક નાનકડી વાત યાદ આવે છે, તે કહું. કે એટલી બધી ભીડ છે એમાં માણસ ઊભો છે અને એ ઊભો

ને ઊભો કચડાય છે અને મરી જાય છે. એ ભીડમાં મડદાને પડવાની જગ્યા તો જોઈએ ને! એટલે પાછળથી ધક્કો મારીને કહે છે અલ્યા આગળ આવને. એટલે ધક્કાથી એ પડી જાય છે. અને પેલા કહે છે કે અલ્યા આ તો મરી ગયો. એટલે પોતાની છાતી પર હાથ મૂકીને વાર્તાનો નાયક વિચારે કે હું તો જીવું છું ને! આવી સ્થિતિ આપણી છે. એટલે માણસ એકલો પડી ગયો છે. ભગવાન વગર ચાલશે, માણસને પોતાની સંગત વગર કે સોબત વગર નહીં ચાલે.

પ્રશ્ન: આપ કહો છો કે માણસ હોવાની પહેલી શરત સંવેદનશીલતા અને સમજણ છે. આ બંને ગુણો શિક્ષણ ન આપી શકે, તો એનું મૂળ ક્યાં છે? અને આપે હમણાં એમ પણ કહ્યું કે વધારે પડતી સંવેદનશીલતા અને વધારે પડતી સમજણ પણ સારી નહીં.

એ બંને હૃદયમાંથી અને લોહીમાંથી આવે છે, વંશવારસમાંથી આવે છે. ક્યાંક ચમત્કાર બને છે, એટલે કેદમાં કૃષ્ણ જન્મે. એમને કેવું વાતાવરણ મળ્યું! એટલે એમને આપણે પુરુષોત્તમ માન્યા, ઈશ્વર માન્યા. શિક્ષણની વાત કરીએ તો શિક્ષાનુબંધ એ સ્નેહાનુબંધ પણ હોવો જોઈએ. મને એવા કેટલા અનુભવ થયા છે. શાળામાં, કોલેજમાં ભણાવ્યા હોય એવા, ક્યાંક વ્યાખ્યાન કરવા ગયો હોય એનો અતૂટ નાતો રહ્યો છે. અરે રેલ્વેમાં બે કલાકની મુસાફરી કરતો હતો એમાં પણ એક સંબંધ એવો બંધાઈ ગયો. એટલે મનુષ્યને મનુષ્ય સાથે જોડનાર એક કોઈ તત્ત્વ હોય અથવા હૃદયનો ઉદ્રેક, સંવેદનનો ઉદ્રેક, એ સંવેદન બુઠ્ઠું થઈ જાય ત્યારે માણસ માણસ નથી રહેતો, પછી માણસ અને રોબોમાં કોઈ ફેર નથી રહેતો.

પ્રશ્ન: આપણે શબ્દથી પર એવા ભાવવિશ્વની વાત કરીએ. આજે જાહેર માધ્યમો, સોશિયલ મીડિયાનો જમાનો છે. શબ્દોનો અતિરેક અથવા આપ જેને 'શબ્દનો દ્રોહ' અથવા 'લિંગ્વિસ્ટિક પ્રોસ્ટિટ્યુશન' કહો છો એ આજના સમાજનો નિયમ બનતો જાય છે. આવા સમયમાં આપના જેવી પ્રજ્ઞાવાન વ્યક્તિઓ સમાજનું દિશા-દર્શન કઈ રીતે કરી શકે?


કાઠિયાવાડમાં એક કહેવત છે કે 'ઘેડ સળગ્યો' ત્યાં શું કરવાનું? ઘેડ એટલે કાઠિયાવાડમાં દક્ષિણમાં સૌરાષ્ટ્રમાં પોરબંદર-માધવપુર અને વેરાવળ સુધીનો વિસ્તાર છે એને ઘેડ કહેવાય. એમાં વરસાદ થાય કે ન થાય પણ બધી નદીઓનાં પાણી ત્યાં ઠલવાય, એટલે ઘેડમાં... પણ આ આખોને આખો એક મોટો વર્ગ છે, બહુમતીમાં છે. રમેશ પારેખની કે નાનકડી કવિતાનો સાર કહું. એમણે એમ કહ્યું છે કે એક બોલતો માણસ, એટલેકે એક કવિ બહેરાના ગામમાં જઈ ચડ્યો. આખું

ગામ બહેરું. એ કવિતા કહેતો હતો, ગાતો હતો અને ગામના લોકોએ જોયું કે આને તો કાન પણ છે અને જીભ પણ છે. તો એને શું કરવું? તો કહે કે આ તો આપણો દુશ્મન કહેવાય. તેથી સર્વાનુમતે નક્કી કર્યું કે આને જીવતો દાટી દો, અને દાટી દીધો. આપણી સ્થિતિ આવી છે. બધું સર્વાનુમતે નક્કી થાય છે. સર્વાનુમતે નક્કી કરનારા કોણ છે? એ એક અબુધ રોબો જેવો વર્ગ છે. એટલે સામાજિકતાને બદલે નરી કૃતકતા આવી ગઈ છે. આ વોટ્સેપ અને ફેઈસબુક છે, એમાં હું જોઉં છું, બધું ડીટ્ટો ડીટ્ટો ચાલે. એક જણે લખ્યું હોય, એને પરમ શાંતિ આપે, એટલે બીજાએ લખ્યું. હવે શાંતિ તમારા અંદરમાંથી આવવી જોઈએ, એને કંઈ ટાઈપ કરીને મુકાય નહીં. અને આપણે ત્યાં આ ચિર શાંતિની વાત તો ઇસ્લામમાંથી અને ખ્રિસ્તી ધર્મમાંથી આવી. પરમાત્મા એના આત્માને પરમ શાંતિ આપે, કારણકે ત્યાં પુરાવર્તનના દિવસો કે પુનરાવતાર એ હતું જ નહીં. ત્યાં પુનર્જન્મની માન્યતા જ નથી. એટલે આપણે ત્યાં તો એ પ્રયોગ જ ખોટો છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને પરમ શાંતિ આપે, એવું આપણે ત્યાં લખાય છે. આ વાત જુવો હેમલેટમાં પણ આવે છે. એમાં પેલાં મડદાં રાતના એવાં ઝઘડે. કારણકે કયામત ક્યારે આવશે એ ખબર નથી. આપણે ત્યાં તો ક્યાં તો મોક્ષ હોય અથવા બીજો અવતાર થઈ જાય. આપણે ત્યાં જે શિષ્ટો છે એ કદરૂપા થઈ ગયા છે. આપણે ત્યાં લાગણી શબ્દને દોઢસો વર્ષ જ થયાં છે. એ શબ્દ પહેલો નર્મદે જ પ્રયોજ્યો. લાગવું ઉપરથી લાગણી. ક્યાં લાગવું? તો કહે હૃદયમાં. કાપવું ઉપરથી કાપણી, માપવું ઉપરથી માપણી, માંગવું ઉપરથી માંગણી, લણવું ઉપરથી લળણી, ચાળવું ઉપરથી ચારણી. એટલે લાગણી નહોતી એમ નહીં, પણ એની પરિભાષા નર્મદે આપી. અને આ સોશિયલ મીડિયાનો વિસ્તાર દિવસે ન વધે એટલો રાતે વધે ને રાતે ન વધે એટલો દિવસે વધે. એને કારણે સારું અને ખરાબ બંને પહોંચે અને મોટે ભાગે ખરાબ વધારે પહોંચે છે.

પ્રશ્ન: આપ શાસ્ત્રો અને સાંપ્રત બંનેને એકીસાથે કેવી રીતે અપનાવો છો? અભ્યાસનિષ્ઠા, વિદ્વત્તા, સર્જકતા એ બધું વ્યક્તિને અંતર્મુખી બનાવે એવું નથી હોતું? હું આપને ક્યારેક ફેઈસબુક પર પણ સક્રિય જોઉં છું.

હું ફેઈસબુક વાંચું છું, હું ફેઈસબુક ઉપર કશું લખતો નથી. મને આવડતું જ નથી, મથું તો આવડે. અને એમાં મને શ્રદ્ધા પણ નથી. કેટલાક મારા જાણીતા હોય, દાખલા તરીકે આપણા કવિ હરીશ મીનાશ્રુ. એ મને બહુ વ્હાલા લાગે. એમને પણ હું બહુ ગમું, એમના વિષે હું લખું એ એમને બહુ ગમે.

[અનુસંધાન પૃ. ૨૧૬]



જીવનઃ અ કાફે ઑફ હોપ

☐ સુભાષ ભટ્ટ

બધા ધર્મો પસાર થઈ જશે પણ એક ધર્મ ટકી જશેઃ આરામખુરશીમાં બેસીને ક્ષિતિજમાં તાકી રહેવું...

- વસીલી રોઝાનોવ

આ જગત કે જીવનમાં તત્ત્વજ્ઞાનનો પ્રવેશ ત્યારે જ થયો છે જ્યારે કોઈ વ્યક્તિ જગત કે જીવનથી એક અંતર રાખીને બેસે છે અને જગત-જીવનને નીરખે છે...

શિખર પરથી ખીણ,
કિનારા પરથી નદી,
તટ પરથી મહાસાગર
કે પછી,
પચ્ચીસમા માળની ગેલેરી પરથી
હાઈવે પરનો ટ્રાફિક...

આ બધી પ્રવૃત્તિમાં એક વસ્તુ સામાન્ય છે. અંતર રાખીને કશુંક જોવું, સાંભળવું, સમજવું બસ, આવું જ તત્ત્વજ્ઞાનનું છે. To make sense of anything from the distance. આ ડિસ્ટન્સમાં તત્ત્વજ્ઞાનનું સત્ત્વ પણ છે. અને તેની મર્યાદા પણ છે. કોવિડ મહામારી થકી

જીવન અને તેના અર્થ વિશે અને જીવન અને તેની ક્ષણભંગૂરતા વિશે લગભગ સમગ્ર માનવજાતના મનમાં સ્થૂળ કે સૂક્ષ્મ પ્રશ્નો થઈ રહ્યા છે. અલબત્ત, પ્રશ્ન અને ઉત્તર એ વ્યક્તિગત મથામણ છે. આ દોઢ વરસ દરમિયાન મારો ખંડ-મારી બારી અને મારી આરામખુરશી વચ્ચેનો આ ગણગણાટ અને ચણભણાટ છે... સાંભળો...

*

એક અર્થમાં આ પીડા, પડકારો અને પ્રશ્નોનું દીર્ઘ સત્ર રહ્યું. આ દરમિયાન આપણી આસપાસ જીવન અને મૃત્યુનો સંવાદ ચાલ્યો, કદાચ સંવાદ નહીં પણ બોલાચાલી થઈ. આ દરમિયાન, આપણને સૌને-દરેકને એક કડવી પ્રતીતિ થઈ કે,

જીવન અને નિરાશા,
જીવન અને નિરર્થકતા,
જીવન અને વેદના,
જીવન અને ક્ષણભંગુરતા,

આ બધા શબ્દો-અનુભવો સમાનાર્થી છે, આદમ ફિલિપ્સ એમ કહે છે કે કસોટી વિનાનું જીવન ચોક્કસ જીવવા જેવું છે પણ જીવ્યા વિનાના જીવનની કસોટી કેટલી યોગ્ય ગણાય?

આ માત્ર એક વૈશ્વિક કસોટી નથી, વ્યક્તિગત પણ છે. ક્યારેક ઓચિંતા અકસ્માતે જ આપણે જેને ઉછેરી અને મોટી કરી હોય તેવી ધારણાઓ, માન્યતાઓ, આદર્શો, સ્વપ્નો, મૂલ્યો, સાંત્વનાઓ, દર્શનો ખોટાં પડે - તૂટી પડે અને જીવનના ભ્રમોની ઇમારત કડડભૂસ કરતી ભોંયભેગી થાય તેમ થયું. જાણે ઓચિંતા જ, જ્ઞાનનો દીવો ઓલવાઈ ગયો,

ડહાપણની કેડી ખોવાઈ ગઈ,
શ્રદ્ધાની નદી સુકાઈ ગઈ,
આદર્શોની મૂર્તિઓ માટી ભેગી થઈ,
જીવનની આસ્થાનો તાંતણો તૂટી ગયો.

જાણે કે જીવનના બૌદ્ધિક, ધાર્મિક, આધ્યાત્મિક, સાત્ત્વિક આધારો ધસી પડ્યા. એક એવો સમય આવ્યો જ્યારે વિશ્વ સાથેનો સંપર્ક ખોરવાયો અને જાત સાથેનો સંવાદ ખાસ રચાયો પણ નહીં. એક એવું પૂર આવ્યું જેમાં ઘર-દુકાન તો વહી ગયાં પણ નામ-કામ-ગામ પણ તણાઈ ગયાં.

*

આ એક આઈડેન્ટિટી ક્રાઈસિસ હતી. જીવન જાણે સેમ્યુઅલ બેકેટના 'વેઈટિંગ ફોર ગોદો' જેવું બની રહ્યું. કશુંક અદ્‌ભુત બનશે તેની રાહમાં બેસીએ અને કશું પણ ન બને. જીવન એટલે જાણે વાંઝણી ઇચ્છાઓ. કોવિડ દરમિયાન આખા પરિવાર રેલવેના વેઈટિંગ રૂમ જેવો લાગ્યો. દરેકને અલગ અલગ મુકામે પહોંચવું છે પણ અહીં એક જ ખંડમાં અકસ્માતે વિવશતાથી રોકાયા છે. દરેકના હાથમાં પોતાનું વિશ્વ (મોબાઈલ) છે, દરેક પ્લગ્ડ ટુ ડિફરન્ટ

વર્લ્ડ. અર્થાત્, સૌ પાસે-પાસે છે, સાથે-સાથે નથી. જાણે કે એવા એક્ટર્સ જેનાં નાટકો અલગ છે પણ એક સેટ પર એકઠા થઈ ગયા છે.

આ પેલા અસ્તિત્વવાદીઓની એબ્સર્ડ અવસ્થા અને સ્થિતિ છે. બધા જ દેશનિકાલ થયેલા નિરૂપાય એકઠા થઈ ગયા છે. જાણે દરેક હોમલેન્ડ અને પ્રોમિસ્ડ લેન્ડ વચ્ચે ખોવાયેલા છે. દરેક વિસંગત, અપ્રસ્તુત, બેસૂર બની ગયા. કારણ કે અર્થ-હેતુથી વિખૂટા પડી ગયા. સૌ પોતાનાં મૂળથી અલગ થઈ ગયેલા. દરેકને પોતે નિરર્થક અતાર્કિક, અપ્રસ્તુત અને લાચાર અનુભવતો હતો. કદાચ તેનું કારણ એ હતું કે સૌ કોઈ અન્યે લખેલી સ્ક્રીપ્ટ ભજવતા હતા. આ સ્ક્રીપ્ટ તેમની ન હતી. ઓચિંતા જ દરેકનું જીવતરનું સૌંદર્ય, સંબંધની કવિતા અને જીવનની આસ્તિકતા કરમાઈ ગઈ - વિરમાઈ ગઈ. અસ્તિત્વની બધી સાંત્વનાઓ વિખેરાઈ ગઈ. અરે, નિરામય જગત વચ્ચે પણ જીવનને અર્થ આપવો એ પડકાર છે, જ્યારે આ તો અસામાન્ય કટોકટીનો સમય હતો! જ્યારે પણ વિશ્વ પકડાય, સમજાય અને પમાય તેવું નથી રહેતું ત્યારે માણસ ડરે છે. સમજાતું ન હોય તે જગતમાં રહેવું શી રીતે? અહીં કશું ન મળે તે છતાં થાક્યા, હાંફ્યા અને હાર્યા વિના જીવવાનું તે જીવનનું સ્વરૂપ છે, સૌંદર્ય પણ છે. સવારથી સાંજ, સોમથી રવિવાર, જાન્યુઆરીથી ડિસેમ્બર સતત એક જ વસ્તુ બદલાયા કરે - દર્દીના અને મૃત્યુના આંકડાઓ. મને આલ્બેર કામુના 'પ્લેગ'નો નાયક ડો. રૂક્સ યાદ આવે છે, જે પ્લેગ સામે લડે છે, આશા નથી પણ હતાશ નથી, સ્વીકાર્ય નથી પણ છોડી શકાય તેમ નથી. અલબત્ત, દગાખોર જીવન, એબ્સર્ડ જગત અને નિશ્ચિત મૃત્યુ વચ્ચે જીવવું એ પડકાર છે અને તે માનવી હોવાનો પુરાવો પણ છે. પ્રતીતિ પણ છે. કદાચ, આ સત્ત્વશીલ અને સાર્થક ન લાગે પણ આ બેસુમાર જીવન તો છે. સોરેન કિર્કગાર્ડ કહેતો, બીબાઢાળ દિવસ અને ઢાંચાઢાળ સમયપત્રકને હરાવવું હોય તો તેને વિધિ-વિધાન બનાવી નાખવાં. સમયની તીવ્ર સભાનતામાં પીડા છે, કંટાળો પણ છે. પણ હા, તેમાં અનંત સર્જનાત્મક સંભાવનાઓ પણ છે.

*

કોઈ પણ નાવ માત્ર તટ માટે નથી બની હોતી. તેની કસોટી નદી છે. તેવું જ વિચારનું પણ છે. વિચાર ગ્રંથમાં રહે આચારમાં ન ઊતરે, જ્ઞાન સ્મૃતિમાં રહે જીવનમાં ન ઊતરે, ડહાપણ આપણી શાંતી, આનંદ, સુખનું કારણ ન બને તો નિરર્થક છે. શિક્ષક કે સંત, દાક્તર કે મનોવૈજ્ઞાનિક, દાદા કે પિતા, માતા કે મિત્ર, પ્રેમિકા કે પત્ની આખરે સલાહ તો જીવન કેમ જિવાય તેની જ આપતાં હોય છે. અત્યારે ફરીવાર માનવજાતે જીવનના અર્થો વિશે પૂછપરછ આદરી

છે. અલબત્ત જીવનનાં બધાં વરસો જીવન કેવી રીતે જીવવું તે જાણવામાં પસાર થાય તો જીવવું ક્યારે? દેરી અને ઓટલે, સંત અને મહંતને, શાસ્ત્ર અને સંપ્રદાયને પૂછ્યા કરવાનું હોય તો જીવવાનું ક્યારે?

નાઈલ કે નર્મદા, આલ્પ્સ કે હિમાલય, હિંદ મહાસાગર કે ભૂમધ્ય મહાસાગર એક જ દૃષ્ટિએ ન જોઈ શકાય, તેવું જ જીવનનું છે. જીવન એક અવિરત વહેણ છે. તેની વિશે કશું અંતિમ ભાખી શકાય તેમ નથી. તેનો અર્થ એવો નથી કે જેમણે જીવન અને તેના અર્થોનો વિચાર નથી કર્યો તે જીવ્યા નથી. મરમી કવિ વિલિયમ બટ્લર યિટ્સ એમ કહેતા કે જીવન આખું એક ઘટનાની તૈયારી છે જે ક્યારેય ઘટતી નથી. મહામારીમાં જીવનની ક્ષણભંગુરતા જોયા પછી ફરી જીવનનો અર્થ આખરે શેમાં છે, તે પ્રશ્ન પુછાઈ રહ્યો છે. આલ્બેર કામૂ ચેતવે છે કે તમે જીવવાનું કારણ શોધતા હશો તો જીવશો ક્યારે? કદાચ, જીવનનો અર્થ આપણે શોધીએ છીએ તેમાં નથી. પણ કદાચ, આપણે પળે-પળે જે રચીએ કે સર્જીએ છીએ તેમાં છે. પણ હા, જીવનને સતત બૌદ્ધિક રીતે પ્રસ્તુત, ન્યાયપૂર્ણ, અર્થપૂર્ણ, વાજબી, તર્કસંગત અને યોગ્ય પુરવાર કરવાની પણ જરૂર નથી. હું વિચારું છું તેથી હું નથી પણ હું છું તેથી હું વિચારું છું. સતત બુદ્ધિના સેન્સર અને ફિલ્ટરથી જીવન તપાસીએ તો નિરર્થક અને નિરસ લાગે છે જ્યારે તેમાં હૃદય જોડવાથી જીવન સાર્થક અને સ-રસ અનુભવાશે. દૂરથી-અલગથી માનવજાતને જોઈએ તો એકલવાયાપણું લાગે. બધામાં ઐક્ય અનુભવીશું તો જીવન મેળો-ઉત્સવ બની જશે. શબ્દ અને વિચારની પ્રાણપ્રતિષ્ઠા જીવનમાં તો છે, રોટલાનું ટપ ટપ અને મમ મમ એ બંને અલગ અવસ્થાઓ છે. જીવન વિશે જાણવું છે કે જીવન જીવવું છે એ અલગ પ્રશ્નો છે. વિવશતામાંથી વિચાર આવે છે, તકલીફોમાંથી તત્ત્વજ્ઞાન આવે છે. વિચારો ક્યારેક બફર છે તો ક્યારેક એન્જિન છે.

*

અત્યારે મને તીવ્રતાથી એક અનુભવ થાય છે. જાણે કે હું એકલો ઊભો છું અને મારી સામે માનવ સભ્યતાનાં છેલ્લાં પાંચ હજાર વરસના બધા જ ચિંતકો, વિચારકો, તત્ત્વજ્ઞાની, સંતો અને શ્રેષ્ઠ મન અને હૃદય ધરાવનાર દરેક વ્યક્તિ ઊભી છે. પોતાની વાત-વિચાર-સંદેશ-જીવન લઈને જીવનના અર્થોના ઉત્તરો લઈને આવી છે. તથાગત પાસે મૌન-ધ્યાન છે, શ્રી રામ પાસે સત્ય-સદાચાર છે, શ્રીકૃષ્ણ પાસે પ્રેમ છે, જિસસ પાસે કરુણા છે ને એમ સૌ-દરેક ઊભા છે...

ઉપનિષદોના ઋષિઓ, દાર્શનિક ધારાના આચાર્યો અને આવા અસંખ્ય જીવન મરમી ઊભા છે. પાંચ હજાર

વરસની વિશ્વ વિરાસત પછી પણ માણસ આક્રમક, અસ્થિર અને અરાજક જ કેમ રહ્યો હશે, તે પ્રશ્ન મને થયો. ભલે લિન યુટાંગ કહે કે હવે આપણી પાસે તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપકો છે, તત્ત્વજ્ઞાની નથી. મને અનેક તત્ત્વચિંતકો યાદ આવે છે:

જીવનનો અંતરંગ અર્થ સત્તામાં- એડલર, જીવનનો અંતિમ અર્થ મજામાં- ફ્રોઈડ, જીવનની સાર્થકતા અર્થમાં - વિક્ટર ફ્રેન્કલ, જીવન એટલે આત્મસાક્ષાત્કાર - મેસ્લો, જીવન એટલે એકાંત - થોરો, જીવન એટલે સમુહ - કાર્લ માર્ક્સ.

આમ અંતહિન અભિગમો - અર્થો - વ્યાખ્યાઓ જીવન વિશેની છે. લાઓત્ઝેથી માંડીને ઓશો સુધી, તથાગતથી આરંભીને જે. કૃષ્ણમૂર્તિ સુધીની, સોક્રેટિસથી શરૂ કરીને સિલિકોન સિક્સ સુધીના આપણને જીવન શી રીતે જીવવું તે વિશે કહે છે. આ બધાની વાત નથી જાણતા તે બધા પણ જીવન તો જીવ્યા જ છે. જીવવા માટે વિચાર અનિવાર્ય નથી. જાણવા ખાતર જીવવું અને જીવવા ખાતર જાણવામાં ભેદ છે.

કોવિડ મહામારીના અસંખ્ય મૃત્યુઓ વખતે મને ડેવીડ હ્યુમની વાત યાદ આવી જે કહેતા કે, આ બ્રહ્માંડમાં માણસનું જીવનમૂલ્ય એક ઓઈસ્ટરથી સ્હેજ પણ વધારે નથી. તો તેની સામે નિત્ઝે તો કહે છે, સૌથી વધુ ફળદાયી અને આનંદપૂર્ણ જીવન ઇચ્છતા હો તો ભયજનક જીવો. અલબત્ત, લોકો વિશે તેનો ખાસ ઉચ્ચ અભિપ્રાય નથી. તે કહેતો, 'લોકો ગાડું ભરીને અદ્‌ભુત સંભાવનાઓ કરતાં મુઠ્ઠીભર સલામતી અને સધિયારો પસંદ કરે છે! તો વળી અસ્તિત્વવાદી વિચારકો સાર્ત્ર-કામૂ તો જીવનનું સ્વાતંત્ર્ય વિરોધ કે પ્રતિરોધમાં છે તેમ સમજે છે અને અર્થ ન મળે તો આત્મહત્યા સૂચવે છે. કદાચ તે કરતાં આપણા રવી ઠાકુરની પળે-પળની સૌંદર્ય સાધના સારી છે.

અત્યારે તો જીવન અર્થ સાથે જોડાયેલ બે દષ્ટિબિંદુ ચલણમાં છેઃ YOLO - યુ ઓન્લી લીવ વન્સ.

અને YODO - યુ ઓન્લી ડાય વન્સ.

અને આની અનેક કેડીઓ નીકળે છે. સવાલ તો સમગ્રતાથી જીવવાનો છે. તે અંગે બે તત્ત્વજ્ઞાનીના વિચારો જોઈએઃ હિટલરની ત્રાસ છાવણીમાંથી બચી ગયેલ વિક્ટર ફ્રેન્કલ કહે છે, 'તમે નવેસરથી - ફરી વખત જીવતા હો તેમ જીવો, જાણે પ્રથમ વખત ખોટી રીતે જીવેલા. જ્યારે પ્રાચીન રોમન તત્ત્વજ્ઞ માર્કસ ઓરેલીઅસ એમ સલાહ આપે છે, 'જીવનનું દરેક કૃત્ય એવી રીતે કરો જાણે કે તે છેલ્લું કૃત્ય છે.' કદાચ ભયના ઓથાર નીચે જ અધિકૃત જીવનનો આરંભ થાય છે. કોવિડ કાળમાં એક સ્થિતિ અપૂર્વ બની... કાચમાંથી જગત

નીરખનાર આખી માનવજાતને દર્પણ સામે બેસીને જાત જોવાનો વારો આવ્યો અને તે પણ 24 x 7...

*

ક્યારેક આદર્શો, મૂલ્યો, ધારણાઓ, આસ્થા વગેરેનું સાચ્ચું મૂલ્ય તેના ટકી રહેવામાં નહીં પણ તેના તૂટી જવામાં હોય છે. ક્યારેક જીવનના મૂલ્યવાન પાઠો.

શિખર નહિ ખીણ શીખવે છે,
ઝળહળાટ નહિ અંધકાર શીખવે છે,
આનંદ નહિ વિષાદ શીખવે છે,
ધ્વનિ નહિ સન્નાટો શીખવે છે,
મિલન નહિ વિરહ શીખવે છે,
શ્રદ્ધા નહિ સંદેહ શીખવે છે.

ટૂંકમાં વર્ગખંડોની ચાર દીવાલો બહાર ખરો જીવનપાઠ શિખવાય છે – જે અભ્યાસક્રમનો હિસ્સો જ નથી હોતો. તમે જુઓઃ

મારા 'સરાય'ના ગ્રંથાલય ખંડના મારા ટેબલને અડીને એક બારી આવેલી છે. સવારે હું લખવા બેસું ત્યારે એક દૈયડ આવીને બારીએ બેસતું, મને નીરખતું, તેની આંખોમાં વિસ્મય અને પ્રશ્નાર્થ રહેતો, 'તું આખો દિવસ આ શું કરે છે?'

દૈયડના પ્રશ્નોનો બૌદ્ધિક જવાબ તો મારી પાસે છે. પણ તે હું જીવતો નથી. કોઈ પણ શબ્દ, સૂત્ર, શાસ્ત્ર, સિદ્ધાંત કે વિચારને દીક્ષિત કરવા મારે તેને જીવવાનો હોય છે, વિચારનું ખરું સ્થાન સ્મશાનવત્ ગ્રંથાલયો નથી. જીવનથી ધબકતી શેરીઓ છે. તત્ત્વજ્ઞાને બૌદ્ધિકોને નહીં જીવનને સંબોધવાનું છે. કોવિડમાં આ અંતર સૌએ અનુભવ્યું.

મૃત્યુ અંત નથી, આરંભ પણ નથી. સ્વયં જીવન રેલે રેસ છે. હું પ્રથમ કે અંતિમ દોડવીર નથી. હું અને મારું જીવન કશેક વચ્ચે છે. મારે મારી જ્યોત-મશાલ કોઈને સોંપી દેવાની છે. ઓલવાયા વિનાની. જીવનઅર્થનું પણ આમ જ છે. મારી સમજ કામચલાઉ છે, અંતિમ નથી. મારી પાસે પળ જ છે, શાશ્વતી નથી. મને વિશ્વખ્યાત ચિત્રકાર પાબ્લો પિકાસોની એક વાત યાદ આવે છે. તે કહે છે, 'એક માત્ર તમને જ મળેલ વિશિષ્ઠ ભેટ શોધી કાઢવામાં જીવનનો અર્થ છે અને તે ભેટ સૌ સાથે વહેંચવામાં જીવનનો હેતુ છે.'

પ્રખર અસ્તિત્વવાદી ચિંતક સાર્ત્રે તેના વિશ્વવિખ્યાત પુસ્તક 'નોસિઆ'માં લખે છે કે આપણે જીવતા હોઈએ છીએ ત્યારે ખાસ કશું બનતું નથી. તેમાં એક એવો નાયક છે જેને ક્રમશઃ જીવન નિરર્થક લાગવા માંડે છે. પણ હા, અંતે તેને એમ થાય છે કે, 'હતાશા-નિરાશાના બીજા છેડેથી જીવનનો આરંભ થાય છે...' કદાચ આ સમજ આપણો પણ આરંભ બની શકે. ભલે, જીવનનો અર્થ-હેતુ ન હોય પણ હું મારો જીવવાનો એક નાનકડો અર્થ શોધી શકું. કોવિડના બીજા છેડાથી હું આરંભી શકું... અહીં

ક્યાંક છે, 'સ' સર્જનાત્મકતાનો!

*

ભલે વિશ્વ આખામાં રોગ અને મૃત્યુ, નિરાશા અને પ્રમાદ અહંકાર અને આક્રમકતા, અંધકાર અને અસ્થિરતા હોય પણ હું મારા એકાદ સર્જનાત્મક, રચનાત્મક અને હકારાત્મક કૃત્ય દ્વારા મને અને મારા હોવાને અર્થપૂર્ણ બનાવી શકું... એક એક અફઘાન સાથે હારતી માનવજાતને બદલે ધીમે ધીમે વૃક્ષ પર ઊંચે-આકાશ ભણી ચડતી ઇયળને જોઉં... અખબારમાં - ટી.વી.માં આવતી મૃત્યુની વિગતોને બદલે એક સિંગદાણો ખાતી ખિસકોલી જોઉં... બસ, આ તો છે મારો નિરર્થક જગત-જીવન સામેનો સાર્થક વિદ્રોહ! દુષ્યંત કુમાર કહે છે:

એક ચિનગારી કહીં સે ઢૂંઢ લાઓ દોસ્તો,
ઈસ દીયે મેં તેલ સે ભીગી હુઈ બાતી તો હૈ

ભલે, થાકવું, હાંફવું, હારવું જીવન હોય પણ જીવન તો છે. ભલે ને રંગપેટી અને પેનસિલો ભાંગેલી-તૂટેલી હોય પણ ચિત્ર તો દોરી અને રંગી શકાય છે. ભલે છંદ ન આવડે, એકાદ પંક્તિ તો લખીએ. ભલે રાગ ન આવડે પણ સંધ્યાકાળે એકલવાયી કેડી પર કશુંક ગણગણીએ. બસ, આપણી સામે આવીને ઊભી છે તે પળને સમગ્રતાથી જીવીએ તે આપણો જીવનનો અર્થ! માઈકલ એન્જેલો એમ કહેતો, 'જીવન મળ્યાનો રાજીપો હોય તો મૃત્યુ પ્રત્યે નારાજગી ન રાખવી. આખરે, બંનેને મોકલનાર એક જ છે!

*

ઈ.સ. ૧૯૦૮માં જીવન-મૃત્યુના પરમ મરમી રવીન્દ્રનાથ ટાગોરે છાતીમતાલામાં (સપ્તપર્ણીની છાયા) મૃત્યુ અને અમૃત વિશે થોડી વાતો કરેલી - આજે તેમાંની થોડીક પ્રસ્તુત વાત...

સંસારને મિથ્યા અને ઝાંઝવાનાં જળ કહીને ત્યાગને સહેલો બનાવી દેવામાં સત્ય પણ નથી અને ગૌરવ પણ નથી. હું નામનો જે ભિખારી બધી જ વસ્તુને ગાલમાં પૂરવા માગે છે, બધી જ વસ્તુને મૂઠીમાં લેવા માગે છે, તેને જ માત્ર મૃત્યુ હાથતાલી દે છે - પછી એ માણસ મનના ખેદને લીધે આખા સંસારને મિથ્યા કહીને ગાળ દેવા કહે છે. મૃત્યુને ક્યાંક જોયું એટલે બધે જ તેને જોયા કરવું એ એક માનસિક વિકાર છે. જ્યાં અહમ હોય છે ત્યાં જ મૃત્યુનો હાથ પડે છે, બીજે ક્યાંય નહિ. જગત કશું જ ખોતું નથી, જે કાંઈ ખોવાનું છે તે અહમે ખોવાનું છે. આપણે જે આપવાનું છે તે સંસારને આપીશું, અહમને નહિ. સંસારને આપીએ તો સત્ય આપ્યું કહેવાય અહમને આપીએ તો મૃત્યુને આપ્યું કહેવાય. તેથી શૂન્યમાં ત્યાગ રૂપે નહીં પણ સંસારમાં દાન રૂપે દેવું જોઈશે.

('શાંતિનિકેતન' - અનુ. નગીનદાસ પારેખ)

કદાચ તેથી જ સમગ્રતાથી વરસી જવા માટે પ્રિય રવીન્દ્રનાથ ટાગોરે ૬૭મે વરસે ચિત્ર દોરવાનો આરંભ કરેલો...

❑❑❑



ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન કાળનું જનીન વિજ્ઞાન

☐ આચાર્ય શ્રીવિજયનંદિઘોષસૂરિજી

સામાન્ય રીતે ભારતની યુવા પેઢી તથા પાશ્ચાત્ય રંગે રંગાયેલ ઘણા લોકો એમ માને છે કે વિજ્ઞાનનો ઉદ્ભવ અને વિકાસ પાશ્ચાત્ય દેશોમાં અને તેમાંય ખાસ કરીને યુરોપમાં છેલ્લાં ૨૦૦-૩૦૦ વર્ષમાં થયો છે, પરંતુ તેમની આ માન્યતા નિતાંત ભ્રમ છે. ભારતમાં વિજ્ઞાનનો ઉદ્ભવ અને વિકાસ હજારો વર્ષ પૂર્વે થયેલ છે. પરંતુ છેલ્લાં ૨૦૦ વર્ષના બ્રિટિશ શાસન તથા ૭૦૦-૮૦૦ વર્ષના મુસ્લિમ શાસકોના પ્રભાવના કારણે મૂળભૂત ભારતીય સંસ્કારોનું ધોવાણ થયું. તેથી અને ભારતીય અસ્મિતાનો ગણતરીપૂર્વક હ્રાસ કરવાના પ્રયત્નોના કારણે ભારતીય સાહિત્યનો લોપ થયો. વળી બ્રિટિશ શાસકોએ ભારતમાં સંસ્કૃત ભાષામાં અપાતા શિક્ષણને રદબાતલ કરી શિક્ષણનું માધ્યમ ફરજિયાતપણે અંગ્રેજી કર્યું, પરિણામે સંસ્કૃત ભાષા તથા સંસ્કૃત ભાષામાં શિખવાડવામાં આવતા અન્ય વિદ્યાશાખાના ગ્રંથોનું શિક્ષણ નામશેષ થયું. તેથી અત્યારના મનુષ્યો જેઓ અંગ્રેજી માધ્યમમાં ભણ્યા હોય અને જેઓને સંસ્કૃત ભાષાનું જ્ઞાન ન હોય

તેઓને અન્ય વિદ્યાશાખાના ગ્રંથોનો અલ્પ પરિચય પણ ન થવાના કારણે એમ માનવા લાગ્યા કે આપણને વિજ્ઞાન અને વિજ્ઞાનની વિવિધ વિદ્યાશાખાનું જ્ઞાન માત્ર ને માત્ર પશ્ચિમના વિદ્વાનો અને સંશોધકોએ જ આપ્યું છે. પરંતુ આ વાત તદ્દન અસત્ય છે.

સામાન્ય રીતે આપણે સંસ્કૃત ભાષા અંગે એવો પૂર્વગ્રહ છે કે સંસ્કૃત ભાષા એટલે માત્ર ભારતીય ધાર્મિક પરંપરાના શાસ્ત્રો જ, અથવા શાકુંતલ, રઘુવંશ, કિરાત વગેરે કાવ્ય, નાટક અને પાણિનિ, શાકટાયન, કાવ્યપ્રકાશ, કાવ્યાનુશાસન, સિદ્ધહેમશબ્દાનુશાસન વગેરે વ્યાકરણ અને સાહિત્યના જ ગ્રંથો, પરંતુ આપણી આ માન્યતા ભૂલભરેલી છે. સંસ્કૃત ભાષાના ભવ્ય વારસામાં કાવ્ય, નાટક, અલંકાર અને ધાર્મિક પરંપરાના ગ્રંથો સિવાય વૈદક, જ્યોતિષ, ગણિત, તકનિકી વિજ્ઞાન અર્થાત્ તંત્રજ્ઞાન અને વિવિધ પ્રકારની અન્ય વિદ્યાશાખાના ગ્રંથોનો પણ સમાવેશ થતો હતો. પ્રત્યેક વિદ્યાશાખાના બધા જ ગ્રંથો સંસ્કૃત ભાષામાં અને તે પણ કાવ્યાત્મક અર્થાત્ શ્લોકબદ્ધ, પદ્યબદ્ધ લખવામાં આવતા, એટલું જ નહિ, પ્રાચીન કાળની ગુરુકુળોમાં બધા જ પ્રકારના સાહિત્યનું ગુરુઓ અધ્યયન કરાવતા હતા.

બીજી વાત પ્રાચીન કાળની ભાષાઓમાં માત્ર સંસ્કૃત ભાષા જ નહોતી, તે કાળે અન્ય ભાષાઓ પણ બોલાતી તથા લખાતી હતી. કલિકાળસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યજીએ તેમના કાળમાં અર્થાત્ આજથી ૯૦૦ વર્ષ પૂર્વે અને તેમનાથી પૂર્વે શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીના કાળ સુધીમાં બોલાતી તથા લખાતી ભાષાઓનું વ્યાકરણ આપ્યું છે. તેમાં મુખ્ય ભાષા તરીકે તેઓએ સિદ્ધહેમશબ્દાનુશાસન અર્થાત્ સંસ્કૃત વ્યાકરણના ગ્રંથમાં પ્રથમ સાત અધ્યાયમાં સંસ્કૃત ભાષાનું વ્યાકરણ આપ્યું અને તે પછી આઠમા અધ્યાયના પ્રથમ ત્રણ પાદ અર્થાત્ વિભાગમાં પ્રાકૃત ભાષાનું વ્યાકરણ આપ્યું, જેને મહારાષ્ટ્રી પ્રાકૃત કહેવામાં આવે છે. તે પછી ચોથા પાદમાં શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીએ જે લોકબોલીમાં ઉપદેશ આપ્યો તે મગધના અર્ધભાગમાં બોલાતી અર્ધમાગધી ભાષાનું વ્યાકરણ આપ્યું, તે પછી શૌરસેની ભાષા, જે ભાષામાં દિગંબર પરંપરાના ગ્રંથો છે, તેનું વ્યાકરણ પણ આપ્યું. ત્યારબાદ પૈશાચી, ચૂલિકાપૈશાચી અને અપભ્રંશ ભાષાનું વ્યાકરણ પણ આપ્યું. આ રીતે કલિકાળસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યજીએ સિદ્ધહેમશબ્દાનુશાસન ગ્રંથમાં કુલ સાત ભાષાનું વ્યાકરણ આપ્યું છે. આ બધી ભાષાઓમાં પ્રાચીન કાળમાં સાહિત્યસર્જન થતું, એટલું જ નહિ વિવિધ વિદ્યાશાખાના ગ્રંથો તથા કથા, વાર્તા અથવા નવલકથાઓ પણ આ પ્રાચીન ભાષાઓમાં લખાતી હતી. આ કથાઓ દ્વારા લોકોનું મનોરંજન તો થતું

પરંતુ તેના માધ્યમે લોકોને સંસ્કારની સાથે સાથે વિવિધ વિદ્યાશાખાનું જ્ઞાન પણ આપવામાં આવતું અને તેમાં લોકોને રસ ઉત્પન્ન કરવામાં આવતો હતો.

આ રીતે પ્રાચીન કથા કે નવલકથા માત્ર મનોરંજનનું સાધન નહોતી. છેલ્લા સૈકામાં ગુજરાતી ભાષામાં આ જ પ્રકારની બે ઉત્તમ પ્રકારની નવલકથાનું લેખન થયું છે. ૧. યોગિનીકુમારી, ૨. સરસ્વતીચંદ્ર. અલબત્ત, આજે મારે વાત કરવી છે ઈ.સ.ના પ્રથમ અથવા દ્વિતીય શતાબ્દિમાં લખાયેલ અર્થાત્ લગભગ ૧૯૦૦-૨૦૦૦ વર્ષ પ્રાચીન કથાની. જે તે કાળની દેશ્ય પ્રાકૃત ભાષામાં ગાથાબદ્ધ અર્થાત્ પદ્યબદ્ધ લખાયેલી છે. આચાર્ય શ્રીપાદલિપ્તસૂરિજી રચિત આ કથામાં દેશ્ય ભાષાના પ્રયોગો ઘણા હોવાથી તથા તેની ભાષા પણ અતિશય ક્લિષ્ટ હોવાથી તેનો લોકોમાં પ્રચાર નહોતો તેથી ઈ.સ.ના ૧૦મા સૈકામાં થયેલ શ્રીવીરભદ્રસૂરિના શિષ્ય નેમિચંદ્ર ગણિ અથવા તેમના શિષ્ય યશઃસેને આ કથાનો સંક્ષેપ કર્યો હોવાનું અનુમાન છે. આ "સંખિત્ત તરંવઇ કહા" મૂળ ઈ.સ. ૧૯૪૪માં પ.પૂ. શાસનસમ્રાટ આચાર્ય શ્રીવિજયનેમિસૂરિજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રીવિજયવિજ્ઞાનસૂરિજી મહારાજના શિષ્ય પ્રાકૃતવિશારદ આચાર્ય શ્રીવિજયકસ્તૂરસૂરિજીએ તેમની ગણિ અવસ્થામાં પાંચ હસ્તલિખિત પ્રતોની સહાયથી શુદ્ધ પાઠ સંપાદિત કરેલ. અને તે શ્રીનેમિવિજ્ઞાન ગ્રન્થમાળાના નવમા પુષ્પ તરીકે પ્રકાશિત કરેલ.

જો કે આ કથા એક જૈનાચાર્ય દ્વારા એક જૈન ગર્ભશ્રીમંત પરિવારમાંથી પ્રવ્રજ્યા અંગીકાર કરેલ જૈન સાધ્વીની આત્મકથા સ્વરૂપ. તે કાળે આત્મકથા સ્વરૂપ સાહિત્યનું પણ નિર્માણ થતું, તેનો આ ઉત્કૃષ્ટ નમૂનો છે. જો કે તેના લેખક પોતે પોતાની આત્મકથા લખતા નથી, કારણ કે તેમને પોતાની આત્મકથા લખી આત્મશ્લાઘા કરવાની જરાય ઇચ્છા નહોતી અને તપ, ત્યાગ અને વૈરાગ્યથી ઓપતા જ્વાજલ્યમાન સિતારા સમ એ આચાર્યને પોતાની આત્મશ્લાઘા કરવાની જરૂર જ નહોતી, જેઓના નામ ઉપરથી શત્રુંજયની તળેટીમાં તેમના જ શિષ્ય આર્ય નાગાર્જુને પાલિતાણા શહેર વસાવ્યું. લબ્ધિવંત શ્રીપાદલિપ્તસૂરિજી માટે કહેવાય છે કે તેઓ આકાશગામિની વિદ્યા દ્વારા દરરોજ પાંચ તીર્થની યાત્રા કરતા હતા. તેઓની આકાશગામિની વિદ્યા પાદલેપ આધારિત હતી. વિવિધ પ્રકારની ૧૦૮ ઔષધિઓના મિશ્રણ દ્વારા તૈયાર કરેલ લેપની શક્તિથી તેઓ આકાશમાં ગમન કરી શકતા હતા.

જૈન દર્શન અનુસાર સામાન્ય રીતે પુદ્ગલનો સ્વભાવ છે કે તે નીચે આવે, જેને આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં ગુરુત્વાકર્ષણ કહે છે. પાઉલ ડેવિસ (P.C.W.Davies)ના પુસ્તક The

Search for Gravity Waves અનુસાર ગુરુત્વાકર્ષણનું કારણ ગુરુત્વાકર્ષણના તરંગો છે. તો ક્વૉન્ટમવાદ પ્રમાણે જ્યાં તરંગ હોય ત્યાં કણ પણ હોય જ, તે નિયમ અનુસાર ગુરુત્વાકર્ષણના કણો પણ હોય છે. આ કણોને ગ્રેવિટૉન (Graviton) કહે છે. અલબત્ત, હાલના તબક્કે વિજ્ઞાનમાં ગ્રેવિટૉનની માત્ર કલ્પના જ કરવામાં આવી છે. તેની પ્રાયોગિક સિદ્ધિ થઈ નથી. જે પદાર્થમાં આ કણો હોય તે પદાર્થની સ્વાભાવિક ગતિ નીચે તરફની જ હોય છે. જ્યારે આકાશગામિની વિદ્યામાં ગુરુત્વાકર્ષણથી વિરુદ્ધ ગતિ હોય છે. તેવી ગતિ અથવા સ્થિતિ પ્રાપ્ત કરવા ગ્રેવિટૉનથી વિરુદ્ધ લક્ષણ ધરાવતા લેવિટૉન (Leviton) નામના કણોનું અસ્તિત્વ હોવાની પણ સંભાવના નકારી શકાય નહિ. જે પદાર્થ અથવા મનુષ્યમાં લેવિટોનનું પ્રમાણ વધારે હોય અને ગ્રેવિટૉનનું પ્રમાણ ઓછું હોય તેવી વસ્તુ કે મનુષ્ય આકાશમાં અદ્ધર રહી શકે છે. આચાર્ય શ્રીપાદલિપ્તસૂરિજી પોતાની પાદલેપની શક્તિ દ્વારા આ પ્રકારના લેવિટૉનનું પ્રમાણ પોતાના શરીરમાં વધારી શકતા હતા અને તે રીતે તેઓ આકાશગામિની વિદ્યા દ્વારા વિવિધ તીર્થોની યાત્રા બહુ જ ઝડપથી કરીને સૂર્યોદય થતાં પૂર્વે જ પુનઃ પોતાના સ્થાને આવી જતા હતા. આ સિવાય પણ તેઓની પાસે બીજી પણ એક લબ્ધિ હતી, જેની તેઓને પોતાને પણ ખબર નહોતી. એક વખત તેમના શિષ્ય આર્ય નાગાર્જુને ઘણા પ્રયત્ન બાદ રસસિદ્ધિ મેળવી. આ રસસિદ્ધિ દ્વારા લોખંડ, ત્રાંબુ, પિત્તળ, પારદ કે ચાંદીને સુવર્ણમાં રૂપાંતરિત કરી શકાય છે. આ વિશિષ્ટ પ્રકારની ઔષધિ સ્વરૂપ કિંમતી રસ તેણે પોતાના ગુરુ આર્ય પાદલિપ્તસૂરિને ભેટ આપ્યો. શ્રીપાદલિપ્તસૂરિજીને આ પ્રકારની રસસિદ્ધિમાં કોઈ રસ નહોતો. તેમણે તેનો સ્વીકાર ન કર્યો આ મહાપુરુષે એક કથા અર્થાત્ નવલકથા લખી છે, જેનું નામ છે તરંગવતી-તરંગલોલા. પૂ. આ. શ્રીપાદલિપ્તસૂરિજી દ્વારા લખાયેલ મૂળ કથા તો લુપ્ત થઈ ગઈ છે. જે મળે છે તે લગભગ નવસો વર્ષ બાદ કરેલ સંક્ષેપ મળે છે. જો અસલ મૂળ કથા પ્રાપ્ત થઈ હોત તો તેમાં કેવો અદ્‌ભુત જ્ઞાનખજાનો મળત! આ અદ્‌ભુત કથાનો સૌપ્રથમ અનુવાદ હિન્દી, ગુજરાતી કે સંસ્કૃત ભાષામાં નથી થયો, પરંતુ યુરોપના સાહિત્યકાર લોય્યમાને ઈ.સ. ૧૯૨૧માં જર્મન ભાષામાં કરેલ અને તેના ઉપરથી નરસિંહભાઈ પટેલે ઈ.સ. ૧૯૨૪માં ગુજરાતી ભાષામાં અનુવાદ કરેલ.

સામાન્ય રીતે વર્તમાન સાહિત્યમાં નાની નાની કથા અર્થાત્ વાર્તાઓ લખાય છે અને ક્યારેક લાંબી કથા અર્થાત્ નવલકથા પણ લખાય છે, પરંતુ તે સર્વ માત્ર લેખકની કલ્પના જ હોય છે, તેવું કશું બન્યું હોતું નથી. જ્યારે જૈન પરંપરામાં કથા કે નવલકથામાં કોઈ

શાસ્ત્રીય મૂળ અર્થાત્ ભૂતકાળમાં તેવો પ્રસંગ બનેલ હોય તેનો આધાર લઈ કથા કે નવલકથા લખવામાં આવે છે. જૈન પરંપરામાં આધાર વગરનું કોઈપણ જાતનું લખાણ કરી શકાતું નથી. તેથી આચાર્ય શ્રીપાદલિપ્તસૂરિજીએ લખેલ આ કથા કાલ્પનિક નથી પરંતુ વાસ્તવિક બનેલી ઘટના છે. ફક્ત કવિ તરીકે કે લેખક તરીકે તેમણે કરેલું વિવિધ પ્રસંગોને અનુરૂપ કુદરતી વાતાવરણ કે અન્ય કોઈ પ્રાસંગિક પરિવેશનું વર્ણન તેમણે પોતાની રીતે કર્યું છે. તે ધ્યાનમાં રાખવું.

કથામાં એક ગર્ભશ્રીમંત પરિવારમાંથી પ્રવ્રજ્યા અંગી કરેલ સ્વરૂપવાન સાધ્વી એક શેઠાણી શ્રાવિકાની વિનંતિથી પોતાની આત્મકથા કહે છે. તેમાં યુવાવસ્થાને પ્રાપ્ત થયેલ તે તરંગવતી સ્ત્રીઓ યોગ્ય ૬૪ કળામાં કુશળ પ્રવીણ છે. જેમાં લેખન, ગણિત, રૂપકર્મ, આલેખ્ય, ગીત, વાદ્ય, નાટ્ય, પત્રછેદ્ય, પુષ્કરગત વગેરેનો સમાવેશ થાય છે. તેમાં તરંગવતી પુષ્પપરીક્ષા અને ગંધયુક્તિ કળામાં વિશેષ પ્રકારે નિપુણ બની છે, જેને આજની પરિભાષામાં સ્પેશ્યલાઝેશન (Specialization) કહી શકાય. તે સાથે જૈન ધર્મનું પણ જ્ઞાન તેણીએ મેળવ્યું છે, તે કાળે જૈન ધર્મને નિર્ગ્રંથ પ્રવચન કહેવામાં આવતું હતું. તેમાં એક વખત તેણીના પિતાશ્રી ઋષભસેન નગરશ્રેષ્ઠિ પ્રથમ પ્રહરે પ્રાતઃકાર્યથી પરવારી દિવાનખંડમાં બેઠા છે અને સાથે તરંગવતીનાં માતા પણ બેઠાં છે, ત્યારે જ સ્નાનાદિ ક્રિયાથી નિવૃત્ત થઈ શણગાર સજી તરંગવતી ત્યાં આવે છે. તે સમયે એક માલણ સપ્તપર્ણનાં પુષ્પોની ટોપલી લઈને આવી છે. તે બંધ ટોપલી ઋષભસેન શ્રેષ્ઠિને આપે છે, એ ટોપલી ખોલી તેની સુગંધ માણી રહ્યા છે, અને ત્યારે પુત્રીને જોઈ પિતા પ્રસન્ન થઈ જાય છે અને દીકરીને વહાલથી બોલાવી તેની સાથે સપ્તપર્ણનાં પુષ્પો ગુચ્છના રંગ વગેરેના સંદર્ભમાં ચર્ચા કરે છે. આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ આ ચર્ચા ઘણી મહત્ત્વપૂર્ણ અને અદ્ભુત જ્ઞાનના ખજાના જેવી છે. આચાર્ય શ્રીપાદલિપ્તસૂરિજીએ સમગ્ર પ્રસંગનું વર્ણન આ પ્રમાણે કર્યું છે.

તરંગવતી કહે છે કે હું સ્નાન કરી, અરહંતોને વંદન કરી પૂજ્યોની પૂજા કરી બા-બાપુજીને વંદન કરવા ગઈ. તે સમયે ત્યાં વાને શ્યામ પણ શ્વેત વસ્ત્રમાં સજ્જ માલણ મોસમી ફૂલોથી તાજાં ભરેલ પર્ણોનો સંપુટ લઈ અમારા ખંડમાં પ્રવેશી. માલણ શેઠની પાસે ગઈ અને સપ્તપર્ણનાં પુષ્પોની બંધ ટોપલી તેણીએ ઉત્સાહથી તેમની સમક્ષ મૂકી, તેને ઉઘાડતાંની સાથે જ મદ ઝરતા હાથીના મદની સુગંધની જેમ તે સપ્તપર્ણનાં પુષ્પોની સુગંધથી સમગ્ર ખંડ અને દશે દિશાઓ ભરાઈ ગઈ. સપ્તપર્ણનાં તે ફૂલોથી પિતાજીએ અરહંતોની પૂજા

કરી. (અહીં સમગ્ર કથામાં તીર્થંકર માટે અરહંત શબ્દનો પ્રયોગ કર્યો છે, જ્યારે વર્તમાનમાં અરિહંત શબ્દનો પ્રયોગ થાય છે. તે એમ સૂચવે છે કે ઈ.સ.ની બીજી શતાબ્દિ સુધી જૈન પરંપરામાં તીર્થંકરો માટે અરહંત શબ્દ પ્રયોજાતો હતો. અરિહંત શબ્દનો પ્રયોગ ક્યારથી શરૂ થયો તે એક સંશોધનનો વિષય છે. જો કે જૈન પરંપરાના મહાન આગમ સ્વરૂપ શ્રીકલ્પસૂત્ર મૂળમાં અરહંતાણં પાઠ છે આમ છતાં તેની વૃત્તિ-વિવેચનમાં અરહંત, અરુહંત અને અરિહંત એ ત્રણે શબ્દોનો પ્રયોગ તથા તેના ભિન્ન ભિન્ન અર્થ સમજાવ્યા છે.) તે પછી શેઠે અર્થાત્ તરંગવતીના પિતાજીએ પોતે તે ફૂલોની માળા પહેરી અને બીજાં પુષ્પો તરંગવતીની માતાને આપ્યાં તથા મારા આઠ ભાઈઓ તથા આઠ ભાભીઓને મોકલ્યાં. તે સપ્તપર્ણનાં પુષ્પોના ગુચ્છ હાથીદાંત જેવા શ્વેત હતા. તે સાથે એક દડા જેવો પરાગરજવાળો, સોનાની ગોટી જેવો પીળો એક લઘુ પુષ્પગુચ્છ જોવામાં આવ્યો અને તે સુવર્ણવર્ણનો પુષ્પગુચ્છ હાથમાં પકડી પિતાજી વિસ્ફારિત નેત્રે ક્યાંય સુધી જોઈ રહ્યા અને મનમાં કશોક નિર્ણય કરવા માટે એકાગ્ર બની વિચારી રહ્યા.

તે પછી પિતાજીએ હસતા મુખે તે કુસુમગુચ્છ મને આપ્યો અને કહ્યું : 'બેટા! આ ગુચ્છના રંગનો ખુલાસો તું વિચારી જો. તું પુષ્પયોનિશાસ્ત્ર અને ગંધયુક્તિશાસ્ત્ર શીખી છે અને આ તારો વિષય હોઈ તને પૂછું છું. બેટી! સપ્તપર્ણનાં પુષ્પ પ્રકૃતિથી શ્વેત જ હોય છે, તો પછી આ એક જ પુષ્પગુચ્છ પીળો છે, તેનાં કયાં કારણો હોવાનું લાગે છે? ૧. શું કદાચ કોઈ કળાકારે આપણે આશ્ચર્ય પમાડવા માટે બનાવ્યો હશે? કે પછી પુષ્પયોનિશાસ્ત્રના શિક્ષણનો પ્રયોગ કરી બતાવવા માટે? અથવા ક્ષાર અને ઔષધિના યોગ દ્વારા તે પરાગ ત્વરિત ઉત્પન્ન કરી શકાય છે, તેનાં કારણો આપણે ઇંદ્રજાળમાં જેમ જોઈએ છીએ તે પ્રમાણે દર્શાવાયાં છે. ઔષધિના પ્રભાવે વૃક્ષોને તરત ઉગાડવાની, અથવા તો ફળ, ફૂલો કે વિવિધ રંગનું નિર્માણ કરવાની ઘણી રીતો છે.

તરંગવતીના પિતાજીએ કહેલ આ વાતથી એ સાબિત થાય છે કે જે કાળે આચાર્ય શ્રીપાદલિપ્તસૂરિજીએ પ્રસ્તુત કથા લખી તે કાળે અને તેના લેખક પોતે વનસ્પતિશાસ્ત્રમાં વિવિધ વનસ્પતિની વિવિધ જાતો અને તે જાતોના પરસ્પરના ક્રોસ ફલીનીકરણની પ્રક્રિયા દ્વારા જે તે વનસ્પતિના ગુણોમાં, વૃદ્ધિના દરમાં તથા રંગ વગેરેમાં પરિવર્તન કરવાની વિવિધ રીતોથી માહિતગાર હતા એટલું જ નહિ, આ પ્રકારની પ્રક્રિયાના નિષ્ણાત-તજ્જ્ઞો પણ તે કાળે વિદ્યમાન હતા અને તે રીતો લોકમાં પ્રચલિત હતી. અર્થાત્ આજે જેને સંકરીકરણ (હાઈબ્રિડાઈઝેશન Hybridization) કહે

છે તે તથા વનસ્પતિના કોષના કેન્દ્રમાં રહેલ રંગસૂત્રો (Chromosomes) તથા તે રંગસૂત્રોની ઉપર રહેલ ગુણસૂત્ર (Genes) તથા તેમાં રહેલ ડી.એન.એ. તથા આર.એન.એ.માં પરિવર્તન કરી પોતાની ઇચ્છા પ્રમાણે જે તે વનસ્પતિના સૂક્ષ્મ ગુણોમાં પરિવર્તન કરવાની પદ્ધતિઓના અર્થાત્ જનીન વિજ્ઞાન (Genetic Engineering)ના જાણકાર હતા અને તેની પ્રવૃત્તિ સમાજમાં ચાલુ પણ હતી. પ્રાચીન કાળના આ વિદ્યાના ગ્રંથો જો ઉપલબ્ધ થાય અને તે મોટાભાગે પ્રાચીન પ્રાકૃત, અર્ધમાગધી કે એવી કોઈ ભાષામાં હોય તો તેને ઉકેલવાની શક્તિ અને તેની પરંપરાના જાણકાર દ્વારા અથવા ચિંતન દ્વારા તે પ્રાચીન પદ્ધતિનો આવિષ્કાર કરવામાં આવે તો ભારતની પ્રાચીન વિદ્યા પુનઃપ્રસ્થાપિત થઈ શકે. ઋષભસેન નગરશ્રેષ્ઠિ અને તેમની પુત્રી તરંગવતી પણ આ શાસ્ત્રનાં જાણકાર હતાં.

આ અંગેની ખાતરી તરંગવતીના મુખેથી પોતાની પરીક્ષાના પ્રત્યુત્તરરૂપે અપાયેલ વિગત દ્વારા થઈ શકે છે. તરંગવતીએ પુષ્પગુચ્છને લાંબા સમય સુધી સૂંઘી જોયો અને બરાબર ધ્યાનથી તપાસ્યો અને તે અંગે વિશેષ પ્રકારે વિચારણા કરી, ચિંતન કર્યું છે. ત્યારપછી તેણીએ કહ્યું કે તે અંગે મારો અભ્યાસ અને વિચારણાની બુદ્ધિશક્તિ દ્વારા તેનાં રંગ, રસ, ગંધના ગુણોના પ્રમાણનું બરાબર નિરીક્ષણ કરી તેનું કારણ શોધી કાઢ્યું. તે પછી તેણીએ પિતાજીને કહ્યું કે મારા અભ્યાસ પ્રમાણે વૃક્ષોની જમીન, કાળ, ઉત્પત્તિ પોષણ, પોષણનો અભાવ તથા વૃદ્ધિ, એ દરેક વાતનો વિચાર કર્યા પછી તેના વિકાર જાણી શકાય છે. વળી તે વિકારો કોઈ કળાવિદની પ્રયોગવિધિના કારણે પણ ઉત્પન્ન થઈ શકે છે. પરંતુ આ પુષ્પગુચ્છનો વિશિષ્ટ એવો પીળો રંગ તમે જે પાંચ કારણોનો નિર્દેશ કર્યો તેમાંનાં એકેયનું પરિણામ નથી. પિતાજી! આ ગુચ્છનો જે રંગ છે તે સુગંધી રતાશ પડતી પીળી પરાગરજના થરના કારણે છે અને તેની વિશિષ્ટ ગંધ સૂચવે છે કે તે ઉત્તમ પ્રકારના પદ્મનો પરાગરજ છે. આ સાંભળી તરંગવતીના પિતાજી બોલ્યા : 'બેટા! વનની વચ્ચે રહેલાં સપ્તપર્ણનાં પુષ્પમાં કમળરજ હોવાનું કઈ રીતે સંભવે?' એનો જવાબ આપતાં તરંગવતીએ કહ્યું : 'પિતાજી! આ સપ્તપર્ણના પુષ્પગુચ્છમાં કમળરજ કઈ રીતે આવ્યા હશે તેનું મેં વ્યવસ્થિત પદ્ધતિસર ચિંતન કરી અનુમાન કર્યું છે તે તમે સાંભળો.' આ પ્રમાણે બોલી તરંગવતીએ કહ્યું : 'જે સપ્તપર્ણના વૃક્ષનો આ પુષ્પગુચ્છ છે, તે વૃક્ષની પાસે જ એક સરોવરમાં શરદ ઋતુમાં શોભાયમાન એવાં ઘણાં કમળ હશે. સૂર્યનાં કિરણોથી વિકસેલાં તે કમળો ઉપર મધના લોભના કારણે આવેલ ભ્રમરોનાં વૃંદ ત્યારપછી સપ્તપર્ણ વૃક્ષનાં

પુષ્પ ઉપર બેઠાં હશે અને તેઓના પગે ચોંટેલી પરાગરજ સપ્તપર્ણના આ પુષ્પગુચ્છ ઉપર લાગી હશે અને તેથી તે રતાશ પડતા પીળાં વર્ણવાળાં થઈ ગયાં હશે.'

તરંગવતીએ કરેલ આ અનુમાન સંપૂર્ણપણે સાચું જ હતું. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે પ્રાચીન કાળમાં અર્થાત્ જે કાળે આ નવલકથા અર્થાત્ તરંગવતીની આત્મકથા આચાર્ય શ્રીપાદલિપ્તસૂરિજીએ લખી તે કાળ એટલે કે ઈ.સ.ની પ્રથમ-બીજી શતાબ્દિમાં વનસ્પતિશાસ્ત્રમાં હાઈબ્રિડાઈઝેશન દ્વારા વધુ ફળદ્રુપ વૃક્ષ કે છોડની નવી જાતો ઉત્પન્ન કરવામાં આવતી હતી, જેને આજે સંકર જાત કહે છે. તે જ રીતે કોઈપણ વૃક્ષનાં ફળ, ફૂલ, પર્ણ વગેરેનાં મૂળભૂત અસલ ગુણોમાં પરિવર્તન કરવા માટે કોઈ વિશિષ્ટ પદ્ધતિના નિષ્ણાતો હશે અને તેઓ જે તે ખેડૂતો માટે જરૂરી ઔષધિના પ્રયોગો કે એવા જ પ્રકારની બીજી કોઈ તકનિકી અર્થાત્ જનીન વિજ્ઞાન (Genetic Engineering) દ્વારા જે તે વૃક્ષોના ગુણધર્મોમાં પરિવર્તન કરી આપતા હશે અને તે સર્વની માહિતી તરંગવતી અને તરંગવતીના પિતા ઋષભસેન નગરશ્રેષ્ઠિની પાસે પણ હશે.

આવો અદ્‌ભુત છે જૈન પ્રાકૃત, અર્ધમાગધી સાહિત્યનો વારસો!!!

❑❑❑

ગાંધીજીની અહિંસક સત્યાગ્રહની લડતશૈલી આંખ સામે હતી ત્યારે પણ ઉમાશંકર જોશીએ ઉગ્રતા દાખવી હતી :

ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે.

આ ભૂખ્યા જનોની ચિંતા શું હવે ઇતિહાસનો વિષય બની ગઈ? અછત, ભૂકંપ, કોમી રમખાણો, અત્યાચારો, કાનૂની તંત્રના વિલંબો, ન્યાયની માંગની તીવ્રતાને બુઠ્ઠી કરતા ઉપચારો, સાદગી અને કરકસરનો ઉપહાસ કરતાં સાંસ્કૃતિક પ્રદૂષણો કવિતામાં ભાગ્યે જ વ્યક્ત થાય છે, પણ વાર્તા-નવલકથાને તો આ સામગ્રી બાધક લાગવી ન જોઈએ.

- રઘુવીર ચૌધરી, 'ભારતીય સંસ્કૃતિઃ આજના સંદર્ભમાં' માંથી સાભાર.

* * *

તમારી દલીલો, તમારી નિષ્ઠા અને તમારા આચરણની પ્રતિબદ્ધતાને તમે માત્ર મૃત્યુ દ્વારા જ મનુષ્યોને ગળે ઉતારી શકો છો.

- આલ્બેર કામ્યુ



કૃતજ્ઞતા અને કરુણાનું આરાધનપર્વ

☐ ડૉ. નિમિત્ત ઓઝા

એ દિવસે આઈ.સી.યુમાં રહેલા એક 'કોવીડ' દર્દી માટેનો યુરોલોજી રેફરન્સ હતો. હું એ દર્દીની તપાસ કરતો'તો એ દરમિયાન, એમની બાજુમાં રહેલા એક બીજા દર્દીનો હોસ્પિટલ સ્ટાફ સાથેનો વાર્તાલાપ મારા કાને પડ્યો. તેમણે સ્ટાફને પૂછ્યું, 'નાઈટ ડ્યુટીમાં કોણ છે?' સ્ટાફે કહ્યું, 'હું જ છું, બોલોને.' દર્દીએ કહ્યું, 'મને રાત્રે કંઈક થઈ જાય તો મારા સગાંને જાણ કરી દેશો ને?'

અઘરું છે. ફક્ત એક પાતળા પડદાથી અલગ કરાયેલા ગંભીર દર્દીઓની વચ્ચે, આઈ.સી.યુ.ના એક ખાટલા પર અસ્તિત્વ ટકાવી રાખવું અઘરું છે. ખાસ કરીને ત્યારે, જ્યારે ડૂબી રહેલું શરીર મૃત્યુના ભયથી ઉજાગરા કરતું હોય અને ગાઢ નિંદ્રામાં સૂતેલી ચેતનાને ઢંઢોળીને પૂછતું હોય, 'હવે કોનો વારો?'

ધમણની જેમ ઉપર-નીચે થતી છાતી અને અડધી મીંચાયેલી આંખ સામેથી એક પછી એક ડેડબોડી પસાર થતાં હોય ત્યારે કોઈ રાજકીય માન્યતા, પક્ષ, દલીલ કે ચર્ચા રાહત નથી આપી શકતી. એ અવસ્થામાં રહેલા દર્દીની જગ્યાએ એકવાર આપણી જાતને મૂકી જોઈએ તો ફક્ત એક જ વિચાર આવે છે, 'સામેના બેડ પર જે ભાઈ ગઈકાલે બાઈ-પેપ પર હતા, એ આજે નથી. આવતીકાલે હું નહીં હોઉં તો?'

મૃત્યુની શક્યતા આપણને વિનમ્ર બનવાનો છેલ્લો ચાન્સ આપે છે. જડ વિચારો અને અફર માન્યતાઓનો બોજ

લઈને ફરતા ભલભલા લોકોના ઘમંડને, મેં મૃત્યુના ભયની સામે પળભરમાં ઓગળી જતો જોયો છે. મંદિરમાં થતી આરતી કે કોઈ અખંડ ધૂનની માફક વાગતા દૂર પડેલા વેન્ટીલેટરના એલાર્મિંગ અવાજો જ્યારે આપણા જડ ચેતનને જગાડે છે ત્યારે મદદ, માનવતા અને માણસનું મૂલ્ય સમજાય છે. આ એવી અવસ્થા છે જ્યાં ફરિયાદો શમી જાય છે અને પ્રાર્થનાઓ જન્મે છે.

જ્યારે રાષ્ટ્ર કે સમાજ પર કોવીડ જેવી ગંભીર અને જીવલેણ બીમારીનું આક્રમણ થાય ત્યારે આપણે શું વિચારીએ છીએ? એનું કોઈ જ મહત્ત્વ નથી રહેતું. સરકાર કે પ્રશાસને શું કરવું જોઈએ? બીજી લહેર કોની લાપરવાહીને કારણે આવી? આ બધા પ્રશ્નો, તમામ વોટ્સ-એપ ગ્રુપમાં અવિરત ચાલતી નિરર્થક રાજકીય ચર્ચાઓ, ઓક્સિજન ન મળવાની ફરિયાદો, સંકટ સમયના સંવાદો અને સ્મશાનની ગરમાગરમ ભઠ્ઠી પર શેકેલા રાજકીય વિવાદો. આમાંનું કશું જ કામમાં નથી આવતું, એ હકીકત એક તબીબ તરીકે મેં અનુભવી છે. રિબાઈ રહેલી માનવજાત પર આવી પડેલા આવા રાષ્ટ્રીય સંકટના સમયે ફક્ત એક જ વસ્તુનું મહત્ત્વ રહે છે. એ છે મદદ, સહાય, પરોપકાર. એક સ્વસ્થ અને નીરોગી નાગરિક તરીકે તમે પીડિત સાથી નાગરિકને કેટલી રાહત આપી શકો છો? બસ, એટલું જ મહત્ત્વનું છે.

આ આખાય કોવીડ એપિસોડ દરમિયાન મહત્ત્વની બે વાતો જે આંખ સામે આવીને અથડાય છે એ છે કૃતજ્ઞતા અને કરુણા.

કૃતજ્ઞતા કેમ?

છેલ્લા દોઢ વર્ષમાં ભરાઈ ગયેલા અસંખ્ય ડેથ સર્ટિફિકેટ્સમાં હજી સુધી આપણું નામ નથી, એ આપણી લાયકાત કે ઉપલબ્ધી નથી. એ કુદરતની ઉદારતા છે. વેન્ટીલેટર પર રહેલો અને ઓક્સિજન માટે વલખાં મારતો પેલો જણ આપણે પણ હોઈ શકીએ, એ શક્યતાને સતત ગજવામાં લઈને ચાલવું. આ શક્યતાનું સતત સ્મરણ કરવાના આગ્રહ પાછળનું કારણ નકારાત્મકતા કે નિરાશાવાદ નથી પણ નમ્રતા છે. અને આ નમ્રતા જ આપણી પાસે સેવા કરાવશે.

જેઓ અકાળે અવસાન પામ્યા છે, એવા કેટલાય લોકોના બાકી રહી ગયેલા શ્વાસ આપણે લઈ રહ્યા છીએ. એમણે નહીં ભોગવેલું આયુષ્ય, આપણે ભોગવી રહ્યા છીએ. અનાયાસે મળી ગયેલા એ જીવતરનું ૠણ ફક્ત કોઈને રાહત આપીને જ ચૂકવી શકાય.

સ્વાસ્થ્ય, સંપત્તિ, સમૃદ્ધિ કે સિદ્ધિથી ફૂલી ગયેલી છાતીમાંથી હવા કાઢવા માટે નિયતિની એક નાની એવી ટાંકણી જ પર્યાપ્ત હોય છે. એ વાગે ત્યારે હથેળીઓ ખુલ્લી રહી જાય અને શ્વાસ બંધ. કુદરતની જે કુહાડી આપણા

સાથી મનુષ્યો પર ફરી વળી, એ કુહાડીએ હજી સુધી આપણને બક્ષી દીધા છે. એ વાતનું ઘમંડ ન હોય, એ માટે કૃતજ્ઞતા હોવી જોઈએ. આવી મહામારીના સમયમાં પણ હજી સુધી જીવતા રાખીને પરમાત્માએ આપણા પર ઉપકાર કર્યો છે. એ ઉપકારનો બદલો આપણે ચૂકવવો રહ્યો. બાકી બચેલા મનુષ્યોને મદદ કરીને, તેમને યથાશક્તિ રાહત આપીને, તેમના ચહેરા પર સ્માઈલ લાવીને, તેમની એકલતા દૂર કરીને અને તેમને હૈયાધારણા આપીને.

કરુણા કેમ?

વિશ્વ આધ્યાત્મિક ગુરુ અને વિએટનામના બુદ્ધ સાધુ થિક નાટ હાને પોતાના પુસ્તક 'યુ આર હિઅર'ના પહેલા જ પ્રકરણમાં એક અદ્ભુત વાત લખી છે. તેમણે લખ્યું છે કે જીવનનો એકમાત્ર ઉદ્દેશ્ય ખુશ રહેવાનો નથી. આપણા જીવનમાં યાતનાઓ જરૂરી છે. હકીકત એ છે કે દુ:ખ, પીડા કે યાતનાઓની હાજરી વગર આપણી અંદર કરુણાનો ઉદ્ભવ શક્ય નથી. યાતનાઓ જ કરુણાની જનેતા છે. આ સમગ્ર કોવીડકાળ પછી પણ જો આપણી અંદર સદ્ભાવના, કરુણા કે સહાનુભૂતિ જેવાં મૂળભૂત માનવમૂલ્યોનો ઉદય નથી થયો, તો આત્મ-સાક્ષાત્કાર જેવી ઘટના આપણાથી બહુ દૂર છે એમ સમજવું.

આવું શું કામ થયું અને ફરીથી ન થાય, એ માટે શું કરવું?

આ છેલ્લા દોઢ વર્ષના સમયગાળા દરમિયાન સતત એવું લાગ્યા કર્યું કે પ્રભુ એક લાંબી રજા પર છે. જગતના સંચાલનની કોઈ માસ્ટર-કી ખોવાઈ જવાથી આખા જગતમાં અરાજકતા ફેલાઈ ગઈ. માનવજાતિના સૌથી અપડેટેડ વર્ઝનમાં કોઈ વાઈરસ ઘૂસી જવાથી, સમગ્ર મનુષ્યજાત 'હેંગ' થઈને પડેલી.

મૂળભૂત રીતે મનુષ્યના અસ્તિત્વની રક્ષા કરવાનું કામ ઈશ્વરનું હતું, આપણું હતું જ નહીં. આપણી જોબ પ્રોફાઈલ તો કંઈક અલગ હતી. પ્રગતિ, વિકાસ, સિવિલાઇઝેશન, ગ્લોબલાઇઝેશન, અર્થવ્યવસ્થા, ઇન્વેસ્ટમેન્ટ અને ઇન્વેન્શન્સ કરવાનું અને હોમો સેપિયન્સની ઉત્ક્રાંતિ માટે એક હરણફાળ ભરવાનું. આટલાં બધાં અગત્યનાં કામ છોડીને એક એક મનુષ્યનો જીવ બચાવવા જેવું મૂળભૂત કામ આપણા માથે કેમ આવી પડ્યું? આટલો બધો મલ્ટી-ટેલેન્ટેડ અને સર્વવ્યાપી કોઈ અદૃશ્ય ફોર્સ હાજર હોવા છતાં મનુષ્યોની આ દશા કરી કોણે? એવી તો કઈ ભૂલ થઈ ગઈ આપણાથી કે આખા વિશ્વમાં પ્રલય આવી ગયો. માનવ જીવન વેર-વિખેર થઈ ગયું. જે પ્રજાતિએ પ્રભુની આટલી બધી પૂજા કરી, એ જ જીવોને હેરાનગતિ કેમ?

આ મુશ્કેલીઓ એટલા માટે તો નથી સર્જાઈને કે આપણે આપણી જાતને પ્રભુ સમજવા લાગેલા? આસપાસ રહેલા અન્ય સજીવોની અવગણના કરીને

આપણે સર્વોપરી બનવાનો પ્રયત્ન તો નહોતા કરતા ને? બ્રહ્માંડે રચેલાં વૃક્ષો, પ્રાણીઓ, પક્ષીઓ તથા અન્ય દરેક જીવોનું અવમૂલ્યન કરીને આપણો ઇરાદો, ક્યાંક સમગ્ર વિશ્વ પર છવાઈ જવાનો નહોતો ને? આપણે એ ભૂલી ગયેલા કે આપણે આ જીવ-સૃષ્ટિનો એક ભાગ છીએ, એના શાસક નથી. આ પૃથ્વી પર આપણી આસપાસ વસતા દરેક જીવોનો પણ એટલો જ હક છે, જેટલો મનુષ્યોનો છે. આ અસંતુલન આપણે જ ઊભું કરેલું છે. આ એપિસોડ દ્વારા કુદરત તો બધું સંતુલિત કરવાનો પ્રયાસ કરી રહી હતી. મનુષ્યજાતિને પોતાની પામરતા અને હેસિયત દેખાડવાનો, પ્રકૃતિ પાસે કદાચ આ એકમાત્ર રસ્તો હશે.

ભવિષ્યમાં કોવીડની ત્રીજી લહેર કે આવી કોઈ અન્ય મહામારી આવે તો?

જર્મન ફિલોસોફર જ્યોર્જ હેગલે કહેલું કે 'We learn from history that we do not learn from history'. ઇતિહાસમાંથી આપણે એટલું શીખીએ છીએ કે આપણે ઇતિહાસમાંથી કશું જ શીખતા નથી. આ મહામારીમાં આટલાં બધાં સ્વજનો ગુમાવ્યાં પછી, આટલી યાતનાઓ વેઠ્યા પછી અને આટલી હેરાનગતિ ભોગવ્યા પછી પણ જો આપણે આ એપિસોડમાંથી કશું જ નથી શીખ્યા, તો આપણે ભોગવેલી દરેક પીડા નિરર્થક છે. આવી મહામારી કે રાષ્ટ્રીય સંકટમાંથી લઘુત્તમ જાનહાનિ સાથે બહાર નીકળવા માટે ત્રણ સ્તરે સુધાર જરૂરી છે. વ્યક્તિગત સ્તરે, સામાજિક સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે.

વ્યક્તિગત સ્તરે : કોઈપણ મહામારી કે ચેપી રોગ વિરુદ્ધ જ્યારે વેક્સીન ઉપલબ્ધ હોય, ત્યારે એ વેક્સીનની અસરકારકતા પર શંકા કરીને અથવા તો તેની આડઅસરોથી ડરી જઈને વેક્સીન ન મુકાવીએ, તો આપણે સૌથી વધારે અહિત પોતાની જાતનું જ કરીએ છીએ.

-ફર્સ્ટ વેવની ગંભીરતા જોયા પછી પણ વેક્સીન ન મુકાવનારા, મારા જ એક સાથી ડૉક્ટર મિત્રને હું સેકન્ડ વેવમાં ગુમાવી ચૂક્યો છું. જો મેં પણ વેક્સીનના બંને ડોઝ લીધા ન હોત, તો આ લેખ તમારા સુધી પહોંચ્યો ન હોત. સેકન્ડ વેવના ગંભીર સકંજામાં આવી ગયેલો હું, માત્ર અને માત્ર એટલે જ બચી શક્યો કારણકે વેક્સીનની અસરને કારણે મારા ફેફસાં સલામત રહ્યાં.

- આ કે આવી કોઈપણ બીમારી દરમિયાન પોતાનાં અભિપ્રાયો, શંકાઓ, માન્યતાઓ કે દલીલોને બાજુ પર રાખીને ICMR (Indian Council of Medical Research)ની ગાઈડલાઈન્સનું પાલન કરવું, એ જ સ્વ-હિત અને રાષ્ટ્ર-હિત માટે જરૂરી છે.

- વોટ્સએપમાં ફરતા બિનજરૂરી, બિનઅધિકૃત અને અવૈજ્ઞાનિક મેસેજીસ

વાંચવા અને ફોરવર્ડ કરવા એ વાઈરસ જેટલું જ હાનિકારક છે.

- આવા કોઈપણ સંકટ દરમિયાન, બીમારી અને સારવાર વિશેની સચોટ, અધિકૃત અને વૈજ્ઞાનિક માહિતીઓ કેન્દ્ર સરકારની ઓફિશિયલ વેબસાઈટ કે હેલ્પલાઇન નંબર પરથી મેળવવી. અધૂરું જ્ઞાન અને વ્યક્તિગત માન્યતાઓ ક્યારેક વાઈરસ કરતાંય વધુ જીવલેણ હોય છે.

સામાજિક સ્તરે : આવા સંકટના સમયે સમાજને આપણા વિચારો કે અભિપ્રાયોની નહીં, આપણી મદદની જરૂર હોય છે. અફવાઓ, અરેરાટી અને ગભરાટ ફેલાવવા કરતાં આપણે જો કોઈ રીતે પીડિતોને મદદરૂપ થઈ શકીએ, તો એ જ આપણી રાષ્ટ્ર-સેવા છે.

કોવીડના એપિસોડ દરમિયાન મેં એવા કેટલાય સેવાભાવી લોકોને જોયા છે જેમણે પોતાનો કામ-ધંધો છોડી દઈને ચોવીસ કલાક પીડિતોની સેવા અને સારવારમાં અર્પણ કરી દીધા. આ સમગ્ર સંકટ દરમિયાન તેમનો ફૂલટાઈમ વ્યવસાય એક જ રહ્યો, પરોપકાર. પ્રશાસન કે આરોગ્ય વિભાગની કામગીરીને વખોડવાને બદલે તેમણે ફક્ત એક જ બાબત પર ધ્યાન આપ્યું, 'આ કપરા સંજોગોમાં હું કઈ રીતે મદદરૂપ થઈ શકું?' આ જ એ સૌથી મહત્ત્વનો પ્રશ્ન છે, જે આપણા દરેકને થવો જોઈએ.

રાષ્ટ્રીય સ્તરે : ખામીઓ તો અનેક હતી! સેકન્ડ વેવની તૈયારી કરવામાં નિષ્ફળતાથી માંડીને સમયસર સારવાર પહોંચાડવાની અસમર્થતાએ આપણા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય માળખાની તમામ નબળાઈઓ છતી કરી દીધી. બીમાર લોકોને હોસ્પિટલમાં બેડ ન મળ્યા, બેડ મળ્યા તો ઓક્સિજન ન મળ્યો, ઓક્સિજન મળ્યો તો વેન્ટીલેટર ન મળ્યાં.

રેમડેસીવીરના કાળાબજારથી લઈને અનેક મેડીકલ માફિયાએ ચલાવેલી ઉઘાડી લૂંટ એ વાતની સાબિતી હતી કે આપણે ઊંઘતા ઝડપાયા. ન તો આપણે આ બીમારીની ગંભીરતાનો ક્યાસ કાઢી શક્યા, ન તો એના કારણે સર્જાનારી તારાજીનો. હોસ્પિટલથી લઈને સ્મશાન સુધી ફેલાયેલી અફરાતફરીએ, એટલું તો આપણને શીખવી દીધું કે અચાનક આવી પડેલી આવી નેશનલ ઈમરજન્સી માટે એક રાષ્ટ્ર તરીકે હજુ આપણે સક્ષમ અને સમર્થ નથી. આરોગ્ય નીતિમાં, સંસાધન અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં અનેક સુધારાની જરૂર છે. ભવિષ્યમાં આવનારી આવી કોઈપણ અન્ય જીવલેણ મહામારી સામે લડવા માટે, ખામીઓનો સ્વીકાર અને સુધાર સૌથી મહત્ત્વની બાબત બની રહેશે. આટલું સમજી લેશું તો ગમે એવી મહામારી પણ કૃતજ્ઞતા અને કરુણાનું આરાધનપર્વ બની રહેશે.

❑❑❑



જ્ઞાની શ્રી ધીરજરામ શાસ્ત્રીજી અને વિજ્ઞાની ડો. પંકજ જોશી, ૧૯૭૧

જ્ઞાની અને વિજ્ઞાની

એક વૈશ્વિક સંવાદ

☐ ડો. પંકજ જોશી

૧૫. વિશ્વ-વિજ્ઞાનના મહાપ્રશ્નો:

આપણે આગળ વાત કરી ગયા તેમ આધુનિક કોસ્મોલોજીએ બ્રહ્માંડ વિશે આજે ઘણું વિશાળ અને સુંદર ચિત્ર ખડું કર્યું છે. આજે આપણું બ્રહ્માંડનું જ્ઞાન આ રીતે જબરી પ્રગતિ કરી રહ્યું છે. પરંતુ એ નોંધવા જેવું છે કે આમ છતાં તેમાં નિરીક્ષણ એટલે કે ઓબ્ઝર્વેશન, અને વૈચારિક સ્તરે પણ કેટલાક ગંભીર મુદ્દાઓ આજે પણ વણઉકેલાયેલા છે. આજની કોસ્મોલોજીના બે-ત્રણ મહાપ્રશ્નો કે સમસ્યા વિશે થોડી વાત

કરીએ, જેથી એક ચિત્ર ઊભું થાય અને ખબર પડે કે આજે બ્રહ્માંડ વિશેની જાણકારીમાં આપણે ક્યાં ઊભા છીએ અને આજનું વિશ્વ-વિજ્ઞાન ક્યાં જઈ રહ્યું છે.

* **એકરૂપતાની સમસ્યા:** આપણે આજે આપણી આસપાસ વિસ્તારિત મહાકાય ફેલાયેલું વિશ્વ જોયું છે. હવે તેમાં રસપ્રદ બાબત એ છે કે દરેક દિશામાં, મોટે ભાગે સઘળા અવકાશમાં, દરેક કદ એટલે કે દરેક અવકાશી પ્રદેશમાં તારાવિશ્વો લગભગ સમાન સંખ્યામાં આવેલાં છે. હવે તેમાં એક મહાન કોયડો એ ઊભો થાય છે કે આવી કોસ્મિક એકરૂપતા અથવા હોમોજેનિટી કેવી રીતે આવી? આજના વિશ્વ-વિજ્ઞાનનો આ એક મોટો વણઉકેલાયેલો મુદ્દો છે. કારણ કે બ્રહ્માંડના આ દૂર દૂરના અવકાશી પ્રદેશો એકબીજાથી કોઈ પણ રીતે જોડાયેલા નથી કે તેમના વચ્ચે કોઈ સંપર્ક તો છે નહિ! બીજા શબ્દોમાં કહીએ તો, વર્તમાન બિગ બેંગ કોસ્મોલોજી મોડેલ મુજબ બ્રહ્માંડમાં વૃદ્ધિ થતાં આ પ્રદેશોમાં ભૂતકાળમાં એકબીજા સાથે વાતચીત કરવાની કોઈ શક્યતા નહોતી. તો પછી તેઓએ બધી જગ્યાએ તારાવિશ્વોની સમાન સંખ્યા અને ઘનતા, અથવા સમાન માળખું કેવી રીતે મેળવી લીધું? આ એક મોટો કોયડો છે.

* **સિંગ્યુલારિટીનો પ્રશ્ન:** આઈન્સ્ટાઈનના સિદ્ધાંત મુજબ ગુરુત્વાકર્ષણ અને સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિ બિગ બેંગ સિંગ્યુલારિટીથી થઈ છે. આ એક એવી વિશિષ્ટતા અથવા અપૂર્વતા છે જ્યાં ઘનતા, તાપમાન, અવકાશ-સમયના વળાંકો જેવા તમામ ભૌતિક માપદંડ એકદમ મનસ્વી રીતે મોટા અને અનંત છે! તો પછી, ત્યાં કામ કરતા ભૌતિક નિયમો કે કાયદા શું હશે? જો કોઈ હોય તો આ નિયમો શા હશે અને આવી 'એકલતા' અથવા અતિ વિશિષ્ટ ઘટનાનું વર્ણન કેવી રીતે કરવું? ત્યાંનું વિજ્ઞાન શું છે? ક્વોન્ટમ થિયરી અને આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ, જે આજે જુદાં જુદાં માળખાંઓ કે સિદ્ધાંત છે, તેને જોડીને એક વધુ સંપૂર્ણ સિદ્ધાંત દ્વારા આ સિંગ્યુલારિટીનો પ્રશ્ન ઉકેલવા માટે આપણે આઈન્સ્ટાઈન સિદ્ધાંતને ભૌતિકશાસ્ત્રના કોઈ વધુ સંપૂર્ણ સિદ્ધાંતમાં વિસ્તૃત કરી શકીએ ખરા? આ અંગે આજે ઘણું ચિંતન અને સંશોધન વિજ્ઞાનીઓ કરી રહ્યા છે.

* **ક્વોન્ટમ-ગુરુત્વાકર્ષણની સમસ્યા:** આજની તારીખે, આપણી પાસે સાપેક્ષવાદ અને ક્વોન્ટમ સિદ્ધાંતોને સાથે જોડાતી કોઈ થિયરી અથવા માળખું નથી. જે પ્રયત્નો થયા છે તેમાં કોઈ સારું કે કાર્યક્ષમ માળખું સંપન્ન થયું નથી જે આપણને ગુરુત્વાકર્ષણની ક્વોન્ટમ થિયરી આપે. એકબાજુએ જ્યારે તારાઓ અને તારાવિશ્વોના મોટા

પાયે દેખાતા બ્રહ્માંડનું વર્ણન કરવા માટે આઈન્સ્ટાઈન ગુરુત્વાકર્ષણ ખૂબ સફળ છે, તો બીજી બાજુએ અણુ, પરમાણુ અને બીજા પ્રાથમિક કણોના સૂક્ષ્મ જગતમાં ક્વોન્ટમ સિદ્ધાંતના કાયદા શાસન કરે છે. જો કે, આઈન્સ્ટાઈન થિયરી એટલે કે રિલેટિવિટી, અને ક્વોન્ટમ થિયરી આ બંને એકબીજાથી તદ્દન અલગ છે! તેમનાં ગણિતીય અને સૈદ્ધાંતિક માળખાં ખૂબ જ જુદાં જુદાં છે. આપણું લક્ષ્ય તો અલબત્ત સમગ્ર બ્રહ્માંડનું એકસાથે વર્ણન કરવાનું છે, સૂક્ષ્મ અને વિરાટ જગત એ બંનેનું, અને તે પણ પ્રકૃતિના કોઈ એકીકૃત સિદ્ધાંત દ્વારા, એક યુનિફાઈડ થિયરી દ્વારા. જ્યાં સુધી તે ન થાય ત્યાં સુધી, આપણી પાસે એક સચોટ બ્રહ્માંડ ચિત્ર હોવાની શક્યતા નથી. વર્તમાન સમયમાં તો આ અત્યંત મુશ્કેલ કાર્ય દેખાય છે, જેને ક્વોન્ટમ ગ્રેવિટી પ્રોબ્લેમ કહેવાય છે.

કોઈ કદાચ એવું પણ કહી શકે કે આધુનિક કોસ્મોલોજી પણ ઘણી વખત માત્ર માન્યતાઓ પર ટકી રહે છે. આવી પૂર્વધારણાઓ ઘણીવાર એક રીતે 'અંધ-વિશ્વાસ' સમાન કહેવાય. વિજ્ઞાન ઘણીવાર ધર્મની ટીકા કરે છે પણ વિજ્ઞાનમાં પણ કોઈ વાર ખોટી માન્યતાઓ પેસી જાય છે!

અહીં એક ઉદાહરણ લઈએ તો, પ્રારંભિક અથવા શરૂઆતના બ્રહ્માંડ માટે 'ફુગાવો' એટલે કે ઈન્ફ્લેશનનો સિદ્ધાંત કે ધારણા અપાઈ છે. ઉપર વર્ણવેલી પ્રથમ બે સમસ્યાને હલ કરવા માટે ઘણી વખત તે વપરાય છે. હવે કોઈ પણ વૈજ્ઞાનિક સિદ્ધાંતની મુખ્ય લાક્ષણિકતા એ છે કે, તે 'સાચા' અથવા 'ખોટા' ઠરાવી શકાય તેવા હોવા જોઈએ. એટલે કે, કોઈ પણ સિદ્ધાંત દ્વારા એક અથવા બીજી આગાહી થવી જોઈએ, જેને આપણે નિરીક્ષણ અથવા પ્રયોગો દ્વારા સાચા કે ખોટા તરીકે ચકાસી શકીએ. આ રીતે જોતાં, કોસ્મિક ફુગાવો તે બ્રહ્માંડની એકરૂપતા અથવા સિંગ્યુલારિટીને સમજાવવા માટે માત્ર એક સમજૂતી અથવા કેવળ ધારણા અથવા અનુમાન માત્ર છે. તેની પોતાની કોઈ નવી કે સ્વતંત્ર આગાહીઓ નથી, અને તેથી તે સાચું કે ખોટું એ નક્કી કરી શકાતું નથી! જો આધુનિક કોસ્મોલોજી ભારે રસપ્રદ છે તો સાથે જ તે આવા પ્રશ્ન પણ ઊભા કરે છે. તેમાંથી સાચું વિજ્ઞાન બહાર લાવવા હજી વધુ મહત્ત્વની માહિતી કે સંશોધનની જરૂર છે એવું જરૂર કહી શકાય.

૧૬. પ્રાચીન અને અર્વાચીન: આધુનિક વિજ્ઞાનના પણ આવા મહાપ્રશ્નો હોઈને આ સંદર્ભે આપણે એવું કહી શકીએ અથવા પ્રશ્ન પૂછી શકીએ કે શું પ્રાચીન અને અર્વાચીન એ બંનેને સાથે જોવાની અને જોડવાની જરૂર છે ખરી? પ્રાચીન સમયમાં જો કોઈ વિજ્ઞાન અસ્તિત્વ ધરાવતું હોય તો એ પ્રશ્ન અવશ્ય પૂછવો

પડે કે તેની અને આધુનિક વિજ્ઞાન વચ્ચે શો સંબંધ હશે? કારણ કે ખરેખર તો વિજ્ઞાન માત્રનો હેતુ કેવળ સત્યની શોધ છે. હવે સત્ય તો એક જ છે, આથી આ વિજ્ઞાન વચ્ચે, પછી એ પ્રાચીન હોય કે અર્વાચીન, કંઈક ને કંઈક ગાઢ સંબંધ તો હોવો જોઈએ.

પ્રાચીન પરંપરાના આ પાસાઓ પર જો યોગ્ય ધ્યાન અને સંશોધન થાય તો આપણે આ મહાસાગરમાંથી કેટલાંક સુંદર રત્ન કદાચ બહાર કાઢી શકીએ. સદીઓથી જે જ્ઞાન અને પ્રાચીન શાણપણ ભેગું થયું હોય, જે યુગોથી મળતું રહ્યું હોય, તેનો ઉપયોગ માનવજાતના વધુ લાભ માટે થાય એ જ ઉત્તમ! એ ઢંકાયું હોય તો તેને અનાવૃત્ત કરવામાં લાભ છે. તેમાં પણ જૈન, બૌદ્ધ, હિન્દુ અને અન્ય વિશિષ્ટ ભારતીય પરંપરામાં બ્રહ્માંડની પ્રકૃતિ અને રચનાની સમજ અને તેના અન્વેષણ માટે ભૂતકાળમાં ઘણી સદીઓથી સમર્પિત જે પ્રયત્નો હોય તેને યોગ્ય રીતે સમજવા અને પ્રકાશિત કરવા એ જરૂરી બની જાય.

અન્ય રીતે કહીએ તો, એ જાણવું અનેક રીતે મહત્ત્વનું છે કે પ્રાચીન પરંપરાઓમાં કેવું અને કેટલું વિજ્ઞાન હતું, અને તે હતું કે કેમ. આવો વિચાર એટલા માટે આવશ્યક છે કે આપણે વાત કરી તેમ આધુનિક કોસ્મોલોજીની અનેક સફળતા સાથે તેમાં આપણે જે અનેક વર્તમાન મર્યાદાઓનો સામનો કરીએ છીએ તે પણ બહાર આવ્યો છે. સંભવતઃ એવું પણ બની શકે કે આવા પ્રાચીન વિચાર દ્વારા, પ્રાચીન કોસ્મિક પૂછપરછ દ્વારા, આજના વિશ્વ-વિજ્ઞાનના મહાપ્રશ્નોના ઉકેલ ભણી જઈ શકાય. તેમાંથી શોધી શકાય તે મહત્ત્વની કડીઓ તથા કેટલાંક મહત્ત્વપૂર્ણ યોગદાન પણ મળી આવે.

એવો પ્રશ્ન પૂછી શકાય કે બ્રહ્માંડ વિશેની આપણી વર્તમાન સમજને માટે પ્રાચીન કોસ્મોલોજીનો વિચાર શું અને કઈ રીતે પ્રભાવ પાડે છે. અહીં એ વાત સમજવા જેવી છે કે આધુનિક અને પ્રાચીન અભિગમમાં ઉપયોગમાં લેવાતી અથવા પૂછપરછની પદ્ધતિમાં મુખ્ય તફાવત શું છે. પ્રાચીન અને અર્વાચીન પદ્ધતિ કેવી રીતે એકબીજાથી જુદી પડે છે? આ ભેદ યોગ્ય રીતે બહાર આવવો જોઈએ. આ વિષય અવશ્ય થોડો વિશાળ છે, અને તેમાં વળી ભૂતકાળ વિશેના આપણા જ્ઞાનની અનેક અસ્પષ્ટતા વચ્ચે આડી આવવાની. પરંતુ આજનો સમય અને સદીઓ પહેલાંનો સમય, તેની સરખામણીના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ જો બહાર લાવી શકાય, બ્રહ્માંડ વિચારની પ્રાચીન ભારતીય પરંપરામાં વિકસિત વિશિષ્ટ પાસાઓ અને દૃષ્ટિકોણ બહાર આવે તો એ ઉપયોગી થાય.

૧૭. પ્રાચીન પરંપરા:

આધુનિક વિજ્ઞાન તથા તેની સિદ્ધિ અને મર્યાદાઓની આપણે વાત કરી. આ

સાથે જ એ પ્રશ્ન પણ પૂછવા જેવો છે કે, પૃથ્વીના ગ્રહ પર માનવ અસ્તિત્વના આ લાંબા યુગ અને સમયગાળામાં, શું શાણપણની આ અત્યારની ક્ષણ જ એવી છે કે બ્રહ્માંડ વિશેના આપણા જ્ઞાન વિશે ઉચ્ચતમ અથવા સર્વોચ્ચ સીમાઓને આપણે આજે સર કરીને પામ્યા છીએ? આજે આ એકવીસમી સદીમાં જ જ્ઞાન-વિજ્ઞાન વધુમાં વધુ છે કે પછી પહેલાં પણ ક્યારેક તે એક અથવા બીજા સ્વરૂપે હતું? શું આપણે સૃષ્ટિ વિશે આજે સર્વ કાંઈ વિચાર્યું અને જાણ્યું છે, જે ભૂતકાળની સદીઓમાં અને લાખો વર્ષોમાં પૃથ્વી પર માણસનું અસ્તિત્વ રહ્યું છે એ બધા સમયમાં સર્વથી વિશેષ છે? જો તેનો ઉત્તર હા છે, તો બ્રહ્માંડને કોસ્મિક સ્કેલ પર સમજવામાં આપણે કેટલી હદે આજે સફળ થયા છીએ? પરંતુ જો ઉત્તર નકારમાં હોય તો એ વાતનું સંશોધન કરવું પડે કે ભૂતકાળમાં ક્યારે અને કેટલું જ્ઞાન-વિજ્ઞાન આ જગત પર વિકસેલું. કેવી રીતે અને કઈ પદ્ધતિ દ્વારા થયું હશે.

જેમ આજે આપણે સમગ્ર બ્રહ્માંડનો વિચાર અને સંશોધન કરીએ છીએ તેમ પ્રાચીન પરંપરામાં પણ આ કાર્ય થયું હતું અને અવશ્ય થતું રહેતું હતું એવાં પ્રમાણો મળે છે. હજારો વર્ષ પહેલાંના ભૂતકાળને પામવો અને માપવો એ હંમેશાં સરળ નથી હોતું. પરંતુ આજે આપણને એટલી તો જરૂર ખબર છે કે મહાન અને પ્રાચીન સંસ્કૃતિઓ અસ્તિત્વમાં અવશ્ય હતી, જેમને સમગ્ર વિશ્વના અને બ્રહ્માંડના જ્ઞાનમાં અને તેની પૂછપરછમાં ખૂબ રસ અને જિજ્ઞાસા હતાં. ખરેખર તો, માનવીએ જ્યારથી પણ આકાશ તરફ જોયું અને તેની વિશાળતા અનુભવી, અથવા સૂક્ષ્મ અને અતિ સૂક્ષ્મનો વિચાર કર્યો ત્યારથી તેણે વિશ્વ-જિજ્ઞાસા વ્યક્ત કરીને પૂર્ણ બ્રહ્માંડની વાસ્તવિકતાને સમજવાનો પ્રયત્ન કર્યો છે.

એક ઉદાહરણ લઈએ તો, બૃહદારણ્યક ઉપનિષદમાં સૃષ્ટિના સર્જન વિશે કંઈક વિગતે ચર્ચા મળે છે. તેમાં એવા પ્રશ્નો પૂછ્યા છે કે સઘળું જગત, પદાર્થો, વસ્તુઓ કેવી રીતે આવે છે; ક્યાંથી આવે છે; તે સર્વ શું છે કે જેને આપણે આપણી આંખોથી જોઈએ છીએ. આપણે ખરેખર ક્યાં વસીએ, રહીએ છીએ? કારણ અને કાર્ય વચ્ચે શું સંબંધ કે જોડાણ છે? જો કોઈ સમગ્ર કે સાર્વત્રિક અસ્તિત્વ હોય તો તેની સાથે આપણો શું સંબંધ છે? વ્યક્તિ અને સંપૂર્ણ અથવા સમષ્ટિ વચ્ચે શું સંબંધ છે? આવા અનેક મુદ્દાઓની ચર્ચા આ ઉપનિષદના કેટલાક વિભાગોમાં વિગતે થઈ છે. આવા જ પ્રશ્નો અને વિશ્લેષણ અન્ય ઉપનિષદોમાં તથા અન્યત્ર પણ મળે છે. આ સઘળી ચર્ચા ભારે તીવ્રતા, ગંભીરતા અને રસપ્રદ રીતે કરવામાં આવી છે.

આવાં અન્ય ઉદાહરણો વિવિધ પરંપરાઓમાં પણ અને જગતના ઇતિહાસના જુદા જુદા સમયે જોવા મળે છે. જેમ કે બાઇબલમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિષે સ્પષ્ટ ઉલ્લેખ છે અને ચર્ચા છે. અલબત્ત, આધુનિક વિજ્ઞાનનો ઉદય થતાં તેમાંનાં કેટલાંક વિધાનોનો વિરોધ પણ થયો. ઇટાલિયન વિજ્ઞાની ગેલેલિયોએ બાઇબલની એ વાતનો વિરોધ કર્યો કે પૃથ્વી સમગ્ર વિશ્વના કેન્દ્રમાં છે. તેણે સૂર્ય આપણી ગ્રહમાળાના કેન્દ્રમાં હોવાની વાત પ્રસ્થાપિત કરી. આમાંથી ક્રિશ્ચિયન ધર્મ અને વિજ્ઞાન વચ્ચે એક ભારે સંઘર્ષ પણ સદીઓ પહેલાં યુરોપમાં થઈ ગયો.

આવી સઘળી ચર્ચા કેટલી વૈજ્ઞાનિક છે અથવા નથી એ વાતને હમણાં એક બાજુએ રાખીએ તો પણ એટલું તો જરૂર સ્પષ્ટ થાય છે કે અતિ પ્રાચીન સમયમાં પણ જગતનો ઉદ્ભવ કેવી રીતે થયો, તે કેવા નિયમો પ્રમાણે ચાલે છે, આ અને આવા પ્રશ્નો પુછાયા અને ચર્ચાયા છે. આમ, સમગ્ર બ્રહ્માંડની ચર્ચા નવી નથી પણ અત્યંત પ્રાચીન પરંપરાઓમાં પણ તે મળી આવે છે.

આ રીતે વિચારતાં અને સંશોધન કરતાં કેટલીક કડીઓ એવી મળે છે જે સૂચવે છે કે એક વિશિષ્ટ પ્રકારનો બ્રહ્માંડ વિચાર આ ભૂતકાળની પરંપરાઓમાં થયેલો છે. તેનો જો ધ્યાનપૂર્વક અભ્યાસ કરાય અને યોગ્ય પ્રયત્ન કરાય તો તેમાંનાં ઘણાં ઉત્તમ તત્ત્વો બહાર આવે, અને એવું પણ બની શકે કે તે આધુનિક વિજ્ઞાનના મહાપ્રશ્નોમાં ઉપયોગી થાય, સહાય કરી શકે. પરંતુ આ માટે આ દિશામાં વ્યવસ્થિત રીતે પ્રયત્ન, વિચાર અને સંશોધન શરૂ કરવું જરૂરી છે.

અહીં મહત્ત્વનો મુદ્દો એ છે કે, એવું માનવા કે વિચારવાનું કોઈ નક્કર કારણ નથી કે આજે એકવીસમી સદીમાં અને આજના આ વર્ષોમાં જ માનવજાત જ્ઞાન-વિજ્ઞાનના ઉચ્ચતમ શિખરો પર છે. એ તો બુદ્ધિગમ્ય કે સાદી સમજની વાત છે કે કોઈ ભૂતકાળમાં આજે જે છે તેના કરતાં વિશેષ પ્રગતિ હતી એવી શક્યતા સાબિત કર્યા સિવાય નકારી શકાય નહિ. અથવા ભવિષ્યમાં આવી હજુ પણ અભૂતપૂર્વ શોધો થઈ શકે, જે આપણા જીવન અને વિચારમાં અદ્ભુત અને ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે.

આથી આપણી વર્તમાન વિચારધારા અને વર્તનની રીતો એવી હોવી જોઈએ જેથી આપણે આપણા ભૂતકાળ અને ભવિષ્ય બંને માટે ખુલ્લા મનથી વિચારતા થઈએ. ભૂતકાળની વાત કરીએ તો, પ્રાચીન ભારતીય પરંપરા અને તેના વિજ્ઞાનનો તેના વ્યાપક અર્થમાં ખુલ્લા મને કાળજીપૂર્વક અભ્યાસ કરવાથી તે આપણને ઘણું શીખવી શકે. આપણું સારું ભવિષ્ય ઘડવા માટે તે મહત્ત્વપૂર્ણ અને ફાયદાકારક દિશાઓ અને સંકેતો પ્રદાન કરી શકે તેવું પણ બને.

[ક્રમશઃ]

હા સ્ય મે ળો

વાળ અને ટાલ

☐ જ્યોતીન્દ્ર દવે



શરીરની શોભા માટે મેં ખાસ પ્રયોગો નથી કર્યા. ભવિષ્યમાં મહાપુરુષ થવાનો હોઈશ એટલે નાનપણથી જ બહારના દેખાવ તરફ મારું ધ્યાન ઓછું રહેતું. મારી ઉંમરનાં કેટલાંક બાળકો - ખાસ કરીને નારી જાતિનાં, સારાં સારાં કપડાં પહેરવા માટે જીદ કરતાં, ત્યારે હું એ વિષયમાં ઉદાસીન રહેતો. મારી ઉદાસીનતા કેવળ કપડાંની પસંદગી પૂરતી અર્થાત્ સારાં કપડાં પહેરવાની બાબત પૂરતી મર્યાદિત નહોતી. કપડાં પહેરવા વિષે જ હું ઉદાસીન હતો. કપડાં પહેરવાની મને જરૂર જ નહોતી લાગતી - મચ્છર કરડે તો પણ. મને ઘેર શિક્ષક ભણાવવા આવતા, તેમનું પહેલું કર્તવ્ય મને કપડાં પહેરવાનું રહેતું. અલબત્ત, એ એમના કાર્યપ્રદેશમાં નહોતું આવતું, તેમ જ એમને માથે એવી ફરજ પણ લાદવામાં નહોતી આવી. પણ કપડાં વગરના વિદ્યાર્થીને સામે બેસાડી એમનાથી અધ્યાપનનું કાર્ય ઉચિત ગૌરવપૂર્વક થઈ શકતું નહોતું, એટલે એમણે પોતે જ એ ફરજ પોતાને માથે ઉપાડી લીધી હતી. મને શીખવવામાં એમને જેટલો શ્રમ પડતો તે કરતાં ઘણો વધારે શ્રમ મને કપડાં પહેરવાનું સમજાવવામાં પડતો. એ કહેતા કે, 'આ છોકરાનું જેટલું ધ્યાન રમવામાં છે તેટલું ભણવામાં નથી, અને જેટલું ભણવામાં છે તેટલું કપડાં પહેરવામાં નથી.' નાનપણની આ બેદરકારી મોટપણે પણ પૂરેપૂરી ગઈ નહિ.

નાનપણની વાત મને યાદ આવી. હું જ્યેષ્ઠ પુત્ર હોવાથી (આમ તો જ્યેષ્ઠ નહિ, પણ જીવતાં રહેલાં સંતાનોમાં જ્યેષ્ઠ હોવાથી) મારા વાળ કપાવતાં પહેલાં અમુક વિધિ અને તે પણ બહાર જઈને કરવાનો હતો. એ થાય ત્યાં સુધી વાળને વધતા અટકાવી શકાય એમ ન હોવાથી માથા પર અંબોડો રાખ્યા સિવાય છૂટકો નહોતો.

અત્યારે ઘણાને નવાઈ લાગશે, પણ આમ મારા આ મોટી ટાલવાળા મસ્તક પર નાનપણમાં અંબોડો શોભતો હતો!

દરરોજ વાળ હોળાવવા ને સાત સાત દહાડે ચોળાવવા એ બધી તકલીફ મારાથી સહન થઈ શકતી નહોતી. ખાસ કરીને રમવા જવા માટે બાલમિત્રો

તરફથી નિમંત્રણ પર નિમંત્રણ આવતાં હોય ને મારે પરાણે મારી માતા પાસે વાળ હોળાવવા બેસવું પડતું ત્યારે વાળ ખેંચાવાનું મને જેટલું દુ:ખ થતું, અને એ સારા પ્રમાણમાં થતું, પણ તેથી વધારે દુ:ખ રમવા જતાં મોડું થતું તેનું થતું. આ દુ:ખ તો હું સહન કરી લેતો, પણ જ્યારે રસ્તા પર ગાડીવાળાઓ 'એઈ છોકરી! બાજુ હટ!' એમ મને ઉદ્દેશીને બૂમ પાડતા, ત્યારે મારું દુ:ખ અસહ્ય બની જતું. 'તું છોકરી! તારો બાપ છોકરી!' એમ કહીને હું દોડીને પાછો ઘેર આવી જતો ને લાંબો વખત સૂનમૂન થઈને બેસી રહેતો.

આમ જોઈએ, તો તો છોકરી એ કંઈ ગાળવાચક શબ્દ નથી. છોકરી પર તો કવિતાઓ લખાય છે. છતાં પુરુષને સ્ત્રી તરીકે સંબોધીએ તો એને ખોટું લાગે છે અને તેમાંય નાના છોકરાઓને કદાચ ભૂલમાં પણ કોઈ છોકરી કહે તો એને પોતાનું ભયંકર અપમાન થયું હોય એમ લાગે છે.

કોઈને ચિડાવવા માટે ગાલિપ્રદાન કરવું હોય ત્યારે એ વિષયનું ભાષાજ્ઞાન પાંગળું હોય તોયે વાંધો નહિ. ગાળ દેવા માટે, સામા માણસને 'આ માણસ મને ગાળ દે છે' એવું સચોટ ભાન કરાવવા માટે ગાલિવાચક શબ્દો જ જોઈએ એવું કંઈ નથી. કોઈ પણ ભાષાના કોઈ પણ શબ્દો. અર્થહીન અક્ષરસમુદાય પણ ચાલે. ગાળ દેતો હોય એમ બોલતાં આવડવું જોઈએ.

એક વાર ગાલિપ્રદાનની કલામાં નિષ્ણાત એવા એક મહાનુભાવની સાથે એ કલામાં કેવળ અજ્ઞ અને ગણિતના વિષયમાં જ રચ્યાપચ્યા રહેતા એવા સજ્જનને વાગ્યુદ્ધમાં ઊતરવાનો એકાએક પ્રસંગ ઉપસ્થિત થયો. એ સજ્જને પેલા મહાનુભાવને ધીરજથી વિવેકથી સમજાવવા પ્રયત્ન કર્યો. પણ જેમ જેમ એ પ્રયત્ન કરતા ગયા તેમ તેમ એ વધારે ઉશ્કેરાતો ગયો ને છેવટે પોતાના સ્વભાવ મુજબ ગાળાગાળી પર ઊતરી પડ્યો. 'આખાખાઉ! હરામ હાડકાના! પાજી! મૂગો મર' ઘંટો પાડીને એણે કહ્યું. ક્ષણભર પેલા ગણિતશાસ્ત્રી દિગ્મૂઢ થઈ ગયા. શત્રુ મૂંઝાયો છે એમ જોયું એટલે પેલા ગૃહસ્થ વધરે ખીલ્યા : 'કમજાત! મૂજી! સૂવરના બચ્ચા!' સામાન્ય રીતે આવા શબ્દો સાંભળવાને ન ટેવાયેલા એ સૌમ્ય પ્રકૃતિના ગણિતશાસ્ત્રી એકસામટી આટલી ગાળો સાંભળી ઉશ્કેરાઈ ગયા.

'ચૂપ કર-' એટલું કહીને હવે કયું વિશેષણ વાપરવું તે ન સૂઝવાથી ગૂંચવાઈને એ જરા થંભ્યા. પણ પછી એકાએક જાણે અંદરથી સ્ફુરણા થતી હોય એમ શબ્દો એમના મુખમાંથી બહાર સરી પડ્યા : 'મૂગો મર - હાઇપોટેન્યુસ! ટેન્જન્ટ!' પેલા ગાલિપ્રદાનમાં નિષ્ણાત ગૃહસ્થ આ નવી જ 'ગાળો' સાંભળીને જરા છોભીલા પડ્યા, પછી એમણે ય પોતાના ભાથામાંથી નવાં બાળ છોડવાં માંડ્યાં :

'શું કહે છે તારા બાપને! ફરી બોલ માંકડા! ભૂંકે છે શું ગદ્ધા?'

'અરે! બેસ, બેસ! આઇસોસિલિસ! કાળું કર અહીંથી પાઇથેગોરાસ!' ગણિતશાસ્ત્રીએ જવાબમાં એમના જેટલા જ ઉગ્ર સ્વરે કહ્યું.

'પણ તું એ બકે છે શું, સા...ભૂંડ! તારો બાપ પાઇથે, પાઇથે... જે તું કહેતો'તો તે.' પાઇથેગોરાસને અડધો કરી નાખતાં પેલા નિષ્ણાતે કહ્યું.

'જાય છે કે નાઈનપોઇંટ સર્કલ? કોશંટ! જી.સી.એમ. ડિનોમિનેટર! બાઇનોમિયલ થિયેરમ! કોમન ફેક્ટર!' ભયંકરમાં ભયંકર ગાળ બોલતા હોય એવી ઢબે ગણિતશાસ્ત્રીએ પેલાને ચોપડાવી.

નિષ્ણાતના ભાથામાંના બાણ આખરે ખૂટી ગયાં અને એ પરાજિત થઈને પાછો ફર્યો. પાછળથી એક એના મિત્રને આ વાતની ખબર પડતાં એણે ટકોર કરી: 'અલ્યા, મરદ જેવો મરદ થઈને પંતુજીથી હારી ખાધું!' ત્યારે એણે જવાબ દીધો: 'પણ એ બુદ્ધુએ કંઈ ગાળો દીધી છે! બધી જ નવી ને અજાણી! આપણાથી તો બોલાય પણ નહિ એવી!'

આમ ગાલિપ્રદાનના વિષયમાં શબ્દનું જેટલું મહત્ત્વ છે તે કરતાંયે વિશેષ ઉચ્ચારનું છે.

કહે છે કે નાનપણમાં જે સંસ્કાર પડે છે તે દૃઢમૂલ હોય છે. માથે અંબોડો હોવાથી મને કેટલાક છોકરી કહે છે એમ લાગવાને લીધે મને માથાના વાળ પ્રત્યે અનાદરનો ભાવ જન્મ્યો. મોટો થયો, અંબોડો ગયો ને એને બદલે મારા માથા પર પુરુષોચિત બાબરા આવ્યા, પણ મનની અંદર નિગૂઢ રહેલો પેલો અનાદરનો ભાવ ગયો નહિ. એનાથી પ્રેરાઈને હું વાળની રક્ષા પ્રત્યે બેધ્યાન બન્યો. વાળ કપાવવા, ચોળવા, એમાં તેલ નાખવું, હોળવા ઇત્યાદિ ઇત્યાદિ કેશપ્રસાધનોની ક્રિયા પ્રત્યે મેં ઉપેક્ષાવૃત્તિ સેવવા માંડી. પણ થોડા વખત પછી મને મારી ભૂલ સમજાઈ. મેં તે પછી વાળ પ્રત્યે પૂરતું લક્ષ આપવા માંડ્યું પણ નાનપણમાં કરેલી ભૂલનું પરિણામ મોટપણે ભોગવવાનું આવ્યું : મારા માથા પર ઉંમરના પ્રમાણમાં વહેલી ને શરીરના પ્રમાણમાં મોટી એવી ટાલ પડી!

['રોગ, યોગ અને પ્રયોગ' માંથી]

■

- મૃત્યુએ આપણા વાળ પકડ્યા છે એ જાણવા છતાં ધર્મનું આચરણ થતું નથી એથી વધુ આશ્ચર્યની વાત કઈ હોઈ શકે?
- મૃત્યુ બધું જ ભૂંસી નાખે છે- સત્ય સિવાય. **- અનામી**

નવા વર્ષના સંકલ્પો

☐ બકુલ ત્રિપાઠી



આજથી આખું વર્ષ વહેલા ઊઠવું છે.
હવેથી નિયમિત નોંધપોથી રાખવી.
આજ પછી કસરત કરી ન હોય તે દિવસે જમવું નહીં.
કદી ચા ન પીવી.
હંમેશાં દોઢ કલાક ધ્યાન.
ત્રણ કલાક વાંચવું, વાંચવું ને વાંચવું જ.
રોજ ગીતાનો એક એક શ્લોક...
પાઈએ પાઈનો વ્યવસ્થિત હિસાબ...

આખા સમાજમાં જે દિવસે આ મંત્રોનું મનોમન ઉચ્ચારણ શરૂ થઈ જાય ત્યારે સમજવું કે તે દિવસે બેસતું વર્ષ છે. (જેમ શરદપૂનમની ચાંદનીનું વાતાવરણ કવિઓને ગાંડા બનાવે છે, તેમ બેસતા વર્ષના દિવસની હવા પણ સામાન્યજનોના મનમાં કંઈક નવો ચમકારો લાવી દે છે.) આપણને એકદમ બુદ્ધ, મહાવીર, વિવેકાનંદ કે નેપોલિયન થવાની હોંશ થઈ આવે છે; જીવનનાં વર્ષો નિરર્થક સરી જતાં લાગે છે, અને એકદમ કંઈક કરી નાખવું - કંઈક તો કરી જ નાખવું એમ થઈ આવે છે. રસમીમાંસકો કહે છે કે ઉત્સાહના સ્થાયી ભાવનો સંચારી ભાવ વીરરસ છે. એટલે જ કદાચ દિવાળીનો ઉત્સાહ ઘણાને માટે વીરરસમાં પલટાઈ જાય છે, એમની આંખમાં ચમક આવે છે અને કોઈ ધન્ય પળે એ આત્મસુધારણા માટે સંકલ્પ કરી નાખે છે : 'આજથી રોજ આ કરવું.' 'હવેથી કદી આ ન કરવું!'

પણ આ સંકલ્પોની મજા જ એ છે કે એ 'કરતાં' જેટલી મજા આવે છે એટલી 'પાળતાં' નથી આવતી. દાખલા તરીકે મને જ એક બેસતા વર્ષે કોઈએ સલાહ આપી કે મારે આત્મસુધારણા માટે કંઈ ઉચ્ચ સંકલ્પ કરવો. વહેલા ઊઠવાનું ઠરાવીને જો હું રોજ સાતને બદલે પાંચ વાગ્યે ઊઠું તો વર્ષે મારા ૭૨૦ કલાક બચે, ને પચાસ વર્ષની જિંદગીમાં ૩૬,૦૦૦ કલાક બચે. એટલે રોજ ફક્ત બે કલાક વહેલા ઊઠવાથી મારી જિંદગીમાં લગભગ ચાર વર્ષ જેટલો મબલક વધારો થાય!

આ વિચારથી ભોળવાઈને મેં તો સંકલ્પ કરી નાખ્યો કે, બસ કોઈ દિવસ પરોઢના પાંચથી મોડા ઊઠવું નહીં. બેસતા વર્ષને દિવસે તો જાણે પાંચ વાગ્યે ઉઠાયું, પણ એ દિવસના થાકને લીધે, બીજની સવારે તો સાડાસાતે જ ઊઠ્યો. પછી પાંચ સુધી

તો જાણે દિવાળી જ કહેવાય, એટલે મોડા ઊઠવામાં વાંધો નહીં. છઠ્ઠને દિવસે પાંચ વાગ્યે જ ઊઠવું'તું, પણ બન્યું એવું કે બીજે દિવસે પાંચ વાગ્યે ઊઠવાનું છે એ વિચારે પાંચમની રાત્રે મને એટલી બધી ચિંતા થઈ કે રાતના દોઢ સુધી ઊંઘ જ ન આવી! આથી છઠ્ઠની સવારે પણ આઠ વાગ્યે ઉઠાયું. છતાં સાતમે દિવસે તો સંકલ્પ તાજો કરીને એલાર્મ ગોઠવ્યું યે ખરું, પણ બીજે દિવસે સાડાઆઠે જ ખબર પડી કે કાંટો ખોટો ગોઠવાયો! પછીને દિવસે એલાર્મ ગોઠવતાં ધ્યાન રાખ્યું તો વળી ઘડિયાળ બગડી ગયું અને વહેલા ન ઉઠાયું. કાર્તિકી પૂર્ણિમા સુધી ઘડિયાળનું સમારકામ ચાલ્યું. વદ પડવાની રાત્રે એલાર્મ તો ગોઠવ્યું, પણ ચાવી આપવાનું ભૂલી જવાથી રાત્રે અઢી વાગ્યે ઘડિયાળ જ બંધ પડી ગયું!

આમ અનેક મુશ્કેલીઓ વટાવતાં વટાવતાં સાતને પાંચ વાગ્યે બરાબર એલાર્મ વાગ્યું. એટલે સાડાપાંચે ઊઠ્યો તો ખરો; પણ પછી વિચાર આવ્યો કે ઊઠ્યા પછી દસ મિનિટ રહીને સૂઈ જવામાં વાંધો નહીં. એમ કરવાથી કંઈ સંકલ્પનો ભંગ નથી થતો. પાંચ વાગ્યે ઊઠીને પાછા સૂઈ જઈએ તો ય પાંચ વાગ્યે ઊઠ્યા તો કહેવાઈએ જ ને? થોડા દિવસ આ પ્રમાણે કર્યા પછી એક વાર સવારે પાંચ વાગ્યે સૂતે સૂતે જ વિચાર આવ્યો કે, 'હે જીવ, આ બધી ઉપાધિ શાને? ચાર વર્ષ વધુ જીવવાને માટે જ ને? જીવનનો એવો મોહ શો? સંતો-મહાત્માઓ તો જીવનની માયા મૂકવાનું કહી ગયા છે, ત્યારે હું તો વહેલો ઊઠીને એ માયા વધારી રહ્યો છું! આવો મોહ શું કામ રાખવો?'

મારી આત્મસુધારણા તો આમ ફિલસૂફીને પંથે ચડી ગઈ, એટલે પેલો વહેલો ઊઠવાનો સંકલ્પ પણ, શબ્દરચના હરીફાઈના અરધા ભરાયેલા વ્યૂહ જેવો, એમ ને એમ પડી રહ્યો.

બેસતા વર્ષને દિવસે ઉત્સાહમાં આવી જઈને કરેલા મોટા ભાગના સંકલ્પોની આ જ ગતિ થાય છે. એક જણે દિવાળીની રાતથી જ ચા છોડી દીધેલી. એમનો સંકલ્પ જીવેલો પણ ખરો! એક અઠવાડિયું; બે અઠવાડિયાં, ત્રણ અઠવાડિયાં... એમણે ચા ન પીધી તે ન જ પીધી. માતાનો પ્રેમ, પિતાની આજ્ઞા, ભગિનીનાં આંસુ, પત્નીની ધમકી, મિત્રોની મશ્કરી, ચાની જાહેરખબરો - કોઈ એમને ચળાવી ન શક્યું. એમના એ સંયમનો મહિમા દિશદિશામાં ગાજી રહ્યો. છેક સ્વર્ગમાં પણ એના તરંગ પહોંચ્યા ને ઇન્દ્રનું આસન પણ ડોલી ઊઠ્યું. પરંતુ થોડાંક અઠવાડિયાં પછી જ્યારે એ ભાઈ એક ધન્ય ક્ષણે જ્ઞાન થયું કે ચા પીવાથી ઉપવાસમાં રાહત રહે છે એટલે એમણે હળવે રહીને ચા પીવા માંડી. એ પછી તો, બેચાર મહિને માંદગી થઈ તો યે ચા તો રહી જ પડી. અને હવે તો એ સાજા થઈ ગયા પછી પણ રોજના સાત સાત પ્યાલા ચા પીએ છે. આમ એમની માંદગીને બહાને એમનો

સંકલ્પ સ્વર્ગે સિધાવ્યો અને ફરી કદી એણે પુનર્જન્મ ન લીધો.

એક સંબંધીએ નવા વર્ષને દિવસે ક્રોધને જીતવાનો સંકલ્પ કરેલો, આમ તો એ વાતવાતમાં ચિડાય ને પાન ખરતાં પીડાય એવો એમનો સ્વભાવ. પણ બેસતા વર્ષને બીજે દિવસે સવારે તો આ સંકલ્પના સંતોષમાં મલકાતા મુખે એમણે પત્નીને બૂમ મારી : 'અરે, સાંભળે છે કે?'

'શું છે?' અંદરથી જ શ્રીમતીએ જવાબ આપ્યો.

'હવે, અહીં આવ તો ખરી!'

'પણ છે શું?... લ્યો, કહો, શું કામ છે?'

'જો,' એમણે સ્મિતથી શોભતા મુખડે કહેવા માંડ્યું, 'ગઈ કાલથી મેં નક્કી કર્યું છે કે કદી કોઈના શબ્દોથી અકળાવું નહીં... હોય, દુનિયા છે કહીને હસી નાખવું.'

'ઠીક.' પત્નીએ પાછા ફરવા જતાં કહ્યું.

'તને મારો આ સંકલ્પ ન ગમ્યો?' એમણે પૂછ્યું.

'ગમ્યો; પણ પાળો ત્યારે ખરા.'

'શું કહ્યું?' એમનું સ્મિત વિલાયું, 'પાળો ત્યારે ખરા એટલે? શું મારામાં એટલો નિયમ પાળવાની પણ તાકાત નથી?'

'હશે તો જોઈશું ને?'

'એટલે? તું તારા મનમાં સમજે છે શું? હું તે કંઈ... હું તે કંઈ...' અને ખલાસ! એન્જિન બગડ્યું, મિજાજ છટક્યો. એ તો આખી સોસાયટી ગજાવતાં જતા હતા, ત્યાં એમનાં શ્રીમતીએ એમને યાદ કરાવ્યું કે એમનો સંકલ્પ એમણે ત્યાં ને ત્યાં જ તોડ્યો હતો, ત્યારે જ માંડ માંડ એ શાંત પડ્યા!

આમ, નવા વર્ષના સંકલ્પો એટલે વહેલી પરોઢની ઝાકળ. બે ઘડી સંતોષ આપી પાછું ઊડી જવાનું. વૈશાખની બપોરે જેમ વંટોળિયા જાગી જાગીને પાછા સૂઈ જાય છે અથવા તો શિયાળાની સવારે જગતના કો'ક અગમ્ય ખૂણેથી એકાદ શરદીનું મોજું આવી આપણો કબજો લઈ લે છે અને દિવસભર રમાડી-રડાવીને અંતે આવ્યું હતું એમ અનંતમાં ચાલ્યું જાય છે, કે પછી ઉસ્તાદના જલસામાં કોઈ સંગીત બરાબર જામ્યું હોય ત્યારે ઊંઘનું એકાદ ઝોકું આપણને પાવન કરીને, તબલાની પાછી એક જબરદસ્ત થાપે આપણને ચમકાવીને ભાગી જાય છે, એમ આત્મસુધારણાના ઉત્સાહનું મોજું પણ દર બેસતા વર્ષે આવે છે અને આવીને પાછું ઊડી જાય છે. વર્ષને આરંભે હોય છે એટલા વ્યાયામવીરો આખા વર્ષમાં નથી હોતા. કારતકની શરૂઆતમાં હોય છે એટલા ગીતાભક્તો બીજા અગિયારે મહિનામાં નથી હોતા. બેસતા વર્ષને બીજે અઠવાડિયે હોય છે એટલા સંયમીજનો બાકીનાં વર્ષભરમાં ક્યારેય જણાતા નથી. તે આ કારણે જ. **['બત્રીસ લક્ષણા બકુલ ત્રિપાઠી' માંથી]**

કૌન બનેગા કરોડપતિ?

☐ રતિલાલ બોરીસાગર



[**કૌ**ન બનેગા કરોડપતિ?'ની વધુ એક શ્રેણી અત્યારે શરૂ થઈ છે.

અગાઉ એક વખત આ શ્રેણી પ્રસારિત થઈ હતી એ વખતની વાત છે.]

'તમે વાંચ્યું?' એક મિત્રે ટેલિફોન પર પૂછ્યું. આ મિત્ર હંમેશાં અધ્ધરથી જ વાતની શરૂઆત કરવા માટે ટેવાયેલા છે. આપણા ટેલિફોનતંત્ર પર એમને એટલો બધો ભરોસો છે કે ટેલિફોનમાં રોંગ નંબર પણ ક્યારેક લાગે એવું એ માનતા નથી. એમનો આત્મવિશ્વાસ પણ એટલોબધો જબ્બર છે કે પોતાનાથી ક્યારેક રોંગ નંબર પણ જોડાઈ જાય એવું પણ એ માનતા નથી, એટલે ફોન જોડાય કે તરત એ વાત શરૂ કરી દે, અને તે પણ સાવ અધ્ધરથી! રોંગ નંબર પર પાંચ મિનિટ સુધી વાત કર્યે રાખવાનો એમનો રેકોર્ડ છે. આજે પણ એમણે એમ જ અધ્ધરથી વાત શરૂ કરી.

'શું વાંચવાની વાત કરો છો? અઠવાડિક રાશિ ભવિષ્ય? આ વખતના મારા અઠવાડિક રાશિ ભવિષ્યમાં છે કે તબિયત નરમ-ગરમ રહેશે. મારી તબિયત ગરમ તો ક્યારેય રહેતી નથી, પણ નરમ થવાની રાહ જોઈ રહ્યો છું. આજ સવારથી સહેજ સહેજ માથું દુખવા માંડ્યું છે.' મેં કહ્યું.

'શું તમેય યાર, અધ્ધરતાલ દીધે રાખો છો. હું કે.બી.સી.ના 'ગુજરાત સ્પેશિયલ'ની વાત કરું છું.

'કે.બી.સી. શું છે? આપણા દેશનું તંત્ર જે રીતે ચાલે છે એને માટે કે.બી.ડી. - કોના બાપની દિવાળી - એવો રૂઢિપ્રયોગ દેશ આઝાદ થયો ત્યારથી પ્રચલિત છે એ હું જાણું છું.'

'કે.બી.સી. એટલે 'કૌન બનેગા કરોડપતિ?' સામાન્ય જ્ઞાનની કસોટીના આ કાર્યક્રમના ટૂંકાક્ષરી નામનું પણ તમને સામાન્ય જ્ઞાન નથી. તમને શું કહેવું?'

'તમે મિત્ર છો, જે ઇચ્છો તે કહી શકો છો; પણ, હું આ શો જોઉં છું; અમિતાભ બચ્ચન મારા પ્રિય અભિનેતા છે; એમના વ્યક્તિત્વની શાલીનતા પણ

મને ખૂબ ગમે છે. વળી, મારા જ્ઞાન કરતાં મારું અજ્ઞાન કેવું અગાધ છે એની ખબર મને આ શોના દરેક હપ્તા વખતે પડે છે. આ કારણે મારી નમ્રતામાં ઠીક-ઠીક વધારો થયો છે.'

'અજ્ઞાન તો બધામાં હોય. પણ આવું અજ્ઞાન?'

'તમે જે અજ્ઞાન વિશે કહી રહ્યા છો એના વિશે પણ હું અજ્ઞાત છું. પ્લીઝ, જરા ફોડ પાડીને કહો.'

'કે.બી.સી.નો 'ગુજરાત સ્પેશિયલ'નો કાર્યક્રમ હતો.'

'ગુજરાત સ્પેશિયલ એટલે?' વળી મેં મારું અજ્ઞાન પ્રગટ કર્યું.

'મને લાગે છે કે હું ખોટા માણસ જોડે વાત કરી રહ્યો છું.' મિત્ર નારાજ થઈ ગયા.

'ના, ના, વાત તો તમે સાચા માણસ જોડે જ કરી રહ્યા છો. ટેલિફોનમાં આપણે જે નંબર જોઈતો હોય તે જ નંબર જોડાય એવા જે કિસ્સાઓ બને છે એવો જ આ કિસ્સો છે. તમે વાત કરો.'

'કે.બી.સી.એ. પ્રદેશવાર સ્પર્ધકો બોલાવવાનું પણ આયોજન કર્યું છે. બે દિવસ પહેલાં ગુજરાતનો વારો હતો. એમાં પ્રથમ દસ સ્પર્ધકોને અમિતાભે 'ફાસ્ટેસ્ટ ફિંગર ફર્સ્ટ'વાળા પ્રશ્નમાં દ્વારકા, સોમનાથ, કંડલા, પોરબંદર - આ ચાર સ્થળોને દક્ષિણથી ઉત્તર તરફ ક્રમસર ગોઠવવાનું કહ્યું. સ્થળો ગુજરાતનાં હતાં, ઉત્તરદાતાઓ પણ ગુજરાતના જ હતા અને છતાં દશમાંથી માત્ર એક જ ગુજરાતીનો જવાબ સાચો પડ્યો. બોલો!'

'આમ જુઓ તો હું એ દસમાં હોત તો મારું સ્થાન પણ વિશાળ બહુમતીની જોડે જ હોત!' હું બોલ્યો.

'હેં? તમને ગુજરાતનાં સ્થળોની દિશાની પણ ખબર નથી?' મિત્રે તુચ્છકારથી કહ્યું.

'મિત્ર! મારી સોસાયટીમાં હું ચાલીસ વરસથી રહું છું. પણ એનો મોટો દરવાજો કઈ દિશામાં છે ને નાનો દરવાજો કઈ દિશામાં છે એની મને ખબર નથી.'

'તમને પીએચ.ડી.ની. ડિગ્રી કોણે આપી?' મારા બદલે યુનિવર્સિટી પર અને મારા પીએચ.ડી.ના પરીક્ષકો પર મિત્રે હુમલો કર્યો.

'સામાન્યજ્ઞાનના વિષય પર મેં પીએચ.ડી. નથી કર્યું અને જે વિષય પર પીએચ. ડી. કર્યું છે એમાં પણ મારું જ્ઞાન ઘણું સામાન્ય છે.'

આ પછી અમારી વાતચીત આગળ ન ચાલી. જે કંઈ થોડી વાત ચાલી એમાં પણ મિત્રે મુખ્યત્વે મારા અજ્ઞાન અંગે મારા પર ફિટકાર વરસાવ્યો.

મારું જ્ઞાન ઘણું સામાન્ય છે અને મારું અજ્ઞાન અસામાન્ય છે એ સાચું છે.

બીજાઓ તો આ જાણે જ છે, પણ હુંય જાણું છું. સોમનાથથી દ્વારકા કઈ દિશામાં છે કે અમદાવાદથી સોમનાથ કઈ દિશામાં છે તે હું જાણતો નથી. વેરાવળ અનેકવાર ગયો છું, પણ સ્ટેશને ટ્રેનની રાહ જોતો ઊભો હોઉં એ વખતે કોઈ અજાણ્યો મુસાફર ટ્રેન કઈ બાજુથી આવશે એમ પૂછે છે ત્યારે હું એનો ઉત્તર વાળી શકતો નથી. શાળામાં ભણતો ત્યારે વિજ્ઞાનના પેપરમાં ખાલી જગ્યાના પ્રશ્નમાં 'હોકાયંત્રની સોય હમેશાં----- દિશા તરફ જ હોય છે.' એવી ખાલી જગ્યાના જવાબો સવારે જ ગોખ્યા હોવાને કારણે હંમેશાં સાચો જવાબ જ લખતો. પણ એસ.એસ.સી. થયા પછી રેલવેની નોકરી માટેના ઇન્ટરવ્યુમાં હોકાયંત્રની સોય કઈ દિશા બતાવે છે એવા સવાલનો જવાબ મને આવડ્યો નહોતો. હું રેલવેના ડ્રાઇવરની નોકરીના ઇન્ટરવ્યુમાં નહોતો ગયો તો પણ મને દિશાનો પ્રશ્ન શા માટે પૂછ્યો એવો પ્રશ્ન મને થયેલો. આમ છતાં, સોમનાથ કે દ્વારકાના મંદિરમાં જવાનું થાય છે ત્યારે દિશા વિશેના મારા અજ્ઞાનને કારણે પ્રભુ નારાજ થયા હોય એવું મને ક્યારેય લાગ્યું નથી.

જીવન સામાન્ય જ્ઞાનથી નહિ, પણ સામાન્ય સમજથી જીવવાનું હોય છે એટલું જ સામાન્ય જ્ઞાન જીવનમાં પૂરતું છે. દુનિયાનું વધુમાં વધુ વસ્તીવાળું શહેર કયું, એનો જવાબ જીભને ટેરવે રાખવા કરતાં આપણું કુટુંબ ઓછી વસ્તીવાળું રાખવાની સમજ કેળવવી એમાં વધુ ડહાપણ રહેલું છે. જગતના નકશામાં કોઈ પણ શહેર ફટાક કરતું શોધી આપનાર ભૂગોળના અધ્યાપક એવા મારા એક મિત્ર કોઈના ઘરે ગમે એટલી વાર ગયા હોય તો પણ જો છેલ્લે ગયાને ઝાઝો સમય થઈ ગયો હોય તો પોતાની મેળે એ ઘર શોધી શકતા નથી! અમારા બીજા એક મિત્ર છાપામાં સામાન્ય જ્ઞાનની કોલમ લખે છે. ન્યુયોર્ક અમદાવાદથી કઈ દિશામાં આવેલું છે, એટલું જ નહિ કયા ખૂણે, કેટલે અંશે આવેલું છે એની પણ એમને ખબર છે; પરંતુ, એમને એકવાર અમાસની રાત્રે પાલડી બસસ્ટેન્ડ પર ઊભાં ઊભાં મેં પૂછેલું કે નવરંગપુરા પોસ્ટઓફિસ અહીંથી જે દિશામાં આવેલી હોય એ દિશાનું નામ બતાવો. તો એ એકદમ મૂંઝાઈ ગયેલા. શાકભાજીનાં નામ, પ્રકાર, કયાં શાકભાજીને કેટલો વરસાદ જોઈએ, કેવી જમીન જોઈએ, કયાં શાકભાજી કઈ ઋતુમાં થાય, કયાં શાકભાજીમાંથી કયાં વિટામિનો મળે વગેરેની સઘળી માહિતી જીભને ટેરવે રાખનાર અમારા એક મિત્રને શાક લેતાં આવડતું નથી! કેટલાંક શાકભાજી એ જોયે ઓળખતા પણ નથી. બ્લેડ વિશે ઝીણામાં ઝીણી માહિતી ધરાવતા અમારા એક સ્નેહીને આજે પણ હાથે દાઢી કરતાં આવડતું નથી. દાઢી કરાવવાના ભાવ આટલા વધી ગયા તો પણ એમને વાળંદની સહાય

લેવી પડે છે. અલબત્ત, અસ્ત્રા વિશે એ વાળંદ કરતાંય એ વધુ ઊંડાણથી જાણે છે! 'ઘઉં' વિશે અનેક યુનિવર્સિટીઓમાં વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો આપી ચૂકેલા અમારા એક મિત્રનાં પત્ની ઘઉં ખરીદવામાં આ જ્ઞાની પતિની મદદ લેવાનું જોખમ ક્યારેય લેતાં નથી.

'કૌન બનેગા કરોડપતિ?'ની શ્રેણી દર વખતે ખૂબ જ રસપ્રદ હોય છે. આ શ્રેણી જોવામાં ખૂબ જ આનંદ આવે છે - ને સાથેસાથે જાતભાતની માહિતી (knowledge) મળવા ઉપરાંત આપણને જ્ઞાન (wisdom) પણ પ્રાપ્ત થાય છે; પરંતુ, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સામાન્ય જ્ઞાનનું પ્રશ્નપત્ર હજુ શા માટે રાખવામાં આવે છે તે મારા જેવા સામાન્ય મનુષ્યની સમજમાં આવતું નથી. આંગળીનું ટેરવું અડે અને વિશ્વ આખાનો જ્ઞાનકોષ તમારી સામે ઠલવાઈ જતો હોય તો બધું જીભને ટેરવે ચોંટાડી રાખવાની શી જરૂર? અલબત્ત, કમ્પ્યૂટર કે મોબાઇલ પાસેથી માહિતી કઢાવતાં આપણે સૌએ શીખવું પડશે. સબકો સન્મતિ દે, ભગવાન!

['મોજમાં રે'વું રે...'માંથી]

■

॥ એક નવો વાયરસ ॥

☐ મન્નુ શેખચલ્લી



'**હ**દ થઈ ગઈ! આ વાયરસ તો કોરોના કરતાં પણ વધારે ખતરનાક લાગે છે!'

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્ટેલિજન્સનો એક રિપોર્ટ જોઈને દેશના માહિતીખાતાના મંત્રી ચોંકી ઊઠ્યા છે. એમના શરીરે પરસેવો વળી ગયો છે. હૃદયના ધબકારા વધી ગયા છે, હોઠ સુકાઈ ગયા છે, જીભ તાળવે ચોંટી ગઈ છે...

'લોકોની લાગણી દુભાતી જ નથી?'

જોતજોતામાં આ રિપોર્ટની વિગતો દેશના મોટા મોટા નેતાઓ અને મોટી મોટી પાર્ટીઓના માંધાતા સુધી પહોંચી ગઈ. બધાને ધ્રાસ્કો પડ્યો : 'આ તો સૌના ધંધા બંધ કરાવશે! તપાસ કરો, આ બધું શી રીતે થયું?'

જોકે શી રીતે થયું એ આમ જોવા જાવ તો જાહેર સત્ય હતું પણ સૌ પોતપોતાની આંખે પોતાના જ આંધળાપાટા જેવાં ચશ્માં પહેરીને બેઠા હોય ત્યાં કોઈને શું દેખાય?

હકીકત એ હતી કે દેશમાં કોઈની લાગણી દુભાતી જ નહોતી! આ બધાની શરૂઆત સાવ ધીમા પગલે થઈ હતી. એક ઘસાઈ ચૂકેલા સ્ટેન્ડ-અપ કોમેડિયનને માત્ર અને માત્ર પોતાની ડૂબતી કેરિયર બચાવવા માટે ચોક્કસ જેન્ડરના લોકો માટે અત્યંત ભદ્દી અને ગંદી મજાક કરતો વિડિયો બનાવી નાંખ્યો. એને હતું કે રાતોરાત કોમેન્ટ સેક્શનમાં દોઢ કિલોમીટર જેટલી લાઈન લાગી જશે! બીજા દિવસે સોશિયલ મીડિયામાં હાહાકાર મચી જશે! ત્રીજા દિવસે ન્યુઝ ચેનલવાળા આવીને તેના મોં સામે માઈક ખોસીને અઘરા (ખરેખર તો 'ગમતા') સવાલો પૂછશે! અને ચોથે દિવસે તો દેશભરમાં ફાટી નીકળેલાં તોફાનો અને પથ્થરમારાને પગલે પોલીસ આવીને તેની ધરપકડ કરી લેશે!

પણ એમાંનું કંઈ જ થયું નહીં! વિડિયો અપ-લોડ થવા છતાં કોમેન્ટ સેક્શનમાં છૂટાં છવાયાં સ્માઈલીઝ અને LOL જ આવ્યાં! બસ! એ પછી કંઈ જ નહીં...

સ્ટેન્ડ-અપ કોમેડિયનને થયું કે કદાચ હું 'કેન્સલ કલ્ચર'નો ભોગ બન્યો છું. (અજ્ઞાત વાચકોની જાણ સારું કહી દઈએ કે દેશમાં જેની બોલતી બંધ કરવી હોય તેને સોશિયલ મીડિયામાં 'કેન્સલ' યાને કે 'બ્લોક' કરી દેવાની અમુક જૂથો ઝુંબેશ ચલાવતા થઈ ગયા છે) કોમેડિયને બે ચાર કેન્સલ ઝુંબેશ ગ્રુપોનો સંપર્ક કર્યો. એમણે એટલું જ કહ્યું : 'હુ કેર્સ?'

Who cares? બસ? આટલું જ?

કોઈને પરવા જ નથી? કોમેડિયનને આઘાત લાગી ગયો. તે કોમામાં જતો રહ્યો. (મતલબ કે તેણે એવું સ્ટેટસ મૂક્યું, સોશિયલ મીડિયામાં) તોય કશી અસર નહીં!

હદ થઈ ગઈ! એક ઇન્ટેલિજન્ટ, સોશિયલી રેલેવન્ટ, એન્ગ્રી, રેબેલ અને ફ્રીડમ ઓફ એક્સપ્રેશનમાં માનતો કોમેડિયન 'કોમા'માં જવાનું સ્ટેટસ મૂકે છે છતાં કોઈને કશી પડી નથી?

જોકે આ ઘટનાની તો CBIના રિપોર્ટમાં નોંધ સુધ્ધાં નહોતી. આવી જ એક બીજી ઘટના CBIની તીક્ષ્ણ નજરમાંથી ચુકાઈ ગઈ હતી. એક ક્રાંતિકારી કવિ. જે સતત પોતાની કવિતાઓમાં ધાર્મિક ટીકાઓ કરતા હતા તેને પણ આવું જ થયું હતું. એ કવિ તો બે અલગ અલગ ઉપનામ અને અલગ અલગ ફેસબુક એકાઉન્ટો રાખીને અલગ અલગ ચહેરા સાથે બંને ધર્મો વિશે અત્યંત 'ક્રાંતિકારી' ટીકા ટિપ્પણીઓ સાથેની કવિતાઓ લખતા હતા. ધીમે ધીમે એમની કવિતાઓને

મળતો 'રિસ્પોન્સ' ઘટતો જ જતો હતો! આ કવિનો જ્યારે સૂર્ય તપતો હતો ત્યારે એમના લાખો ફોલોઅર્સને કારણે તે સોશિયલ મીડિયામાં 'ઇન્ફ્લુએન્સર' બનીને સારી એવી કમાણી કરી લેતા હતા. એમને વિવિધ બ્રાન્ડના ગંજી જાંઘિયા, આયુર્વેદિક જડીબુટ્ટી તથા ચમત્કારી યંત્રથી લઈને ગર્ભનિરોધક સાધનો તથા પોર્ન વેબસાઈટનાં નામોને પણ પોતાની કવિતામાં ચાલાકીપૂર્વક વણી લેવા માટે સ્પોન્સરશીપો મળતી હતી.

આ કવિતા કોમેન્ટ સેક્શનમાં પણ ધીમે ધીમે શૂન્યાવકાશ ફેલાવા લાગ્યો હતો. જેમ જેમ કંપનીઓને આ વાતની ખબર પડી તેમ તેમ તેમની પાસેની બ્રાન્ડ ઘટતી જતી હતી. નવાઈની વાત જોકે એ હતી કે એમના ફોલોઅર્સ કે સબસ્ક્રાઈબર્સની સંખ્યામાં જરાય ઘટાડો થયો નહોતો! બસ, કોમેન્ટો જ નહોતી આવતી! કવિ પરેશાન હતા પણ આ અંગત અને ઊંડી ઊંડી, ગુપ્ત રીતે દુભાયેલી લાગણી કહેવી કોને?

સીબીઆઈની નજરમાં સૌથી પહેલો નોંધાયેલો કેસ એક બુદ્ધિજીવીનો હતો. તે એક યુનિવર્સિટીમાં માનદ પદે બેસીને તગડો પગાર પણ લેતા હતા. એમના લેખો વિવિધ અખબારોમાં છપાતા હતા. તેઓને વારંવાર ટીવીની ડિબેટમાં આમંત્રણ મળતાં તેમને આંતરરાષ્ટ્રિય સેમિનારોમાં જઈને ભાષણો કરવા માટે વિમાન - હોટલ વગેરેની સુવિધા ઉપરાંત પુરસ્કારો પણ માતબર રકમના મળતા હતા. આ બુદ્ધિજીવીનો વિરોધ કે સપોર્ટ બંને ઘટતા જતા હતા. ગભરાઈને તે પ્રોફેસર સાહેબે પોતાના જ લેખો, ભાષણો વગેરેનો પોતે જ અશ્લીલ, ગલીચ ભાષામાં વિરોધ કરતી કોમેન્ટો લખવા માંડી! આમાં કોઈ સોશિયલ મીડિયાની સર્વેલન્સ સિસ્ટમમાં તેઓ ઝડપાઈ ગયા. જોકે મોટો હોબાળો થાય એ પહેલાં આખી વાતને રાજકીય પેપરવેઇટ વડે દબાવી દેવામાં આવી હતી છતાં CBIની સૂક્ષ્મ નજરે તો તે ચડી જ ચૂકી હતી.

બીજી તરફ 'મોજ' 'મસ્તી' 'ટકા-ટક' 'ફટા-ફટ' જેવી એપ્સ ઉપર માત્ર પોતાની મઝા ખાતર જે બિચારા સામાન્ય લોકો મસ્તીભર્યા વિડિયો મૂકતા હતા. એમને તો ખબર જ નહોતી કે આ બધી મજાક મસ્તી વડે કોઈની લાગણી હવે દુભાતી જ નથી!

આ ગુપ્ત રિપોર્ટ આવ્યો તે પહેલાં અમુક ફિલ્મી કલાકારોને તો ગંધ આવી જ ગઈ હતી કે આપણે જે કંઈ લવારા કરીએ છીએ તેનાં 'રિએક્શનો' આપણી મીડિયા-મેનેજમેન્ટ કંપની જ આપે છે, બાકી, સામાન્ય પ્રજામાં તેની કોઈ અસર હતી જ નહીં! ક્યાંક ઉદ્‌ઘાટન કરવા જઈએ કે કોઈ જાહેર મનોરંજન કાર્યક્રમમાં પહોંચીને પોતાની ઉપર કાળી શાહી છંટાવવી કે કપડાં કાઢીને કોઈ રસ્તામાં

આળોટવા લાગે એવી ઘટનાઓ ઊભી કરવી તો એમની મીડિયા-મેનેજમેન્ટ કંપનીઓ કરી આપતી હતી, પરંતુ એ સિવાય એમને ક્યાંય 'લોકજુવાળ' દેખાતો નહોતો.

લોકજુવાળ તો નેતાઓને પણ ક્યાંથી દેખાવાનો હતો? પરંતુ ધીમે ધીમે જ્યારે ભાડૂતી ભીડ પણ પહેલાં કરતાં ચાર- ચાર ગણા પૈસા માગવા લાગી ત્યારે એમને શંકા પડવા લાગી હતી. ટીવી ચેનલો અને મીડિયા હાઉસને તો આખી વાતને ખબર જ નહોતી! દેશમાં ચાલી રહેલી દસે દસ જાતની વિચારસરણી ધરાવનારા સૌ ચેનલો એવા જ કેફમાં હતી કે અમારા સિવાયના બધા જ લોકો મુરખ, દેશદ્રોહી અને ઝેરીલી વિચારસરણીવાળા છે.

પરંતુ આ ગુપ્ત રીપોર્ટ 'લીક' થતાં જ (સાચા અર્થમાં લીક થતાં) ખળભળાટ મચી ગયો! રાજકારણીઓ, મીડિયા મુઘલો, ગુન્ડાઓ, ધર્મના વડાઓ, ભીડ સપ્લાયરો, મંડપ કોન્ટ્રાક્ટરો વગેરેથી માંડીને બુદ્ધિજીવીઓ, ફિલ્મ સ્ટારો, કવિઓ અને કોલેજોના ટ્રસ્ટીઓ સુધ્ધાં અંદરથી ફફડવા લાગ્યા.

જોકે હજી મીડિયામાં આની હેડલાઈનો બની નહોતી. (કોની હિંમત છે કે બનાવે?) વાત છેક વિદેશ મંત્રાલય સુધી પહોંચી. 'ઉપરથી' આદેશ આવ્યા કે તપાસ કરો, બીજા દેશોમાં શું સ્થિતિ છે? ક્યાંક એવું તો નથીને કે આપણા જ દેશને 'ટાર્ગેટ' કરાયો છે?

રાતોરાત ઇન્ટરનેશનલ ફોનની હોટલાઈનો સક્રિય થઈ ગઈ! દેશદેશાવરોમાં ફોન થવા લાગ્યા! તપાસ કરતાં ખબર પડી કે આ તો વિશ્વવ્યાપી ઘટના છે! અમેરિકા, કેનેડા, ઈરાન, ઇરાક કે અફઘાનિસ્તાન શું, ચીન, રશિયા, ઉ.કોરિયાથી લઈને છેક વેનેઝુએલા, પપુઆ ન્યુગુનિયા અને ઉલુ-ઝુલુ જેવા સાવ નાનકડા દેશમાં પણ આ જ થઈ રહ્યું છે!

હવે તમામ મહાસત્તાઓ ભેગી થઈ ગઈ! આમ ને આમ જ ચાલ્યું તો આખી દુનિયાનું સત્તાતંત્ર કડડડ ભૂસ થઈ જશે! માત્ર સત્તાતંત્રો જ નહીં, આર્થિકતંત્રો પણ ખતમ થઈ જશે. હથિયારો કોણ ખરીદશે? અને બ્યુટિપાર્લરો પણ શી રીતે ચાલશે? ન તો બુરખા વેચાશે, કે ન તો બિકીની! જ્યાં કોઈની લાગણી જ દુભાતી નથી ત્યાં ફિલ્મોનું શું થશે? વેબસિરિઝો ક્યાં જશે? અરે, સંગીત માત્રનો પણ વિરોધ નહીં થાય તો દુનિયામાં બાકી શું રહેશે? મંજીરાં? સૌને એ સત્ય સમજાઈ રહ્યું હતું કે જો પોતપોતાની ભાષા, પહેરવેશ અને સંસ્કૃતિનો વિરોધ જ નહીં થાય તો તેને બચાવી શી રીતે શકાશે?

આખરે ભારતના એક નેતાજીના ચમચાને આઇડિયા આવ્યો. તેણે કહ્યું. 'સાહેબ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન પાસે આને પેન્ડેમિક જાહેર કરાવો!'

'વાહ! શું આઇડિયા આપ્યો છે!' નેતાજી ખુશ થઈ ગયા. ફરી રાતોરાત ઇન્ટરનેશન ફોનની હોટલાઇનો ધમધમી ઊઠી. પાવરફૂલ દેશોએ તાત્કાલિક WHO ઉપર દબાણ કરીને આ 'લાગણીશૂન્યતા' નામની ભયાનક મહામારી ફેલાઈ છે તેવું જાહેર કરાવડાવ્યું.

આ તો પત્યું. પણ હવે શું? આ મહામારી ફેલાવવા માટે દોષ કયા દેશને માથે થોપવો? ઝેર શોધ્યા વિના ઝેરનું મારણ શી રીતે મળે? નવેસરથી કસરત ચાલી. મોટી મોટી મહાસત્તાઓ એકબીજા ઉપર ઝેર ઓકવા માંડ્યું. વાત ત્યાં સુધી વણસી ગઈ કે સરહદો ઉપર સામસામાં સૈન્યો ખડકાઈ ગયાં, સેટેલાઇટ વડે ગાઈડેડ મિસાઇલો પણ છૂટી ગયાં. મકાનો ધ્વસ્ત થયાં, અમુક લોકો પણ મર્યા. છતાં નવાઈની વાત એ હતી કે લોકોની લાગણીઓ દુભાતી જ નહોતી! જાણે કોઈ નાનકડી કરુણ, કુદરતી ઘટના બની ગઈ હોય એમ નાનો મોટો અફસોસ કર્યા પછી આમ જનતા પોતપોતાને કામધંધે લાગી જતી હતી!

હવે તો છેક પેન્ટાગોન, સીઆઈએ, કેજીબી, ઇન્ટરપોલ, ગુઓન્લુ (ચીનની જાસૂસી સંસ્થા) વગેરેની સાથે આપણી રૉ અને પાકિસ્તાનની આઈએસઆઈના પેટમાં પણ તેલ રેડાઈ ચૂક્યું! આજ સુધીમાં આનાથી મોટી 'સિક્યોરીટી થ્રેટ' એમણે કદી નિહાળી નહોતી.

હવે ઉપાય એક જ હતો. આ 'લાગણીશૂન્યતા' નામની મહામારી સામે દુનિયાની પ્રજાને બચાવવા માટે એક 'વેક્સિન'ની શોધ કરવી!

દુનિયાભરના વૈજ્ઞાનિકોને ધંધે લગાવવામાં આવ્યા. તમામ દેશો એકબીજા સાથે રિસર્ચનું આદાન-પ્રદાન કરવા લાગ્યા. આવી વૈશ્વિક એકતા તો આ ધરતીએ છેલ્લાં હજારો વરસમાં પહેલી જ વાર જોઈ હતી! છેવટે અનેક લેબોરેટરી પરીક્ષણો પછી એક વૈશ્વિક વેક્સિન શોધાઈ ગઈ.

ત્યારબાદ શરૂ થયું 'વૈશ્વિક વેક્સિન અભિયાન'! જોકે એ પહેલાં, તમામ મીડિયા દ્વારા લોકોને ડરાવવામાં આવ્યા કે આ 'લાગણીશૂન્યતા' કેવાં ખતરનાક પરિણામો લાવી શકે છે. લોકોમાં ડર તો જડબેસલાક બેસી ગયો. જોવાની વાત એ પણ હતી કે તે ક્યાંય કોઈએ આ વેક્સિનને ન ધાર્મિક રંગ આપ્યો કે ન તો રાજકીય રંગ આપ્યો. બધું મહાસત્તાઓની વણલખી સ્ક્રીપ્ટ મુજબ ચાલવા લાગ્યું.

દુનિયાની નેવું ટકા વસ્તીને 'એન્ટી લાગણીશૂન્યતા'નો ડોઝ અપાઈ ગયો...

હવે માત્ર રાહ જોવાની હતી. એક મહિનો, બે મહિના, ત્રણ મહિના... સૌને આશા હતી કે ક્યાંક કોઈની લાણગી દુભાશે... ક્યાંક કોઈ પથ્થર મારી બેસશે, ક્યાંક કોઈ છરો લઈને નીકળી પડશે, અરે, કમ સે કમ કોમેન્ટ સેક્શનમાં બે

ગંદી ગાળ તો જરૂર દેખાશે!

પણ ના, સન્નાટો... માત્ર સન્નાટો!

મહાસત્તાઓની ઊંઘ હરામ થઈ ગઈ હતી. છતાં, છેવટે એક સમાચાર આવ્યા ખરા...


છત્તીસગઢના એક આદિવાસી વિસ્તારની એક સરકારી હોસ્પિટલના મેન્ટલ વોર્ડમાં વેક્સિન લીધા પછી બે કલાકમાં એક દરદીએ બૂમાબૂમ શરૂ કરી હતી. એ બૂમો પાડી રહ્યો હતો કે 'આ વેક્સિન તો એક કાવતરું છે! અમારી લાગણીઓ સાથે રમત રમવાની આખી ચાલ છે!'

છત્તીસગઢથી આ ગુપ્ત બ્રેકિંગન્યુઝ છેક દિલ્હી પહોંચી ગયા. અને પછી તો દિલ્હીથી વોશિંગ્ટન, બેઇજિંગ, મોસ્કો, લંડન, પેરિસ, ઇસ્લામાબાદ, કાબૂલ... બધે જ!

હવે સૌને આશાનું કિરણ દેખાઈ રહ્યું હતું કે ચાલો, હવે ધીમે ધીમે બધું 'નોર્મલ' થઈ જશે... ■

કોણીનું કોમ્યુનિકેશન

☐ નટવર પંડ્યા



કોણી એટલે આપણા હાથનો સાંધાનો ભાગ પણ એ જ કોણી લોકોના સાંધા ખેડવી નાખવામાં ખતરનાક ભૂમિકા ભજવે છે. કોણી માનવદેહનું અત્યંત ઉપયોગી અંગ છે. કલ્પના કરો કે કોણી પાસે સાંધો ન હોત તો! આપણે આપણા પ્રિય કે અપ્રિય પાત્રને ભેટવાની ક્રિયા કઈ રીતે કરત? હા, અપ્રિય ને પણ ભેટવું પડે છે એમને તો ઊલટાનું વધારે ભાવથી ભેટવું પડે છે. આમ કોણી એ કાળજા જેટલો જ ઉપયોગી અવયવ છે. કોણીનું કામ મોટું છે જ્યારે બધા જ અવયવો હારી બેસે છે ત્યારે કોણી કામ લાગે છે છતાં તે હંમેશાં લો-પ્રોફાઇલ રહેવામાં માને છે. તેને બહુ જાહેરમાં આવવું ગમતું નથી. આમ પણ ચૂપચાપ રહીને દેશસેવા, સમાજસેવા કરનારની કદર થતી નથી એમ કોણીએ પણ ચૂપચાપ રહીને કરેલી દેહસેવાની કદર થતી નથી.

તેથી જ અમને વિચાર આવ્યો કે કોણીની કદર કરીએ. કોણીને પોતાનું આગવું સૌન્દર્ય છે. આગવું કાર્ય છે. ટ્રેનના જનરલ ડબ્બામાં ચડતી વખતે કોઈને કોણી

મારીને આપણે તેની પહેલાં ડબ્બામાં ચડી જઈએ અને જેમ ઉંદરના દરમાં એરું ઘૂસે એમ એણે ટુવાલ મૂકીને રોકેલી જગ્યામાં ઘૂસી જઈએ ત્યારે કોણીનું સૌંદર્ય ઝળકી ઊઠે છે. બસ કે ટ્રેનની ચિક્કાર ભીડમાં જ્યાં લેશમાત્ર જગ્યા ન હોય, હૈયે હૈયું દળાતું હોય અને આપણાં અંગો આપણને જ ન કળાય એવી અડાબીડ ગીરદી હોય ત્યારે જગ્યા કરવામાં કોણી જ કામ લાગે છે. નદીમાં તરવા માટે હાથ જેટલા ઉપયોગી છે એટલી જ ટ્રેનમાં ચડવા માટે કોણી ઉપયોગી છે.

કહેવાય છે કે કોઈ સ્કૂટરવાળાએ એક બહેનની કોણી સાથે સ્કૂટર અથડાવીને તેની કોણીની કાર્યક્ષમતાને નુકસાન પહોંચાડ્યું. બહેને તે સ્કૂટરવાળા પર 'બે લાખ ત્રણસો સાડત્રીસ રૂપિયા અને પચીસ પૈસા' નો દાવો માંડ્યો.જજ સાહેબે પૂછ્યું કે બહેન તમે તમારી કોણીના વળતરનો આવો ચોક્કસ આંકડો શેના આધારે નક્કી કર્યો? ત્યારે બહેને કહ્યું કે અત્યાર સુધીમાં મેં મારા પતિ પાસેથી કોણી મારી મારીને બે લાખ ત્રણસો સાડત્રીસ રૂપિયા અને પચીસ પૈસા કઢાવ્યા છે. જજ સજ્જડ થઈ ગયા.

આમ કોણી એ પતિ પર કાબૂ મેળવવાનું અમોઘ શસ્ત્ર છે. એટલે ઘણી પત્નીઓ કોણીઓ મારી મારીને પતિને કહ્યાગરા બનાવે છે. જોકે આ એક લાંબી અને ધીરજ માંગી લે તેવી પ્રક્રિયા છે. છતાં કહ્યું છે ને કે 'કુમળા છોડને વાળો' તેમ વળે એ જ રીતે 'નબળો પતિ ડારો તેમ ડરે.' ટૂંકમાં 'ટીપે ટીપે સરોવર ભરાય' 'ટુકડે ટુકડે કૂતરો ધરાય' એમ 'કોણીએ કોણીએ કંથ કહ્યાગરો થાય' કેટલાક પતિઓ એટલે જ કાર્યક્રમોમાં પત્નીથી એટલા સુરક્ષિત અંતરે બેસવાનું પસંદ કરે છે કે જ્યાં તેની કોણી ન પહોંચી શકે.

કોણી એ કોમ્યુનિકેશનનું કલાત્મક માધ્યમ છે. જ્યારે લોકો સાથે આપણે સમૂહમાં હોઈએ અને પત્ની પતિને કંઈક કહેવા માગતી હોય પણ બીજા સાંભળે તે પોસાય તેમ ન હોય ત્યારે તે પતિના પડખામાં વૈજ્ઞાનિક ઢબે હળવો કોણીપ્રહાર કરે છે. કોણી મારતી વખતે પત્નીઓએ 'સાપ મરે નહીં અને લાઠી ભાંગે નહીં' એ સિદ્ધાંત ખાસ ધ્યાનમાં રાખે. અહીં એટલે કે 'પતિ મરે નહીં અને કોણી ભાંગે નહીં' એ રીતે કોણી મારવી. જેમ ખૂંટિયો ઢીક મારે એમ ફેરવીને પડખામાં કોણી મારવી નહીં. નહીં તો થોડા સમય પછી કોણી રહેશે અને તેનો ઝીલનારો પંચમહાભૂતમાં ભળી જશે.

હળવા-ભારે કોણીપ્રહાર ખમ્યા પછી અનુભવે કંથ સમજી જાય છે. કોણીની ભાષા સમજવાના ક્યાંય કોચિંગ ક્લાસ નથી છતાં લગ્ન પછીના ટૂંકાગાળામાં દરેક પતિઓ કોણીની ભાષા સમજતા થઈ જાય છે. કેટલાક તો એવા તૈયાર થઈ

જાય છે કે માત્ર કોણીના હલનચલન પરથી તેનો ભાવ પામી જાય છે. કોણી એ પત્નીનું ATM કાર્ડ છે, તેને જ્યારે જ્યારે નાણાંની જરૂર પડે છે ત્યારે તે પતિના પડખામાં કોણી મારીને કેશ પ્રાપ્ત કરે છે.

'કોણી મારવાનું કૌશલ્ય', 'કોણીની કાર્યક્ષમતા વધારો', 'કોણી એક કામ અનેક', 'કોણીનું સૌંદર્ય નિખારો' એવાં પુસ્તકો બજારમાં ઉપલબ્ધ નથી. તેમ છતાં કોણી દ્વારા પરફેક્ટ કોમ્યુનિકેશન થાય છે. જો કોઈ બાબતમાં ના પાડવાની હોય, પતિને રોકવો હોય, 'એને મૂકોને તડકે', 'જાય તેલ પીવા', 'આને જલ્દી છટકાવો અહીંથી.' આવું કંઈ પણ કહેવું હોય ત્યારે પતિના પડખામાં થોડી વજનદાર કોણી મારવામાં આવે છે. તબલાં પર જેમ 'ધા ધીં ના, ધા તી ના' જેવી માત્રાઓ આંગળીના ટકોરાના વજનથી (ભારથી) નક્કી થાય છે, એ જ રીતે કોણીનું કોમ્યુનિકેશન પણ આ પ્રકારના વજનના આધારે નક્કી થાય છે. આમ પત્ની પતિને કોણી મારે ત્યારે કોણીમાં વજન હોવું જોઈએ. તો જ તેના તરંગો છેક હૃદય સુધી પહોંચે છે. છતાં સોઈ-ઝાટકીને એવી કોણી ન મારવી કે કિડની ફેઇલ થઈ જાય. જો કોણીપ્રહાર જરા ભારે માત્રામાં કરવામાં આવે તો પતિ સમજી જાય કે આ પ્રહાર નકાર સૂચવે છે. રસ્તામાં બંને સજોડે નીકળ્યાં હોય અને રસ્તામાં કોઈ ઓળખીતાં ભાભી મળી જાય અને પતિને કહે કે અરે અહીં સુધી આવ્યાં છો તો ઘરે આવો, ઘરે આવો. પછી ક્યારે આવશો. સામેવાળાં ભર્યા-ભાદર્યા શરીરવાળાં ભાભીના ભાવભીના આમંત્રણથી ભાવવિભોર થઈને પતિ ત્યાં જવા માટે પ્રેરાય ત્યારે પતિને 'ટહુકાઓના પ્રદેશમાં' જતો અટકાવવા પત્ની દ્વારા તેના પડખામાં થોડી ભારે માત્રામાં કોણી મારવામાં આવે છે. જો એક કોણીથી કામ પાર ન પડે તો બીજી મારવામાં આવે છે. ત્યાર પછીની આવી દરેક કોણી પર ભારની માત્રા વધતી જાય છે. બીજી કોણીએ લગભગ મોટા ભાગના પતિ સમજી જાય છે કારણ કે તેને ખબર હોય કે ત્રીજી કોણીએ ભરબજારે ધનુષ્ય ભંગ થઈ જશે. એટલે પડખામાં પ્રહાર સહન કરતાં-કરતાં પતિ રડતા હૃદયે અને હસતા મુખે પેલા ભાભીને કહે, “હા, ભાભી અમારે આવવું જ હતું પણ ટાઈમની બહુ મારામારી છે. બીજું કે ઓફિસમાં રજાઓ પણ બધી વપરાઈ ગઈ છે એટલે ફરી વાર ક્યારેક ચોક્કસ આવીશું, નિરાંતે આવીશું.” આ રીતે કોણી દ્વારા પતિના જીવનની એક સુખદ ઘટનાનું સ્થળ પર જ બાળમરણ થઈ જાય છે. એ જ રીતે અન્ય કોઈ સગાંવ્હાલાંને (એટલે કે પતિનાં સગાં જે મોટાભાગે પત્ની ને વહાલાં નથી હોતાં) પતિ જ્યારે ઘેર આવવાનો આગ્રહ કરે ત્યારે પતિના પડખામાં ફરી એકવાર ૮.૯ રિક્ટર સ્કેલનો કોણીપ્રહાર કરવામાં આવે છે તે સાથે જ પતિની સગાને આવકારવાની માત્રા મોળી પડી જાય

છે અને નિમંત્રણનો ઘટનાસ્થળે જ કરુણ અંત આવે છે. આવી રીતે કોણી સ્વરૂપે પત્ની 'વીટો' વાપરીને ન ગમતી વાતનો વીંટો વાળી દે છે. આ રીતે વ્હાલપના વહેવારનું બાળમરણ થાય છે.

એ જ રીતે કોઈ મિત્રો, સગાંસંબંધીઓ એવાં હોય કે તેમનાં વાણીવર્તન હાસ્યાસ્પદ હોય ત્યારે તેમની મજાક ઉડાવવા માટે પણ પતિ-પત્ની પરસ્પર એકબીજાના પડખામાં હળવી ઇકો-ફ્રેન્ડલી કોણી મારે છે. જેનાથી કિડની કે પાંસળા પર કોઈ આડઅસર થતી નથી. આ રીતે બંને મળીને એક શબ્દ પણ બોલ્યા વિના પેલાની મજાક ઉડાવે છે. આ પ્રકારનું શબ્દશૂન્ય કોમ્યુનિકેશન વધુ સચોટ હોય છે. વળી તેમાં લાઘવ અને ચોટ બન્ને હોય છે. અલબત્ત પતિ-પત્ની બેમાંથી જો કોઈ એક પાત્ર વધુ પડતું સબળ હોય (લગભગ એવું જ હોય) તો બીજાએ જરા વેઠવું પડે છે. પણ સમય જતાં માત્રા સમજાઈ જાય છે.

ધારો કે આપણે કોઈ વ્યક્તિને ઉછીના આપેલા બાવન હજાર રૂપિયા બાર મહિનાથી સલવાયા હોય અને જાતક હંમેશાં 'બાવનથી બારો' જ હોય. તે શખ્સ કોઈનાં લગ્નમાં કે ફંક્શનમાં દેખાડો દે ત્યારે તેને ચૂપચાપ દબોચી લેવાનો હોય ત્યારે પતિ-પત્ની એકબીજાંને કોણી મારીને સાવધાન કરે છે. ક્યારેક આવા ઈમરજન્સીના સમયમાં કોણીથી અપૂર્ણ રહેલા કોમ્યુનિકેશનને પૂર્ણ કરવા માટે આંખોનો ઉપયોગ કરવામાં આવે છે. કારણ કે આવા નાજુક સમયે જો અવાજ થાય તો પેલો મહાનુભાવ પરિચિત સ્વર સાંભળીને માનવ મેદનીમાં ઓગળી જાય, ભૂગર્ભમાં ઊતરી જાય અને આપણાં નાણાં દૂધે તો શું પાણીથી ધોઈને પણ પરત આવવાની આશા ઓગળી જાય. ત્યારે કોણી કામ લાગે છે.

આવા સમયે જો કોઈ મળી જાય અને ઉછીનાં નાણાં માગે અને તેણે નાટક તથા આર્થિક ક્ષેત્રે યાદગાર 'રોલ' કર્યા હોય અને તેનો આર્થિક રોલ સ્પર્શી ગયો હોય ત્યારે તેને અટકાવવા માટે આપણે તેની કોણીએ ગોળ લગાડીએ છીએ. અલબત્ત આવા સમયે કોણી કે ગોળ બેમાંથી એકેય ખરેખર ચિત્રમાં આવતાં નથી. પરંતુ ત્યારે તે ગોળ જેવી મીઠી જીભથી કામ પતાવે છે અને પછી પેલાનું ધ્યાન જરાક આડુંઅવળું થાય કે તરત જ પતિ-પત્ની એકબીજાંને કોણી મારીને આખી કથા સમજી જાય છે. આમ જ્યારે આખેઆખી કથામાં જે કહી શકાતું નથી તે એક કોણી કહી દે છે ત્યારે આપણને કોણીનું મહાત્મ્ય અને સૌંદર્ય બન્ને સમજાય છે. કોણીનું સૌંદર્ય તેના દેખાવમાં નથી પણ કટોકટીના સમયે એના વડે થતા કુશળ કોમ્યુનિકેશનમાં છુપાયેલું છે.

■

અશિક્ષકની આત્મકથાનું અડધું પાનું

☐ નીતિન ઢઢેદરા



મને જોઈને મારી આસપાસના બધા લોકોને એક પ્રશ્ન અચૂક થતો - આ વલ્લભ, શિક્ષક કેવી રીતે બન્યો? ઘણીવાર તો મારા વિશેનો આ પ્રશ્ન મને પોતાને પણ થતો - 'હું શિક્ષક કેવી રીતે બન્યો?' ખરેખર તો મહાન વ્યક્તિત્વની આ જ લાક્ષણિકતા છે! તેમના વિશે જનમાનસમાં બહુ ઉટપટાંગ સવાલો થતા રહે છે અને લઘુશંકાઓ (નાની નાની શંકાઓ) પણ વહેતી રહે છે. વિશ્વાસ ન આવતો હોય તો સોક્રેટીસ, બ્રુનો કે ટાગોરને પૂછીને તમે ખાતરી કરી શકો! તેથી જ આકળવિકળ થયેલા અને ભાનસાન ગુમાવી બેઠેલા મારા આચાર્ય ગુસ્સે થઈને મને ઘણીવાર પૂછી નાખતા કે 'તમને શિક્ષક કોણે બનાવ્યા?' ત્યારે મને એ સમજાતું ન હતું કે જેને આટલુંયે સામાન્યજ્ઞાન નથી એવા માણસને આચાર્ય કોણે બનાવ્યા હશે? મારા આચાર્યશ્રીનો મારા માટેનો અભિપ્રાય એવો હતો કે મને સૂક્ષ્મદર્શકયંત્રની નીચે મૂકીને જોવામાં આવે તો પણ શિક્ષકત્વનો એક કણ મારામાં જોવા મળશે નહીં!

મને ઘણીવાર વિચાર આવતો હતો કે આ કનૈયાલાલ મુનશીની નવલકથાનો પૃથિવીવલ્લભ કેમ ખંચાયો એ તો બધા જાણે છે, પણ આ પૃથ્વી પર રહેતો વલ્લભ (એટલેકે હું) આ ક્ષેત્ર તરફ કેમ ખેંચાયો એ તો કોઈ જાણતું નથી! જનમાનસની આ ઘોર અજ્ઞાનતાને દૂર કરવાની સાથે જ આવનારી પેઢીઓને માટે ચિંતનના ધધૂડા વહાવીને, પ્રેરણાનાં પિપૂડાં વગાડવાના આશયથી હું મારી શિક્ષણક્ષેત્રની યાત્રાનો નિચોડ રેલાવી રહ્યો છું.

વિક્રમ સારાભાઈને જોઈને તેમનું ઉજ્જવળ ભાવિ ભાખતાં ટાગોરે કહ્યું હતું તેવા જ શબ્દો મને જોઈને, મારા માટે ગામના એક ગોરે વાપર્યા હતા કે 'આ બાળક એક દિવસ મોટો માણસ બનશે.' આ ગોરની ભવિષ્યવાણી સાચી ઠરી. હું મોટો માણસ થયો, પણ માત્ર શરીરમાં જ! કોઈ અગમ્ય કારણોસર દેશના વિકાસની જેમ મારો બૌદ્ધિક વિકાસ ઠપ્પ થઈને ખાડે ગયેલો. મારી જેવા માત્ર શરીરથી અથવા શરીરમાત્રથી મોટા થયેલા વિદ્યાર્થીઓને તબીબી, ઇજનેરી,

વિજ્ઞાન કે વાણીજ્યની કૉલેજો પ્રવેશ આપીને 'ભારોભાર જોખમ' વેંઢારવા તૈયાર ન હતી. મગજને પૂરેપૂરું વલોવીને તેનું દહીંમાં રૂપાંતરણ કરનારા વિદ્યાર્થીઓને આવી સંસ્થાઓમાં પ્રવેશ મળતો જેમાં મારો ગજ ટૂંકો પડ્યો. તેથી હું કોઈ એવા અભ્યાસક્રમની શોધમાં હતો જેમાં અભ્યાસ કરતા પહેલાં, અભ્યાસ દરમિયાન અને અભ્યાસ પછીથી પણ મગજને બહુ ઘસારો ન પહોંચે, મગજને નવું નક્કોર રાખી શકાય! ભણવાની આ ભાંજગડમાં હું ભેરવાયેલો હતો તેવામાં મારા પાડોશીના પૂરા પતિ અમથાલાલે મને સલાહ-માર્ગદર્શન આપતાં સૂચવ્યું કે 'તું માસ્તર બની જા'. અમથાલાલનો સાચુકલો મત એવો હતો કે માસ્તર થવા માટે કોઈ બૌદ્ધિક સ્તરની જરૂર હોતી નથી. તેથી અમથાલાલના મત સાથે સંમત થઈને મેં શિક્ષક બનવાનો વિચાર માંડ્યો.

જ્યોતીન્દ્ર દવેએ અખાડામાં જવાના અનેક અખાડા કર્યા હતા. તે જ નિષ્ઠાથી મેં પણ નિશાળે ન જવા માટે અનેક બખેડા કરેલા. મારી આ નિષ્ઠાને આધ્યાત્મિક દૃષ્ટિકોણથી રજૂ કરું તો એમ કહી શકાય કે મેં નિશાળે જવાના અનેક ઉપવાસ કરેલા; અને એ પણ નકોરડા! જેમ ધાર્મિક ઉપવાસ વખતે ગૃહસ્થે જમવાનું હોતું નથી તે જ રીતે શૈક્ષણિક ઉપવાસ વખતે વિદ્યાર્થીએ ભણવાનું હોતું નથી! આ મૌલિક સિદ્ધાંતની શોધ મેં બાલ્યકાળમાં કરી નાખી હોવા છતાં પણ હજુ સુધી મારા જેવા કાબેલને નોબેલ પ્રાઈઝ કેમ મળ્યું નથી તે એક નવી શોધનો વિષય છે. વળી, શાળા એ તો વિદ્યાર્થીનું બીજું ઘર ગણાય છે. તેથી દીકરીને તેના બીજા ઘર સાસરિયામાં જતી વખતે જે પીડા થાય તેવી જ પીડા મને શાળાએ જતાં થતી હતી. માર્ક ટ્વેઈનની જેમ જ હું પણ મારા વિકાસમાં શાળા બાધારૂપ બને તેમ ઇચ્છતો ન હોવાથી શાળામાં મારી 'હાજરી' કરતાં 'ગેરહાજરી' અને 'ઘેરહાજરી'નું પ્રમાણ સારું એવું રહેતું. શાળાની એક જ પ્રવૃત્તિ મને પસંદ નહોતી અને તે હતી - 'ભણવાની'! જેની સીધી અસરરૂપે હું 'પાસ' થવા કરતાં 'નાપાસ' થવાની સહઅભ્યાસક પ્રવૃત્તિમાં ઝળકી ઊઠતો હતો. મારાં પરિણામપત્રકને લાલ રંગની શાહીથી, રક્તરંજિત કરીને શિક્ષકો મારી આ સિદ્ધિને બિરદાવતા રહેતા! મારી આ સિદ્ધિની કદરરૂપે શાળાએ મને માનદ 'ઢ'ની ઉપાધી પણ આપી દીધી હતી. પણ, તસ્કરવિદ્યાનું શાસ્ત્રીય જ્ઞાન ધરાવતો હોવાના કારણસર એક રીઢા ચોરમાં શ્રેષ્ઠ હવાલદાર બનવાની શક્યતાઓ પડેલી હોય છે તે જ રીતે, મને લાગતું હતું કે નાપાસ થવાની કળાની સાધનાથી મને જે અનુભવો સાંપડ્યા છે, તેનો વિનિયોગ કરીને હું વિદ્યાર્થીઓને સારાગુણ સાથે પાસ કરાવનારો શ્રેષ્ઠ શિક્ષક બની શકું છું. મારો આ આખલા જેવો બળુકો આત્મવિશ્વાસ મને જંપવા દેતો ન હતો.

મને શિક્ષક બનવાની પ્રેરણા આપવા પાછળ મારા શિક્ષકો અને તેમની મહાનતા પણ એટલી જ જવાબદાર છે. મારા શિક્ષકો વિદ્યાર્થીઓને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં માનતા હતા. ત્યાં સુધી કે વિદ્યાર્થી ઇચ્છે ત્યારે ને ઇચ્છે તો જ; અનુકૂળ હોય ત્યારે ને અનુકૂળ હોય તો જ શાળાએ આવે તેવી વ્યવસ્થાના તેઓ પ્રખર હિમાયતી હતા. શાળામાં આવેલા વિદ્યાર્થીઓ મુક્તવિહાર અને સ્વૈરવિહાર કરીને થાકતા તે પછી જ શિક્ષકો શાળામાં આવતા. આ રીતે શાળાએ આવવામાં દરરોજ મોડા પડતા શિક્ષકોને આત્મગ્લાનિ થતી. અને તેથી શાળાએ મોડા પહોંચ્યાનું પ્રાયશ્ચિત્ત કરવા માટે ઘરે વહેલા પહોચવાનો સંકલ્પ કરીને ઘરે જવા માટે નીકળી પડતા! શાળાએ આવવામાં અને શાળાએથી જવામાં - એમ બન્ને બાજુ મોડા પડવાનું તેમને ગમતું નહીં! બધા જ શિક્ષકો જુદા જુદા વિષયો શીખવતા, પણ બધાનો રસ એક ક જ વિષયમાં હતો તેનું મને આશ્ચર્ય હતું. તે વિષય હતો - 'પગાર'! અર્થશાસ્ત્ર જેવો વિષય અમને ભણાવવામાં ન આવતો હોવા છતાં તેઓ શેર, બજાર, દલાલી, લોન, ઉધાર, રોકાણ વગેરે જેવા અર્થશાસ્ત્રીય મુદ્દાઓ પર ગહન ચર્ચાઓમાં લીન થઈ જતા અને સ્ટાફરૂમમાંથી ક્લાસરૂમમાં આવવાનું ભૂલી જતા. આ બધું તો ઠીક મારા ભૈ, શિક્ષકે ભણવાનું હોતું નથી; માત્ર ભણાવવાનું હોય છે તેવું મેં મારી સગી આંખે જોયું હતું. વળી કશું પણ ભણ્યા વિના, કોઈ પણ બાળકને, કોઈ પણ વિષય ભણાવી શકાય છે તેવું મારા શિક્ષકોએ મારા પર પ્રયોગો કરીને સિદ્ધ કરી બતાવ્યું હતું. વાતાવરણની અસરથી પૂર્વે કહેલા બધા જ સંસ્કારો મારામાં ઊતરી આવ્યા હતા. તેથી હું પણ એક શિક્ષક બની શકીશ તેવી ઊર્મિઓ મારામાં ઘૂઘવાટા લેતી અને ક્યારેક ક્યારેક તો ઊભરાઈ પણ જતી! જેને પ્રવાહિત કરવા માટે મને આ ક્ષેત્રમાં ઊંધું ઘાલીને પડતું મૂકવાનું મન થઈ જતું!

ત્રીજા કારણનું અનુસંધાન કારણ નંબર એક સાથે છે. શારીરિક વિકાસની સાથે સાથે મારામાં 'માર-પીટ' કરવાની વિશિષ્ટ અભિયોગ્યતા અને 'ધોલ-ધપાટ' કરવાની જન્મજાત અભિરુચિનો વિકાસ ભરપૂર માત્રામાં થયો હતો. તેથી 'ઢીંકાપાટું' કરવાની ઇતર પ્રવૃત્તિમાં મેં કાઠું કાઢ્યું હતું. આ વિશિષ્ટ અભિયોગ્યતા અને અભિરુચિનો મહત્તમ વિકાસ સાધવા માટેના માધ્યમરૂપે કોઈ ને કોઈ વિદ્યાર્થી તો શાળામાં દરેક શિક્ષકને મળી જ રહે છે તેવું હું પ્રત્યક્ષ અવલોકનથી સમજી ચૂક્યો હતો. અમારા આદર્શ અને ઉત્સાહી શિક્ષકો તો ફૂટપટ્ટીનો ઉપયોગ પાટિયા પર કરવાને બદલે વિદ્યાર્થીની પીઠ પર કરતા. ડસ્ટરનો ઉપયોગ ભૂંસવામાં કરવાને બદલે વિદ્યાર્થીને છૂટ્ટું મારીને તેના મગજમાં ચાલી રહેલા વિચારો ભૂંસવામાં

કરતા અને હોકીનો પ્રયોગ ભૂમિ પર પડેલા દડા પર કરવાને બદલે વિદ્યાર્થીની પૃષ્ઠભૂમિ પર જ કરતા! આવા પ્રયોગશીલ શિક્ષકોની મારા પર એટલી પ્રગાઢ અસર પડી કે હું પણ તેમના જેવો જ થવા થનગનતો હતો. તદ્ઉપરાંત જો હું શિક્ષક બનીશ તો મારી 'મારપીટ' 'ધોલધપાટ' અને 'ઢીંકાપાટું'ની ઇતર પ્રવૃત્તિને મુખ્ય પ્રવૃત્તિ બનાવતાં કોઈ નહીં રોકી શકે તેવી મને પ્રતીતિ થતી હતી. મને 'ટીચિંગ' એટલે કે વિદ્યાર્થીઓને ટીચવા માટે શાળામાં મોકળું મેદાન મળી રહેશે તે કલ્પના માત્રથી હું રોમાંચિત થઈ જતો. મારા ઘટમાં ઘોડા અને ગધેડા બન્ને થનગનવા માંડતા! અને અણદીઠેલી ભોમ પર ડગ માંડવા માટે હું તત્પર બની જતો. ને આ બધાની આડઅસરરૂપે શિક્ષણક્ષેત્ર જ મારા માટે સર્વથા ઉચિત છે એમ ઊંડે ઊંડે લાગ્યા કરતું હતું.

કોઈ મહાન માણસે કહ્યું છે કે 'ઊંઘ અને આળસ અનાદિકાળથી ચાલ્યા આવે છે; તેમાં મારે કશું નવું કરવાનું રહેતું નથી!' આ અવતરણ એ મારું અવતારવાક્ય હતું. ઊંઘ અને આળસ આ બન્ને મારા વ્યક્તિત્વના વિલક્ષણ પાસાઓ છે. તેથી જ મને જ્યારે ઊંઘ ન આવે ત્યારે આળસ આવે છે અને આળસ ન આવે ત્યારે ઊંઘ આવે છે! કોઈ નાજુક પળે તો આ બન્ને એક સાથે મારા પર આક્રમણ કરી બેસે છે જેના કારણે યોગીઓને ભાગ્યે જ પ્રાપ્ત થતી 'સમાધિ' કે 'સ્થિતપ્રજ્ઞ'ની ઉચ્ચતમ આધ્યાત્મિક કક્ષાએ હું મોટાભાગે વિલસતો રહેતો. તે કારણોથી ચિંતન, લેખન કે અધ્યયન જેવી ફાલતુ પ્રવૃત્તિઓ માટે મને સમય મળતો ન હતો. હું ઊંઘ અને આળસ આ બન્ને વિલક્ષણતાઓ સાથે કરી શકાય તેવા કોઈ ક્ષેત્રની શોધમાં રખડતો હતો. અને તે માટે શિક્ષણક્ષેત્રથી રૂડું કશું ન હોઈ શકે એવું મને આઘેઆઘે ભાસતું હતું.

પછી તો શું? મેં અથાક મહેનત કરીને એક 'દૂત' શોધી કાઢ્યો, જેને બધા અંગ્રેજીમાં 'એજન્ટ' તરીકે ઓળખતા હતા! મારા ખિસ્સાને થોડાં હળવાં કરીને તેણે મારો આખોયે ભાર ઉપાડી લીધો અને આ શિક્ષણક્ષેત્રના દરવાજા સુધી મૂકી ગયો...!! તે દિવસથી હું અહીં હરું છું... ફરું છું... ચરું છું.... ....!!

■

એવું નથી કે મને મૃત્યુનો ડર લાગે છે, પણ એ આવે ત્યારે મારે ત્યાં હાજર નથી રહેવું.
- વૂડી એલન

* * *

ઇચ્છામૃત્યુ નથી હોતું પણ ઇચ્છાઓ જ માણસને મારે છે. **- અનામી**

કા વ્ય ધા રા

મંદિર

□ રઘુવીર ચૌધરી

મંદિરમાં હું મૂર્ત થાઉં ત્યાં
ગર્ભગૃહમાં શાંત રહીને
કરેણનાં પાને ને ફૂલે
પતંગિયાની પાંખ
સામટી ખૂલે.

કરેણની ડાળેથી ઊડી
બાળ પતંગુ
ગણેશજીની સૂંઢ ઉપર જઈ બેઠું.
શિવલિંગની જળાધરીમાં
કરી આચમન
પરકમ્માને મારગ વળતું
જલતરંગના તાલે સરતું
મંડોવરનું શિલ્પ ગવાક્ષે આવકારતું
સાથીદારને મળતું.

રૂપ રૂપમાં ભળતું.
અંદરથી આવીને મંદિર
આંખોમાં સંચરતું.



કાવ્યધારા ચિત્રો : સવજી છાયા

નફિકરો

☐ ગાયત્રી ભટ્ટ

ફકીર છે એ નફિકરો તો રહેવાનો
નદી સરીખો વાંકો ચૂકો વહેવાનો

કદી કરે ના ઢાંકપિછોડો કોઈ વાતે
જગાડતો એ સૂતેલાને કાળી રાતે
કડવી વાતો કડવી રીતે કહેવાનો
ફકીર છે એ નફિકરો તો રહેવાનો

ખપે ન એને નામ ગામ કે ઠામઠેકાણાં
ચઢે જો ચાનક ગાવા લાગે ગેબી ગાણાં
અઢી અક્ષર જુદા જ રૂપે ઘૂંટવાનો
ફકીર છે એ નફિકરો તો રહેવાનો

હઠે ચઢે જો ભીતર પડેલા માયામંતર
ઉડાડશે એ એક જ ફૂંકે આખું તંતર
કણકણમાં વેરાતો એ જાતે ખૂટવાનો
ફકીર છે એ નફિકરો તો રહેવાનો



ગઝલ

☐ કુલદીપ કારિયા

જરા માથું હલાવું છું ને અંદર શબ્દ ખખડે છે
નથી એ આવતા બારે ખબર નૈ કેમ ફફડે છે

જગતમાં જ્યાં જુઓ ત્યાં ઢાળ, જીવન માહેય છે એવું
સમય પાણીનો રેલો છે, બધામાંથી એ દદડે છે

કોઈ કાપો લગાવી સર્વ આંસુ કાઢવા લાગ્યું
હૃદય સોનાની મરઘી મારવાનો કિસ્સો બબડે છે

આ મારા હાથ-ફુગ્ગા ઊંચે-ઊંચે જાય છે કાયમ
શિખર પરથી લપસતા પગ અને વિચાર ગગડે છે

જુઓ આ ઝાડમાં માણસપણું કેવું ઊગેલું છે
પડે છે ખૂબ ઠંડી ત્યારે સઘળાં પાન તતડે છે

ખૂશ્બુ

☐ રાજેશ વ્યાસ 'મિસ્કીન'

આવતી નોખી નિરંતર હરક્ષણે ખૂશ્બુ,
જોઈ છે હરમંત્રના ઉચ્ચારણે ખૂશ્બુ.

દૂર સુધી કૈં નથી એવું કશું તો પણ,
ક્યાંકથી આવી ચઢે છે બારણે ખૂશ્બુ.

એ પળે મન માત્ર હરખાયું સૂઝ્યું ના કૈં,
આમ ગંગાજળ બની ગઈ પાંપણે ખૂશ્બુ.

ખૂબ ઊંડે શ્વાસ સાથે ઊતરી જઉં છું,
લાગતી કોઈ જનમના સગપણે ખૂશ્બુ.

ધૂપ-અત્તર ને અગરબત્તી બધાં ફિક્કાં,
ના કશી સરખામણીના ધોરણે ખૂશ્બુ.

આ અહીં ધબકી રહ્યો છું એટલું સાચું,
સૌ ગયાં કારણ ખરી એ કારણે ખૂશ્બુ.

એકબીજામાં અમે મિસ્કીન દેખાતા,
જીવતી-જિવાડતી આ ભવરણે ખૂશ્બુ.



રહી શકે શું સાચો?

☐ ચંદ્રકાન્ત શેઠ

જે અંદરથી કાચો
તે રહી શકે શું સાચો?

કાચી દૃષ્ટિ ગગન ખોલતી બારીને શું કરશે?
ઊંડે ઊઠતા અવાજ તે શું કાચા કાને પડશે?
કેમ અસલના ઘરે પ્હોંચવું? નડે નકલિયો ખાંચો.

સાઠગાંઠ ને સાટાપેટાં ત્યાં શેની સધ્ધરતા?
પડછાયા - પડઘાએ પોષી કેમ સદે પામરતા?
હવા અડકતાં તૂટી પડે એ શું કરવાનો ઢાંચો?

મીઠા જળની માછલડી તે ખારા જળમાં ટકશે?
બંજર ભોમે બીજનું દૈવત કેમ કરીને બચશે?
કળબળે કંઈ થાય નહીં એ કયા કામનો સાંચો?

બોલવું તો પડશે, કવિ

☐ **હરીશ મીનાશ્રુ**

(એક સ્વગતોક્તિ)

બોલવું તો પડશે, કવિ
છંદમાં હોય તો ઠીક, નહીંતર પ્રાસ વિનાની પડછંદ
ચરોતરી સુરતી કચ્છી સોરઠી કે મેહાણીમાં
આવડે તેવી, અણઘડ પણ ખડતલ, ગુજરાતી વાણીમાં

આપણી બોલછાના પ્રકાશમાં
સૂર્યનો જે પડછાયો પડે છે પૃથ્વી પર, એને લોક લખવું કહે છે
વલખવું ને લખવું તો પડશે જીવતર વિષે જીવલેણ...
એટલે કીબોર્ડની કૂંચીઓ ખટખટાવ, ખડિયામાં ઝબોળ કિત્તો
પેનમાં શાહી પૂર, અણી કાઢ સીસાપેનને
સિલેટનું કાતરિયું ના મળે તો લખ સામી ભીંતે, કાળા કોલસા વડે
લખ વિધાતા જેવા વ્યાઘ્રનખથી ખણીખોતરીને કાળના કપાળે
લખ ખળભળતા પાણા વિષે ને ખડકાળ પાણી વિષે
ક્લોરોફિલના રંગના અવાજે ઝાડ પાંદ વેલા વિષે,
જીવતાં ને મૂવેલાં વિષે, જીવસટોસટ

જોજે ભરમાતો,
આ ઠેર ઠેર બાંધેલાં બાકરબચ્ચાંનાં મારણ તો કપટ છે કપટ,
આખેટનું કપટ - વસંતથી ભારેપગાં વૃક્ષો પર સંતાઈને
માંચડે ચઢી બેઠા છે મૃગયાના મૃદુભાષી ખેલૈયાઓ -
તું લખ,
પાંદડે પાંદડે બાઝેલી બારુદની એ કમોસમી ગંધ વિષે
વનના એકેએક વ્રણ ખોલીને, તોલી તોલીને બોલ મરણતોલ વિષે

બજારમાં હાટ માંડીને બેઠા છે
સાફસુથરા સુથારો, જમણે કાંડે મિજાગરા મારીને
લક્કડિયા હથેળી જોડી આલનારા
આ બાજુ છે સોનીડા, મફતમાં જીભને સોનાનો ગિલેટ ચઢાવી આપનારા
ને પણે કંસારા, તગતગતાં તામ્રપત્રો ઘડનારા

પણ સાચવજે,
રખે લાલાયિત થતો, તને તો ખપે બસ
તારી ખુદની ઊતરડેલી ચામડી સરખી ચબરખી

તારી જ લોખંડી લૂલી, સાચાબોલી લાળ ઝરતી
ને તારો જ નરસૈં સમોવડ સુકલકડી હાથ
અગ્નિની લપકતી ઝાળ જેવો, કખગઘના તણખા ઉડાડતો

વૈયાકરણીના વેશમાં ભવાયા આવ્યા છે પાદરે
રંગબેરંગી કક્કા ને બિલોરી બારાખડીઓ ઘડાવી લાવ્યા છે,
દંત્ય ને ઓષ્ઠ્ય જેવી કડાકૂટથી જીભલડીને રાહત દેવા
વ્યંજન સઘળાં તાકીદે કીધાં છે ફોક -
ને અઢારે વરણનું લોક તો ઊભું છે આભું બનીને
કે મરસિયાં ગાવા માટે સાત ને
ચીસ ચિચિયારી કે ચિત્કાર સારુ આઠ સ્વર હજી ચલણમાં અકબંધ રાખ્યા છે

પણ તું રોકડું પરખાવજે સત તારી ભાષાનું,
ખરી ખરી સુણાવે એ જ તો વૈખરી કહેવાય છે, સુખનવર
ઉચ્ચારજે દંત્ય, તારા દારુણ મકરદંત પર જીભ થપકારીને
નૃસિંહ સરખું રાતું તાળવું ઝણઝણાવીને તાલવ્ય
અદના માણસની મૂર્ધા પર જિહ્વા ટકરાવીને મૂર્ધન્ય
કવિના તરસ્યા કંઠે કંઠ્ય ને
ફકીરના ફાટેલા હોઠે ઉચ્ચારજે ઓષ્ઠ્ય
ને ખરો કરજે તારો કક્કો

ચહેરાનો એકેએક સ્નાયુ
રેશમના રેસાની જેમ ખેંચીને
એવું કૈં બોલજે ચુપકીદીની ગુજરાતી વર્નાક્યુલરમાં
કે કોશેટાના કીટકનેય ફૂટતી પાંખે અણસાર મળે આકાશનો
મેઘની જેમ મૃદુ અવાજે ઢંઢોળજે હિબર્નેશનમાં પોઢેલા મેઢકને
માટીમાંથી આકાશ સામે માથું ઊંચકતા ઘાસની
મક્કમ કોમળતાથી પાડજે એવી હાંક કે
ગળી જાય કોટકાંગરાંનાં ગાત્ર ને કોટવાળનાં ગોત્ર
મૂર્છિત લખમણ જતિ જાગી જાય, મતિ ફરી જાય મછંદરની ને
એ પાછો માણસ બને



પણ એટલું સાચવજે કે ક્યાંક ગભરાઈ ન જાય ગાભણી ગોકળગાય
ને જરાય ધાક ન પડે કીડીના કાનમાં

યાદ રાખ,
ઇતિહાસની ચોપડીમાંય હાંસિયો તો હોય છે જ
ને બોલવા માટે એથી વધારે જગ્યા તો ક્યારે જોઈએ છે કવિને?

ચોકલેટ

☐ **ચન્દ્રકાન્ત ટોપીવાળા**

એ ડોક્ટરનું ભૂંડું થાય -
મને તપાસીને મારા માતાપિતાને પૂછેલુંઃ
'આને તમે ચોકલેટ આપો છો?'
માતાપિતાએ મૂંડી હલાવી હા પાડી.
અને પછી ડોક્ટરનું ફરમાન છૂટેલુંઃ
'આને ચોકલેટ આપવાનું બિલકુલ બંધ કરો
સમસ્યાઓ આપમેળે જતી રહેશે'
બસ ત્યારથી જ સમસ્યાઓ શરૂ થઈ.

મા બહાર જવા તૈયાર થાય
એટલે સાથે હું પણ તૈયાર થઈ જાઉં
મારી સાથે મા શરત કહેઃ 'રસ્તામાં ચોકલેટ નહીં માગેને?'
હું ડાહ્યોડમરો થઈને મૂંડી હલાવી હા પાડું

મા અને હું, રસ્તે ચાલ્યાં જતાં,
વચ્ચે ઈરાનીની હોટલ આવે. હું જોઉં
ને માનો છેડો ઝાલી અડિયલ ટટ્ટુની જેમ ઊભો રહી જાઉં
હું જરાય ત્યાંથી ચસકું નહીં.
ગળામાં ડૂમો અને આંખમાં આંસુઓ સાથે
મા મને જુએ ને માને ચોકલેટ અપાવવી જ પડે
પાછું, સમજાવવામાં આવે કે 'તારા બાપુજીને કોઈ પણ સંજોગોમાં કહેતો નહીં'
હું ડાહ્યો થઈને હા પાડું.
તો બસ પછી, છાની છાની ચોકલેટ ખાતો રહ્યો, માંદો પડતો રહ્યો
કદાચ હવે તો ચોકલેટ ખાઉં નહીં તો માંદો પડી જાઉં.

હું સખત માંદો ત્યારે પડ્યો, જ્યારે એકવાર દીકરીએ ભયંકર હઠ કરી.
તાત્કાલિક ચોકલેટ લેવા મોકલ્યો.
કપડાં બદલી, દુકાને પહોંચી, તાત્કાલિક ચોકલેટ ખરીદી.
તાત્કાલિક ચોકલેટ લઈ આવ્યો ને તાત્કાલિક ચોકલેટ આપી.
દીકરીએ રેપર ખોલ્યું, ચોકલેટ કરડી, ચોકલેટ ખાતી ગઈ

ખાતી ગઈ અને હું લાલચુ જોતો જ રહી ગયો, એણે એક ટુકડો પણ મને ના આપ્યો.
એણે એની હઠ પૂરી કરી.

પછી તો
દીકરી વિદેશથી જ્યારે જ્યારે આવે
ખૂબ ચોકલેટ લાવે.
ફ્રીઝ ખોલું ને મારું મોં ખૂલે
મારો 'મૂડ' પણ ખૂલે
કોઈ પણ કપરા કાળમાં, દોસ્તો
ચોકલેટ એક માત્ર મોક્ષવટી છે.

આજ નહીં, કાલ...

☐ વિનોદ જોશી

આજ નહીં, કાલ કે કદાચ આ જ ઘડીએ,
            પણ ખરવાનો આવશે જ વારો,
પાંદડાંને એટલું જ સમજાતું :
            ડાળખીનો હોય નહીં સંગ એકધારો...

સાંજ પડ્યે હાંફીને બેસે છે બાંકડામાં જીવતરથી થાકેલા ઓરડા,
ફરફોલા ફોડવાની બાધા રાખીને બધાં વેઠે છે કાળજામાં કોરડા;

જંગલ ને ઝાડવાંની વાત કરી સાચવતા
            સહુ સહુનો બાંધેલો ભારો...

નીંભાડો પાકવાની રાહ જોઈ બેઠેલી આંખોમાં ચિતરાતાં ખોરડાં,
આમ કોઈ બાંધે છે ઢીલેરી ગાંઠ અને તેમ રહે ખેંચાતાં દોરડાં;

ફૂટેલાં માટલાંને જોઈ બધાં ખૂંદે છે
            આવરદા જેટલો જ ગારો...



લારીલપ્પા

☐ **સિતાંશુ યશશ્ચન્દ્ર**



*

સાચી સુંદરતા તો છે શાકભાજીઓની લારીઓમાં.
અને એની આસપાસ.
અને, હા, વડોદરામાં.

*

અમેરિકાનાં સુપરમાર્કેટોમાં શાકભાજી ફળફળાદિની આઇલ્સ નથી હોતી એમ નહીં; હોય છે, સ્વચ્છ, શીતળ. જોવી ન ગમે એવું યે નથી.
પણ ઠીક હવે ભઈ.
સુપરમાર્કેટોમાં ન મળે ઝાઝું, એક જોતાં.
ન લારી, ન લારીવાળા, ન ઝૂમખે મળેલી માનુનીઓ.
જાણે હિસાબી ચોપડો.
એક કવિની કાવ્યપોથી તો શાકભાજીની સુંદર લારીમાં જ વાંચવા મળે,
વડોદરામાં.

*

મુંબઈની કાછડા વાળેલી માછણો કોલટકરને ગમતી એ જાણું છું,
એમના તોતિંગ ગોળાકાર
છાબડાઓમાં ભરેલી માછલીઓની ગોઠવણ ખોટી નહીં.
એ ભલે જોયે રાખતો અરુણ, 'ખૈબર'ની કાચની બારીમાંથી.
પણ વડોદરાની શાકભાજીની લારીને જોવા એમને ક્યારેક જો ચિત્રે લઈ આવ્યા હોત, તો મરાઠી સાહિત્યને લાભ થયો હોત, એટલું નક્કી.

*

જેમ પયસા કમલમ્, કમલેન પયઃ, એમ લારીઓથી નારીઓ અને નારીઓથી લારીઓ, અને બન્ને વડે વડોદરા, વિભાતિ. ના, આ કમલમ્ જુદું, ગાંધીનગરનું કમલમ્ જુદું. પયસા-નો પણ ત્યાંનો અર્થ અહીં નથી લેવાનો. આ વડોદરાની વાત છે. અશુદ્ધ ઇમારતની નહીં, શુદ્ધ કલ્પનની. પ્યોર ઇમેય્જ. શાકભાજીની લારીઓની અને એને ફરતે ઝળુંબતી નારીઓની ચાક્ષુસ્ શોભાનું એક મહેકતું કલ્પન-કાવ્ય.
એ બાબતમાં વડોદરા એટલે વડોદરાઃ નહીં બહુ બૅકવર્ડ, નહીં બહુ ફોરવર્ડ.
ગાઉન પહેરીને આવે. ડ્રેસ કે સાડી પણ હોય. હિંદીમાં ભાવતાલ કરે. જીન્સવાળી હોય તો જાણવું કે ન્યૂ જર્સીથી થોડાં અઠવાડિયાં પિયેર આવેલી હશે. એ લારીઓ સાથે પણ થોડા ફાલતુ અંગ્રેજીમાં થોડી ગરબડ-ગુજરાતીમાં બોલતી હોય. એ અલગ. ખરી અહીંની હોય એ અવ્વલ હિંદીમાં સવાલો

કરેઃ 'આ કારેલાં કૈસે દિયા ભૈયા!' 'આજે એટલા બધા ક્યું?'
બડૌદાની બાલાઓનું હિંદી સાંભળીને બિહાર-યૂપીથી નવાસવા આવેલા લારીવાળા ગૂંચવાય, પણ પછી લોકલ લારીવાળા પાસે હિંદી શીખી લે.
આકોટાથી આજવા સુધીની અહીંની નારીશક્તિ તાજી તરકારી અંગેની તકરારો જે હિંદીમાં કરે, કોશિયા નહીં તો કાછિયા એટલે લારીવાળા સાથે,
એ હિંદીને જ માત્માજી ખરી રાષ્ટ્રભાષા અને સાચું સાહિત્ય કહેતા. મૂળ એ રાવપુરાની મહેતા પોળની લારીવાળી હિંદી.
કરમસદના વલ્લભભાઈ સ્હેજ વડોદરા આવીને હિંદી શીખ્યા હોત તો અલ્લાહાબાદના જવાહરલાલ એમની સાથે વધારે માથાકૂટ કરત નહીં ને કાશ્મીરની સમસ્યા ક્યારની પતી ગઈ હોત. ખેર.
*
પણ આ રીતે સામાજિક અને રાજકારણીય વાતોને વચ્ચે લાવતાં કલાકૃતિને પોતાને પામવાનું ચૂક્યા તો ઘણું ગુમાવીશું.
મૂળ વાત તો છે વડોદરાની શાકભાજીની લારીઓની સ્વકીય સુંદરતાની.
*
ફાઇન આર્ટ્સ ફેકલ્ટીમાં ફરતા હો કે 'અસ્મદીય'માં આવ્યા હો એ રીતે આ લારી સામે ટગરટગર જુઓઃ
આ બટાકાંના પુંજની રતાશ પડતી આભા,
આ ઝીણીઝીણી પત્તીઓમાં લખલખ લહેરાતી કોથમીરની ઘેરી લીલાશ,
આજે જો મૂળા ગોઠવ્યા હોય તો એમની પ્રલંબ પ્રગલ્ભ ધવલતા (જે ફુલાવરની સફેદીથી અલગ હોય),
ક્યારેક ઉમદા ગાજર સુદૂરથી આવ્યાં હોય (રોજિંદાથી અલગ જ) ત્યારે લારીમાંથી ચોતરફ ઊડતી રાતા રંગની છોળ,
પેલાં રીંગણની સ્નાયુબદ્ધ છતાં સુકોમળ એવી વેંગણી રંગની કાન્તિ,

અને ખાસ તો,
શ્રવણ રેસિડન્સીના ટાવર બી અને જશન બંગલાના કાળા પડછાયા એકમેકને કાટખૂણે કાપતા હોય બરોબર ત્યાં જ ઊભેલી પેલી લારીમાં
અહીં તો એક આઉટસાઇડર બનેલા બિહાર તરફના લારીવાળાએ કરેલી ગલકાં, તૂરિયાં, દૂધી, પરવળ, મરચાં, બટાકાં, સક્કરિયાં, ગાજર, ફુલેવર, કોબી અને મૂળાની
લીલામય લયબદ્ધ આકારયોજના, એને બસ અપલક નીરખો!
*
અરે, આ તો ગયો!
હા, તમે કશું ખરીદવાના નથી એ સમજી જઈને લારીવાળો બાજુની સોસાયટી તરફ ચાલી ગયો...

અચાનક ખડકી ખૂલી

☐ ધીરેન્દ્ર મહેતા

લે, આ ઝીલ્યું, લે, આ ભાળ્યું,
અઢળક વરસ્યું, એ ના ખાળ્યું.
ઢગલે ઢગલે ડુંગર ખડક્યા,
ઝીણા ઝીણા આંકે ચાળ્યું.
ખૂબ જતનથી ચણ્યું હતું એ,
ફૂંકી ફૂંકી એમ જ બાળ્યું.
પાંખ પસારી ઊડ્યું આખર,
છાને ખૂણે જેને પાળ્યું.
એમ અમે લ્યો, તળમાં પૂગ્યા,
સાત સાત ગળણે જળ ગાળ્યું.
અને અચાનક ખડકી ખૂલી,
જઈ એ ફળિયે ગાડું વાળ્યું.
ઉંબર પર પગ ખોડી ઊભા,
નથી ઢોલિયે જીવતર ઢાળ્યું.
વાતવાતમાં ભાન રહ્યું નહિ,
શું શું કીધું, શું શું ટાળ્યું.



એક દીપ સૌ પ્રગટાવીએ

☐ વિવેક કાણે 'સહજ'

એક દીપ સૌ પ્રગટાવીએ (૨)
મંગલ વિચાર પૃથક્ પૃથક્, એક તાંતણામાં પરોવીએ
એક દીપ સૌ પ્રગટાવીએ

આ વિધિએ ફેંકેલી જાળ છે, અંધકારમય ભલે કાળ છે
સંકટ ભલે વિકરાળ છે, આ માર્ગ પણ પથરાળ છે
એ જોઈ સંકટ ભાગશે, એક જ છીએ અવિચલ છીએ
એક દીપ સૌ પ્રગટાવીએ

આ જગ નિરામય હો સદા, આનંદ મંગલ સર્વદા
સંકલ્પ અવિજિત હો સદા, જીવન હો સુરભિત સર્વદા
આ પ્રાર્થનાઓની શક્તિમાં વિશ્વાસ અવિરત રાખીએ
એક દીપ સૌ પ્રગટાવીએ

મંગલ વિચાર પૃથક્ પૃથક્, એક તાંતણામાં પરોવીએ
એક દીપ સૌ પ્રગટાવીએ (૨)



પ્રત્યાહાર

☐ રાજેન્દ્ર શુક્લ

અંદર જો રચવો આધાર,
ઉપાય એનો પ્રત્યાહાર!

સ્વાદ વગરનો સહુ સંભાર,
મૂળ અલૂણો છે આહાર!

સમેટી લેવાનો સંચાર,
હોય ભલે ને ખુલ્લાં દ્વાર!

અસાર છોડી સારવ સાર,
કોને લાગે કોનો ભાર!

સ્વયં સરે છે આ સંસાર,
એ જાણે એનો વ્યવહાર!

ડગ ધરજે તું ધારોધાર,
નીકળી જાજે બારોબાર!

હોય બધે જો અપરંપાર,
શું કરવાનું પ્હોંચી પાર!

ગઝલ

☐ સાહિલ

અમે એમ જ અમારા બિંબ ને ઝંઝોડવા લાગ્યા
અને સમજ્યા નથી એ વાત મનને ઓડવા લાગ્યા

ખબર ઈશ્વરના સરનામાની છે - નો પીટ ઢંઢેરો
સ્વયંના ઘર તરફ સહુ આંખો મીંચી દોડવા લાગ્યા

બચેલો સૂર એકાદો મળી જાશે એ આશામાં
તૂટેલા તાર વીણાના ફરીથી જોડવા લાગ્યા

બધા મનભેદ ઓઝલ થઈ ગયા મનથી ઘડીભરમાં
અમે મનમાં પડેલી ગાંઠને જો છોડવા લાગ્યા

નથી ટકવાનું એ આંખોના મટકા જેટલું તોયે
વહેતા પાણી પર શું જોઈ પગલાં ખોડવા લાગ્યા

ભીતરથી આવે છે તો ક્યાંક એ ભીતર હશે ચોક્કસ
અમે અજવાસ માટે ફાનસોને ફોડવા લાગ્યા

મદદના નામથી નફરત થઈ છે એટલી સાહિલ
પ્રભુએ લંબાવેલો હાથ પણ તરછોડવા લાગ્યા

અમ્બિકા*...

☐ જયદેવ શુક્લ

અમ્બિકા,
આમ તો તું
પાતળી અને પ્રેમાળ...

આપણે
પહેલી વાર મળ્યાં ત્યારે
તને
મારી ટકોર
અડી ગઈ હતી, ખરું?
તે પળે તેં કાઢેલો
નિઃશ્વાસ
મને પણ અડી ગયો હતો.
ઇચ્છા છતાં
આપણે
મૌન બની
છૂટાં પડ્યાં હતાં,
યાદ છે તને?

આ વેળા
વર્ષાભીના, લીલાશભીના વાતાવરણમાં
તું ભરી ભરી,
    ઊછળતી,
વહેતાં તોફાનો સાથે રમતી,
ખડકો વચ્ચેથી.
    નીચેથી,
    ઉપરથી
સંભાળીને છતાંય
ઉતાવળથી
નૃત્ય કરતી
આગળને આગળ
    દોડતી રહી.

હું તને
દૂરથી
મનભરી માણતો રહ્યો.
મટિયાળા સ્પર્શથી
તું વધુ રૂપાળી લાગતી હતી.
સાગના જંગલને મળતાં
વધુ ઘેલા બનેલા
તારા પ્રવાહને
આનન્દથી, એકીટશે તાકી રહ્યો.
તારું ધ્યાન
માત્ર વહેવામાં હતું.
ન બીજે કશે.
સાગને માથે ને દેહે
હરખનાં પીળાં ફૂમતાં
ડોલી રહ્યાં છે.
હું તારા વહેતા
    ભીના સૂરની
    સતત સુગન્ધથી
ખેંચાતો ખેંચાતો આવ્યો છું.

અન્દરના
આ ઉઝરડા જોવા જેવા નથી.

એ ક્યારેય
નહીં રુઝાય?

પણ, તું છે કયાં, અમ્બિકા?

---

*તાપી જિલ્લાના ઇકો-ફ્રેન્ડલી પ્રવાસન-સ્થળ પદમ ડુંગરીને અડીને અમ્બિકા વહે છે.

મેં જોઈ છે

□ દિલીપ ઝવેરી

મેં જોઈ છે
કવિતાને

જેમ સપનાંમાં વનો હોય
તેમ શ્વાસમાં શબ્દો હોય છે
વનમાં હવા અને પાનની વચ્ચે અદીઠ ઝાકળ થઈ
કવિતા સૂઈ ગઈ છે
જેને અડાય નહીં
એ કવિતાને કયા નામથી જગાડવી?

પણ મેં જોઈ છે કવિતાને
મારા કાન ફરતી આંગળી ફેરવતી

દરિયા કિનારે
ભીની રેતીની જેમ પગલાં હેઠળ ભરભર ખાડો થઈ જતી
એક જ મોજું આવતાં વેંત સપાટ
કાગળને વળી કોરો કરી દે
તે કવિતા



દોરી પર રાતભર લટકેલાં લૂગડાં
વહેલી સવારે ઉતારી ઘડી કરી
છાતીએ ચાંપી મોં ઢાંકતાં
ઘેરી વળે અણજાણી ટાઢી મહેક થઈને
અને ફૂલ ફૂલ થઈ જાવ એ પહેલાં
ઓસરી જાય
કવિતા

મેં કવિતાને જોઈ છે
એક જ પાંદડીના રંગે આખું આકાશ ભરી દેતી

- એટલે શું?

☐ માધવ રામાનુજ

જીવન અથવા
જીવવાનું એટલે શું?
શ્વાસ કે ઉચ્છ્‌વાસ?
હૃદયના સર્વ ધબકારાનો સરવાળો?
હૃદયને સ્પર્શીને નસનસમાં વહેતા
રક્તની યાત્રા?
આંખ જે જોતી રહે છે વિશ્વને એ?-
કે પછી દેખાય છે મીંચેલી આંખે
વિશ્વ ભીતરનું... એ?
સ્વપ્નમાં પણ થાય છે ને
હોય છે કંઈ કેટલુંયે એ જીવન છે?
બહુ ગમે છે કેટલુંયે-
ને નથી ગમતું ઘણું એવુંય છે-
આ ગમા ને અણગમા જેવું રહેતું હોય છે મનમાં,
એને ભરોસે હોય છે કાયમ
જીવન એને કહે છે?
કેટલાં અણજાણ વિશ્વે દૂરનાં સ્વજનો અને
કેટલાં તો સાવ પાસે ને છતાં અણજાણ-
નામ આપો કે ન આપો હોય છે સંબંધ એવા-
એની વચ્ચે વહેતું રહે છે એ જીવન છે?
આ બે ક્ષણો વચ્ચે સમય જે-
શ્વાસ ને ઉચ્છ્‌વાસ વચ્ચે
જે રહ્યો અવકાશ એ?...
આ સ્મરણને વિસ્મરણ વચ્ચે
રહે છે વેદના થઈ
કે થઈ આનંદનો અણસાર
એમાં જીવવાનું થાય છે...
એને કહે છે જીવવાનું?
આ સમયમાં સાથરે પોઢ્યા
શ્વાસ છેલ્લા સોંપીને આ વિશ્વને-
એ પછીના પંથ... એ જીવન છે?
ઓ સ્વજન!
હમણાં નહીં,
ક્યારેક કહેજોઃ
જીવવાનું એટલે શું?

ગઝલ

☐ ચંદ્રેશ મકવાણા

શોધ મારી ચાલતી આખ્ખા નગરમાં
ને થયો છું કેદ હું મારા જ ઘરમાં

એ કમળમાં બંધ ને હું પાંપણોમાં
એટલો છે ભેદ મારાને ભ્રમરમાં

આખરે ખેંચી લીધી તલવાર મેં પણ
ક્યાં સુધી જીવ્યા કરું ડરમાં ને ડરમાં?

સ્હેજ કંપન આવતાવ્હેંત જ નજરમાં
એમણે મૂકી દીધો કર મારા કરમાં

ગીરવે મૂકીને પડછાયોય અંતે
નીકળ્યો નારાજ વણથંભી સફરમાં

રામસેતુ

☐ **જવાહર બક્ષી**

મારા સમુદ્રમાં
રામસેતુ
અને
દ્વારિકા
અને
એવાં અનેક
સત્યો
પડેલાં છે
પણ
કોને પડી છે!
ઇતિહાસ તૈયાર છે
આવરણો હટાવવા
પણ
જોવું છે કોને!
ટેવ પડી છે
આંખ મીંચીને જીવી જવાની
રેડીમેઈડ સત્યો માની લેવાની
બંધ આંખોમાં
ભરેલો છે
અજાણ્યો.
અઘરું નથી જોવાનું
પણ
ટેવ પડી છે
ગુલામો જેવી
ગુલામોની બુદ્ધિ
અને
બુદ્ધિની ગુલામી
સત્યને દુઃખ નથી
ઉપેક્ષાનું
એ જાણે છે
જે એને સ્વીકારતું નથી
તેનું અસ્તિત્વ
શું અને કેટલું
સભ્યતાઓ અને સંસ્કૃતિઓ
આમ જ તો ડૂબી છે
સમુદ્રમાં અને
વેર વિખેર છે
ધરતીને ખૂણે ખૂણે
પડ્યાં છે એની મસ્તીમાં
રામસેતુ અને દ્વારિકા
અને અનેક...



સજાનો સમય

☐ મણિલાલ હ. પટેલ

તારાં મ્હેલ-મંદિરોમાંથી બ્હાર આવ
પૂજાના દિવસો પૂરા થયા
બત્રીસ ભોજન ને છપ્પન ભોગ ભૂલી જા હવે
સજાનો સમય શરૂ થયો છે
વિદાય કરી દે કાળા પહેરાઓ-ને
કોઈ કોઈને બચાવી શકતું નથી

સિંહાસન છોડીને લીલાછમ ઘાસ પર બેસી જો
માણસને મળવું છે તો હાથ લંબાવી જો
તારી આભાઓ ને સભાઓને ભૂલી જા
માણસની ઓળખ એની ભીની આંખમાં હોય છે

ઊંચા થાંભલાઓ ઉપર દોડતી મતલબી દુનિયા
મન વગર મળવું ને ભીંત સાથે ભટકાવું
ચર્ચા ચોરા સાથે ને પ્રેમ પાદર સાથે હોય
પગે ચાલીને પમાય છે હૈયાનાં હેત

સાચને સેવનાર વૃક્ષની શાખાઓ આભને આંબે છે
'એક તરણું કોળે'ને રાજી થાય એનું નામ માણસ
માટીને પૂછી જોઃ એ મોલની વાત કરશે મ્હેલની નહીં
અમે માણસઃ ગમ અને આંસુ અમારી મિલ્કત
તારી પાસે આંસુ હોય તો બ્હાર આવઃ
પૂજાના દિવસો પૂરા થયા છેઃ જાણી લે
સજાનો સમય શરૂ થયો છે...



આવકારમાં આવે!

☐ સુધીર પટેલ

ના કોઈ પળ નકારમાં આવે,
આજ સઘળું હકારમાં આવે!

આવવું એનું થાય તો સાર્થક,
તું સ્વયં આવકારમાં આવે!

જેને જબ મોજ થાય તબ આવે,
ક્યાં કીધું સૌ કતારમાં આવે!

આવવું માત્ર એક અટકળ છે,
મન કદી ક્યાં રડારમાં આવે!

કામ થૈ જાય કોઈ એક લઈને,
નામ એના હજારમાં આવે!

વ્હેંચવાથી થતું રહે બમણું,
વ્હાલ એવું અપારમાં આવે!

એ પ્રવેશી જશે ભીતર 'સુધીર',
જો હવાની લટારમાં આવે!

જુદ્દાણાં

□ કમલ વોરા

(આપણ સહુનાં)

જુદ્દાં રે ભાઈ જુદ્દાં
તમેય જુદ્દાં અમેય જુદ્દાં
        જુદ્દાં આપણ સહુ
        સાચેસાચું કહું

જુદ્દાણાં-નગરીમાં વસતાં
        જુદ્દાં નર ને નાર
જુદ્દાં-જુદ્દી રમતાં માંડે
        જુદ્દો રે સંસાર

રગરગ જુદ્દાં
હાડે જુદ્દાં ચામે જુદ્દાં
નામે જુદ્દાં કામે જુદ્દાં

જુદ્દો દીકરો પરણીને
        જુદ્દી લાવે વહુ
        જુદ્દાં આપણ સહુ
        સાચેસાચું કહું

*

જુદ્દાણાં-નગરીમાં
મંદિર-મિનારે-ક્રીડાંગણ-મ્હેલે
ધમધોકાર વેપાર જુદ્દાણાંના
સરેઆમ ખુલ્લંખુલ્લા
આભડછેટ વગર
ચડસાચડસીના ઊંચા દામ-નામે
છૂટક ને જથ્થાબંધ અદલાબદલીના
કરી કરીને
વેપારીઓ બે પાંદડે
બાર ડાળે બાવીસ બગીચે
વેપારી રાજાને રૈયત કગરે :
રાજા, રાજા જુદ્દાણાં દે
ખોબે ખોબે હમણાં દે
રાજા કહે : માગ, માગ
હોંશે હોંશે બમણાં લે
ડાબાં-જમણાં શમણાં લે
ગણ્યાં ગણાય નહીં
વીણ્યાં વિણાય નહીં
ખર્ચ્યાં ખર્ચાય નહીં
જુદ્દાણાં-નગરીમાં
વેપારી રાજા વેપારી પ્રજા
કરે જુદ્દાણાં-જયકાર
        જયજયકાર ચારેકોર બહુ
        જુદ્દાં આપણ સહુ

*

જયજયકાર કરતાં
        કહું, કરે શું સહુ?
દિવસે ઊંઘે રાતે જાગે
રચે અવનવાં જુદ્દાણાં
ને જુદ્દાણાંથી રચે...

*રચે રચે અંબરચુંબી મંદિરો**
ઊંચા ચણે મ્હેલ ચણે મિનારા
મઢે સ્ફટિકે, લટકાવે ઝુમ્મરો
રંગે ઉડાવે જળના ફુવારા!
રચે રચે ચંદનવાટિકાઓ
ને કૈંક ક્રીડાંગણ, ચંદ્રશાળા...
મનુષ્યની આ ઉપહાસલીલા
દેખી, ન ભાવિ બહુ કાળ સાંખે!
ભુખાળવો અગ્નિ જતો જ જાગી
જાગી, જુદ્દાણાં-નગરી પ્રવેશી
ફૂંફાડતો કોટિક જીભ ફેલતો
ઘૂમે બધે મંદિર-મ્હેલ ખૂણા
રે કાંકરી એક ખરે નહીં ત્યાં
આવી પછી જો જન કોઈ શોધશે
ખંડેરની ભસ્મકણી ન લાધશે!

*

તમે ઊગરજો
        અમે ઊગરશું
ઊગરશું રે આપણ સહુ
        ઝાઝું તે શું કહું

** કાવ્યપંક્તિઓ માટે કવિ ઉમાશંકર જોશી અને જઠરાગ્નિ કાવ્યનો ઋણસ્વીકાર*

જેવું જેનું ગજું

☐ અનિલ રમાનાથ

અર્ધા ભરેલા એક પાણીના લોટામાં
બીજું પાણી તમે નાખ્યું
તોય જુઓ પાણી તો એકનું એક જ રહ્યું.
પિત્તળના લોટામાં પાણી તો એક છે
પાણી બીજું ત્રીજું ચોથું નથી રે ભાઈ
પાણીનાં સરવાળા બાદબાકી હોય નહિ

ટોપ તપેલું હાંડા ગાગર થાળી વાટકા ટબૂડી
ચમચા ચમચી કડછી તાંસળી ગણનારો ઢબૂડી
જેવું જેનું ગજું એટલું પાણી લઈને ઝીલે
જેની જેવી જમીન હોય એવું એનું પાણી હોય

હવા બીજી ત્રીજી ચોથી હોતી નથી
કોઈ ફુગ્ગામાં ભરે કે કોઈ ટાયરમાં ભરે
કોઈ પંખામાં ફેરવે કોઈ સિલિન્ડરમાં ભરે
કોઈ વાંસળીમાં ફૂંક મારી હવાને વગાડે
કોઈ વીંઝણો નાખી હવાને બોલાવે કોઈ શંખ ફૂંકે
જેવું જેનું નાક એવી એની હવા

અગ્નિ બીજો ત્રીજો ચોથો હોતો નથી
કોઈ દીવો કરે કોઈ મડદું બાળે કોઈ બીડી જગાવે
કોઈ ચકમક ઘસે કોઈ ચૂલો સંધુંકે કોઈ સગડીમાં કોલસા ભરે
કોઈ મશાલ પેટાવે કોઈ ગામ બાળે કોઈ તાપણું કરે
સૂરજ બીજો ત્રીજો ચોથો હોતો નથી
કોઈ અંધારા ઓરડામાં ચાંદરણું પાડે કોઈ ગોગલ્સ પહેરે
બારીને પડદા રાખે કોઈ બિલ્લોરી કાચમાં સૂર્યકિરણ એકઠાં કરી રૂ બાળે
કોઈ અંધારું કરી ફિલ્મું જુએ સૂર્યગ્રહણ જુએ દાન-પૂણ્ય કરે ગાયત્રીમંત્ર બોલે
પાપડની સુકવણી કરે લૂગડાં સૂકવે કેપ પહેરે
જેવું જેનું તેજ એવો એનો સૂરજ

આકાશ પહેલું બીજું ત્રીજું ચોથું હોતું નથી
આકાશને બારી નથી કોઈ પતંગ ઉડાડે કોઈ વિમાન ઉડાડે

ઢળતી વયમાં

☐ યોગેશ જોષી

ઢળતી વયમાં શું કરવાનું?
લઈ હલેસું શું મારે રણમાં ફરવાનું?

ક્યાં લગ જોયા કરવા મારે
શ્વાસ અને ઉચ્છ્‌વાસ?
નિશ્ચેનો ક્યાં મહેલ કે જેમાં
કરી શકું હું વાસ?
નીર વગરની નદીઓમાં મારે તરવાનું?
ઢળતી વયમાં શું કરવાનું?

ધસતી ભેખડ સામે મારે
શું ચડવાનાં પહાડ?
હિમ વગરના હિમાલયમાં
કેમ ગાળવાં હાડ?
નભની પેલે પાર હવે ક્યારે ઠરવાનું?
ઢળતી વયમાં શું કરવાનું?

પંખીઓ ઊડે કોઈ ચાંદા પર જાય કોઈ મંગળ પર જાય
કોઈ ધુમાડો કરે કોઈ ધજા ફરકાવે
જેવી જેની આંખ એવું એનું આકાશ

જમીન પહેલી બીજી ત્રીજી ચોથી હોતી નથી
કોઈ ટુકડા કરે કોઈ સરહદ બાંધે કોઈ ખાડો ખોદે
કોઈ પાયો ખોદે મકાન બાંધે રોડ બનાવે ખેતર ખેડે
ફળની આશા રાખી વૃક્ષો વાવે
જંગલો કાપે વરસાદ બોલાવવા હોમહવન કરે
જેવા જેના હાથપગ એવી એની જમીન

વર્ષની પનિહારી દરવર્ષે વાદળાંની હેલ ભરી
પૃથીના ગોળામાં પાણી ભરતી હોય છે
પૃથ્વીનું પાણિયારું નથી
જેવી જેની તરસ એવું એનું પાણિયારું



તોફાન નથી

☐ જિગર જોષી

છે કેવો મજાનો ચહેરો પણ, શું ચહેરાનું અપમાન નથી?
છે સોળ વરસની આંખો ને આંખોમાં કોઈ તોફાન નથી

એક ઝાડ ઉપર ભર ચોમાસે બેસીને ચાતક ગાતું હતું
છે કેવાં અજબ વાદળનાં ઘર જ્યાં ભીનેરા મહેમાન નથી

આ હોઠ તમારા હાજર છે ને તોય હું ફૂલો ચૂમું છું
લોકો માટે દેખાડો છે, હોઠોનું કોઈ અપમાન નથી

આંખોને ઝુકાવી દાદ દિયો હર એક ગઝલના શેર ઉપર
બહુ દૂર ભલેને બેઠાં હો મારાથી તમે બેધ્યાન નથી

મળવું, ટકરાવું આંખોનું, ભૂલી તો શી રીતે ભુલાય
અઘરું છે તમારે માટે પણ મારે પણ કંઈ આસાન નથી

લટ વીંટળાઈ છે આંગળીએ, આંખોમાં પ્રતિક્ષા મહેકે છે
આ દૃશ્ય સ્વયમ છે સ્પષ્ટ 'જિગર' આ વાતમાં કંઈ અનુમાન નથી

ધજા કાવ્યો

☐ યજ્ઞેશ દવે

- ધજા પર કોઈનો ય અધિકાર નહીં.
  ન પાયામાં ઊંડે ધરબાયેલા પથ્થરોનો,
  ન જગતીનો,
  ન શિલ્પો ખચિત મંડોવરનો,
  ન સભામંડપ કે નૃત્ય મંડપનો,
  પણ
  ધજા પર અધિકાર હોય છે
  માત્ર શિખરનો.

- નૃપને કોણ સમજાવે
  કે
  ધ્વજ ઊડી ગયા પછી
  ધ્વજદંડ ઊભો હોય છે નધણિયાતો
  અને
  દુર્ગ પર ફરકે છે
  તૃણધ્વજની ધજાઓ.

- ધજા હો લાલ લીલી કેસરી કે સફેદ
  કે ધજા હો બાવન ગજની
  એ કાપડના એક ટુકડાથી કશું વિશેષ નથી
  ધજા તો ત્યારે જ હોય છે ધજા
  જ્યારે હોય છે પવન

- ક્યારેક ધજા બદલાય છે
  ક્યારેક હાથ

- પડી ગયેલા પવનમાં
  ધજા જાણે
  નતમુખ પરાજિત રાજવી

- ઉપર ફડફડે છે બાવન ગજની ધજા
  અને નીચે
  ફફડું છું હું.

- ધજા ધસમસે છે પૂરની જેમ
  બધું જ ધમરોળતી
  પણ ધજા અજાણ છે
  કે
  તેને ધૂળ ચાટતી કરી દેશે બીજી ધજા.

- ધજા ગમે તેના હાથમાં હો
  ધજા માટે તો તમે છો માત્ર હાથો.

- શાસક થાય છે ભયભીત
  જ્યારે
  ધ્વજદંડ પરની ધજા
  આવે છે લોકોના હાથમાં.



અફઘાની સ્ત્રીનું ગીત

□ પારુલ ખખ્ખર

કાળા ભમ્મર દન ઊગે ને વકરે રે અંધાર... ખમ્મા... બેટલડી
ચારેકફરતો કાળ ભમે ને વિપદાનો નહીં પાર... ખમ્મા... બેટલડી.

સોનપરી, તારા હાલરડાં ગાઉં કે મૂકું પોક રે...
સોનપરી, તારા પારણિયાનો કેમ ઊતરશે શોક રે...
તને રમાડું, રુદિયે ચાંપું, નીરખું છેલ્લી વાર... ખમ્મા... બેટલડી
ચારેકફરતો કાળ ભમે ને વિપદાનો નહીં પાર... ખમ્મા... બેટલડી.

સોનપરી, તારા લેણદેણના હિસાબ થઈ ગ્યા ડૂલ રે...
સોનપરી, તેં મારી કુખે જન્મી કીધી ભૂલ રે...
તને મોકલું નવા મલકમાં અહીંયાં નવ કંઈ સાર... ખમ્મા... બેટલડી
ચારેકફરતો કાળ ભમે ને વિપદાનો નહીં પાર... ખમ્મા... બેટલડી.

સોનપરી, બે મલક વચાળે છે કાંટાળી વાડ રે...
સોનપરી, તને જુહાર ઝાઝા ઘણાં પામજે લાડ રે...
તને કવચ ને કુંડળ મળજો, મળજો પાલણહાર... ખમ્મા... બેટલડી
ચારેકફરતો કાળ ભમે ને વિપદાનો નહીં પાર... ખમ્મા... બેટલડી.

સોનપરી, તારી માવલડીને માફ કરી દે બાળ રે...
સોનપરી, તારે કાજે લઉં છું 'કમાવતર'નું આળ રે...
કઠણ કાળજું કરી ધકેલું તુજને દરિયાપાર... ખમ્મા... બેટલડી
ચારેકફરતો કાળ ભમે ને વિપદાનો નહીં પાર... ખમ્મા... બેટલડી.

સોનપરી, મુને ભૂલી જાજે દઉં છું છેલ્લી આણ રે...
સોનપરી, તું ડાહી થઈને રહેજે મારા પ્રાણ રે...
આંખે ઊમટ્યાં પૂર, કરે છે હૈયું હાહાકાર... ખમ્મા... બેટલડી
ચારેકફરતો કાળ ભમે ને વિપદાનો નહીં પાર... ખમ્મા... બેટલડી.

(બ્રિટિશ સૈનિકને પુત્રી સોંપતી અફઘાની સ્ત્રીનું ગીત)

ગઝલ

☐ અશરફ ડબાવાલા

બારી સુધી ગયા ને દીવાલો સુધી ગયા,
અંતે દીવાલ ભેદી વિચારો સુધી ગયા.

અણસાર તોય પામ્યા ના તારા સ્વરૂપનો,
લઈ રંગ ને આકાર પિકાસો સુધી ગયા.

કેવા સરસ મુકામે જો પહોંચી છે આ સફર,
પગપાળા ચાલનારા વિમાનો સુધી ગયા

વેચાયાં મોંઘાં સપનાંઓ સસ્તાં બજારમાં,
અણમોલ તો બિચારાં લિલામો સુધી ગયાં.

હિજરત કહો કે એને કહો જાતરા હવે
ઊંચકીને ગુર્જરીને શિકાગો સુધી ગયા.



કોણ જાણે કેમ

☐ પ્રતિષ્ઠા પંડ્યા

કોણ જાણે કેમ બદલાતી ઋતુઓ સાથે
હું આમ બદલાતી રહું છું.
પગ તળે જમીનની માફક
કદી સ્થિર કદી લપસતી રહું છું.
ગરમીમાં બળતી, વરસાદમાં વરસતી,
પાનખર હું પાન પાન થઈ ખરતી રહું છું.
ક્યારેક બેફિકર સૂસવાતી
ક્યારેક સાચવી સાચવી અવાજ વગર
પગલાં માંડતી
સમયની વચમાં થઈને હું વહેતી રહું છું.
શાખાઓ પર ફૂટ્યાં ફૂલ જાણે
હું અકારણ મલકતી રહું છું
ક્યારેક પાણીનો વાંક, ક્યારેક તડકાનો
સમયથી પહેલાં જ હું પણ કરમાતી રહું છું.
છાતીમાં છુપાયેલી પાંખો નીચે ઉછરતી
આશાઓ પર થઈ સવાર હું ઊડતી રહું છું
કઈ શોધમાં ફેલાતી, વિખેરાતી,
મૂળિયાંની જેમ અંદર ને અંદર
શબ્દોની નીચે સંતાયેલા
કોણ જાણે કયા આકાશની સાથે
એક થવા
હું આમ વલખતી રહું છું.

ગઝલ

☐ મધુમતી મહેતા

મારે જલ્દી જોતી 'તી જળ પામવાની મંજૂરી,
તેં તરસ દઈ, આપી કૂવો ગાળવાની મંજૂરી.

કેટલાં બીબાં, મુખોટા, કેટલા વાઘા દીધાં,
ને દીધી એમાં સંબંધો ઢાળવાની મંજૂરી.

નેત્ર ત્રીજું તે જ ખોલ્યું છે અમારું તે છતાં,
દશ્યથી આગળ નથી કંઈ જાણવાની મંજૂરી.

સૂક્ષ્મથીયે સૂક્ષ્મ છો ને છદ્મવેશે છો ભલે,
આપી તારી આંગળીને ઝાલવાની મંજૂરી.

સાંજ પડતાં ધણ વળે છે જે રીતે પાદર તરફ,
એમ ઓફિસથી દીધી ઘર આવવાની મંજૂરી.



વસ્તુ જડે તો જડે વિવેકે......!

☐ દલપત પઢિયાર

જથારથ વસની જુગત જુદી છે;
શીદ તું અવળા ઉંબરા ઠેકે!
છોડી નાખ તું તારી વળીઓ,
આભ ઊભું પોતાને ટેકે!
ઋતુઓ એની મેળે આવે,
મેઘ ક્યાં કોઈના તેડ્યા આવે!
કોણ મોકલે- ચંદ્ર, સૂરજ, તારા, નક્ષત્રો?
ભરતી-ઓટ કો' ક્યાંથી આવે?
સહજના ઘરનો અખંડ ઓચ્છવ;
ચોગમ લે-લીન લીલા ફરૂકે....!
મૂર્તિ-પથ્થર વિષે ન પ્રીછે;
પથ્થર-મૂર્તિ વિષે અશેષે,
તરણું, અંતરપટનું આડું,
કહોને, ડુંગર કઈ પેર દિસે?
દીઠઅદીઠના મોંઘમ મુકામે;
મંદિર આખું મઘમઘ મહેકે....!
જે જે વસ્તુ જ્યાં, જેટલી,
જેવા રૂપમાં રાચે છે,
ચેતન વસ્તુ ત્યાં, તેટલી,
તેવા રૂપમાં નાચે છે!
પૂર્ણપદને શું વત્તુઓછું, આખુંઅડધું?
જડે તો વસ્તુ જડે વિવેકે....!



(ડેડલસે પીંછાં મીણથી ચોંટાડીને પાંખો બનાવી અને પુત્ર ઇકરસને કહ્યું, 'બહુ ઊંચે ન ઊડતો, નહિતર સૂર્યની ગરમીથી મીણ ઓગળી જશે.' ઇકરસ ન માન્યો અને મીણ ઓગળતાં, ઊંધે માથે પછડાઈને સમુદ્રમાં ડૂબી મર્યો. - ગ્રીક મિથક)

ઇકરસ: બે ચિત્રો

☐ ઉદયન ઠક્કર

હતો એનો એ જ પ્રસંગ પણ
હતાં ચિત્ર સાવ અલગ અલગ,
જે નિહાળી એમ જ લાગતું,
કે બન્યા બનાવ અલગ અલગ.

* * *

એક

'ઇકરસ માટે વિલાપ'
(ચિત્રકાર: હરબર્ટ ડેપર, ૧૮૯૮)

શું સમુદ્રમાંથી પ્રકટ થઈ,
તનુગૌરકાય સુમધ્યમા?
જુઓ ફેરવે છે નિતંબ પર,
રવિ હસ્ત ક્યારનો, મોજમાં.

ખડકાયા સામે ખડક ખડક,
સ્તનસાથળો ય ચળક ચળક.

નીરખે છે કોને ફરી ફરી?
અહો સોનું સોનું રહ્યું ઝરી,
જળ-વાયુ સૃષ્ટિ સમસ્તમાં.
સરી આવે બીજી, ત્રીજી પરી,
કરે ડોકિયાંઓ ડરી ડરી,
ધરી તંતુવાદ્યને હસ્તમાં.

કો યુવાન ઢાળીને આંખને,
ને શિથિલ કરી દઈ પાંખને,
ગતપ્રાણ, હાય, પડી રહ્યો.

શર છૂટતું જેમ ચાપથી,
તન શ્યામ શ્યામ છે તાપથી,
શિર ટેકવ્યું સ્તન-ઓશિકે.

ઇકરસથી વ્યાપ્ત ફલક ફલક,
અપલક દિશાઓ નિહાળતી:
મળે ના મળે ફરીથી ઝલક.

બે

'ઇકરસના પતન સમયે કુદરતનું દૃશ્ય'
(ચિત્રકાર: પીટર બ્રુએગલ સીનિયર, ૧૫૬૦)

કૃષિકાર હાંકતો જાય હળ,
ને ખલકનું ખૂલતું જાય તળ,
કરી પૂંઠ અશ્વ જઈ રહ્યો.



હળવેથી સૂરજ ઊતરે,
પીળકેસરી આ સમંદરે,
ગલ સેરવે કોઈ માછીમાર?

આ વહાણ ગાલ ફુલાવીને,
ક્ષિતિજોથી આંખ લડાવીને,
જતું વાવટા ફરકાવતું.

દસ ગાઉ દૂર ઈશાનમાં,
નગરી સરી જઈ ધ્યાનમાં,
ઝરણામાં પગ ઝબકોળતી.

જુએ કોણ? કોને પડી જ છે?
કે સમંદરે સમી સાંજરે,
ઇકરસ ડૂબે... ખૂણે ખાંચરે.
* * *
જો પીંછી હો આપના હાથમાં,
તો ચીતરશો કેવળ વ્યક્તિને?
કે ચીતરશો સારી સમષ્ટિને?

(લલગાલગા લલગાલગા... મુનિશેખર છંદની ચાલ)

જોવું નથી...

☐ હર્ષદ ત્રિવેદી

તું બડો જોશી ભલે હો, ટીપણું જોવું નથી,
આંખ અણસારે ય થોડામાં ઘણું જોવું નથી!

દૂરથી, મારી તરસ જાણી તેં બોલાવ્યો મને,
હાથનું પાણી પીધું તો આંગણું જોવું નથી!

આ બધી અંગત વ્યથાઓ રોજ ઉત્સવ આદરે,
છે મને માફક બધું, દુઃખભાંજણું જોવું નથી!

હું ટહુકો સાંભળું તારો અને મ્હોરી ઊઠું,
તો પછી મારે ફલાણું, ઢીંકણું જોવું નથી!

શ્વાસમાં ઘટના ઘટે ને રાવણું નીકળી પડે,
એટલે મારું, તમારું, આપણું જોવું નથી!

ચોક વચ્ચે રોજ નોખા ખેલ માંડે જિંદગી,
વેશ લઈને, આવણું કે જાવણું જોવું નથી!

ચાલ અલગારી રહી 'હર્ષદ' જગતના પથ ઉપર,
છો પગે હો સાંકળી કે દામણું જોવું નથી!

કોણ મને રોકે છે!?

□ રાજેન્દ્ર પટેલ

કોણ મને રોકે છે
આમ ડાબે કે જમણે વળી જવાથી,
ને વાળે છે હંમેશાં ઘર ભણી?

એ રોકે છે સતત
લાલ, પીળું, લીલું સિગ્નલ બનીને,
સપનામાં, તંદ્રામાં, જાગતાં કે ઊંઘતાં.

એ કોણ છે? તેની મને ખબર નથી
પણ અચાનક,
મને ખબર પડે તે પહેલાં
અંધારામાં હાથ પકડી લે છે
ઠોકર ખાતો બચાવે છે
સહજ, અનાયસ.

એ હોય છે પાસે
પણ જાણે એ રહે છે દૂર
અથવા ક્યાં છે તેની ખબર નથી.

પડછાયો પંડને દોરે એમ
અંદરના આદેશથી
કે પછી ના દેખાતા કોઈ અજાણ્યાની જેમ
દોરે છે એ
એક અંધ માણસને દોરે એમ.

એ કોણ છે? ક્યાં રહે છે?
તેનો સહેજ પણ અણસાર નથી.



વસ્ત્રને બદલી નાખ્યાં

□ મનોહર ત્રિવેદી

બ્હાર જવાનું થતાં વસ્ત્રને બદલી નાખ્યાં
ફેર ન અંદર છતાં વસ્ત્રને બદલી નાખ્યાં

રાજી રાખું નિત્ય સવારે હું દર્પણને--
ખાય હમેશાં ખતા વસ્ત્રને બદલી નાખ્યાં

સામે પેલું વૃક્ષ કહે છે ડાળ નમાવી:
મિત્ર, પાનખર જતાં વસ્ત્રને બદલી નાખ્યાં

આજ મને શોધું છું મારા ઘરમાં ઘૂમી
ક્યાંય અતા, ના પતા વસ્ત્રને બદલી નાખ્યાં

મળવા આવે એ જ પધાર્યા ખભ્ભો દેવા
'છે'--નો મતલબ 'હતા': વસ્ત્રને બદલી નાખ્યાં

કોઈએ... / અમે...

☐ રાજેશ પંડ્યા

કોઈએ આડાઅવળા લીટા દોર્યા કોઈએ સીધા
અમે ઝાડનાં છાંયે ઊભા રહી ઝાંઝવાં પીધાં.

કોઈ આભમાં ગોબો પાડે, કોઈ પતાળે કાણું
અમે અમારે ઘરને ખૂણે રમીએ અલકચલાણું.

કોઈએ ભાંગ્યા મોભ અડાબીડ અને કોઈએ નેવાં,
અમે ફફડતે જીવ છાતીએ સંતાડ્યાં પારેવાં.

કોઈએ સપનામાં હંકારી અડધી રાતે હોડી,
અમે ગામ સોંસરવા ભાગ્યા અજવાળાને ફોડી.

કોઈ કોઈના પડછાયાને કરે નહીં પડપૂછ
અમે અરીસા સામે ઊભા રહીને મરડી મૂંછ.

કોઈએ ફેંકી દીધા ઉકરડે કોરેકોરા કાગળ
અમે એકકેક વીણી લીધા અક્ષર આગળપાછળ

કોઈ કોઈએ મૂંઝારામાં દોર્યાં દસવીસ મીંડાં,
અમે એકસો આઠ ગૂંચળામાં પણ પાડ્યાં છીંડાં.

કોઈએ આખ્ખા જનમારાનો અરથ અવળો કર્યો
અમે જેવો સમજ્યા તમને તેવો સામો ધર્યો.

કોઈ હવા સોંસરવું ચાલ્યું ગયું અચિંતું સાવ
અમે અહીંથી બૂમ પાડી કે એ...ય પાછો આવ.

અમે અડીંગો જમાવશું અહીં અઠે દુવારકા કરી
કોઈ ભલેને અમર થવાના અભરખે જાય મરી.



પીધો રે થોરો થોરો

☐ લલિત ત્રિવેદી

માંડી ભસમમાં કેડી, ઓઢી અગનપછેડી
છાંડીને છેડાછેડી, ઓઢી અગનપછેડી!

શ્યામલ કરીને વાયલ, ધોળા કરી ગુલાલા
મેલીને માઢમેડી, ઓઢી અગનપછેડી!

દૈ ફાગણે પલીતો, લૈ ઠેઠનો ખલીતો
યે કિસને આગ છેડી, ઓઢી અગનપછેડી!

ક્યા રાસની આ રેણુ, વહાણું કે વ્હાઈ વેણુ?
કે થૈ અસિત હેડી? ઓઢી અગનપછેડી!

દવના વણીને દીવા અંબર કરી પીતાંબર
પીંછાથી ગૂંથી બેડી, ઓઢી અગનપછેડી!

પીધો રે થોરો થોરો ...લઈ સાંવરો કટોરો...
ઘરબાર! તને ફેડી ...ઓઢી અગનપછેડી

સાખી

☐ સંજુ વાળા

શબદ

ઝબૂક ઝબૂકે ચિત્તમાં કહ્યો, કળ્યો નવ જાય
ધબકે, ધ્રુજે, ધખધખે વિના પિંડ પરખાય

સ્વાદે નિર્મળ શાંતદા, રમ્ય નમ્ય રૂપધા
નિર્વિકાર, નિર્બંધ નિત, સૂન અંગ સૂન જા

ઝૂલે તો તું વા' રૂપા વહેતા જળઅંદેશ
ઠહેરે માટી, આગ, અભ્ર, વિધવિધ તારા વેશ

સમેટાઈ ચપટી ભયો વ્યાપે હો વિરાટ
અણુ - અણુમાં રમરમે, મૂલે મોંઘોદાટ

ભયાવહ ભભકી ઉઠ્યે રીઝે ત્યાં રસલહાણ
જિવાડે થઈ જીવરસ, નાચંતા નિર્વાણ

તળ ફોડી ઉપર ઊઠો છેદો સઘળાં દ્વાર
આદિનાદ અક્ષરવીરા! રમો રમતની બ્હાર

અલખવર્યા કોઈ આસને શબદ રાવનો રાવ
નિરતિ ચામર ઢોળતી, સીરતિ દાબે પાઁવ

નિરતી-સીરતિ = નૂરત-સૂરત

નામ

ભાષાથી ના ભોળવાય નહીં અર્થવ્યાપાર
રમી રહે બસ, નામમાં, રસબસ અનરાધાર

રસબસ, અનરાધાર વા, ઊભરાતો આનંદ
રોમેરોમે રવરવે, જેમ કાવ્યમાં છંદ

જેમ કાવ્યમાં છંદ કે મહેકથી જૂઈ-જાઈ
થઈ રસનિધિ દ્રવે-દડે, ઘાસલ સીમસરાઈ

ઘાસલ સીમસરાઈનો જેને નહીં કોઈ ક્ષોભ
એ સતનામી સાધુજન, લગીર ન લાભે લોભ

લગીર ન લાભે લોભને, વરે નહીં વનવાટ
શું કંથા, માળા-તિલક! સહજ હોય સમ્રાટ

સહજ હોય સમ્રાટ જે છળે નહીં ક્ષણવાર
વસે શરીરે રક્ત જેમ, ભીતર ભર્યું અપાર

ભીતર ભર્યા અપારથી ભીંજે ચૌદે લોક
દોરે દૃષ્ટિહીનને, તું એવો આલોક

સીમસરાઈ = સીમમાં આશ્રય, ઝૂંપડી

વચન

વાજે ના વ્યવહારથી નહીં કોઈ રીતરિવાજ
રાજકાજ વિણ રાજવી, મ્હાલે થૈ મહારાજ

જે ધાર્યું ના ધીરશે તોળ્યે નહિ તોળાય
નામ-રૂપથી બહાર હો, એ તે શેં મૂલવાય?

ફાલે, ફૂલે, ફળ ધરે ગોપિત થડ, મૂળ, પાંદ
અનુભવે એ ઓળખે, અમાસ રાતે ચાંદ

બહાર ના કોઈ ગાજવીજ ભીતર ઘનઘેઘૂર
વણવર્ષા, વણમાવઠે, ભરચક ઊમટ્યાં પૂર

પ્રીત વિના નવ પાંગરે, વૃથા વિણવિશ્વાસ
મથીમથીને મૂલવે, વણજ હો જેની ખાસ

કહ્યા સૂણ્યાથી વેગળો રણકે જે વિણવેણ
સત, પત જેવાં કારણે, કોળી ઊઠતું કહેણ

વસ્તુનો વિવેક નહીં ત્યાં લગ મન હો વ્યગ્ર
લાભ-નફો ખતવે નહીં, ખમે ખોટ રહી અગ્ર

પત = શાખ, આબરૂ, ટેક - વાજ = કંટાળો, દુઃખ અનુભવવું

પ્રમાણ

નભચંદરવે વીજ હું નદ- નદીઓનાં તાણ
'મેં તો તેરે પાસમેં,' તું યુગયુગ અણજાણ

લગન અગનશી લાગતાં, સરઆંખે સૌ માની
ઊલટાવું સંબંધને, 'તુમ ચંદન મેં પાની'

વિધવિધ રૂપે વિલસું, 'બ્રહ્મલોકમાં નાહી'
કદી કોઈને 'ના' નહીં, એવી અખૂટ સુરાહી

સંગે પોઢું, રાત રમું, ભેદ ન રાખું કોઈ
લે, મારા મન-મહેલના, 'દીપક લિએ સંજોઈ'

નિવાસ દીધો ખોળિયે ધબકારે ઠકરાત
'દર્શન કારણ દૂબળી,' નાહક ના કર જાત

તું જ 'પદમણી - પ્રેમદા' હું વચ્ચેનો ડેશ
તારે કાજે તું કહે, તે સહુ ધારું વેશ

'તું'-માં 'હું' હુલસી રહું, નોખો નિત્ય વિલાસ
ખેલું ખટરસ બ્હાર જઈ 'રમું ગગનગઢ' રાસ

(પંક્તિસ્મરણ : કબીર, રૈદાસ, નરસિંહ, મીરાં, જીવણ, ગંગાસતી, સવો.)
માની = અર્થ, તાત્પર્ય

પરખ

આલપ લીલપ વૃક્ષમાં ફળે ઝરે રસ-સ્વાદ
તારા-મારા ભાવમાં, રચે રમ્ય સંવાદ

કરે વિનવણી, કરગરે યોજે લાખ ઉપાય
રાજે હૃદયસિંહાસને, એ જ રાયનો રાય

મૂળ મળે તે માણિગર સહજ ચિત્ત સમરંગ
પ્રીત, પ્રતીતિ, પારખે, મનથી મહામલંગ

પરકારણ પીડા સહે લથડે નહીં લવલેશ
પદ પોતાનું પરહરી, નિજ લોપે નિઃશેષ

ઈંધણ પકવે અન્ન-બ્રહ્મ વાણી ભાંગે ભૂખ
સ્મરણ એ સંયોગથી, સદ્ય રહો સંમ્મુખ

દુર્લભ જે હો દર્શને, નહીં છાતી, નહીં પીઠ
આમ સતત આગોશમાં તેમ કહ્યે અણદીઠ

આટ-કાટની ઝૂંપડી પડુંપડું છત-ભીંત
અંતરંગ અજવાળવા, પ્રગટો પરમ પ્રતીત

આલપ લીલપ = આલું-લીલું,
લીલુસૂકું - આટ-કાટ = સામાન્ય લાકડું



પ્રેમ... કેવળ પ્રેમ...

☐ શોભિત દેસાઈ

(કોવિડ ૧૯ અને આપણે)

છે બહુ નાજુક સમય...
આમ તો છે ચોતરફ એકાંત, પંખીના ટહુકા, પાંદડાં હાલી રહ્યાં
રળિયાત છે આખી ય સૃષ્ટિ...
હોર્ન છે ગાયબ, પ્રદૂષણ ના જતું શ્વાસોમાં સહેજે
તે બધે થંભી ગઈ, અટકી ગઈ છે
દોડધામો, આવશે ને જાવશે...
આ નરી, નરવી બધા રંગોથી મિશ્રિત ક્ષણ...
જિવાતી જાય છે પુંસક નવા ઉન્માદથી...
વસવસાનો માસ્ક પહેરીને ફરે છે તો ય અહીંયાં કેટલા...
બબડ્યા કરે છે, હાવભાવો છે ચહેરે એમના એવા
કે જાણે ગંજ ખડકાયા ન હો ફરિયાદના!
શબ્દ હડકાયા છે હોઠે...
'આ નથી એકાંત એકલતા નરી છે...
જોઈ લેજો ધ્યાનથી ઘર જોઈ લેજો સાથ ઘરની સૌ દીવાલો...
એકબીજાનાં સતત કાંડાં મરડતી બાથ ભરતી,
સાંભળો છો ને તમે રડતી દીવાલો?!
જો તમે પૂછો મને તો મારે કહેવાનું છે કેવળ એટલું કે
ક્યાંક છે થોડી ઉદાસી હા, છતાં પણ ક્યાંક ચહેરા પર સજાવે
છે કોઈના કોઈ કેવા ખિલખિલાટો બસ સતત સાથે રહી પાસે રહીને...
ક્યાંક છે આંસુ, કબૂલું છું...
પરંતુ એ નથી તું જોઈ શકતો? કોઈ અંધારો ખૂણો
અજવાળતા શૃંગારના શબ્દો
હતી વર્ષોથી જેની ઇન્તેજારી?
હા, નથી એકાંત આ સંપૂર્ણ, ખૂણેખાંચરે છે ક્યાંક એકલતા
છતાં પણ, આ સમય ને આવો મોકો આવ્યો પહેલી વાર,
કેવો?
એકલા રહેવા અને હોવાના ઉત્સવને ઉજવવાનો!!!
વળી છે વાત તો સાચી તમારી
ને વળી આવા સમયમાં ખૂબ પીડે યાદ જૂની

મિત્ર સાથેના બધા ઉલ્લાસમય દિવસો, ગડી વાળેલી બપ્પોરો,
નશામય સાંજ, પુલકિત થાય રોમેરોમ એવી રાત વીતે જોતજોતામાં
અને આવે સવારો નાચતી ગાતી...
આ ક્ષણે ભીંસી રહી હો કોઈને ઘરની દીવાલો
તો ચલો જોડાઈ, ગૂંથાઈ જઈએ
અવનવા ને અદ્યતન સૌ ઉપકરણથી એકબીજામાં
અને બસ, એકબીજા પર ચલો વરસાવીએ એક જ દુઆ
છે નામ જેનું પ્રેમ ને ઉપનામ એનું કોઈએ 'દરકાર' રાખ્યું છે
હવે જો સાંકળી શકશે સકળ આ વિશ્વને અદશ્ય દોરીથી
તો કેવળ પ્રેમ
હા જી, પ્રેમ... કેવળ પ્રેમ



એક ગીત

☐ **પ્રફુલ્લ પંડ્યા**

આ દૂર દૂર કિનારા મૂંગા બેસીને પછી ઊકલી ન ઊકલે એવી ભાષામાં કૈંક કૈંક કહેતા રહ્યા...
એ દૂરના કિનારાની પડખેથી ધસમસતી ધારાએ ધારાએ નદીઓના દિવસો પણ વહેતા રહ્યા...

નદીઓને થાય કે આમ દિવસો વહે છે, કેમ વહેવા જેવુંય નથી લાગતું?
એટલામાં પહાડોએ પીગળીને કીધું કે જળને એકાંત ઝાઝું વાગતું!

નદીઓ તો બિચારી સાંભળી રહી, એને આપતાં નવ આવડ્યો કોઈ જવાબ, એથી દુઃખ એનાં પાણીમાં પાણીને ડસતાં રહ્યાં...

પછી નદીઓના કાંઠે જે વૃક્ષો બેઠાં'તાં, એને લાગ્યું કે કૈંક હવે કરવું પડશે!
નદીઓની આંખોમાં આંસુઓ જોઈ કહે, એનાં પાણીમાં પડીએ તો મોતી જડશે!

પછી નદીઓમાંથી જ મળ્યા મોતીના હાર અને નથડીએ નથડીએ નદીઓનાં નાકકાન વીંધતાં ગયાં...
નદીઓ તો બિચારી વૃક્ષોને ચુપચાપ જોતી રહી ને સુક્કાં વૃક્ષો તો પોતાને ભીંજવતાં ગયાં...

સપનાં

☐ **હર્ષ બ્રહ્મભટ્ટ**

ઉનાળે ગરમાળે સપનાં,
જીવનના વચગાળે સપનાં.

જવું-આવવું બધું સમયસર,
જીવે છે ઘડિયાળે સપનાં!

કાળમીંઢ ખડકાળ હકીકત,
પણ એને ઓગાળે સપનાં.

અંધારાથી ભરચક દિવસો,
ને એને અજવાળે સપનાં.

આકાશે જે ફૂલ મહેંકતાં,
હતાં મૂળ પાતાળે સપનાં.

ઝોકું આવે કે ઠોકર ખઉં,
દોડીને સંભાળે સપનાં.

ઘરડાં, પુષ્કળ ઘરડાં, તો પણ-
સૌનાં ગાડાં વાળે સપનાં.

'હર્ષ' પડ્યાં સાચાં, જે જોયાં-
કાંકરિયાની પાળે સપનાં.



અમૂંઝણ

☐ **રમણીક સોમેશ્વર**

(શિખરિણી)

અડંગો નાખીને અગમ કંઈ બેસી ગયું અહીં
બધે આંહીં ત્યાંહી, મન મહીં અને બા'ર સઘળે
કરાડો ને ઊંડી વિષમ ભીંસતી ખીણ, પડઘા -
પડે ચારેબાજુ સમ-વિસમ વાયુ પ્રસરતા

વિલાતી આભા આ ધરણી પરની રોજ દિસતી
અને ધુરી આખી ખડખડ થતી એમ ખડતી
ધુમાડે ઘેરાયું નભ સકળ ને ભોંય પર ત્યાં -
બધું ઝાંખુંપાંખું, ધુમસમય, રસ્તો નવ દિસે

મનોહારી જાળાં નવલ- નવલાં ભાસ રચતાં
બધે ફેલાયું શું? સમજણ વિના સૌ ભટકતા
બધા દોડે, દોડે, દડબડ થતા જાય દડતા
ઘડીમાં જાગે ને, ફરફર ફરી ઊંઘ સરતા

ઊભી આંખો માંડી ખલક દૂરની કોઈ ક્ષિતિજે
મળે જો ક્યાંથીયે અગન ઝરતો એક તણખો

મને કાનો મા

☐ નયના જાની

મ મ મ મ મા, મને કાનો મા
મા મા મા મને કાનો મા.

માનું નામ પી, માનું નામ ખા,
માનું નામ ગા, માનું નામ ગા.

માનું નામ આદિ, માનું નામ અંત,
મારી માનું નામ છે અનાદિઅનંત.

માનું નામ પાણી, માનું નામ વાણી,
માનું નમ આપણા હોવાની કહાણી.

નામ તો આકાશ શૂન્યનો નિવાસ,
ક્યાંય નહીં કોઈ, મા જ આસપાસ.

માનું નામ લઈને ટમકતા તારા,
બ્રહ્માણ્ડના કણ કણ માના છે ઉતારા.

ઝરણાં નદી સાગર વહે ખળખળ,
માનું નામ કેવું રટે પળપળ.

માના નામમાંથી જન્મી સારી સૃષ્ટિ
સ્થાવરજંગમ બધું એની અમી દૃષ્ટિ

મારી મા તો કેવી સમજાય ના એવી
જેવી સમજી જેણે એને એવી એવી

એકાક્ષરી મંત્ર, સાવ રે સ્વતંત્ર
માનું નામ તંત્ર, માનું નામ યંત્ર

નામ જપે શ્વાસ, અજપા કૈં જાપ
નામ જ ઉચ્છ્વાસ, નામ આસપાસ.

નાનકડું નામ આપણો વિશ્રામ
માનું નામ એટલે મારું બધું કામ.

માનું નામ જળ, માનું નામ સ્થળ
માનું નામ મારું હૃદયકમળ.

માનું નામ નાનું, માનું નામ મોટું,
માનું નામ સાચું, બીજું બધું ખોટું.

ગઝલ

☐ અનિલ ચાવડા

હે જગત, હું ક્યાં કહું છું ભજ મને?
પણ સતત આ રીતથી ના ત્યજ મને!

આજ રજકણ જેમ ખંખેરી ગયા,
કાલ લગ ગણતા હતા સૂરજ મને.

એ સ્વયં તાકી રહ્યા'તા તાજને,
હાથમાં દઈ ક્રાંતિનો એક ધ્વજ મને.

ભેટ માટે આપનો આભાર પણ,
સ્હેજ પણ પોસાય નહિ ગુંબજ મને.

કોઈ વાતે ના થતું અચરજ હવે,
એનું પણ સ્હેજે નથી અચરજ મને.

કોઈ ફૂંકો વાંસળી માફક હવે,
સૂર રેલાવી કરી દો વ્રજ મને.

નીકળ્યો જ્યારે મદદમાં કોઈની,
લાગ્યું ત્યારે એ 'નીકળવું' હજ મને.

ધરતીના લીલા કાગળ પર

☐ હેમેન શાહ

આ કુદરતને રંગબિરંગી કવિતા લખવી ફાવે છે,
ધરતીના લીલા કાગળ પર ઝાડ કશું ટપકાવે છે!

વાદળ વચ્ચે મેઘધનુષનું ક્ષણભર માટે ચિત્ર હશે,
એ જીવનની ફિલસૂફી સુંદર રીતે સમજાવે છે.

આગ જરા ને ખૂબ ધુમાડો, કુદરતમાં પણ એમ બને,
નાની સાવ અમસ્તી વીજળી કેવી દાદ પડાવે છે!

મોસમ એવી છે કે પથ્થર પર પણ, કૂણું ઘાસ ઊગે,
એ જોઈ નિષ્ફળ પ્રેમીઓ ભાગ્ય ફરી અજમાવે છે.

ઊભા રહીને બહાર, ઉકેલો આ પાણીના અક્ષરને,
કોણ મૂરખ વર્ષાની કવિતા પુસ્તકમાં વંચાવે છે?



ગઝલ

☐ પ્રણવ પંડ્યા

રહું છું આઘો બધાં જળથી, તળથી આઘો છું
સ્વયંમાં સ્થિર છું, સઘળાં વમળથી આઘો છું

પ્રયાસરત છું, પણ પ્રાપ્તિની પળથી આઘો છું
ટહુકું આમ્રકુંજે, આમ્રફળથી આઘો છું

અલગ છે વાત છતાં પામતો રહું કાદવ
નહીં તો આમ જુઓ તો કમળથી આઘો છું

બળુકો એટલો કે ઝૂકી જાઉં ચરણોમાં
ઝુકાવે કોઈને બસ એવા બળથી આઘો છું

કદીક પી લઉં છું આંસુ છાનાંમાનાં હું
કદીય લાગ્યું નથી ગંગાજળથી આઘો છું

ખબર છે, કોણ છે યાચક આ કવચ કુંડળના
છળાયો એટલા માટે કે છળથી આઘો છું

નિરાંત કેટલી સૂવામાં બાણશૈયા પર
કે સળવળાટ કે શૈયાના સળથી આઘો છું

ગીત

☐ સુરેન્દ્ર કડિયા

કોણ હવે છોડાવે
અમને સુખ નામનું દુઃખ
અરે રે! સુખ નામનું દુઃખ

તારલિયા સેંથીમાં પૂર્યા
        પૂર્યા સોળ હજાર
મનગમતી ઇચ્છાઓ ઓરે
        મનગમતો કંસાર
બટકે બટકે તોડું
        તોયે અટકે નહિ આ ભૂખ
        અરે રે! સુખ નામનું દુઃખ

કૂણી પાની, કૂણું ખેતર
        રંગ-દુરંગી ફાલ
કુમકુમ-પુરથી ધોરી ઊતર્યા
        પેરું* અબીલ ગુલાલ
કયા રંગને છાંડી, થઈએ
        કયા રંગ સન્મુખ
અરે રે! સુખ નામનું દુઃખ

ઝરૂખે ઝરૂખે ચેતન પ્રગટ્યાં
        માળ માળ ઉજમાળ
વચ્ચે સાજન ઝળાંહળાં ને
        ફરતે ઝાકઝમાળ
સનકાદિકજી એણીપેર બોલ્યા
        જેવી જેની કૂખ
        અરે રે! સુખ નામનું દુઃખ

પેરું* = પેરવું : જમીનમાં વાવવા માટે છાંટવું



ગઝલ

☐ નીતિન વડગામા

નથી છૂટી શકી સાંકળ, હજી તું ત્યાં જ ઊભો છે!
ગયો છે કાફલો આગળ, હજી તું ત્યાં જ ઊભો છે!

નથી અણસાર દેખાતો, ઘણીયે દૂર છે મંઝિલ,
કરીને માર્ગની અટકળ, હજી તું ત્યાં જ ઊભો છે!

ચરણ જો ચાલશે તો ક્યાંક ને ક્યારેક પહોંચાશે,
ઉવેખીને ધરા સમથળ, હજી તું ત્યાં જ ઊભો છે!

અકારણ સાવ તેં વરસાદથી મોં ફેરવી લીધું,
બધાં વરસી ગયાં વાદળ, હજી તું ત્યાં જ ઊભો છે!

સુગંધી એ પવનની પાલખીને સાવ તરછોડી,
ઉગાડી ચોતરફ બાવળ, હજી તું ત્યાં જ ઊભો છે!

થયો છે કેદ સામેથી અવાજોનાં જ જંગલમાં,
જરા તું ધ્યાનથી સાંભળ, 'હજી તું ત્યાં જ ઊભો છે!'

હવે ઊડી ગયાં છે આભમાં એ શબ્દનાં પંખી,
ધરીને હાથમાં કાગળ, હજી તું ત્યાં જ ઊભો છે!

કિચૂડાટ

☐ પન્ના ત્રિવેદી

-અને
ખોલતાવેંત જ જે ખીલી ઊઠતો હતો
એ દરવાજો બંધ કરી દેવાયો
ત્યારથી
એણે
નક્કી કરી લીધું હતું
મનોમન
કે એ હવે ક્યારેય ઊઘડશે નહીં.

જે દિવસથી
ઘરની ઉંબરને વળગ્યો
ત્યારથી લઈને વરસો સુધી
સંધ્યાટાણે દીવો બળતો રહે પાણિયારે
એ કાજે તો જેની સાથે વળગવું નહોતું
ગમતું લગીરે ય
તે બારસાખને ય ભીડાઈ રહેતો
ચસોચસ
ટાણે - કટાણે...

પૂર્વમુખી થવાની હંમેશની તેની તૃષ્ણા છતાંય
એક સુવર્ણ કામના અપૂર્ણ છતાંય
પશ્ચિમનું ઓલવાતું આકાશ
તેણે છાતી પર ઢાલવ્યા કર્યું સદાય!

હા, બદલામાં
ક્યારેક ક્યારેક વાર- તહેવારે
તે ચમકી ઊઠતો...
જરીક રવરવી લેતો...

એક વરસાદી સાંજે
ઘર અર્પ્યું જે હાથે
હોવાપણું હતું તેનું જે હાથને સથવારે
તેણે જ એક પ્રહારે
વિષાદની દીવાલમાં ભીડી દીધો તેને
એક ચૈત્રની બળબળતી બપોરે!

સમયની એક નદી હવે
સુકાઈ ગઈ વરસો વહ્યે...
કટાઈ ચૂક્યું સઘળું રહ્યે રહ્યે..
ભીતર ખવાતાં-કહોવાતાં જતાં માંસ-મજ્જાનું
નામ શું હશે?
સાગ, સીસમ કે દેવદાર?
કંઈ જ યાદ નથી એને
કદીક પૂછી લે છે તે જાતને:
જેણે પહેલો રંગ લગાડ્યો કાયા પર
તે રંગારાને મારી ત્વચાનો મૂળ રંગ
યાદ હશે કે?

પણ
કોને હતી ખબર?
એકદા કોઈ પારસ સ્પર્શે
આમ ઊઘડી જશે એકાએક વળી!
ભલે થોડાં કિચૂડાટ સાથે...
એ હાથે ધક્કો નહોતો આપ્યો
આપ્યો એક સ્પર્શ મખમલી...

કોને ખબર?
દરવાજાનો એ કિચૂડાટ
આક્રંદ હતો કે આનંદ...!!

એક પંખી

□ બાબુ સુથાર

એક પંખી ક્યારનુંય મારા ઘર પર ઊડ્યા કરે છે
સવારે એ ખોબામાં સમાય એવડું હતું
બપોરે એ ગામના પાડા જેવડું થઈ ગયેલું
હવે સાંજ પડવા આવી છે
ત્યારે એ હાથી જેવડું થઈ રહ્યું છે.

મને ડર છે કે મધરાત સુધીમાં એ
આખા ગામને ઢાંકી દેશે
ને એમ ને એમ ચાલશે તો કદાચ...

હું આડોશપાડોશમાં કહું છું:
જુઓ તો આ પંખી...
પણ, બધા કહે છે કે
''અમને તો કાંઈ દેખાતું નથી.''

મારા બાપા એમના દાદાના દાદાનું નામ દઈને
કહેતા: જો દીકરા, જે મન ફાવે એમ મોટું થયા કરે
એવા પંખીનો ભરોસો ન કરતો.

શું કરું હવે?

હું પાછલા બારણે જઈને
મારા પૂર્વજોને બોલાવું છું
પણ, મને કોઈ જવાબ આપતું નથી.
લાગે છે કે હું ભૂતકાળ વગરનો થઈ ગયો છું.
જો એવું ન બન્યું હોત તો
મારી બૂમ બીજા કોઈએ નહીં તો
મારા બાપાએ તો સાંભળી હોત.



હું ભવિષ્યમાં પગ માંડું છું તો
ઘડીકમાં હું અળસિયાની ચાલે ચાલવા લાગું છું
તો ક્યારેક સાપોલિયાની.

હું જોઈ રહ્યો છું: અંધકાર અને પંખી
હવે એકાકાર થઈ રહ્યાં છે.

કેવેન્ડર કરસન

□ હેમંત ધોરડા

બર્થ સર્ટિફિકેટ કેવું ને વાત કેવી
સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ કેવું ને જાત કેવી
મેરેજ સર્ટિફિકેટ કેવું ને નાત કેવી
નામે કરસન, ઠામે ગામ આખું ગામ આખેઆખું ગામ
કરસન હાજરાહજૂર, ગામ આખામાં જોઈતુંકરતું અઘળુંસઘળું હાજરનાજર
બની બનીને પણ, બની બનીને પણ, સોળશ ને મક્કરવારે પણ
બન્યું નથી તે બન્યું જ નથી તે નથી જ બન્યું કે ન હોય
બારે મહિના ને તેરે કાળનો, કરતોકારવતો કરસન ન હોય
ન રેશન કાર્ડ, ન આધાર કાર્ડ, ન સીમ કાર્ડ, ન પેન કાર્ડ
ગામરખો કરસન તો હોય જ, તોય, હોય જ ધણિયાતા ગામમાં
બિહામણો વિચાર પણ ન આવે, ન આવે બીકાળવું સપનું પણ
ન હોય તો કરસનને, રણમાં ઝરણ જેમ, ગોતવો ક્યાં?
ગોતી ગોતીને પણ, ગોતી ગોતીને પણ, ગોત્યો ન જડે સચરાચરમાં
ગોતવા જવું તો જવું એક તસુવા પણ કેમનું?
બીજું શું?

મારી સિગારેટ તે કેવેન્ડર છાપ
મળે તો બસ મળે કરસનનું નામ લેતાવેંત જ, મળે જ
મારો કેવેન્ડર કરસન, ખટકો રાખીને, લાવી આપે મને મારી કેવેન્ડર
યેન કેન ખેન ગેન ઘેન પ્રકારેણ લાવી આપે
એક જ પાકીટનો, બસ એક જ પાકીટનો ખપ પડતો હોય
હજી તો પડતાં પડતાં પડતો હોય, પાણીમાં પથરા જેમ
એટલામાં તો લાગલો લાવી આપે નવસો નવ્વાણું પાકીટ
એક જ આંગળી પર, બસ એક જ આંગળી પર
ઊંચકી લે, મારી કેવેન્ડર વિનાની, મારી પહાડ જેવી આપણા
મારી કેવેન્ડર મળે મને, મને બીજું કે ત્રીજું કે ચોથું જોઈએ શું
ઉપર આભ નીચે ધરતી વચ્ચે મારી કેવેન્ડર ફૂંકતો હું
ખરે ખરેખર તો મારી કેવેન્ડર ફૂંકતો હોઉં ત્યારે હું શ્વસતો હોઉં
મારી કેવેન્ડર ભલી, ભલો હું, ભલા મારા શ્વાસ
બીજું શું?

ખોરોનાકાળ શું કે શું ગોરોનાકાળ
ગોરોનાકાળ શું કે શું ઘોરોનાકાળ
ઘોરોનાકાળ શું કે શું ઝોરોનાકાળ
કાળ કહું તો કાળે કાળે, યુગ કહું તો યુગે યુગે
ક્યારે નહોતો મારો કેવેન્ડર કરસન, ક્યારે નહોતી મારી કેવેન્ડર
આવામાં કે તેવામાં કે કેવામાં પણ, દસ કહું તો અગિયારે દિશામાં પણ
આ તે કેવો કાળ, કાળમીંઢ કાળ, કાળમુખો કાળ
નથી મારો કેવેન્ડર કરસન નથી મારી કેવેન્ડર
ફૂંકું શું? શ્વસું શું? ઉપર આભ નીચે ધરતી વચ્ચે કરું શું?
સિવાય કે મારો કેવેન્ડર કરસન ક્યારે આવશે વિશે ક્યાસ
સિવાય કે મારી કેવેન્ડરની તપાસ
સિવાય કે મારી કેવેન્ડર વિના મારા શ્વાસ લેવાના પ્રયાસ
બીજું શું?

મારા કેવેન્ડર કરસને મને છોડ્યો? તરછોડ્યો મને?
આમ રેઢો, નોધારો, નધણિયાતો?
આમ હવામાં હવાતિયાં મારતો? માર્યા કરતો ફીફાંમાં ફાંફાં?
આમ શ્વસવા માટે હવાતિયાં? ફાંફાં શ્વાસ લેવા માટે?
રંગરંગના ઢંગઢંગના રંગઢંગના શ્વાસ
ખળખળ ખળખળ ખળતા ખળતા ખળખળ ખળતા શ્વાસ
સ્નિગ્ધ સુંવાળા મૃદુ મુલાયમ મખમલ મખમલ શ્વાસ
શ્વસવું તો છે જ, ધરાર શ્વસી તો જોઉં
મારી કેવેન્ડર વિના પણ, ધરાહાર શ્વસી તો જોઉં
જોઉં છું શું થાય છે?
જોઉં છું
બીજું શું?



પ્રત્યુત્તર

☐ મનીષા જોષી

''મિશા, તું શું કરે છે? પરીક્ષાની તૈયારી કરે છે? સ્કૂટર ચલાવે છે? જમે છે? વાંચે છે? કવિતા લખે છે? મને યાદ કરે છે? એમ ન માનતી કે છેલ્લો સવાલ કરવા માટે જ આગલા સવાલો કર્યા છે.''

કેટલાંયે વર્ષો પહેલાં, તેં લખેલા આ પત્રનો પ્રત્યુત્તર આપી રહી છું, છેક આજે.

- હું કંઈ જ નથી કરતી. કશું કરવાનો સંદર્ભ મેં ગુમાવી દીધો છે.
- પરીક્ષાઓમાં તો હું ક્યારેય પાસ જ ન થઈ શકી. જેમ એકવાર ચાલુ પરીક્ષાએ, વર્ગખંડની બહાર નીકળી ગઈ હતી તેમ, હજી આજે પણ ઘરની બહાર નીકળી જઉં છું અને જોઈ રહું છું, બહાર જીવાતા જીવનને.
- સ્કૂટર ચલાવતાં હવે ડર લાગે છે. એમ લાગે કે મારી ચારે તરફ પૂરઝડપે દોડતાં વાહનો અચાનક અદૃશ્ય થઈ જશે અને હું આ ફ્લાયઓવર પર સાવ એકલી અટૂલી ઊભી હોઈશ તો?
- અન્નનો તો મેં ત્યાગ કરી દીધો છે, છેલ્લાં ઘણાં વર્ષોથી અને હું હવે જાણી ગઈ છું કે મને જે જીવાડે છે તે અન્ન નથી.
- વાંચું છું, પણ નવું હવે બહુ જ ઓછું લાગે છે.
- કવિતા પણ લખું છું, હજીયે, પણ કવિતા હવે મને અછડતીયે ઈજા નથી પહોંચાડતી.

બસ, કોઈ પણ બહાને કરેલો તારો એક છેલ્લો સવાલ હજી આહત કરી શકે તેમ છે.
તારી યાદ
જેમ સ્વપ્નમાં, જેને, જે-તે સ્થળ-કાળ સાથે કોઈ સંબંધ જ ન હોય
ને છતાં, જે-તે સ્થળ-કાળમાં એ હોય
એમ જીવી રહી છે મારી સાથે
ક્યારેક મૃત, ક્યારેક ખુશખુશાલ.



તારો આ પત્ર, મેં સાચવ્યો છે હજી, માત્ર એટલા જ માટે
કે જેથી જળવાઈ રહે મારી આંખોમાં પીળાશ પડતા કાગળનો રંગ
કે જેથી જળવાઈ રહે મારી કવિતામાં અધ્ધર ઝૂલતી અસંગતતા
કે જેથી જળવાઈ રહે તારા પ્રેમપત્રમાં મારો એક તરલ પ્રત્યુત્તર.

બેઉ કાંઠે છલકતી નદી વચાળે અનાયાસ તરી રહેલા
કોઈ પાંદડાંની પીઠ પર સવાર મારો પ્રત્યુત્તર
જઈ પહોંચશે કોઈ અડાબીડ અરણ્યમાં ત્યારે
હું સાંભળીશ, મારા પોતાના અવાજમાં, મારો આ જવાબ.



કંઈ નહિ

☐ અજય સરવૈયા

રાતે હું ટીવી જોતો હોઉં ત્યારે એ ક્યારેક પૂછેઃ શું જુએ છે? હું જણાવું: કંઈ નહિ, ચેનલો ફેરવું છું. એ પછી બોલે કે હમણાંનું કંઈ જ નથી આવતું, કે કેબલ કઢાવી નાખવું જોઈએ, કે ટીવી બંધ કેમ નથી કરી દેતો? ક્યારેક કોઈ મિત્ર પૂછે કે હમણાં શું વાંચવા-લખવાનું ચાલે છે? મારો જવાબ હોયઃ કંઈ નહિ, કંઈ કરવાનો સમય જ નથી હોતો. કોઈ કલીગ પૂછે કે હમણાં શું ચાલે છે? મારાં મોઢામાંથી નીકળી જાય છે. કંઈ નહિ. મેં છાપું પણ બંધ કરી દીધું છે કેમ કે એમાં કંઈ જ નથી હોતું. કેટલાંક મિત્રોને તો એમ લાગે કે 'કંઈ નહિ' તો કહેવા માટે છે, પાછળથી કંઈક કરતો જ હશે. મારે એમને સ્પષ્ટતા કરવી હોય છે કે આગળથી, દેખાડા માટે, કંઈક કરતાં જ હોઈએ, પણ પાછળથી તો કંઈ જ નથી ચાલતું. પાછલાં વર્ષોમાં ધીમે ધીમે આ 'કંઈ નહિ' બધે ફેલાઈ ગયું છે, ગલી, મોહલ્લા, ગામ, શહેરને દેશાવરમાં, રોગની જેમ, અથવા કહો ને કે વાતાવરણની જેમ. હમણાં તો એના કોઈ રૂપ-રંગ કે ગંધ નથી જણાતાં, પણ રહેતા રહેતા એનો ઘાટ ઘડાશે. પછી એની ગંધથી સહસા ઊંઘ બટકી જશે, જેમ હમણાં નદીમાં છોડેલાં કેમીકલોની ગંધથી થાય છે. પછીની પેઢીના કવિ કદાચ એના રૂપ વિશે કવિતા કરી શકશે, 'તાંબાની ચામડીના કડવા રણકાર' જેવું કંઈક. પણ હમણાં તો કંઈ નહિ.

એટલે

☐ **ફારૂક શાહ**

પૃથ્વી ગોળ ગોળ ચકરાતી
યુગોથી
યુગોથી ચાલ્યું આવ્યું છે
શ્વાસ ભરવાનું
શ્વાસ ભરી ભરીને પાંગર્યા છે અહીં
હાલતા-ચાલતા પ્રાણ
પ્રાણ પહોંચી વળ્યા છે ચારેય દિશાઓમાં
ચારેય દિશાઓમાંથી આવી આવીને
સ્થિર થયા છે સ્વયંના કેન્દ્રમાં
સ્વયંનું કેન્દ્ર અડીખમ ઊભું છે
યુગોથી
યુગોથી પ્રક્રિયાઓ મંડાઈ છે
ચાલી છે, ચાલતી આવી છે
બ્રહ્માંડ બની જવાની
ઝળાહળા થતી સૃષ્ટિને રચવાની

યુગોથી ગોળ ગોળ ચકરાતી
પૃથ્વીમાં
વિષાક્ત તત્ત્વો પ્રવેશીને
બધું ખેદાન-મેદાન કરી નાખવાનું કરે છે
કરે છે
શ્વાસોને રૂંધી નાખવાનું
શ્વાસ લેનારાઓને અવરોધી નાખવાનું

એટલે
શ્વાસ લેનારાઓમાંથી કેટલાક
બની ગયા છે રૂંધી નાખનારા
કેટલાક ચારેય દિશાઓમાં પહોંચી વળીને
મથે છે ઝળાહળા રચવાને



ગઝલ

☐ **અંકિત ત્રિવેદી**

રાડ પાડીને કહો કે ફોડ પાડીને કહો
ઊંઘમાં હો કે ન હો તો પણ જગાડીને કહો

ના કરો ચિંતા કે સાચું બોલવાથી શું વળે?
ના ગમે તો ના ગમે ખોટું લગાડીને કહો

ખાલી પેટે કોઈ’દી ક્યારેય સંભળાતું નથી
એકલું બોલો નહીં પ્હેલાં જમાડીને કહો

મૌનનો પણ અર્થ ચાલ્યો જાય એવું ના કરો
શબ્દની કિંમત વધારીને, ગમાડીને કહો

જે કહો, જ્યારે કહો કાયમ સમયસર બોલજો
શાંત ચિત્તે સાંભળી ગુસ્સો ઘટાડીને કહો



સમયની સરહદને પેલે પાર

☐ ધીરુબહેન પટેલ

આપણા કોષ્ટક પ્રમાણે દિવાળીના દિવસો પહેલાં એના મનમાં હરખની ભરતી ચડતી.

બહુ જતનપૂર્વક એના નાનકડા ઘરના આંગણામાં વચ્ચોવચ તૂટેલી ઈંટોના કકડા ગોઠવીને એ ચોરસ ઓટલી બનાવતી અને એની ફાંટોમાં ઝીણી કાંકરી, રેતી અને માટી ભરી દેતી. બિનઅનુભવી નાની હથેળીઓ ગુલાબીમાંથી રાતી થઈ જાય ત્યાં

લગી આ કારભાર ચાલતો. પછી વારો આવતો ગાયના છાણથી પોતાની આ કલાકૃતિ લીંપવાનો.

વારેઘડીએ જાતજાતનાં આમંત્રણ આવતાં, પણ એમાંનાં એક્કેય એને સ્પર્શતાં નહીં. યોગીની સમાધિ જેવી એકાગ્રતાથી એ પોતાની કુમળી આંગળીઓને કામે લગાડતી અને ઠપકાની કે પ્રશંસાની કશી જ અસર પોતાના દિલને થવા દેતી નહીં.

'દિવાળીને તો હજુ બહુ વાર છે.' કોઈ કહેતું ત્યારે એ ટચૂકડી આંગળીઓના વેઢા પર એનું આગવું ગણિત ગણીને કહી દેતી, 'હજુ તો ઓટલી સુંવાળી - વધારે સુંવાળી બનાવવાની છે. સફેદ પથરા વીણી લાવીને કચરવાના છે. એ ચિરોડી એકદમ ઝીણી કરવી પડશે, નહીંતર મારી આંગળીઓમાંથી લોહી નીકળશે. એ તો ઠીક, દિવાળીના સાથિયા સારા ન થાય તે કેમ ચાલે? દિવાળી કંઈ રોજરોજ આવે છે?'

એના આ પ્રશ્નનો જવાબ - અલબત્ત, નકારાત્મક આવી શકે અને આવતો પણ ખરો, પરંતુ એ વાતની એને ક્યાં પડી હતી?

એ તો પાછી એવી જ તલ્લીનતાથી કામનો બીજો તબક્કો શરૂ કરી દેતી. મજબૂત કાગળ શોધ્યા પછી ફૂટ અને પેન્સિલના સહયોગથી ઉપરથી નીચે અને ડાબેથી જમણે રેખાઓ દોરાતી અને જ્યાં-જ્યાં એમનું મિલન થતું ત્યાં પૂજાની અગરબત્તી ચેતાવીને કાણાં પાડવામાં આવતાં.

હવે બરાબર! આ કાગળ ઓટલી પર મૂકીને ચિરોડી ભભરાવવાથી આખી ઓટલી એકસરખાં ચોકઠામાં વિભાજિત થઈ જતી. પછી શોધ ચાલતી સાથિયાપોથીની.

હવે તકલીફ એ હતી કે ઓટલીનાં આવાં વિવિધ રૂપ નિહાળવામાં અને વખાણવામાં બીજું કોઈ ભાગ્યે જ સામેલ થતું. ઊલટાનાં બીજાં નકામાં કામો નીકળતાં એટલે મોડે સુધી જાગવું પડતું.

શું થાય? રાતે નવ વાગ્યે તો બીજા બધા કાં તો ખાણી-પીણીમાં મશગૂલ હોય અથવા બહાર ગયા હોય. એટલે તે એકલી જ સાથિયાપોથીમાંની આકૃતિ અને પોતે દોરેલા નકશાનો મેળ મેળવ્યા કરે. ભૂલ પડી હોય ત્યાં સુધારા કરવા અને સાથિયો કશેથી બગડે નહીં એનું ધ્યાન રાખવું એ કંઈ જેવું તેવું કામ હતું?

પછી આવે વારો રંગનો. આ જગતમાં ટીકાકારો જરૂર કરતાં ઘણા વધારે હોય છે અને સન્નિષ્ઠ સાથીદારો ઘણા ઓછા એ કડવું સત્ય તેણે સ્વીકારી લીધું હતું - તેને સ્વીકારવું પડ્યું હતું.

કવિએ તો મોજથી ગાઈ નાખ્યું - 'એકલો જાને રે!' પણ આટલું મોટું મહાભારત કામ પાર પાડવાનું હોય ત્યારે પણ એકલા જ જવાનું કેટલું આકરું લાગે

તેની ખબર કવિને કદાચ નહીં હોય, પણ એને તો પડી જ ગઈ હતી.

પણ 'ડગલું ભર્યું કે પાછું ના હઠવું' એ પંક્તિ પણ વારેઘડીએ યાદ આવતી ને તે એના બરડાને પરાણે સીધો રાખતી હતી.

વાગ્ બારસને વાઘબારસ બનાવીને કાળા-પીળા રંગની મદદથી વાઘને છેક ઓટલી પર લઈ આવવો એ કંઈ જેવું તેવું કામ હતું?

ધનતેરસે પાછો એક નમાવેલી માટલીમાંથી સિક્કાનો વરસાદ વરસાવવો અથવા આવડત હોય તો લક્ષ્મીજીનું ચિત્ર દોરવું એ પણ ક્યાં સહેલું હતું?

છતાં નવી શોધ કરતા વૈજ્ઞાનિકો કેવા જરાય ડગ્યા વગર દિવસરાત એક કરી નાખતા હતા એ વાત શું તેણે નહોતી વાંચી? તે પોતે પણ એવું જ કરશે.

દિવાળીની રાતે રોશની અને ફટાકડાથી એના ઘર આગળનો રસ્તો એક નવું જ રૂપ ધારણ કરીને મલકાતો હતો ત્યારે પણ એ તો પોતાના સાથિયા સામે એકીટશે જોઈ રહી હતી. આહા, કાલે તો બેસતું વરસ! છેલ્લા કેટલા બધા દિવસોના અવિશ્રાંત પરિશ્રમથી સજાયેલો એના આંગણની શોભા જેવો આ સાથિયો બધા જોશે અને વખાણશે ત્યારે કેવી મજા આવશે!

નિદ્રાધીન થયાને પાંચ મિનિટ થઈ કે પાંચ કલાક એની કંઈ સમજ પડી નહીં. 'સબરસ! સબરસ! સબરસ!'ના આમંત્રણથી જાગી ગયેલી એ ઊઠતાંવેંત દોડી પોતાના સાથિયા પાસે. એને સાલમુબારક કહ્યા પછી જ બીજા બધાનો વારો!

આંખો ખુલ્લી જ હતી, છતાં મીંચી દઈને ફરી વાર ખોલી. પછી એકાગ્રતા અને ઉત્સાહપૂર્વક પોતાના સાથિયા સામે જોયું.

અરે! સાથિયો હતો જ ક્યાં? દૂધવાળાના ભારે જોડાની છાપની આજુબાજુ થોડો રંગ વેરાયેલો દેખાયો. એ સ્તબ્ધ બનીને ઊભી રહી.

કોઈએ પૂછ્યું, 'હવે તું શું કરીશ?'

'કંઈ નહીં. આવતા વરસે ફરી વાર કરીશ.'

ઝટપટ આંખો લૂછીને એ ઘરમાં દોડી ગઈ. સામે જે પહેલું મળ્યું તેને એણે હસીને કહ્યું, 'સાલ મુબારક!'

❑❑❑

હે અરૂપ, તમારી વાણી મારા અંગમાં, મારા ચિત્તમાં મુક્તિ લાવી આપો. નિત્યકાલનો તમારો ઉત્સવ છે - વિશ્વની દિવાળી, હું તો કેવળ તેનું માટીનું કોડિયું છું. કદી ન બુઝાતી, પ્રકાશથી ઝળહળતી તમારી ઇચ્છા તેની શિખા પેટાવે.

- રવીન્દ્રનાથ ટાગોર, ગીત-પંચશતી



સાબર ઑઇલ મિલ

☐ પ્રવીણસિંહ ચાવડા

(૧)

સાબર ઑઇલ મિલની પ્રથમ વાર ઝાંખી થઈ તે પ્રસંગ મને યાદ છે.

પીઠ પાછળ સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. હેંડવાના હોશ નહોતા. ગળું સુકાતું હતું. થોડી થોડી વારે ફોઈબા મને પોરસ ચડાવે – મારો બહાદર! નવાં નવાં સંબોધનો. મારો બંકો, મારો જોદ્ધો!

બહુ છેટું નથી. કાઠા થઈ જાઓ ભઈલા. પે...લું ભાંખરું જોયું? બસ, એની પાછળ ભઈની મિલ.

ટ્રેનમાંથી અગિયારેક વાગ્યે ઊતર્યાં હોઈશું. ત્યારથી આગળ ફોઈબા અને પાછળ ભત્રીજો. ફોઈબા ઝપાટાબંધ ચાલે. પગ ચાંપો ભઈલા. ચિત્રો બદલાયે જતાં હતાં. ખેતરોની વચ્ચે સાંકડું નાળિયું આવે, બે બાજુ થોરની ઊંચી-ઊંચી વાડ. બીવાનું નંઈ બેટા. આપણે વળી બીક કેવી! જોકે બોલતાં બોલતાં ફોઈબાના અવાજમાં થડક આવી જતી.

બહુ છેટું નથી.

હમણાં આવી જશે, ચપટીમાં.

મારી મોતીઓની માળા!

ઘઉંનાં, વરિયાળીનાં ખેતર. વચ્ચે-વચ્ચે નાનાં ગામ આવે. તળાવે સ્ત્રીઓ લૂગડાં ધોતી હોય. મોટો વડ, એની પાસે ગામ કૂવો. હાશ કરીને બેસીએ અને કોઈ યુવતી છલકતો ઘડો લઈને આવે. હોઠ આડે હથેળી ધરી પીવાનું, એમાં પેલી અલ્લડ એની મસ્તીમાં આડધો ઘડો મોટી ધારે ઉપર ઠાલવી દે. પેટમાં પાણી ઓછું જાય પણ સ્નાન થઈ જાય.

વચ્ચે-વચ્ચે તેડી લે. હાથમાં થેલી અને કેડમાં ભત્રીજો. બસ, પચાસ-સો ડગલાં જ. મને આ ગમે નહીં. બહાદર હતોને? જોદ્ધો હતોને? જોશ ચડે અને ઊતરીને દોડવા માંડું ફોઈબાની આગળ. થેલીમાં સીંગચણા. વચ્ચે-વચ્ચે ગૂંજું ભરાવે. પોતે પણ બે દાણા મોઢામાં નાખે. પેચવાળા લોટામાં પાણી.

અને દેખાઈ.

-જો!

અંધારું વધારે, અજવાળું ઓછું એમાં, ઉન્નત મસ્તકે ઊભેલો ધૂંધળો ભવ્ય આકાર.

વિસ્મયમાંથી બહાર નીકળું તે પહેલાં અચાનક પાછળ દબડક... દબડક સંભળાયું અને અંધારામાંથી નીકળી અમારી ઉપર ધસી આવતો એક પ્રચંડ ઓળો દેખાયો. ક્ષણમાં ફોઈબા મને ખેંચતાંકને એક ઝાંખરાની ઓથે લપાઈ ગયાં.

ઘોડાના ડાબલા ધીમા પડ્યા.

ખભે બંદૂક, માથે ફેંટો, ઘોડો અને અવસાર તે સળંગ એક આકૃતિ.

ફોઈબા બમણી ઝડપે, 'લે, આ તો તારા કાકા છે.'

ભાઈ નહીં, મારા કાકા.

'બૂન? કિશોરીબા?'

છલાંગ મારીને નીચે ઊતર્યા. મને જોયો, પાસે લીધો, 'આને લાવ્યાં છો? બઉ હારું, બઉ હારું.'

નિઃશબ્દ ભાઈબહેન એકબીજાને જુએ અને હું એમને. એ વગડો, એ સંધ્યા, એ ભાઈબહેન અને ફોઈબાની નીતરતી આંખો, કેવાં-કેવાં કેટકેટલાં શિલ્પો આ સ્મૃતિમાં જળવાઈ રહ્યાં છે!

'ઠેઠ વડનગરથી ચાલતાં આવ્યાં? આવું કરાતું હશે બૂન?'

સમાચાર મોકલ્યા હોત તો પોતે જીપ

લઈને વડનગર સ્ટેશને આવ્યા હોત.

દરમિયાન, બેધ્યાનપણે મને બાવડેથી ઊંચકીને ઘોડા પર બેસાડી દીધો હતો. એક બાજુ લગામ પકડીને ચાલતા ભાઈ, બીજી બાજુ સોડમાં પોટલું દાબીને બહેન, ઊંચા આસને પડું-પડું રડું-રડું થતો અસવાર. થોડી મિનિટો, થોડાં ડગલાં પરંતુ એણે આખા દિવસના એ પગપાળા પ્રવાસનું રૂપાંતર કરી નાખ્યું છે.

અવાજ સાંભળીને કાકી ઓસરીમાં આવ્યાં. નણંદબાનાં ઓવારણાં લીધાં, ભેટ્યાં. મને તેડીને ગાલે બચીઓ કરી.

ઘરમાંથી નહીં, બહાર ક્યાંક રમતો હશે, ધરતી પર કે વૃક્ષોની ડાળીઓમાં, ત્યાંથી ઊછળતો-કૂદતો વછેરા જેવો ઓમકાર આવ્યો અને મને વળગી, ઊંચકી, હેઠે પછાડી ફેંદી નાખ્યો.

* * *

સવારે મોડેથી ઊઠ્યા ત્યારે મેડીની બારીમાંથી આંખો ચોળતાં-ચોળતાં જોયું : વિશાળ કમ્પાઉન્ડ, એમાં એક બાજુ મિલ, એની આગળ ત્રણ-ચાર ખટારા, થોડી બળદગાડીઓ. હું જ્યાં ઊભો હતો તે, કાકાની બંગલી, મિલથી ખાસ્સી દૂર, એકાંતમાં હતી.

બે દિવસ રોકાઈને ફોઈબા એમના સાસરે ગયાં, નદી અને ડુંગરોની પેલી બાજુ, ભત્રીજાઓને લાડ લડાવતાં, આંખો લૂછતાં. નદી સુધી અમે બધાં વળાવવા ગયાં. તરાપામાં બેસવાનો લહાવો અમને ન મળ્યો, અમે આ કિનારે ઊભાં રહ્યાં અને કાકા સ્વયં સામા કિનારા સુધી ગયા, જ્યાં ફોઈબા માટે વહેલી તૈયાર હતી, તલવાર અને બૂંદકો સાથે બે વળાવિયા હતા.

દિવાળીનું આખું વેકેશન રહ્યો એમાં કાકા તો ભાગ્યે જ જોવા મળતા. એમનું કામ એવું. આજે ઈડર, કાલે ખેડબ્રહ્મા, હિંમતનગર, મુંબઈ. મને એમની થોડી બીક લાગતી, સાથે-સાથે ખેંચાણ પણ રહેતું. લાલ આંખો, ઉન્નત મસ્તક, ચાલવામાં, બેસવા-ઊઠવામાં ગૌરવ. ઘોડેસવારની મર્દાનગી.

ઓમકાર મારાથી બે મહિના મોટો હતો. ખડક જેવો, જંગલી રોઝ જેવો. ચરણને ઘડીભર પણ જમીન પર ઠરવું નથી. તીરની જેમ છટકીને આ બાજુ જાઉં કે પેલી બાજુ? એક છલાંગે ઘોડાની ખુલ્લી પીઠ પર બેસી જાય. નહીં પલાણ, નહીં ચોકડું. નદીએ પાણી પાવા માટે જવા પૂરતો હક એને મળ્યો હતો.

ખૂબ વિશાળ જગ્યા હતી. મિલ તથા માલિકનું નિવાસસ્થાન તો માંડ ત્રીજા ભાગમાં, પાછળ ગીચ ઝાડી તે ઠેઠ નદી સુધી. બે વનેચર આખી બપોર રખડ્યા કરે. કોઈ ઝાડ પર ચડી, અસ્થિર બેઠક પર લગભગ લટકતાં વાતો કર્યા કરે. વાતો વાતો વાતો. ડાળીએથી લટકીને પડતું મૂકવું તે નીચે ઊતરવાની સાચી પદ્ધતિ. સાંજ પડે તે પહેલાં, કાકીની અનેક સૂચનાઓ શિખામણો સાંભળી-ન

સાંભળી અને ઘાટ પર નાહવા જતા. ઓમકાર પાકો તરવૈયો. હું પાણીમાં પગ બોળી બેઠો-બેઠો છાતી પર, ગાલ પર પાણી ચોપડ્યા કરું. ઘાટથી થોડે ઉપરવાસમાં, ફૅક્ટરીની બરોબર પાછળનો ભાગ. એ બતાવતાં કહે, ખૂબ ઊંડો ધરો છે, પાતાળ સુધી, ચેતવણી આપે - જેની મારે જરૂર હતી જ નહીં - એ બાજુ ભૂલેચૂકે પણ જવાનું નથી. આ તને કહી દઉં.

નદીનું આ એક રૂપ, ઘાટ પાસેથી જોવા મળે તે.

બપોરની અમારી રઝળપાટમાં ક્યારેક ઝાડી વટાવી છેટ પાછળ જઈએ ત્યાંથી દેખાય તે નદી જાણે બીજી જ. ભેખડ એટલી ઊંચી હતી કે નીચે જોતાં ચક્કર આવી જાય. ઘરમાંથી ભાલા જેવાં તીક્ષ્ણ મસ્તકો ઊંચાં કરતા ખડકો. ઓમકાર ઊભો રહે છેક ધાર પર, હું ચાર-પાંચ ડગલાં છેટો.

એક પગ ખડકની કિનારી પર, બીજો પાછળ. બે પાંખો ફેલાવી, આગળ-પાછળ ઝોલાં ખાતાં, સોટા જેવી કાયાનું ધનુષ્ય બનાવી ટંકાર કરે - મારું ભૂસકો? મારા સુકાતા કંઠમાંથી માંડ-માંડ ખોખરો, કાકલૂદીભર્યો સ્વર નીકળે, 'ઓમકાર, ભઈલા, તું આવું ન કર-'

'આપણા ઘરમાં તું એક બીકણ પાક્યો.'

ચોવીસ કલાક સાથે ને સાથે, સામે બેસાડી કાકી ગરમગરમ ફૂલકાં પીરસે તે મોઢામાં મૂકતાં વરાળ બનીને ઊડી જાય. રાત્રે મોડે સુધી, ધાબા પર અંધારામાં ગોઠડી. ખટારાઓનું ઘર્ ર્ ધર્ ર્ - આ બધું હશે ક્યાંક દૂર ખૂણામાં.

સ્મૃતિના આખા કૅન્વસને ભરીને ઓમકાર હસ્યા કરે છે.

* * *

સાબર ઑઇલ મિલના આ દિવસો મેં જોયા હતા.

વર્ષો પછી એક વાર જોવા મળ્યું તેની વાત પણ કરવી જોઈએ.

દૂરના એક સંબંધી સાથે કંઈક સામાજિક કામે ઈડર જઈ રહ્યો હતો. ડામરની પહોળી પાકી સડક : કાર દોડતી નહીં, સરતી હતી. એ ભૌગોલિક પ્રદેશ સાથે એક સમયે મારે સીધો સંબંધ હતો એવું ભાન મોડે-મોડે થયું અને મારી આંખો રસ્તાની બે બાજુ જમીનને, ઝાડઝાંખરાંને, હવાને ફંફોસતી ભટકતી રહી. ક્યાંય દેખાય છે ગામતળાવ, કૂવો, વડ? એક છોકરો ખોબો ધરી ઊભો રહ્યો છે, પણ કોઈ યુવતી ઘડો લઈને આવશે?

જૂનો નકશો રદ થયો હતો. વાંકીચૂંકી રમતિયાળ કેડીઓ હશે પણ તે ઢંકાઈ ગઈ હતી, ખોવાઈ ગઈ હતી. ડામરનો પાકો સીધો કાર્યદક્ષ નિષ્ઠુર રોડ. એ કંઈ ગામતળાવે ડોકિયું કરવા નવરો નથી.

બધું બદલાઈ ગયું હતું. કોઈ રેખા મારા માટે પરિચિત નહોતી. ના. જુવાન ફોઈ અને નાનકડો ભત્રીજો હેંડતાં જાય,

ખેતરો-ઝાડી-નાળિયાં વટાવતાં - પગ ચાંપો, બટા! - એ બાળવાર્તાની ચોપડી પણ રદ થઈ ગઈ હતી.

મને ન દેખાયું હોત, ફરતી-ફરતી નજર એ તરફ ગઈ હોત તોય ઓળખી શક્યો ન હોત, પરંતુ ઐતિહાસિક સત્યના આગ્રહી એવા સાથીદારે અચાનક, ડાબી બાજુ માત્ર આંખ વડે રમૂજી ઇશારો કરતાં કહ્યું - જુઓ!

મૃત પ્રાણીનું કંકાલ. કમ્પાઉન્ડને ફરતા કોટનો ધ્વંસ થઈ ગયો હતો. ક્યાંક-ક્યાંક પથ્થરના અવયવો ચાડિયા જેવા ઊભા હતા. કશુંક બચ્યું હશે, થોડા અવશેષો વેરણછેરણ પડ્યા હશે - કટાઈ ગયેલી મશીનરીનો ભંગાર, લોખંડના સળિયા, નટ-બોલ્ટ, દાંતાવાળાં નાનાં-મોટાં ચક્રો - પરંતુ તે બધું થોર, આકડા, ઘાસ અને બાવળ-બોરડીની કાંટીએ ઢાંકી દીધું હતું.

સહેજ પણ અસ્પષ્ટતા ન રહેવી જોઈએ.

'તમારા કાકાની મિલ. લાખના બાર હજાર કર્યા હતાને, તે.'

મને વિચાર આવ્યો - નદી! એ તો ખસીને અન્યત્ર નહીં જતી રહી હોય. આંખો બંધ કરી દઉં. નથી જોવી -

નદી નાસી ગઈ નહોતી તે સાચું; પરંતુ તે મારી રહી નહોતી, મને નહોતી ઓળખતી. આ કિનારેથી સામે કિનારે છલાંગ મારતો પુલ બની ગયો હતો. એક સમયે અનંત લાગતો જળપ્રવાહ સંકોચાઈને દૂબળો, હીણપતભર્યો રેલો બની ગયો હતો.

ક્યાં ગયો તરાપો? લૂગડાં સંકોરીને એમાં બેઠેલી, કિનારે ઊભેલા છોકરાઓ સામે સજળ નેત્રે જોતી યુવતી ક્યાં છે?

(૨)

મારા પિતાજી કરતાં કાકા ખાસ્સા આઠેક વર્ષ નાના. સગા નહીં, પિતરાઈ ભાઈ. માતા-પિતાની એમને સ્મૃતિ નહોતી : દાદા-દાદીએ જ ઉછેર્યા હતા. દાદાજીની વિદાય પછી એ સ્થાન પર પિતાજી આવ્યા.

જોડાજોડ બે ઘર, આંગણું એક, આગળ વિશાળ ચોક અને ખડકી - આ રચના સ્થાપત્યના નિયમો પર નહીં, હૃદયના વણલખ્યા કાયદાઓ પર આધારિત હતી. પિતાજીને સરકારી નોકરી મળી અને થોડાં વર્ષમાં, તે જમાનામાં કહેવાતું તેમ, બે પાંદડે થયા - કાકા તો ત્યારે કૉલેજના બીજા-ત્રીજા વર્ષમાં અટવાતા હતા - ત્યારે કડિયા આવ્યા, સામસામે દોરી પકડી માપ લેવાયાં, મજૂરોએ કોદાળી-ત્રિકમ ઊંચક્યાં.

પાયા પુરાયા અને ભીંતો ચણાવા લાગી ત્યારે જે જોવા મળ્યું તે કાકાને નહીં સમજાયું હોય. પૂછ્યું, 'આવું કેમ કર્યું ભાઈ?'

'તમને કંઈ ભૂલ, બાંધકામમાં ક્ષતિ જણાય છે, પ્રેમસિંગ?'

'ક્ષતિ તો આપના કામમાં હોઈ શકે

નહીં પણ... બે ઘર, બે રસોડાં : આ બીજું, વધારાનું કોના માટે?'

પિતાજીને હસવું આવ્યું, 'હજુ તમારું બાળપણ જતું નથી. આખી જિંદગી કુંવારા રહેવાનું છે? તમારો સંસાર-'

'આવો જુદાગરો?' પ્રહાર થયો હોય અને તમ્મર આવ્યાં હોય એવી દશા કાકાની હતી.

'કંઈ ગાંડા થયા ભાઈ? આ તો એક વ્યવસ્થા છે. ના હોં, જુદાગરો છે એવું ભવિષ્યમાં પણ ક્યારેય વિચારતા નહીં.'

ઇતિહાસ યાદ કરીને મારાં બા કહેતાં, 'ભઈ, તારા કાકાએ આખો દા'ડો ખાધું નહોતું.'

બે ગણો તો બે અને એક ગણો તો એક આંગણાના બે છેડે બે રસોડાં, એકબીજો અડીને બે દાદર, ભેટીને ઊભા હોય એવું જોડકું. બારી-બારણાં, કબાટ, પાણિયારાં, કોઠલા, પિત્તળનાં કડાં, ખીંટાઓ, કુંભીએ કોતરકામ, એમાં મહેકતાં પુષ્પો અને આંખો નચાવતી પૂતળીઓ - ક્યાંય રજમાત્ર ફેર નહીં.

* * *

ફેર હતો તે અન્યત્ર હતો, જે ધીમે-ધીમે બહાર આવ્યો.

એ જમાનામાં નોકરીઓ મળવી સહેલી અને પિતાજીનો હોદ્દો મોભાદાર. ઉપરી અમલદારો સાથે પણ સંબંધો સારા. તેથી ગામના થોડુંઘણું ભણેલા કેટલાય જુવાનિયાઓને રેવન્યુ, પોલીસ, કોર્ટ, જેલ, પબ્લિક વર્ક્સ - જ્યાં મેળ પડ્યો ત્યાં ગોઠવી દીધા હતા.

કાકા ગ્રૅજ્યુએટ થયા તે અગાઉ પિતાજીએ કંઈક વિચારી રાખ્યું હશે, પણ એક વાર કાકાએ વગર પૂછ્યે વાત વાતમાં હસીને જણાવી દીધું, 'મારે મોટા ભાઈ, આપની જેમ સરકારી નોકરી નથી કરવી.'

'તો શું કરશો - ખેતી સંભાળશો?'

'થશે. જોયું જશે. આવડી મોટી દુનિયા પડી છે.'

દુનિયાના કદ વિશેના કાકાના આ વિધાનની પાછળ રહેલી ભૂમિકા સમજવા જેવી છે.

સ્કૂલ-કૉલેજમાં તેમને મિત્રો અનેક : એમાં મોટા ભાગના ખૂબ સુખી કુટુંબોના, મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં પેઢીઓ. કોઈ-કોઈને તો વળી રંગૂન, જોહનિસબર્ગ અને અમે નામ પણ ન સાંભળ્યાં હોય એવા-એવા દેશો સાથે વેપાર. આ બધું છતાં, એ મિત્રવર્તુળનું રેખાચિત્ર દોરવામાં આવે તો, કેન્દ્રમાં સહજ અધિકારથી બેઠેલા મારા કાકા દેખાય, એમની આજુબાજુ અનિયમિત દોડાદોડી કરતાં ટપકાં તે પેલા નબીરાઓ.

ઘેર પણ લાડ ઓછાં નહોતાં. 'પ્રેમસિંગ' એવો શબ્દ બોલે ત્યારે જાણે પિતાજીના મોઢામાં સાકરનો ગાંગડો મૂક્યો હોય. સરકારી નોકરીની મર્યાદિત આવક, છતાં મોંઘા મુલાયમ બૂટ, નવી ફૅશનનાં વસ્ત્રો. તમે વેલ્વેટનું બ્લુ પાટલૂન સીવડાવો, પ્રેમસિંગ.

ખાખી પાટલૂન અને આખી બાંયનું સફેદ પહેરણ તમને ખૂબ ઓપે છે. પૂછો તમારાં ભાભીને.

આ અર્થશાસ્ત્ર સમજવા જેવું છે. મોટાનું જીવન સરળ, વસ્ત્રો સાદાં, જરૂરિયાતો લઘુતમ. એકને ત્રણ જોડી બૂટ હોય તો બીજો દેશી જોડા ત્રણ વર્ષ થીંગડાં મારીને ચલાવે. આમ સરેરાશ જળવાઈ રહે.

ખેતી કરશો? - પિતાજીના એ પ્રશ્નમાં કટુતા કે રમૂજ નહીં હોય, ચિંતા હશે, વેદના હશે. એ સમજતા હશે કે નાનો ભાઈ ઊડીને જ્યાં જવા માગતો હતો ત્યાં, એટલે કે વાદળો વચ્ચે, માટીનાં ઢેફાં નથી હોતાં, બળદ કોસ નથી ખેંચતા, ભાત લઈને ભથવારી ઊડતી-ઊડતી જતી નથી.

પિતાજીનું જીવન કેટલાક સ્થિર, અવિચળ સ્તંભો પર ઊભું હતું. કોઈ એને મર્યાદિત કહી શકે. કુટુંબ, નોકરી, ધર્મ, નીતિ. સવારે ઑફિસ જતા પહેલાં પૂજાપાઠ, મંદિર. રાત્રે ધાર્મિક ગ્રંથોનું વાંચન. સેવા અને ત્યાગ જેવા મોટા શબ્દોના લેબલ વગર પાડોશીનું, ગામનું, અજાણ્યા માણસનું કામ થતું હોય તો કરી છૂટવું. અમલદારીનો રોફ તો હતો જ નહીં. વસ્ત્રો શ્વેત! ધોતિયું, પહેરણ, એની ઉપર સુતરાઉ કોટ, સાફો. શરીર એકવડિયું. ભણતા હશે ત્યારથી આંખે ચશ્માં.

વૈકલ્પિક રસ્તો પસંદ કર્યો હતો. એમની બધે વાહ-વાહ હતી. લોકો કહેતા - રાજકુમાર, પ્રિન્સ! ઈશ્વરે આપવામાં કંજૂસાઈ કરી નહોતી. સ્નાયુબદ્ધ સપ્રમાણ શરીર, રતુંબડી ત્વચા, પ્રયત્ન વગર કપાળ પર આવી જતાં જુલ્ફાં. ઉમદા રીતભાત. વાંચન મર્યાદિત, છતાં અનેક વિષયોની જાણકારી. ચાલવામાં, બેસવા-ઊઠવામાં છટા. આત્મવિશ્વાસ અમસ્તો નહીં હોય, પાછળ મોટા હતાને, ખડક જેવા, ઢાલ જેવા.

ઇતિહાસ છે, મોટા ભાગનો મારા જન્મ પહેલાંનો.

* * *

એક બેઠક અમારી મેડી પર થઈ હતી. હું એના સ્વરૂપની થોડી કલ્પના કરી શકું છું.

સાબર ઑઇલ મિલ જમીનમાંથી ઊગવાની નહોતી. તે આકાશમાંથી આવીને પડવાની હતી : એક માણસના સપનાનું સિમેન્ટ-કૉન્ક્રીટ તથા લોખંડની મશીનરીમાં રૂપાંતર.

કાકા ખુરશીમાં બેઠા છે, વિનમ્ર. પિતાજી હાથ પાછળ બાંધીને આંટા મારે છે. એકાદ બારી અધખૂલી હોય તો તેને ઉઘાડે છે. ટેબલ પર પુસ્તકો વ્યવસ્થિત ગોઠવેલાં જ હોય, છતાં તેમને ફરીથી ગોઠવે છે. વચ્ચે-વચ્ચે એકાદ વાક્ય સ્વગત બોલતા હોય એમ બોલે છે. આપણી પાસે રહ્યું છે શું? નથી રાજપાટ, નથી જાગીર. આપણું નોકરિયાત કુટુંબ, ત્રણ પેઢીથી. ક્ષાત્રત્વની તલવાર છે તો

તે નીતિમાં છે, ધર્મમાં છે-

પ્રસ્તાવના પૂરી થઈ. હવે મૂળ વિષય.

'સાહસ મોટું છે. મૂડી જોઈશે. એ અંગે શું વિચાર્યું છે?'

'એ તો મારા ફ્રેન્ડ, મુંબઈમાં-'

'છોકરમત ઓછી કરો પ્રેમસિંગ. વેપારી પ્રજાને તમે ઓળખતા નથી. કોઈ નાણાંકોથળી છોડતું નથી અને એમ પારકા પૈસે ધંધો થાય નહીં.'

વધારે મહત્ત્વનો મુદ્દો : 'સાત પેઢીનો ઇતિહાસ છે. આપણે કોઈની સામે હાથ લાંબો કર્યો નથી.'

ત્વરિત નિર્ણય જાહેર કર્યો : 'ત્રણસો વીઘાં જેવી જમીન છે તે શા કામમાં આવવાની છે? બૅન્કની લોનનું થતું હોય તો કરો. અડધી જમીન કાઢી નાખીએ.'

બે ભાઈઓ વચ્ચે એક પેઢીનું અંતર હતું તે અહીં છતું થયું. પિતાજીના નિર્દોષ શબ્દોનો અર્થ કાકાએ પોતાની આધુનિક સમજ પ્રમાણે કર્યો, 'મારા ભાગની-?'

'ભાગ? આ ભાષા તમને શોભતી નથી પ્રેમસિંગ. હું જીવું છું ત્યાં સુધી તો ભાગ પડવાના નથી.'

* * *

સાબર ઑઇલ મિલ ધમધમવા લાગી.

વેપારીનું, ઉદ્યોગપતિનું ચોક્કસ ચિત્ર એ જમાનાના લોકમાનસમાં હશે: ધોતિયું, ઝભ્ભો, પાઘડી. વધુમાં વધુ પાઘડીની જગ્યાએ કાળી ટોપી. પ્રસંગે લાંબો ડગલો. તો, વેપારીનો આ કેવો પ્રકાર? કોટ-પૅન્ટ-સાફો. ખભે બંદૂક. રાંગમાં ઘોડો.

નવલા ઉદ્યોગપતિ કેવું યુદ્ધ કોની સામે લડવા નીકળ્યા હતા?

મિલ, કાકા જેવી વ્યક્તિ માટે, સર્વસ્વ હોઈ શકે નહીં. એને માટે તો ઊર્જાનો એક અંશ જ પૂરતો હતો. માલિકે કંઈ આખો દિવસ ગાદી-તકિયા પર બેસી રહીને ચોપડા તપાસવાના ન હોય, મગફળી, તલ અને રાયડાની ગુણો ગણવાની ન હોય. મૅનેજર, મહેતા અને કારીગરો શાનો પગાર ખાતા હતા?

મિલની પાછળ ખાસ્સે દૂર વૃક્ષોની ઓથે ગેસ્ટ હાઉસ હતું, જેનું પ્રવેશદ્વાર પણ અલગ હતું. અમુક પ્રકારની જીવનશૈલી અનિવાર્ય હશે. કોઈ-કોઈ સ્ટેટના ઠાકોરસાહેબો, મહારાજ કુંવરો (જે ટૂંકમાં 'એમ.કે.' તરીકે ઓળખાય), કલેક્ટર અને ડી.એસ.પી. જેવા અધિકારીઓ પધારે ત્યારે આતિથ્ય માટે વિશિષ્ટ, એમની રુચિને અનુરૂપ વ્યવસ્થા કરવી પડે.

કાકા મહિને - બે મહિને મુંબઈ જતા.

ઊડાઊડ કરતી ઓમકારની વાતોમાં એક વાર 'સટ્ટો' એવો શબ્દ આવ્યો હતો. મને એ સમજાયો નહીં તેથી ઠાવકાઈપૂર્વક બોલ્યો, 'મુંબઈની બજારમાં વેપારીઓ સામસામા ઊભા રહે અને એકબીજાની આંખોમાં ધૂળ નાખે. આને સટ્ટો કહેવાય.'

અમુક દૃશ્યો, શબ્દપ્રયોગો, સંવાદો

બાળકના ચિત્તમાં સચવાઈ રહે. સમજાય નહીં, પણ એનું રહસ્ય - રમૂજી કે ભીષણ, વેદનાભર્યું - મોટા થયા પછી ક્યારેક ઊકલે.

મુંબઈના પ્રવાસેથી પરત આવ્યા પછી કાકા પોતાનાં સાહસોની થોડી વાત કાકીને કરતા હશે. હસતાં-હસતાં કહેતા હશે – આ વખતે તો મેં એની (અથવા એણે મારી) આંખોમાં ધૂળ નાખી.

* * *

સાબર ઑઇલ મિલ એના સ્થાને હતી. ઘર સાથેનો નાતો એટલો જ જીવંત હતો. વેકેશનમાં કે વાર-તહેવારે કાકી અને ઓમકાર પંદર દિવસ-મહિનો આવીને રહે. જમવાનું એક જ રસોડે : અમારા નહીં, કાકીના રસોડે. એમનાં ભાભીજી એટલે કે મારાં બાને એટલા દિવસ પ્રમાણમાં આરામ મળે. મર્યાદામાં રહીને પિતાજી પુત્રવધૂ સમાન નાની ભોજાઈની રસોઈની પ્રશંસા કરવાનું ચૂકે નહીં.

અમારી દોડાદોડીથી બે ઘરના દાદર ધમધમતા રહેતા. ચોવીસ કલાક ઓછા પડે. ઓમકારની આજુબાજુ ગોઠિયાઓની ટોળકી જામે. અમારી રમતો કેવી? મોઈદંડો, ભમરડો, હુતુતુતુ, ખોખો, આમલીપીપળી, ગદામણી, સૂ... રી!

નાવીન્ય લાવ્યો અમારો પરદેશી. એણે કેટલીક વિશિષ્ટ અને મૌલિક રમતો દાખલ કરી. ડબા ભરીને સ્ક્રૂ, બોલ્ટ, દાંતાવાળાં ચક્રો, મોટા રૂપિયા જેવડા પિત્તળની રિંગો, લોખંડની ચેઇનના નાના-મોટા ટુકડા. ઓમકાર એમાંથી કંઈક નવી રમતો શોધી કાઢવાની મથામણ કર્યા કરે. ચેઇનની માળા ગળામાં ભરાવીને ફરવું. ખભે ખેસની જેમ નાખીને રોફભેર ચાલવું. નટ-બોલ્ટને હવામાં ઉછાળીને પકડી લેવા. અમને ગામડિયાઓને કૌતુક થાય, પછાતપણાનું ભાન થાય. મોઈદંડો કે આમલીપીપળી કરતાં એ બધાનો દરજ્જો ઊંચો એ વિશે શંકા નહોતી. એમનો ઉપયોગ રમકડાં તરીકે ન કરી શકીએ તો તે અમારી નિષ્ફળતા.

ઘણુંબધું મને આપી દેતો. કોઈ પણ બાબતમાં એની આ પદ્ધતિ. મારી સામે જુએ, મારી આંખોમાં એને કંઈક વંચાય કે તરત જ!

'તને ગમે છેને?'

ઉત્તરની રાહ જોયા વગર : 'લે, તું રાખ.'

એવી રીતે એક વાર એણે મને કોરા કાગળની ચોપડી જેવું કશુંક આપ્યું હતું. તદ્દન નવુંનક્કોર, કાગળો રેશમી લિસ્સા, મથાળે થોડા અક્ષર છાપેલા. અમારા ઘરમાં ચોપડીઓ પાર વગરની, પણ આની વાત જ જુદી. હાથમાં આવ્યું એવી જ ઇસ્કોતરામાં કાગળો, ચોપડા-ચોપડીઓની નીચે છેક તળિયે સંતાડી દીધું હતું.

એ દરમિયાન ક્યારેક જીપનો

ધમકારો કે ઘોડાના ડાબલા સંભળાય અને કાકાનું આગમન થાય.

આ સંદર્ભમાં ઘરની રચનાની થોડી વધારે વિગતો આપવી જરૂરી બને છે. ખડકીનું મુખ્ય પ્રવેશદ્વાર મહેલ્લા વચ્ચે પડે. કાકાના ઘરની બાજુમાં અને પાછળ ખૂબ મોટો વરંડો હતો. ત્યાં બીજું પ્રવેશદ્વાર. બારોબાર અવરજવર થઈ શકે, પરંતુ એનો ઉપયોગ બહુ ઓછો થતો. સાબર ઑઇલ મિલના માલિકનું આગમન ત્યાંથી થતું.

કારણ હશે એક વ્યક્તિની હાજરી. એની શાંત નિર્વિકાર મુદ્રા. એના ગ્રંથો. ધમધમતી જીપ કે હણહણતો ઘોડો લાવીને મહેલ્લા વચ્ચે, છેક મોટાના ઘર સુધી ધસી આવવું... એ ધૃષ્ટતા પ્રેમસિંગ ન કરી શકે. ગામના પાદરે આવે ત્યારે બધી ખુમારી, બધો રોફ ઊતરી જતો હશે અને અન્યત્ર વિરાટ તે આપોઆપ નાના બની જતા હશે.

પિતાજીની નોકરી ચાલુ હતી. સાંજે બે ભાઈ આંગણામાં બેસીને સાથે જમે. આટલું પૂરતું ન ગણાય. મેડી પર દિવસમાં એક વાર હાજરી પુરાવવી પડે. રાત્રે સહેજ મોડે કાકા હળવે પગે દાદર ચડી અમારી મેડીએ જાય. બે ભાઈઓ વચ્ચે કેવી વાતો થતી હશે, થતી હશે કે નહીં તે રહસ્ય છે. એટલું કહી શકું કે સાબર ઑઇલ મિલનો ઉલ્લેખ નહીં થતો હોય. બીજું એ પણ કહી શકું કે પિતાજીના વ્યવહારમાં અગાઉ કરતાં વધારે નરમાશ હશે, મૃદુતા હશે.

ઓમકાર પ્રત્યે પિતાજીને કંઈક વિશેષ ભાવ હતો. પ્રેમ, એમાં ભળતી કરુણા. રમતાં-રમતાં અમે મેડીએ પહોંચી જઈએ તો પિતાજી ચશ્માં ઉતારી, પુસ્તક બાજુએ મૂકી, જોઈ રહે.

ભત્રીજાને બોલાવે, પાસે બેસાડે, માથે હાથ ફેરવે.

પીઠ થાબડતાં મને જણાવે, 'ખૂબ ડાહ્યો છે, બાહોશ છે.'

શરમાતા, ગભરાતા છોકરાને કહે - ભણવામાં ધ્યાન આપજે ભાઈ. આજે દેશને ડૉક્ટરોની, એન્જિનિયરોની જરૂર છે.

કેવી-કેવી દિશાઓ ઊઘડી છે!

વકીલાત કરો. જજનું આસન શોભાવો.

આર્મી. ઍરફોર્સ.

ઓમકાર ગરીબડો બનીને સાંભળ્યા કરતો.

ફરિયાદ કરવી હોય તો કરી શકું કે પીઠ પર હાથ ફરવે, શિખામણ (આશીર્વાદ ?) આપે. એ લાભ મને મળ્યો નહોતો.

(૩)

ફૅક્ટરીની ભવ્યતાની, કાકાની વૈભવી જીવનશૈલીની, ભીતર વહેતી સરવાણી જેવા બે ભાઈઓના સૂક્ષ્મ સંબંધની વધારે વિગતો આપવી હોય તો આપી શકાય; પરંતુ કાળના પ્રવાહથી સ્વતંત્ર, આકાશની રંગભૂમિ પર ભજવાતું હોય

એવું એક દૃશ્ય મને કહી રહ્યું છે કે આ રમત ક્યાં સુધી ચલાવીશ? ક્યાં સુધી ટાળીશ, પાછળ ઠેલીશ?

જોતો નથી પેલો માણસ આવીને આંગણે ઊભો રહ્યો છે, એને ક્યાં સુધી એ દશામાં ઊભો રાખવો છે?

એક મોડી રાતની વાત કરું છું. આખું ગામ જંપી ગયું હતું ત્યારે આગમન થયું. કાકા અને કાકી, રોતાં-કકળતાં. કાકાના બે હાથની ઝોળી અને એમાં...

એમના નહીં, અમારા ઘરનાં નેવાં નીચે ઊભાં રહ્યાં. આક્રંદ સાંભળીને ટપોટપ બારણાં ઊઘડી ગયાં અને પાડોશીઓથી ચોક ભરાઈ ગયો.

'ભઈ, હું આવ્યો છું...'

આગમનની જાણ ક્યારેય આ રીતે નહોતી કરી.

દાદર પર હળવો સંચાર થયો અને મોટા આવીને ઊભા રહ્યા ત્યારે એમની સામે ઝોળી ધરી : ફૂલ જેવા છોકરાની લાશ.

મોટા બોલી ન શક્યા, હાથ લાંબા કરી ન શક્યા. પગમાં ઊભા રહેવાની તાકાત નહોતી રહી. નીચે બેસી પડ્યા. લાશ એમના ખોળામાં મૂકવામાં આવી.

'બસ, આટલું લઈને પાછો આવ્યો છું...'

કોઈનું માનતો નહોતો, સાંભળતો નહોતો. વૃક્ષો, વરસાદ, પવન, નદી અને ખડકોનો રાજા. મને કહી દીધું હતું, ઊંડો ધરો છે, પાતાળ સુધી, એ બાજુ ભૂલથી પણ જવાનું નથી. જોકે આ ચેતવણી તો મારા માટે હતી. પોતે એક બપોરે, મિલની પાછળની ભેખડેથી શરીરનું ધનુષ્ય બનાવી, તીરની જેમ, બે-ચાર ગોઠિયા સાથે હતા તે જોતા રહ્યા, કરગરતા રહ્યા અને હસતાં-હસતાં છલાંગ મારી...

* * *

એ મધરાતે આવ્યા તે આવ્યા, પછી કાકા એકેવાર એ દિશામાં ગયા નહીં. તોતિંગ ઇમારત, ધમધમતી મશીનરી, કારીગરો અને મહેતાજીઓ, આવક-જાવકના ચોપડા - એ બધાનું જે થયું હશે તે. પાસે જઈને એ વિષયનો ઉલ્લેખ પણ કરવાની હિંમત કોઈનામાં હતી નહીં. ત્રણ શબ્દનું નામ, પ્રકાશથી આવૃત્ત - સાબર ઑઇલ મિલ! - તે ગોઝારું બની ગયું.

કોઈ એક જગ્યાએ સ્થિર રહ્યો નહોતો, સતત દોડતો-ઊડતો રહ્યો હતો તે માણસ આ બિંદુ પર થીજી ગયો. અનેક દિશાઓમાં વિસ્તરેલું અસ્તિત્વ સમેટાઈને વતનના ઘરમાં સમાઈ ગયું.

બાપુ!

રાજા માણસ!

કેવા બાપુ અને શાના રાજા! વાઘા ઊતરી ગયા. રહ્યાં ધોતિયું અને પહેરણ. ફેંટાની જગ્યાએ લૂગડાનો ચાર-પાંચ હાથ કટકો, જેમતેમ વીંટેલો.

આંગણામાં અથવા એમના કરા પાસેના નાના ચોકમાં એકલા બેસી રહે.

ક્ષોભથી, બીતાં-બીતાં હવે દાદર ચડીને મોટા પાસે જવાનું રહ્યું નહોતું. મોટા પોતે રાતના સહેજ મોડેથી દાદર ઊતરે અને બે ભાઈ અંધારામાં ઓળા બની બેસી રહે.

શબ્દો? ભાષા?

એ તો પેલો લઈને ઊડી ગયો હતો.

દિવસમાં બે વાર, સવારે અને સાંજે, ખેતરે જાય. ખેડુઓ હતા, મજૂરો હતા, પણ એમને કોણ રોકી શકે? બાજુનાં ખેતરોમાંથી આવીને કોણ કહી શકે કે આવું ન કરો પ્રેમસિંગ, આ તમારું કામ નથી, તમને શોભતું નથી? શેઢા પર બેસીને દાતરડાથી ઘાસ કાપે. નવાઈની વાત એ કે આવું કામ ક્યારેય કર્યું નહોતું છતાં ફાવટ આપોઆપ આવી ગઈ. હા, ક્યારેક મનની શૂન્ય અવસ્થામાં આંગળીએ દાતરડાનો ઘસરકો થઈ જાય.

દદૂડી પડે એની સામે જોઈ રહે.

પોટલું બાંધી, માથે મૂકી રસ્તાની સાવ એક બાજુ ડગુંમગું કરતા ઘરે આવે. ખેતરથી ઘર, અડધા ગાઉનો રસ્તો, હવે અંતવિહીન બની ગયો હતો. વિસામાની જરૂર પડતી. વચ્ચે-વચ્ચે ઊભા રહી જાય. શ્વાસ હેઠો બેસવા દે. બે બાજુનાં ખેતરોને, વૃક્ષોને સમજવા મથ્યા કરે.

જોનારાઓને શરમ આવતી. કોઈ મોટિયાર પોતાનું કામ પડતું મૂકીને દોડતો આવે. કોઈ વહુવારુ લાજ આડેથી કહે, લાવો બાપા, હું ઘર સુધી...

બોલનારની સામે નહીં, બીજી દિશામાં જોઈ રહે.

હા નહીં, ના નહીં. ચાલવા માંડે.

એકાદ છોકરું હાથ પકડવા જાય. બાપા, હેંડો, હું -

વિસ્મય સાથે બાળકના ચહેરા સામે, એની આંખો સામે જોઈ રહે.

આ કોનો સ્વર છે?

કોણ મને કહી રહ્યું છે, આવો બાપા, હાથ ઝાલીને હું તમને ઘર સુધી દોરી જાઉં?

ઘર?

મારું ઘર ક્યાં છે બેટા?

(૪)

ખડક જેવી દીવાલો જર્જરિત બનીને માટી ભેગી થાય છે. મશીનરી કટાઈ જાય છે. લોખંડનાં રાક્ષસી પૈડાં, દાંતાવાળાં ચક્રો, સળિયા - અડધા ઉપર માટી ફરી વળે છે. બાકીનાંને કાંટા-ઝાંખરાં ઢાંકી દે છે. સ્મરણોનું આયુષ્ય, એમની નિયતિ પણ ખાસ જુદી નથી હોતી. દટાઈ જાય છે, કટાઈ જાય છે, ભૂંસાઈ જાય છે.

પરંતુ એક વરસાદી સાંજે સળિયા અને નટ-બોલ્ટ જ નહીં, આખી સાબર ઑઇલ મિલ જાગીને બેઠી થઈ ગઈ. સાથે જ ઊંડા ધરામાંથી ઊછળીને એક છોકરો ખોબે-ખોબે પાણીના ફુવારા ઉડાડતો બહાર આવ્યો.

મારા કાકાએ કહ્યું, 'કાગળ લાવ.'

આંગણામાં ખુરશી પર બેઠા હતા.

મારી બાજુ પીઠ અને આંખો નેવાંમાંથી નીતરતી પાતળી ધાર તરફ. પાંચ-સાત દિવસથી હેલી જેવું હતું. હું મારા આંગણામાં... શું કરતો હોઈશ? યાદ નથી, પણ કહી શકું કે સામે દફ્તર પડ્યું હશે અને ચોપડી અમસ્તી પકડી રાખી હશે.

વિદ્યાર્થી માટે, બહાર વરસાદ વરસતો હોય ત્યારે, વિજ્ઞાન કે ગણિતનું ગૃહકાર્ય કરવા માટે બીજી કઈ રીત હોઈ શકે?

શબ્દો કાને પડ્યા, પણ સમજાયા નહીં. પ્રથમ તો એ માન્યામાં આવ્યું નહીં કે કાકા મારી સાથે વાત કરે, મને ઉદ્દેશીને કંઈક બોલે. કલાકો એકધારા એમ જ બેસી રહેતા. શરીર ઓગળી ગયું હતું. આંખોમાં લાલ નસો ઊપસી આવી હતી.

બીતાં-બીતાં, ખુરશીની બાજુમાં પણ એકાદ ડગલું પાછળ જઈને ઊભો રહ્યો.

'ભઈ, કાગળ લાવીશ જરા?'

શું લખવું હશે? શું ચીતરવું હશે?

સુકાયે જતી મગજની નસોમાં હળવાં આંદોલનો ઊઠ્યાં હશે? વ્યાવહારિક કોઈ કામ રહ્યાં નહોતાં. હિસાબોના ચોપડા તો બધા બંધ થઈ ગયા હતા.

કાકાએ કામ સોંપ્યું : ધન્ય ભત્રીજાને થાય કે શું કરું અને શું ન કરું! દાદરના બબ્બે પગથિયાં કૂદતો હું મેડી પર ગયો. પિતાજી હજુ ઑફિસથી આવ્યા નહોતા. મેડી પર હું એકલો. કાગળોની એ ઘેર ખોટ નહોતી. પાછળના મારા રૂમમાં આખો ઇસ્કોતરો ઊભરાતો હતો. કોરા અને લીટીવાળા ફૂલ્સકૅપ કાગળ, નાની-મોટી નોટબુકો, ઉપરાંત કાગદી પાસે બંધાવેલા જાડા ચોપડા.

'કાગળ...' એમ કહ્યું, પણ એનો અર્થ શો કરવો? નાનો કે મોટો? કાપલી કે ફૂલ્સકૅપ?

ઉત્તેજનામાં આખો ઇસ્કોતરો ફેંદી નાખ્યો. જેવુંતેવું ચાલે નહીં. બધું ઉપરતળે કરી નાખ્યું અને છેક તળિયે એક સુઘડ, સફાઈબંધ, નવીનક્કોર, વર્ષોથી સંતાડી રાખેલી, એને જણસ જ કહેવાય, બહાર કાઢી ઉઘાડો ઇસ્કોતરો, વેરણછેરણ ચોપડા બધું એમ ને એમ છોડીને દોડ્યો.

પાસે જઈ, ધીમેથી પણ ક્ષોભમિશ્રિત ધન્યતા સાથે કહ્યું, 'લ્યો કાકા.'

હાથમાં લઈ એ થોડી વાર બેસી રહ્યા. સ્પર્શ સાથે જ ઓળખી ગયા હશે એ વિચાર મને પાછળથી આવ્યો.

ઉઘાડીને પહેલા પાનાની સામે જોઈ રહ્યા. મથાળે જમણી બાજુ છાપેલા કલાત્મક અક્ષરો.

નેવાંની વાછટ આંખોમાં આવી ગઈ.

'આ... તું... શું લાવ્યો?'

'લખવા માટે.'

એક-એક વાક્ય પછી વિસામો આવતો હતો.

'તને ક્યાંથી મળ્યું?'

'મારા ઇસ્કોતરામાં હતું.'

'ઇસ્કોતરામાં કોણ મૂકી ગયું?'

'એ તો છેને, કાકા, ઓમકાર હતોને, આપણો ઓમકાર...'

મારા ખજાનામાંથી ઉત્તમ લાગ્યું તે મેં, આગળ-પાછળનો વિચાર કર્યા વગર, હાજર કર્યું હતું. મોંઘો, લીસ્સો, ઊંચી જાતનો કાગળ. દરેક પાના પર મથાળે જમણી બાજુ ફૂલગૂંથણી જેવા અંગ્રેજી અક્ષરોમાં:

'ધી સાબર ઑઇલ મિલ.'

જૂની ખુરશી. એમાં હાડપિંજર. હાથમાં કાલગ્રસ્ત ઑઇલ મિલનું નવુંનક્કકોર લેટરપેડ. આવાં શિલ્પો પણ રચાતાં હોય છે.

કૃશ આંગળાં કાગળ પર મૃદુતાથી ફરતાં રહ્યાં.

અને અજાણતાં જે ભૂલ થઈ ગઈ હતી, ભૂલ નહીં હિંસક પ્રહાર, તેનું ભાન મને થયું.

'અહોહો! તેં આજ સુધી સાચવી રાખ્યું?'

કાગળ મગાવ્યો ત્યારે જે હેતુ હશે તે, જે લખવું કે ચીતરવું હશે, પરંતુ તે વખતે ચીતરાયું તે આ : ગાલની કરચલીઓમાંથી રસ્તો કરતાં સરકીને બે ટીપાં કાગળ પર પડ્યાં.

આરતીની થાળીની જેમ બે હાથે બે બાજુથી પકડીને મારી સામે ધર્યું.

'તને આપ્યું હતું. તારું છે. રાખજે.'

આ અપરાધી ઉપર જઈ મેડીના એકાંતમાં ઊભો રહ્યો ત્યારે એ લખાણમાં બીજાં બે બિંદુ ઉમેરાયાં.

જળ હતું. એની પ્રકૃતિ પ્રમાણે સ્થિર ન રહ્યું. રેલાયું, ફેલાયું, કણકણ બનીને છંટકાવ થયો. શબ્દો વગરનું લખાણ. એમાં હતાં માત્ર વિરામચિહ્નો.

ઉદ્‌ગારો.


પ્રશ્નાર્થો.

આમ પત્ર તૈયાર થયો, પરંતુ એ જેને માટે હતો, જેને ઉદ્દેશીને લખાયો હતો તેનું સરનામું મારી પાસે નહોતું.

❑❑❑

રાતે કોઈ વાર કશાક અવાજથી જાગી ઊઠું છું. રોષે ભરાયેલા ઈશ્વરની જેમ પવન બારણું ખખડાવી રહ્યો હોય છે. મને લાગે છે કે રોષે ભરાઈને ઈશ્વરનાં બારણાં ઠોકવાનો તો મારો વારો હતો. મેં એ પ્રમાદને વશ થઈને નહિ કર્યું તેથી જ કદાચ ઈશ્વરને રોષ ચઢ્યો હશે. આ તો મારી ઉન્નિદ્ર રાતો દરમ્યાન બહેકી ઊઠતા તરંગોમાંનો એક છે. રોષ, આક્રોશ, વિદ્રોહ – આ બધું માનવી જે ઉષ્માને ઝંખે છે તે સહજ રીતે પ્રાપ્ત થતી નથી ત્યારે એના ધ્રૂજી ઊઠતા હૃદયને ગરમી આપે છે. પણ દુઃખની વાત એ છે કે આમાંથી જ દ્વેષ, વેર, હિંસાનો પ્રસાર થાય છે. જે પ્રેમને ઝંખતા હતા તે તો દૂર ને દૂર સરતો જાય છે!

- સુરેશ જોષી, 'પ્રથમ પુરુષ એકવચન'માંથી સાભાર.



આકાશને અડતી બાલ્કની

☐ હિમાંશી શેલત

એક વાતે શાંતિ. લતાની ફરિયાદ, અકળામણ, અણગમો અને એને પગલે ઘરમાં અનુભવાતી તંગદિલીને સંપૂર્ણ વિરામ. એ હોય તો 'ઓ મા, ગરોળી! હાય હાય, વાંદી! મૂઆં આ કબૂતરાં! અથવા 'આ કીડીમંકોડા જીવ લેવાનાં' જેવા હાયકારા સતત પડઘાતા રહે. લતા એટલે સદેહે ચોખ્ખાઈ, અને એનું ચાલે તો એ પોતાની દુનિયા કીટકવિહીન અને કબૂતરવિહીન બનાવી દે. અને માત્ર એ જીવો જ નહીં, બીજા અનેક જીવોને એણે પ્રવેશનિષેધ ફરમાવેલો. લેલાંની કચકચ બહુ, આ ભદ્રેશનો કૂતરો તો બાપ, ભૌ ભસે, આ બિલાડી કોણે પાળી? બારણું બંધ રાખજો, ભ'ઈસાબ! દૂધમાં મોં નાખશે... આ ખિસકોલીઓ તો બધું કાતરી ખાય, ખબર છે?

પેસ્ટકંટ્રોલવાળા જગુભાઈ એના માનીતા. નિયમાનુસાર એમનું આગમન અને દવાનો છંટકાવ. પછી લતાનો ટાઢકભર્યો શ્વાસ ખૂણેખૂણે ફરી વળે. હાશ! હવે માખમચ્છરની નિરાંત, ને બીજુંયે કંઈ નહીં આવે ચારેક મહિના. લતાબેનનું ઘર તો એકદમ સાફ, અમારો જનક તો અમેરિકાથી આવે તો એમને ત્યાં જ રહેવા જાય, કહે કે આવું નીટ એન્ડ ક્લીન બીજે ક્યાં હોય! લતાને આવાં પ્રમાણપત્રો અત્યંત પ્રિય. એકઠાં કરતી જાય એકચિત્તે. ઓરડે ઓરડે સુગંધ હોય કપૂર બળતું હોય એવી.

અત્યારનું ચિત્ર બિલકુલ અલગ. પ્રભાકર એકલા, અને લતા ટેક્સાસ દીકરાને ત્યાં. એ ગઈ ત્યારે લેશ પણ અંદાજ નહીં કે આ રીતે ત્યાં ભેરવાઈ પડાશે. હવે તો જ્યાં સુધી બધી પરિસ્થિતિ થાળે પડે ત્યાં લગી લતા પરભોમમાં, અને એ અહીં. આમ જુઓ તો તકલીફ કશી નહીં. સફાઈ માટે એક છોકરો આવે, અને ટિફિન બાંધી દીધેલું. નિરાંતની નોકરી હતી અને સઘળું એકદમ ગોઠવાયેલું અને સુઘડ. લતાના ઘરમાં જેવું હોવું જોઈએ એવું જ. રોકટોક વિનાના પ્રભાકર થોડા અજંપ બન્યા, ખાસ તો નવી આવેલી મહામારીને કારણે, ફેલાયેલા સૂનકારને કારણે. આરંભે તો ખાસ આપત્તિજનક કશું લાગેલું નહીં. ફ્લૂ કે પછી મેલેરિયા જેવું, એ તો આવે ને જાય. પછી આભ તૂટી પડ્યું.

મૂઠ મારી હતી પેલી ગેબી તાકાતે. હવે દોરાધાગા કે મંતર-જંતર નકામાં. શહેર આખું મૂંગું અને ભયભીત. વૈભવશાળી આવાસો અને તૂટ્યાંફૂટ્યાં ઘોલકાં એકસરખાં મૂર્છિત. જાહેર માર્ગો, બાગબગીચા અને બજાર, થિયેટર, સ્ટેશન, હોટલ-ગલ્લા-સઘળું નીરવ. રડ્યોખડ્યો એકાદ અવાજ ભટકવા નીકળે તો દંડા ખાઈને દરમાં ભરાય. ઠેકઠેકાણે દંડા જ તો ઊભા હતા! બહાર જે નજરે ચડે તેને ધબેડવા સાવધાનની મુદ્રામાં. બીક બે બાબતની, માર ખાવો પડે, અને અપમાનિત થવું પડે. દંડાઓ તો ગાળ પણ બોલે, તગડી ને તમતમતી.

આ બધું તો જાણે ઠીક, પણ એક વણદેખ્યો દુશ્મન ફરી રહ્યો હતો હવામાં. ગાફેલ રહ્યા તો સીધો ચોંટી પડે. એક વાર દેહમાં દાખલ થયો તો એને કાઢવા કંઈ કેટલીયે તરકીબો અજમાવી જોવાની. કારગત નીવડે તો પાડ, નહીં તો હાર પહેરીને સીધા ભીંતે લટકવાનું. કરવાનાં કામ અધવચાળે અટવાય, આધારે જીવતાં રડીકકળીને ગાંડાં થાય, પણ પેલો દુશ્મન ન કંઈ જુએ, ન સાંભળે. આવી ડરામણી દશા માત્ર દેશની નહીં, દુનિયા આખીની એવી જ.

- તો આવા શબવત્ મહાનગરમાં કોઈ મહાકાય બાર માળિયા મહેલના દસમે માળે બે બેડરૂમ-હોલ-કીચનનો ઠાઠ ધરાવતા પ્રભાકર બાલ્કનીમાં ઊભેલા દેખાશે. ખાલીખમ મગજ અને ભરપૂર કંટાળા સિવાય એ આ ક્ષણે કશુંયે અનુભવતા નહોતા. દરેક માળે ત્રણ એવા છત્રીસ ફ્લેટની દુનિયામાં સન્નાટો છવાઈ ગયો હતો. લગભગ પાંચેક ફ્લેટમાં દુશ્મને પગપેસારો કરી દીધો હતો, અને આજે આ શુભમ્ એપાર્ટમેન્ટ સીલ થવાનું હતું. વાંસડા અને પતરાની ઠોકઠાક ચાલી રહી હતી, પ્રતિબંધિત વિસ્તારનાં પાટિયાં ભોંયે પડ્યાં હતાં. એ ટટ્ટાર ઊભાં રહેશે કે તરત સંચારબંધી. સામેના ફ્લેટની દીવાલો વળોટીને એકાદ અવાજ ફરી વળ્યો. હાય! હાય! પછી દૂધ અને શાકભાજીનું શું? ન કરે નારાયણ ને

કોઈ ઈમર્જન્સી આવી પડી તો?

નો પ્રોબ્લેમ આન્ટી, વેવસ્થા કરેલી છે સેક્રેટરી સા'બે, વોચમેન બધું બારણે મૂકી જશે. જે જોઈએ તે લખીને એને આપી દેવાનું. તમતમારે જરા બી ફિકર વિના...

પ્રભાકરે દસમા માળની બાલ્કનીમાંથી નીચેના પથારાને ધ્યાનથી જોવાનો આરંભ કર્યો. લાલ અક્ષરમાં મસમોટા અક્ષરે 'પ્રતિબંધિત વિસ્તાર.' બે મજૂરો જીભાજોડીમાં રોકાયેલા દેખાયા. લાંબાટૂંકા થતા હાથ, અને ઝડપી હલનચલન આટલે દૂરથી સાયલન્ટ ફિલ્મના દશ્યો. કામકાજ વિનાના, ગપસપ વિનાના, કોઈનીયે હાજરી વિનાના દિવસોએ પ્રભાકરના જીવનમાં ઉત્પાત મચાવી દીધો હતો એવું લખવા-બોલવામાં એમની માનસિક અવસ્થા પકડવી અશક્ય. રસ્તેથી પસાર થતા રડ્યાખડ્યા જીવ જરીક થોભીને આ પ્રવૃત્તિની નોંધ લેતા ગયા. હવે આ તરફ આવવામાં સહુના પગ આનાકાની કરશે. નજીકમાં ક્યાંક પહોંચવું હશે તો પાછળનો લાંબો રસ્તો પસંદ કરશે. હવામાં તરતો દુશ્મન તો નાકમાં લાગ જોઈને પેસી જવાનો, માસ્કબાસ્કને વળોટીને.

થાકેલા પ્રભાકર પાછા અંદર આવ્યા અને ત્રીજી વાર છાપું હાથમાં લીધું. તમામ અવસાન-નોંધ અને એની સાથેની તસવીરો ફરી ફરીને જોઈ. આ ટેવ સારી હતી, એમાં જ તો એમને વિનાયકના અવસાનની ખબર પડેલી. દસ દિવસની માંદગીમાં ગયો. વેક્સિન બજારમાં આવે કે તાબડતોબ પહેલી હરોળમાં એ લઈ લેવાની અધીરાઈ બતાવતો, મરવાથી ડરતો વિનાયક. એ પ્રભાકરની જાણમાં પહેલું કોવિડ-મોત. તનસુખ ખબર આપવા આવેલો, પણ નીચેથી ફોન કરીને જ વિદાય થયો. સોરી પ્રભાકર, ખરાબ દિવસો છે એટલે મળવા નથી આવતો. માફ કરજે, સોરી...

આવને યાર! જરા ગપસપ, કંઈક ચા નાસ્તો... પ્રભાકર આમ બોલે એ પહેલાં કીક, અને ઘરઘરાટ એક સપાટામાં. ડરપોક સાલો! લતા ત્યાં ટેક્સાસમાં બેઠી બેઠી સૂચનાઓ દોડાવતી હતી. કામ જાતે કરજો પણ કોઈને પેસવા દેતા નહીં. અને સામેના ફ્લેટવાળા સુમનને તો દૂરથી જ વદાય કરજો, એ પંચાતિયો ગામ આખામાં ક્યાં ક્યાં ભટકી આવે ને ચેપ લગાડે તો ભારે થાય, મારે અહીં રહેવાનું ને તમે ત્યાં એકલા... સાંભળ્યું કે શંકરભાઈને થયો કોવિડ, આવતા નથી ને તમને મળવા? હં... તો ઠીક છે...

જાણીતા-અજાણ્યા, તમામની બીક. હાથ મેળવવાના નહીં, દૂર દૂર ઊભા રહેવાનું, બુકાની બાંધી રાખવાની, જવા આવવાનું સદંતર બંધ, જરા સંભળાયું કે અમુક તમુકને વળગ્યો કે તરત એનું નામ જાણે અસ્પૃશ્ય. હોસ્પિટલમાં ખબર પૂછવા જવાનું નહીં અને મૂઆ કેડે મોંભેળા થવાનું નહીં, ટેલિફોનિક બેસણામાં હાજરી પુરાવી દેવાની. પ્રભાકરને જીવલેણ ત્રાસ થયો એટલે

ફરી પાછા બાલ્કનીમાં. આ વખતે નજર નીચે નહીં, ઉપર ગઈ.

બાલ્કનીની રૂપાળી થાંભલી અને છત વચ્ચેની જગ્યામાં એક સલામત ખૂણે કબૂતર જોડી બેઠેલી. લતાએ બાલ્કનીને નેટ જેવી આસમાની જાળીથી બંધ કરી દીધેલી, ખાસ્સા બબડાટફફડાટ પછી. કબૂતરાં ગંદું બહુ કરે, બાલ્કની તો જાણે ટોયલેટ. રોજ સાફ કરો તોયે વાસ આવે, મારે એમનો પગપેસારો ના જોઈએ! લોકો જ જુવાર નાખી નાખીને ટેવ પાડે છે, વસ્તી તો જુઓ એમની!

ટૂંકમાં લતારાજમાં બાલ્કની બંધ, નો એન્ટ્રી, માત્ર કબૂતર નહીં, બીજાં પક્ષીઓ માટે સુધ્ધાં. આજે તો પ્રભાકર કબૂતરને ખૂબ ધ્યાનથી જોઈ રહ્યા, અને એમને થયું કે કબૂતર પણ એમને જુએ છે. જરા ગમ્મત લાગી. કબૂતરના ગળા પર આટલા સુંદર રંગો હોય એની આજે ખબર પડી. નર હશે નક્કી. તેમાં જ આવું રૂપ. ઊડી જવાની જરૂર પડે તેની તૈયારી સાથે બંને ડોકને ફેરવતાં, ગળાં ફુલાવી બેઠાં રહ્યાં.

પ્રભાકરને જરાક શરમ આવી. જે ખૂણાનો આ ઘરની કોઈ વ્યક્તિને ખપ નથી ત્યાં બેસી રહેલા આ જીવને આટલો ડર શા માટે હોવો જોઈએ? ઉપદ્રવ હોય છે એમનો એ હકીકત કબૂલ રાખીએ, છતાં માણસનો ઉપદ્રવ એમ ક્યાં ઓછો છે? લતા હોત તો તાળી પાડી, કે ઝાડુ પછાડી ઉડાડી મૂકત આ જોડીને. પ્રભાકરે ન હાથ ઉગામ્યો, ન કશો અવાજ થવા દીધો. ભલે બેઠાં. આમેય કોણ આવે છે આજકાલ આપણે ઘેર!

જમવા બેઠા ત્યારેય પ્રભાકરની આંખો બાલ્કનીમાં ચક્કર મારતી રહી. કબૂતર હજી ત્યાં જ બેઠાં હતાં, ઊડવાનું મન ન હોય એમ. રોટલીના ટુકડા અને ભાતના દાણા પેપર પર મૂકી એક બાજુથી જાળીને જરા ઊંચી કરી જોવાય? ભૂખ હોય આવીને ખાઈ શકે. લોકડાઉનમાં કોઈ બહાર નીકળતું નથી તો જુવાર તો ક્યાંથી વેરાય? કબૂતરોને આ ખૂલી ગયેલાં દ્વારની ખબર પડે છે કે નહીં એ જોવાની આતુરતા પણ હતી. ઇચ્છા મુજબની ગોઠવણ કરવામાં ઠીક ઠીક મહેનત પડી છતાં ગમ્યું આ બધું કરવાનું. રોટલીના ટુકડા અને દાણા પડી રહ્યા, કીડીમંકોડા આવ્યાં પરંતુ કબૂતરો ગેરહાજર. લતાના પેસ્ટકંટ્રોલવાળા સામ્રાજ્યમાં કીડીમંકોડા આવે એયે ઘણું કહેવાય. હવે કેવળ પ્રતીક્ષા. ટીવી ચાલુ કરી અહીં જ બેસી રહેવાનું નક્કી કર્યું.

પડદા પર ચેહ બળતી હતી પાંચેક. ચેનલ બદલી. પ્રવાસનાં લીલાં દૃશ્યો આવ્યાં એટલે આંખે હરખના સંદેશા મોકલ્યા. આવુંતેવું જોઈને રાજી રહેવાનું, પ્રવાસ તો શી ખબર ક્યારે થશે! બાલ્કની હજી ખાલીખમ હતી. ચાલો, નહીં આવે હવે એ લોકો. ઊંઘી જઈએ એકાદ કલાક. અને એકના બે કલાક થાય તો કોણ પૂછનાર છે! ઘરમાં જ

તો પડ્યા છીએ વરસ-સવા વરસથી! સાવેસાવ એકલ ભૂત!

વિચારની આવડીક કતરણ ઊડી ત્યાં જ સહેજ પાંખ ફફડ્યાનો આભાસ થયો. અરે વાહ! જાળીના ખુલ્લા હિસ્સામાંથી એક કબૂતર નજાકતથી દાખલ થયું. છટાપૂર્વક આમતેમ ગર્વીલી ડોક ઘુમાવી અને રોટલીનો ટુકડો સફાઈથી ચાંચમાં જકડ્યો. પાછળ પાછળ બીજુંયે આવી લાગ્યું. પ્રભાકર દબાતે પગલે મુઠ્ઠીભર ગાંઠીઆ લઈ આવ્યા અને બાલ્કનીમાં સરકાવવા તકની વાટ જોઈ ઊભા. આટલા સંચારથી તો પેલાં બેય ઊડીને પોતાને ખૂણે જઈ બેઠાં.

કંઈ નહીં. પાછાં આવશે હવે તો. પછી માળો કરશે એમના મનગમતા ખૂણે. ઈંડાં કેવાં હોય કબૂતરનાં? બચ્ચાં પહેલેથી રાખોડી રંગનાં હોય કે પછી એવો રંગ થતો હશે? આ જોડી સફેદ કબૂતરને જન્મ આપી શકે? પેલી કઈ ફિલ્મમાં સરસ સફેદ કબૂતર હતું? ગીત પણ હતું ને એને માટે! મઝાની આંખો હતી લાલ, જોવી ગમે તેવી. પાણી મૂકવું જોઈએ એમને માટે. પ્રભાકરના વિચારો વેગથી બિલકુલ અણધારી દિશામાં વહેતા થયા. વાડકામાં પાણી લાવી એ આડે પડખે થયા સોફા પર, બાલ્કની દેખાયા કરે એ રીતે. તમામ નિત્યક્રમ તૂટી ગયા પછીનો આ નવો, બપોરે દોઢેક કલાક વિશ્રામ. ઊંઘ આવે તો એકાદું સપનુંયે આવી ચડે કોઈક વાર.

એ ઘેનભરી નિરાંતમાં અનેક પાંખોનો ફડફડાટ કાન અનુભવતા રહ્યા. અમસ્તી ભ્રમણા, મનગમતો તરંગ. પ્રભાકરે તંદ્રામાં જ ધારી લીધું. આંખો ખોલીને ખાતરી કરવી ન ગમે એવું મીઠું ઘેન ચડેલું. સર્વત્ર સન્નાટો અને પીઠ થપથપાવતી આ ઊંઘ, એમાં કેવળ પાંખોનો ફડફડાટ, એમને પણ આકાશે પહોંચાડતો, સેલારા મરાવતો.

પછી અચાનક આંખ ખૂલી ગઈ. બપોર ઢળી ચૂકી હતી અને ચાનો સમય ચૂકી જવાયો હતો પણ આનંદવિસ્મયમાં પ્રભાકર એવા તો ઊંચકાયા, કે ઓહો ઓહો થઈ ગયું. ક્યા બાત! બાલ્કનીમાં તો મહાભોજ, માત્ર કબૂતરો નહીં, લેલાં, કાબર અને બુલબુલ સુધ્ધાં સામેલ મિજલસમાં. પેપર પર પાથરેલું બધું લગભગ પતવા આવ્યું હતું. કોઈ પાણીમાં ચાંચ બોળતું હતું તો કોઈ વળી ચીવટથી પાંખોની સફાઈમાં રોકાયું હતું. તૃપ્તિનો સાવ આછો અને મધુર કલબલાટ બાલ્કનીના દરજ્જાને પલટી નાખે એવો. આ તો જાણે એમનું જ ઘર!

વેલકમ! વેલકમ!

બહુ જાણીતો અને ચવાઈ ગયેલો, તોયે આજકાલ સાવ અજાણ્યો, અને ચલણમાંથી ફેંકાઈ જવાની તૈયારીમાં હોય એવો શબ્દ પ્રભાકરની ભીતર ઊછળતો હતો, પડઘાતો હતો. સપનામાં જે પાંખોનો ફડફડાટ સંભળાયેલો તે આ શબ્દનો તો નહીં?

❑❑❑



રાજધાની એક્સપ્રેસ

☐ મધુ રાય

કમલાએ ઝડપથી ડબ્બાનું હેન્ડલ પકડીને ટ્રેનમાં પ્રવેશ કર્યો ને તેને પારાવાર હર્ષની લાગણી થઈ. જાણે આ ડબ્બાની બહારની દુનિયા, આ ડબ્બાની બહારની કમલા અને આ ડબ્બાની બહારની જિંદગી, તેના સંબંધો

ને તેના આચારવિચાર બધું રાજધાની એક્સપ્રેસના આ ટુ ટીયર કમ્પાર્ટમેન્ટમાં પગ મૂકતાં જ ''હોલ્ડ'' પર મુકાઈ ગયું ને પોતે નવા અવતારે આ ત્રણ બાઈઓની ટચુકડી ટેમ્પરરી દુનિયાની સિટિઝન બનીને જાણે અવતરી. જાત સાથે ગમ્મત ખાતર કમલાએ મનોમન નવા જન્મેલા બાળકના પોકારની નકલ પણ કરી લીધી, ''ઉવાં, ઉવાં.'' મજા પડે છે, તબડક તબડક જાણે ચાર ઘોડાની સિગરામમાં સવાર ફેન્ટસીલોકમાં ચલી કમલા રાનીઈઈઈ.

દૂરના ટોયલેટની આછી ફિનાઇલવાળી ગંધથી સ્કૂલની ટ્રિપમાં ભાખરા નંગલનો ડેમ જોવા ગયેલાં તે વાત તાજી થઈ. ટુ ટીયર સ્લીપરના સાંકડા ગલિયારામાં નંબર જોતાં જોતાં તે પોતાની સીટ પાસે આવી. તેની લોઅર બર્થ હતી પણ ત્યાં લોઅરમાં તો એક માજી પથારો કરીને બેઠાં હતાં અને બીજી બે સ્ત્રીઓ મોં ફેરવી બારી બહાર જોતી હતી. પોતાની બેગ સીટ નીચે સરકાવી કમલા માજી પાસે ઊભી રહી, માજીએ ઊંચે જોઈને કહ્યું, ''ક્યાં જાવાની, દીકરા?''

''નડિયાદ.'' કમલાએ હસીને કહ્યું. કેમકે તેને નડિયાદ જાવું નથી, કમલા જયપુર ઊતરવાની હતી. પણ આ તો નકલી જનમ છે, ટ્રાન્ઝિયન્ટ ઇન્કારનેશન! ગમે તે બોલો, નો-ઓ પરવાહ! કમલાને તે પણ ખબર નહોતી કે આ સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસ નડિયાદ ઊભી રહે છે કે નહીં! ને કમલાને પડી નથી કે કોઈ ચાબલો ચારસોબીસ પૂછે કે વોર ગાડી ગોઝ ટુ આમેડાબાડ ઓર ધ ગાડી ગોઝ ટુ ડેહલી? તો તેને કમલા કાનમાં કહે છે કે અરે લલ્લુ, આ તો કહાની છે, સ્ટોરી, ફિક્શન. આ તો વીતેલા જનમની વાત છે. ધિસ ગાડી ગોઝ ટુ હેલ ઓર ધિસ ગાડી ફ્લાયઝ ટુ હેવન. વન એન્ડ ધ સેઇમ, ઓકે?

ઓહ! કમલાએ જોયું કે ચાબલા સાથેની જીભાજોડીમાં માજી ક્યારનાં તેની સામે જોયા કરે છે. માજીના ચહેરા ઉપરથી સમજાતું હતું કે માજી બી ડોન્ટ નોવ કે આ ગાડી ગોઝ ટુ, હૂ કેઅર્સ! ''તમારો કયો નંબર છે, માસી?''

માજીએ હાથ ઊંચે કરી ઉપરની બર્થ બતાવી. ''મેં લોવર માગીતી પણ ક્યે કે અપાઈ ગઈ છે. ક્યે કે તમે અંદરોઅંદર બદલાવી લેજો, પોશીબલ હોય તો.'' કમલાને રમૂજ થઈ, જાણે માજીએ ઉદારતાથી કહ્યું, ''તારે હમણાં નીચે બેસવું હોય તો જિગા કરી દઉં.''

માજી બારી તરફ સરક્યાં, કમલા બેઠી. બીજી બે સ્ત્રીઓ હજી રિસાયેલી રાણીઓની જેમ, ફર્સ્ટક્લાસની ટિકિટ ના મળી હોય એટલે આમ મજૂરોના ડબ્બામાં બેસવું પડ્યું હોય એમ, સુગાળવા મોંએ બારીની બહાર જોતી હતી. ''ફાવસે ને, દીકરા? કમ્ફી છો ને?'' માજીએ પૂછ્યું. ''મારી 'ની'માં

રિપ્લેશ કરાવવાનું છે.''

કમલાએ પોતે કમ્ફી હોવાનું જણાવ્યું. ટ્રેને આંચકો ખાધો, સહેજ અટકી, એન્જિને ખચકા ખાઈ મોટા ખખડાટ કીધા. સિસોટીઓ વાગી, ફેરિયાના ચિચિયારા શમ્યા ને અચાનક ગાડીએ સ્પીડ પકડી. ''દ્વારકાધીસ કી જૈ.'' માજીએ કહ્યું ને મનોમન પ્રણામની મુદ્રા કરી. ''મારાં સાસુ કાયમ ગાડી ચાલે ત્યારે ભગવાનને યાદ કરે.'' માજીએ સામેની સીટ ઉપર બેઠેલી બે રિસાયેલી રાણીઓને કહ્યું.

કદાચ સામેવાળીઓનું ધ્યાન નહોતું, કદાચ તે ગુજરાતી નહીં સમજતી હોય, કમલાને થયું, કેમકે બેમાંથી એકે કાંઈ બોલ્યું નહીં. એ અબોલ શાંતિની ભોંઠપ જાણે ગાડીના ખટખટાટથી ઢંકાઈ જતી હતી.

''મારી સાસુ પણ ભગવાનનું નામ લેતાં, હું તો પ્યોર નાસ્તિક છું.'' એકાએક સામેની બારી પાસે બેઠેલી સ્ત્રીએ અણધાર્યું હસીને માજીને જણાવ્યું, પછી કમલા સામે પણ જોયું, હાથ લંબાવ્યો, ''હાય, માય નેમ ઇઝ વિમલા આચાર્યા. હું તો ઓલધવે કાલુપુર જવાની. મારા બ્રધરિનલો લેવા આવશે.'' વિમલાએ વર્ષોની બહેનપણી હોય એવા ઉત્સાહથી વાત કરી.

''બ્રધરિનલો મીન્સ કે જેઠ, માજી.'' રિસાયેલી રાણીમાંથી વિમલા અચાનક ફટાકડાની કોઠીની જેમ બોલકી થઈ ગઈ! ''અમે લોકો મૂળ કોંકણના, આચાર્યા, યુ ફોલો? મારી પહેલાંની અટક તો અગ્નિહોત્રી હતી. મારા હસબન્ડ ગજાનન આચાર્યા પીડબલ્યુડીમાં છે. મારા બ્રધરિનલો કાર્તિકેય આચાર્યા સેન્ટ્રલ બેન્કમાં મેનેજર છે.'' વિમલાએ કહ્યું. પણ અમે બધાં જોઇન્ટ ફેમિલીમાં રહીએ અમદાવાદ, એટલે પાક્કા ફાફડા-જલેબી છાપ ગુજરાતી!'' વિમલા જોરશોરથી હસી પડી. ''સવારે બ્રેકફાસ્ટમાં તમે જોયું હોય તો વીસ કપ ચા બને. ને મેથીના ખાખરા. કે ગાંઠિયા. કોઈવાર ટોસ્ટ. તડાફડી, ને શોરબકોર.''

માજીએ અને કમલાએ બંનેએ વીસ કપ ચા અંગે ચહેરા વડે અહોભાવ દર્શાવ્યો. પછી લાંબો સમય કોઈ બોલ્યું નહીં. સારમાણસાઈ ખાતર ત્રણે બાઈઓએ વારાફરતી ચોથી બાઈની સામે જોયું. ચોથી બાઈ હજી જાણે તેના પોતાના ટ્રાન્સમાં હતી. ફક્ત ટ્રેનનો અવાજ. બેત્રણ કમ્પાર્ટમેન્ટ છેટેથી કોઈનો ખડખડ હસવાનો અવાજ; તે લોકોએ પાનાંની રમત માંડી હોય એવું લાગ્યું કમલાને. સતિયોપીસ. સાત હાથ, મીન્સ કે, ખટખટ, ખટખટ. એકાદ બે સ્ટેશન ગયાં. સિટીની ચીસ. ખટખટખટખટ.

હમણાં સુધી પૂતળાની જેમ બેઠેલી ચોથી બાઈએ ઊભાં થઈ લાઇટ સ્વીચ પાસે લટકાવેલી પોતાની 'નગીનદાસ સાડી' લખેલી કંતાનની થેલી ઉતારી. એણે સલવાર કમીઝ પહેરેલાં. એ

સલવારબાનુના ઊઠવાથી હવામાં અત્તરની હળવી સુગંધ ફેલાયેલી. થેલીમાંથી તેણે સ્ટીલનો એક ડબ્બો બહાર કાઢ્યો. ડબ્બામાંથી છાપામાં વીંટેલું પડીકું બહાર આવ્યું. છાપા ઉપર સહેજ તેલ દેખાતું હતું. સલવારબાનુએ પોતાની જગ્યા ઉપર બેસી પડીકું ખોલ્યું. ફાફડા અને તળેલાં મરચાં તથા પપૈયાનું ખમણ! બીજો પ્લાસ્ટિકનો ડબ્બો, એમાં કેસરવાળી જલેબી. પોતે કોઈ ગજબની જાદુઈ ટ્રિક કરી હોય એવા મલકાટથી સલવારબાનુએ નાસ્તો સૌ વચ્ચે ધર્યો, આંખ મિચકારીને કહ્યું, ''લાઇક સીધા માણેકચોકમાંથી!''

તેની મજાક ઉપર કોઈએ ધ્યાન ન આપ્યું પણ ફાફડા માટે જાણે રોજની વાત હોય એવી સરળતાથી બધાંએ હાથ લંબાવ્યા. માજીએ ઉત્સાહથી પોતાના બિસ્તરામાંથી પ્લાસ્ટિકની બોટલ કાઢી વિમલાને ઇશારો કર્યો, વિમલાએ બારી બહાર હાથ કાઢી હાથ ધોયા, પછી માજી પાસેથી શીશી લઈને માજીને હાથ ધોવડાવ્યા. ''મારી સાસુ કહેતાં કે હાથ ધોયા વગર ખાધું છે તો ડામ દઈ દઈસ!'' માજીએ કહ્યું. ''ખાલી ફોસલાવે, ડામ બામ કેવા, મારી સાસુ તો બહુ માયાળુ.''

ચારે જણે સલવારબાનુનાં ફાફડા જલેબી લહેરથી ખાધાં. જાણે રોજ એક ભાણે બેસીને ખાતાં હોય તેમ. જલેબીનો ડબ્બો ખલાસ થઈ ગયો. વિમલાએ હાથ ધોયા, પછી માજીએ, સલવાબાનુએ પર્સમાંથી આલ્કોહોલની સુગંધવાળું સેનેટાઇઝર હાથે મસળ્યું, કમલાને આપ્યું. કમલાએ ના પાડી, તે ઊઠીને બાથરૂમ તરફ ગઈ, બારણા પાસેના પતરાના સિન્કમાં તેણે હાથ ધોયા.

પાછી આવી ત્યારે માજી સૂવાની તૈયારી કરતાં જણાયાં. કોઈ કાંઈ બોલ્યું નહીં. ફરી થોડીવાર શાંતિ. પેલા સતિયોપીસ પાનાં રમવાવાળા શાંત થઈને સૂઈ ગયા જણાયા.

''મને ઘરમાં સહેજ પણ કચરો હોય, ધૂળ હોય, કાંઈ અવ્યવસ્થિત પડેલું હોય તો ના ગમે, હું તરત સાફ કરી નાખું. એક જાતની ઘેલછા, મારી સાસુ કહેતાં, તને કોક ડાકણ વળગી છે.'' કોંકણવાળી વિમલાએ બારીની બહાર જોતાં કહ્યું. ''બાથરૂમ કાયમ ચકચકતો સાફ રાખું. કોઈ નહાઈ આવે તો તેનો ઘામ નીકળે તે પહેલાં પાછો ધોઈને સાફ કરી નાખું. ટેબલ ઉપર ધૂળનો એક કણ પણ આંગળીના ટેરવેથી ખેંચી ખેંચીને કચરામાં ખંખેરું.'' વિમલાએ જણાવ્યું.

બધાંએ કપાળે કરચલી ચડાવી અહોભાવ દર્શાવ્યો. ''છોકરાં એનાં પાટી દફ્તર ગમે તેમ ફેંકે ને હું સૂતી હોઉં તોયે ઊભી થઈને ઠેકાણે મૂકું. મારી સાસુ કહે કે વિમલાનું ભમી ગયું છે. પણ ગુસ્સાથી નહીં હંક્કે. જસ્ટ ખાલીખાલી. કહે કે ભમી ગયું છે, ને પછી હસી નાખે. ને કહે કે ઘરમાં થોડીક ધમાલ

હોય, ધમાચકડી હોય તો સારું લાગે, ઘર જેવું લાગે!'' વિમલા હસી પડી. હસતાં હસતાં સલવારબાનુને સહેજ ધક્કો માર્યો. સલવારબાનુ સામે હસી.

ફરીથી સલવારબાનુ સૌની સામે હસી. ''આઈ નોવ. મારી સાસુયે શી વોઝ લાઇક યુ.''

બસ! આટલું બોલીને ચુપ્પ? પછી શું? બાકીની ખાલી જગ્યા તમે લોકો ભરી લો, એમ? એક બાજુથી ફાફડા જલેબી ધરે છે, ને બીજી બાજુથી પોતાના વિશે કાંઈ કહેતી નથી, સાસુના સ્વભાવની કોઈ ચાડીચુગલી નહીં, એમ? ઇવન પોતાનું નામ બી ડાચામાંથી ફાટતી નથી! કમલાએ મનોમન ગુસ્સે થવાનો દેખાવ કર્યો. એ કોઈવાર પોતે કોઈ બીજું હોય એમ બીજી કલ્પિત વ્યક્તિના સ્વભાવને ને બોલચાલને ઓઢી લઈને મનોમન કે પ્રગટપણે વરતતી. લાઇક, ''ડાચામાંથી ફાટતી નથી.'' એને મજા આવતી, ટાઇમ પાસ થાય, જાગતેજીવ જાણે સપનું જોતી હોય તેમ, જોતાંજોતાં સપનું ભજવતી હોય તેમ, તે બીજું પાત્ર બની જતી, લાઇક નાવ! કમલાએ સલવારબાનુ સામે હાથ લંબાવી જણાવ્યું, ''હાય, મારું નામ સોફિયા પરમાર.'' કમલા બોલી, ''વ્હોટ ઇઝ યોર્સ?''

''અમીના અખ્તર.'' અમીનાએ હાથ મિલાવ્યો. કમલાએ કહેલા ખ્રિસ્તી નામથી, અને પોતે મુસ્લિમ છે, એ વાતથી તેને રમૂજ થઈ હોય તેમ અમીનાની આંખ સહેજ હસી. પછી દ્વારકાધીશવાળાં માજી તરફ હાથ કરી પૂછ્યું, ''આન્ટી તમારું નામ શું?''

''મારું નામ ઇન્દરાણી ઉપાયધિયા, બેટા. અસલનું નામ તો ઇચ્છામતી દવે હતું પણ મેરેજ પછી મારાં સાસુએ ઇન્દરાણી પાડેલું.''

''તમારાં સાસુનું નામ શું હતું?'' કમલાએ પૂછ્યું.

''શારિકાબેન.''

કોઈ સંદર્ભ વિના કોંકણી વિમલાએ સૌની સામે એક પછી એક નજર કરી. ''કોઈને વાંધો હોય તો કહેજો, ઓકે?'' વિમલાએ પર્સમાંથી ગોલ્ડફ્લેક્સનું પાકિટ કાઢ્યું. મોંમાં સિગારેટ ગોઠવી બોલી, ''મારાં સાસુ બહુ ખીજવાય, કહે કે એક બાજુથી તું ચોખ્ખાઈનો ધજાગરો લઈને ફરે છે, ને આમ તને આવી ગંધારી હેબિટ છે?'' હોઠમાં સિગારેટ સાથે બોલતી હોવાથી એનો અવાજ કોમિક લાગતો હતો. ને કમલાને પડી નથી કે કોઈ ચાબલો ચારસોબીસ પૂછે કે એક મોટા ઘરની વહુને સિગારેટ પિવડાવે છે, તો યુ ગોટ નો શરમ-બરમ કાંઈ? તો તેને કમલા કાનમાં કહે છે કે અબે ઉલ્લુ, આ તો વીતેલા જનમની વાત છે. વિમલા સિગારેટ તો શું હોકોયે પીવે, હવે તો રીયલલાઇફમાં બી પીવે છે, બાઇડિયું ને કોલેજિયન છોકરિયું, ઓકે? તો આ તો કહાની છે, સ્ટોરી, ફિક્શન. વોટ શરમ-ફરમ?

આ દરમિયાન વિમલાએ લાલ રંગના ચીપ લાઇટરથી સિગારેટ સળગાવી લીધી હતી. ''મને કોલેજમાં ટેવ પડી ગયેલી. ઘરમાં હવે નથી પીતી. બહાર બી રે-ર-લી. પણ ઓલવેયઝ સાથે રાખું. આમ કોઈવાર નશો કરવાનું મન થઈ આવે તો...'' બારીની બહાર ધુમાડો કાઢતાં તે બોલી. ''ઘણી બાઈઓ પેપર સ્પ્રે સાથે રાખે છે પર્સમાં. વન કાઇન્ડ ઓફ સંકટ સમયની સાંકળ. હું સિગારેટ રાખું છું. કોને ખબર ક્યારે મન થઈ જાય.'' વિમલાએ ધુમાડાના ગોટા કાઢવા માંડ્યા.

''આ તરફ, આ તરફ, પ્લીઝ, આ તરફ. બ્લો એ લિટલ માય વેય!'' અમીનાએ વિમલાનો હાથ ખેંચી કહ્યું. ''મારો હસબંડ પીએ છે. હું એને તો ધમકાવું છું. એને ગમે છે કે હું ધમકાવું છું, યાને હું એને લવ કરું છું એટલે ધમકાવું છું.'' અમીનાએ ફરી આંખ મારી. ''પણ ખાનગીમાં મને સ્મેલ ગમે છે ટોબેકોની, યુ નોવ!'' અમીનાએ કહ્યું.

જવાબમાં વિમલાએ તોફાની આંખો સાથે અમીના તરફ મોટો ગુબ્બારો ફેંક્યો. પછી સિગારેટનું પાકિટ અમીના તરફ ધર્યું, પણ અમીનાએ ના પાડી.

''એ સિગારેટ પીને કિસ કરે તો જ મને સાચી કિસ લાગે. તેનો એંઠો તમાકુનો સ્વાદ--'' અમીનાએ ડોળા ઊંચા ચડાવી અસહ્ય આનંદ દર્શાવતી ધીમી ચીસ પાડી, ''ને પછી...'' અમીનાનું ધ્યાન માજી તરફ ગયું. ''સોરી, માજી.''

''કાં? તને એમ કે છોકરાં કેમ પેદા થાય છે એની અમને ગૈઢાંવને ખબર ન પડે?''

''તો માસી, હવે તમારી સાસુની વાત કરો!'' વિમલા આચાર્યા બોલી.

''મારી સાસુ તો બહુ શેક્સી હતાં.'' માસીએ જાહેર કર્યું. બીજી ત્રણે છોકરીઓ અચંબાથી જોઈ રહી. ''આમ બહુ ધારમિક. પણ ભાયડાંવની વાતમાં જરાય સંકોચ ન રાખે.'' વૃદ્ધ માજી બોલ્યાં. બીજી ત્રણે નોન-વૃદ્ધ મહિલાઓએ અદબપૂર્વક એમને વધુ કશું ન પૂછ્યું. પેલો ચાબલો ચારસોબીસ કાંઈ બોલવા જાય ત્યાં કમલાએ એવા ડોળા કાઢ્યા કે તે ચૂપ થઈ ગયો.

પછી કમલાને કહ્યું, ''તારી સાસુની તો કાંઈ વાત કર!''

''ખાસ નવીન કાંઈ નહીં, હું પરણીને આવી ત્યારે હું મારાં સાસુસસરાની બેયની લાડકી હતી.'' કમલાને લાગ્યું કે સાસુની કોઈ ગોસિપ સાંભળવા નહીં મળે તો માજી ને વિમલા નાસીપાસ થશે. મનોમન કમલાએ ખભા ઉલાળ્યા, ચાલો સાસુ નહીં ને સસરાની ગોસિપ કરીએ, કમલાએ 'સોફિયા પરમાર'નો વાઘો પહેરી લીધો મનમાં ને મનમાં. ''મારાં સાસુ ઘરમાં માંસમચ્છી કદી નો રાંધે, ક્યે કે સૂગ ચડે છે. નોટ ઇવન એગ્ઝ! મારા સસરાને બહુ ગમે. મનેયે બહુ ફાઇન બનાવતાં આવડે. સાસુ જીવતાં

હતાં ત્યારે બહુ દુભાય હું નોનવેજ બનાવું તે જોઈને. પણ મને મારા સસરાનું બેકિંગ, એટલે આપણે રાજા. એક રીતે તો મનમાં સાસુથી સામા થવાની એક સનક, યુ નોવ? સાસુને ગમતું નથી તેથી મને બહુ ગમે છે. મારો હસબન્ડ ને સસરા બેય સાસુને વારંવાર કહે કે હવે આપણે ક્રિશ્ચિયન થઈ ગયાં, હવે યુરોપિયન ખાવાનું ખવાય. સાસુ બોલે નહીં કાંઈ, નોનવેજ રાંધ્યું હોય તે દિવસે કાંઈ મોઢામાંય ન નાખે. બીજા દિવસે બે વાર ચૂલો ધોયા પછી પોતે બનાવેલી રસોઈ જમે. બેય રસોઈનાં વાસણ જુદાં.''

''સાસુ ઓફ થઈ ગયાં પછી મારા સસરાએ બીજાં મેરેજ નહીં કરેલાં.'' બધાં ગપ્પાં, ઓફ કોર્સ. કમલાનાં લગ્ન થવાનાં હતાં પણ થયાં નથી. પણ આંહી કોણ જોવા ગયું છે. આ તો રાજધાની અક્સપ્રેસમાં એક રાત છે. ''અમારી સોસાએટીમાં એક વિડો બાઈ રહે છે, એલિઝાબેથ, ફ્રોમ ગોવા, ને મારા સસરાને તેની સાથે સારું બને છે. તે કોઈવાર અમારા મકાનમાં વીક બે વીક રોકાઈ જાય, પણ હેય, સાસુવેડા કોઈ ન ચાલે હંક્કે આપણી પાસે!'' કમલાએ વિમલા પાસે તાળી માગી.

''ઓહો? તો તો તું હવે બે હાથે નોનવેજ ઝાપટતી હઈસ, કાં?'' માજીએ ઠપકાના સૂરમાં કહ્યું. કમલાના મોઢામાંથી આપોઆપ બોલાઈ ગયું, ''ના, સાસુજી ગુજરી ગયાં પછી માંસમચ્છી ખાવાનો મારો જીવ ન ચાલે. મને થાય કે જાણે ઉપર બેઠી બેઠી મારી સાસુ જોતી હશે. ન હું ખાઉં, ન ઘરમાં બનાવું. ભાયડાંવને ખાવું હોય તો જાય હોટલમાં! ને નકર ભલે ઓલી ગોવાની ગોવાલણના ઘરે ખાઈ આવે.'' કમલા ખડખડ હસી પડી પોતાની શબ્દરમત ઉપર.

અમીના કમલાની વાત સાંભળતી હતી, ધ્યાનથી. કમલાએ તેની સામે ડોળા કાઢવાનો દેખાવ કરીને કહ્યું, ''તું તો સાલી કાંઈ બોલતી નથી તારી સાસુની વાત કર ને!''

અમીના કાંઈક યાદ કરીને હસી પડી. ''મારી સાસુ બહુ કરકસરિયાં હતાં. ગુજરી ગયાં.'' અમીનાએ જણાવ્યું. એમના અવસાન પછી સલીમ ચિશ્તીની દરગાહમાં દુઆ કરવા આગ્રા ગયેલાં અમે. તમે નહીં માનો પણ ત્યાં મેં શર્મિલા ટાગોરને જોઈ, પોતાના સગાંવહાલાંના લાવલશ્કર સાથે. કોઈની દુઆ માટે આવી હશે કોણ જાણે. રીતસર બુરખો પહેરેલી હતી પણ આપણે ઓળખી જઈએ.''

''જા, જા હવે. શર્મિલા તો હવે ઘરડી થઈ ગઈ હશે, ને બુરખામાં તું ઓળખી ગઈ!'' કમલાએ તકરારના દેખાવ સાથે કહ્યું. તો માજીએ એકાએક લવાદના સૂરમાં જણાવ્યું કે ''બાયું-બાયુંમાં તો મોઢું ખોલાય, દીકરા, ઓળખાય, પોબલેમ નો થાય.''

''ઓકે, ઓકે, ઓળખાય કે ન ઓળખાય એની માથાકૂટ છોડ ને! કાંઈક ગોસિપ કર ને, સાસુની!'' વિમલાએ ખિજાવાના દેખાવથી કહ્યું. અમીના કહે કે મારાં કરકસરિયાં સાસુ કાંઈ ફેંકે નહીં. ને મને નકામી ચીજો ફેંકવાની ખુજલી આવે. સાસુને સતાવવા હું તો કામની ચીજોયે ફેંકી દઉં. પણ સાસુનો કડપ ઘરમાં. એ ઘરમાં ન હોય તોય બીક લાગે કે ક્યાંકથી જોતી હશે. કે ક્યાંક છૂપા કેમેરા હશે.''

''તે ક્યારે ગુજરી ગયાં?''

''થોડો ટાઇમ થયો.'' અમીનાએ ઊંચે જોઈને કહ્યું. ''હજી જાણે અપણને ધાસ્તી થાય કે ડોશી ઉપરથી જોય છે.'' અમીનાએ વિમલા પાસે તાળી માગી. પછી કાંઈક યાદ આવ્યું હોય તેમ તેણે 'નગીનદાસ સાડી' લખેલી કંતાનની થેલી ઉતારી. એમાંથી સ્ટીલનો ડબ્બો બહાર કાઢી બધાને બતાવ્યો, પછી 'ઉપર' બઠેલી સાસુની સામે તે ડબ્બો ડમરુની જેમ હલાવ્યો. પછી સટાક કરતો તે સ્ટીલનો ડબ્બો બારીની બહાર ફેંક્યો. અને તરત તેની પાછળ પ્લાસ્ટિકનો, ને પછી અલ્લાહો અકબર, ને નગીનદાસ સાડીની થેલી પણ ફડફડ ફફડતી પાંજરેથી છૂટેલા પોપટની જેમ ઊડી ગઈ. બધાં હસી પડ્યાં.

પેલા ચાબલા ચારસોબીસથી રહેવાતું નથી ને તે કમલાના માથેથી ચાદર ખસેડી તેને પૂછે છે કે બારીના સળિયામાંથી સ્ટીલનો ડબ્બો પાસ જ ન થાય તો બારી બહાર ફેંકાય કેમ? તો કમલાને ધ્યાનમાં આવે છે કે તે ચાબલો ચારસોબીસ પણ ફેન્ટેસીમાં છે, રીયલ નથી. હેહેહેહ! અને કમલા ઉપરની બર્થ ઉપર પડીપડી આંખો ખોલ્યા વિના આંખો ખોલે છે. કમલાનાં લગ્ન લેવાયાં છે ને સાડીઓ, ઘરેણાંફરેણાંની ખરીદી થઈ ગઈ છે ને સુહાગરાત માટે ન્યુ ડેહલીમાં ફાઇવ સ્ટાર હોટલ બુક થઈ ગઈ છે, ને સાસુજી ને સસરાજી ને સાજનમાજન વોટેવર ને અચાનક લગ્નના પંદર દિવસ પહેલાં ઉપરવાળાનો ચાબલો ચારસોબીસ લેફ્ફરાઇટ લેફ્ફરાઇટ કરતો આવે છે ને કહે છે, ઓક્કે બેબી, ટાઇમ હો ગયા, નો લગન, નો સુહાગરાત, નો સાસુ! કમ્મોન!

અને કમલા પોતાની જાતને આ સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસના ટુ ટીયરની ઉપલી બર્થ ઉપર સૂતી સૂતી સીમ ભણી ઊડે છે. નીચેથી આખો ડબ્બો, આખી ટ્રેન ને તેની ત્રણે બહેનપણીઓ સામી તરફ ગામભણી ઊડે છે ઊડે છે, ઊડે છે ને અલોપ થાય છે. અદૃશ્ય ઉપલી બર્થ ઉપર બીજી સેંકડો બહેનપણીઓ, વડીલો, સંબંધીઓ ને અજાણ્યાંનાં શરીરોના ગંજમાં નિશ્ચેષ્ટ સૂતી છે, કમલા. ચાબલો ચારસોબીસ હવે ધ્રુસકું દબાવી તમને કહે છે, આધી હકીકત, આધા અફસાના.

❑❑❑



પલાયન

☐ વર્ષા અડાલજા

'**લો** જી, બનારસ આ ગયા મમ્મીજી.'

'કાશી બોલો કાશી.'

ટ્રેન ધીમી પડી. બન્ને સ્ત્રીઓએ સામાન સમેટવા માંડ્યો. એમની પાસે બિસ્તરા-પોટલાંનો ખાસ્સો વસ્તાર હતો. અનંતરાય શાંતિથી એ બે સ્ત્રીઓને જોતા રહ્યા. પ્રૌઢ સ્ત્રી દમામથી બેઠી હતી અને આખા રસ્તે સાથેની યુવતીને લાજુ... કહેતી હુકમો છોડતી હતી. અચાનક અનંતરાય તરફ ફરી એ બોલી,

'આપકા સામાન?'

'યે એક બૅગ ઔર યે થેલા.'

એની આંખો પહોળી થઈ ગઈ.

'યે તો કમાલ હો ગયા! એક બૅગ લે કે કોઈ કાશી મરને કો આતા હૈ ક્યા!' ન જાને ઉપર જાને મેં કીતના ટેમ લગેગા!'

અનંતરાય ચમકી ગયા. યુવતીના ચહેરા પર નારાજી હતી. તો આ સ્ત્રી પણ કાશીમાં મોક્ષ પામવા આવી હતી! એમની જેમ! સીટ પરથી ઊભા થઈને એણે પોતાનાં રેશમી વસ્ત્રો અને ગળાનો સોનાનો હાર ઠીક કર્યાં. જરા અભિમાનથી સહેજ હસી.

'હમને તો હોટેલ મેં બુકિંગ કીયા હૈ... મૈં તો ઐસે ભવનબવન મેં નહીં રહ સકતી.'

એમણે ઇન્ટરનેટમાં ખાંખાંખોળા કરેલા પણ પછી એમ જ નીકળી

પડેલા. ટ્રેન ઊભી રહી. બન્ને સ્ત્રીઓ સામાનની ઝંઝટમાં પડી ગઈ. એ ખભે થેલો ભરાવી, હાથમાં બૅગ લઈ ઊતરી પડ્યા. સ્ટેશન પર ખૂબ ભીડ હતી. સામાન સાથે પ્રવાસીઓ ઠલવાતા જતા હતા. અનંતરાય બૅગ લઈને બહાર નીકળતાં પેડલરિક્ષાવાળાઓની બૂમોથી ઘેરાઈ ગયા. ખખડધજ રિક્ષાઓ અને એવો જ દારિદ્ર્ય ચહેરો લઈ આશાભર્યા ઊભેલા રિક્ષાચાલકો.

એ હજી આમતેમ જુએ ત્યાં એકે આગળ આવીને બૅગ લઈ લીધી અને ચાલવા માંડ્યો.

'આઈયે સાબજી.'

પાલખીમાં બેસાડતો હોય એવા લહેકાથી બોલતાં એણે બૅગ રિક્ષામાં મૂકી. એમણે ભાડું ન પૂછ્યું. પવિત્ર ધામમાં પગ મૂકતાંવેંત સોદાબાજીથી દિવસની શરૂઆત નહોતી કરવી. ખબર પણ નહોતી ક્યાં જવું છે!

'સાબજી, કહાં જાઓગે?'

એણે અનંતરાયને હવે ધ્યાનથી જોયા. સુઘડ વસ્ત્રો, સોનેરી ફ્રેમનાં ચશ્માં, ગરમ જાકીટ અને સરસ નવોનક્કોર થેલો અને બૅગ.

'કૌનસી હોટેલ હૈ?'

'તુમ જહાં લે ચલો.'

'ઓકે ઓકે. લેકિન ઇતના બતા દો ગંગાસ્નાન કો આએ હો, કાશી વિશ્વનાથ કા દર્શન કરના હૈ... મતલબ ઘૂમના હૈ યા મૃત્યુ તક ઠહરના હૈ?'

'કેવી-કેવી વાત કરે છે તું?'

એ હસી પડ્યો.

'અચ્છા, તો ગુજરાતી છો તમે. યહાં દુનિયાભર કે લોગ આતે હૈ ઔર પરદેશી લોગ ભી. હમ જાન જાતે હૈં લોગો કો આપ કિસ લિએ આયે હો. બતાઓ ફિર ચલ દેતે હૈં.'

અનંતરાયને બોલ્યા વિના જ શ્વાસ ભરાઈ આવ્યો હોય એમ છાતીમાં મૂંઝારો થઈ ગયો. માંડ બોલી શક્યા.

'ઇચ્છા તો યહાં સે હી ચલ બસને કી હૈ. ચલો, કહાં લે ચલતે હો?'

કશો જવાબ આપ્યા વિના પાણીદાર ઘોડો પલાણતો હોય એમ એ રિક્ષાની ફાટેલી સીટ પર ગોઠવાઈ ગયો અને પેડલ મારવા માંડ્યો. ધુમ્મસના ઘેરામાંથી ધીમે-ધીમે સૂરજ છટકી રહ્યો હતો. ઠંડો પવન તીરની જેમ ધસી આવતો હતો. થેલામાંથી શાલ કાઢીને એમણે લપેટી લીધી. રિક્ષાવાળાના સ્વેટરમાંથી દોરા નીકળી ગયા હતા અને ઠંડી તો કોની શેહ રાખે!

બનારસ કોઈ પણ શહેરની જેમ સવારથી ધમધમી ઊઠ્યું હતું. પૂજાના સામાનની રેંકડીઓ, ચા, સમોસાંના ઠેલાઓ, ભભૂત ચોળેલા સાધુઓ, દેવદર્શન, ગંગાસ્નાન માટે ઉતાવળે જઈ રહેલા લોકો, દેશી રંગીન વસ્ત્રોમાં ઘૂમી રહેલા ગોરા પરદેશીઓ... શહેર બાંહો ફેલાવતું ઊઘડતું આવતું હતું. દૂર શહેર પર ઝળૂંબી રહેલા ધુમાડાની એક વિશિષ્ટ

ગંધ લઈને વહી આવતી હવાની ઠંડી લહેરમાં મંદિરના ઘંટારવ અને હર હર મહાદેવ, જય ગંગેના ઘોષ ભળી જઈને એક અજબ વાતાવરણ રચી દેતા હતા. એમણે અન્ય તીર્થસ્થાનોની યાત્રા કરી હતી, પરદેશની ભૂમિ પર પણ. પણ વિશ્વની સૌથી પ્રાચીન નગરીનો આધ્યાત્મિકતા અને આધુનિકતાનો પરિવેશ એ વિસ્મયથી જોઈ રહ્યા.

રિક્ષાનો હડદોલો લાગ્યો, ઊભી રહી. એ ઊતરવા જતા હતા કે રિક્ષાવાળાએ કહ્યું...

'સાબજી, રુકો ઇધર. દેખકે આતા હૂં, કમરા ખાલી હૈ કે નહીં, ઠીક બાત!'

એ અંદર ગયો. અનંતરાય ઊતર્યા, ભવન ખૂબ જૂનું લાગતું હતું. વીતી ગયેલો સમય ભવનની દીવાલો પર ઉઝરડા પાડતો ગયો હતો. 'મોક્ષભવન' લખેલા પાટિયાના અક્ષરો ઝાંખા થઈ ગયા હતા. અંતિમ દિવસો ગણતા અહીં વસતા મોક્ષમાર્ગીઓની જેમ ભવન પણ વિરક્ત ભાવે ઊભું હતું.

રિક્ષાવાળો દોડતો આવ્યો. બૅગ લઈ લીધી.

'મિલ ગયા કમરા. નંબર પાંચ. ઐસે તો ભવન આધા ખાલી પડા હૈ, ક્યા હૈ કી ઘાટકે આસપાસ ગેસ્ટહાઉસ, લૉજ, હોટેલ બન ગઈ હૈ, યે બિલકુલ ફ્રી હૈ, ટોટલ સાબજી.'

અનંતરાય ચૂપચાપ એની પાછળ ચાલ્યા. આવી જગ્યાઓમાં એ કદી રહ્યા નહોતા. તેમાંય ધર્માદા કે ધર્મશાળાઓમાં તો પગ જ ક્યારેક મૂક્યો હોય! ઇન્ટરનેટ પર હોટેલ માટે ખાંખાંખોળા કર્યા હતા. પછી થયું કે બધું ઉપરવાળાના ભરોસે જ છોડ્યું છે તો એમ જ સહી, જોયું જશે.

લોખંડના ગેટવાળા મોટા ચોકમાં થઈ ભવનમાં રિક્ષાવાળાની પાછળ દાખલ થયા. પહેલા જ ઓરડામાં એ દાખલ થયો.

'નમસ્તે શુક્લાજી. પાય લાગું.'

એ રહેણાક અને ઑફિસ જેવો ઓરડો હતો. દીવાલો પર શ્રીકૃષ્ણ અને ગણેશજી ગલગોટાનો હાર પહેરીને સ્મિત કરતા હતા. ફોટોફ્રેમ પર પીળાં દેવી-દેવતાઓની નામાવલિનાં વસ્ત્રો શોભતાં હતાં. કબાટ, નાનો પલંગ, ફાઇલ, પુસ્તકો, નાની-મોટી ચીજવસ્તુઓ ગોઠવેલી બે-ત્રણ છાજલીઓ, પાછલા ભાગમાં અધખુલ્લું બારણું...

અનંતરાયની નજર ફરતી-ફરતી ખુરશી પર બેસેલા શુક્લાજી પર સ્થિર થઈ. કસાયેલો ઊંચો દેહ, ભરાવદાર ચહેરા પર ટૂંકા શ્વેત કેશમાં પાછળ ગાંઠ બાંધેલી ચોટલી...

'બૈઠિયે.'

અનંતરાય સામેની ખુરશીમાં બેઠા. શુક્લાજીએ જાડો ચોપડો ખોલ્યો હતો, એમની તરફ ફેરવ્યો.

'આપકા એડરસ, મો.નં. સબ લિખ દીજીયે, કમરા પંદ્રહ દિન કે લિયે હી હૈ સમઝે!'

અનંતરાયે જોયું કે સારા, વાંકાચૂકા, ગરબડિયા અક્ષરોથી ચોપડો ભરેલો હતો. સહેજ થંભ્યા, જે ઘર, શહેર

છોડીને ચૂપચાપ નીકળી ગયા હતા એ સરનામું લખવું! શુક્લાજી સમજ્યા.

'લિખ દીજીયે... ક્યાં નામ બતાયા?... હાં, અનંતરાય. અચ્છા નામ હૈ. હમ ઉધર કાગઝચિઠ્ઠી નહીં લિખતે.'

અનંતરાયે મુંબઈનું સરનામું લખ્યું. શુક્લાજીએ ચોપડો પોતાની તરફ ખેંચ્યો, સરનામું વાંચ્યું.

'અચ્છા તો આપ બમ્બઈ સે હો. કહતે હૈ ભાગદૌડવાલા લેકિન બઢિયા શહર હૈ. પઢે-લિખે બિઝનેસમૅન લગતે હો.'

'ક્યા હૈ કિ યે કુરશી પર પૈંતાલીસ સાલસે બેઠા હૂં. બનારસ કે બાહર કદમ નહીં રખ્ખા. લેકિન યે કમરે સે હી જૈસે મૈંને પૂરી દુનિયા, ઉસકે હાલચાલ સબ જાન લિયા હૈ.'

અનંતરાયે કુતૂહલથી પૂછ્યું,'લેકિન ટોટલ ફ્રી કૈસે શુક્લાજી!' યહાં ભી પ્રૉપર્ટી કે દામ તો હોંગે.'

'બિઝનેસમૅન હો ના!'

'પીછે કદમ જાએ તો નાઇનટીનફિફ્ટી એઇટ મેં રાજસ્થાન કે એક શ્રેષ્ઠી દાલમિયાંજીને યે ભવન કા નિર્માણ કિયા થા. તબ તો યહાં મોક્ષાર્થી હી મરને કી આસ મેં જ્યાદા આતે થે. ઉસમેં ગરીબ, મધ્યમ વર્ગ કે લોગ ભી થે, ઉનકો શાંતિ સે મૃત્યુ મિલે ઇસલિયે યે બનાયા થા.'

રિક્ષાવાળો ઉત્સાહથી બોલ્યો...

'યે તો બતાઓ શુક્લાજી, આપને કિતને લોંગો કી અંતિમક્રિયા કી હૈ? લાસ્ટ રાઇટ્સ. બોલિયે. બોલિયે.'

'યે મેરા ભોલુ ભોલા હી હૈ. કમસે કમ બારહ હઝાર લોગોં કી અંતિમક્રિયા કા ઇન્તઝામ કિયા હોગા.'

અનંતરાયયે ધ્રુજારી અનુભવી. તાકી રહ્યા ચૂપચાપ શુક્લાજીને.

'સાબજી, યે જીવન કા અંતિમ સ્થાન હૈ. જીવન કે બાદ તો મૃત્યુ હી હૈ ના! ફિર ભી બહોત પ્યારા હૈ મુઝે. દિલ્હી સે આયા થા બનારસ હિંદુ વિદ્યાલય મેં પઢને કો. થોડી કુછ પઢાઈ હુઈ કી ફૅમિલી કી દેખભાલ સર પર આ ગયી. તબ યે કુરશી પર બૈઠ ગયા. બૈઠ હી ગયા. બસ, તબ સે જીવનમૃત્યુ કા યે અજીબ ખેલ દેખ રહા હૂં.'

ભોલુએ અચકાતાં કહ્યું, 'શુક્લાજી, સાબકો કમરે મેં છોડ દૂં? મેરી દૂસરી સવારિયાં છૂટી જા રહી હૈ.'

અનંતરાય તરત ઊભા થઈ ગયા.

'થેન્ક્સ શુક્લાજી. ચલો ભોલુ.'

'આરામ કીજિયે. કમરે મેં સૂચનાઓં કા બોર્ડ હૈ, પઢ લેના. ભોલુ સાબકો ટિફિન...'

'સબ હો જાએગા. કમ કમ સાબજી.'

બે બંધ ઓરડા વટાવીને ભોલુએ પાંચ નં. ખોલ્યો. બૅગ મૂકી.

'આરામ કીજિયે સાબ. ટિફિન લે કે આઉં તભી સવારી કે પૈસે દીજિયેગા.' એણે ખૂણામાંથી માટલું લીધું. થોડી વારે ભરીને આવ્યો.

'શામકો બાઝાર લે જાઉંગા, ચાહિએ તો વહીં સે પાનીકી બૉટલ ખરીદ લેના.'

ભોલુ ગયો. ઓરડો ખૂબ હવા-ઉજાસવાળો અને સ્વચ્છ હતો. નાનું

કબાટ, બે ખુરશી અને એક પલંગ. એની પાછળ જ બારી. એ પૂર્વ દિશામાં હશે. ત્યાંથી દૂર પથરાયેલું શહેર અને મકાનોની અટારીએ સૂરજ ઝગમગતો હતો. ધુમ્મસ ઓગળતું જતું હતું. એમણે પલંગની ચાદર કાઢી, સાથે લાવેલી ચાદર પાથરી. પલંગ પર લંબાવી દીધું. ટ્રેનની મુસાફરીની ટેવ લગભગ છૂટી ગઈ હતી. થાકી ગયા હતા.

બારણું જોરથી ખખડી રહ્યું હતું. એ ઝબકી ગયા. સાબજી... ભોલુના અવાજે ઊંઘ ઊડી ગઈ. બારણું ખોલતાં ટિફિન લઈને ભોલુ અંદર આવ્યો. પલંગ નીચેથી ટિપાઈ ખેંચી, ટિફિન મૂક્યું. માટલામાંથી પાણી ભરીને ગ્લાસ બાજુમાં મૂક્યો.

'આપકે લિયે પેશ્યલ લંચ લાયા હૂં, રબડી ઔર ફેમસ સમોસા.'

ટિફિન ખોલતાં અનંતરાયે કહ્યું, 'અચ્છા અંગ્રેજી બોલ લેતે હો.'

'ગોરે લોગ... યહાં ફૉરેનર્સ બહુત આતે હૈ. વો હિંદી સીખતે હૈ, થોડી બહોત અંગ્રેજી મેરી ઝુબાન પર આ જાતી હૈ. બૈઠા હૂં શુક્લાજીકે પાસ. ખાઈયે.'

અનંતરાયે બારીની બહાર હાથ ધોયા. ટિફિન ખોલ્યું. વાનગીઓની સુગંધ અને સ્વાદ બન્ને સારાં હતાં. ભોલુએ ટિફિન બંધ કર્યું.

'થોડા આરામ કર લો, શામકો આ જાઉં?'

'હાં ઔર તબ સાથ મેં પૈસે દે દૂં તો...''

ભોલુ ખુશ થઈ ગયો. ટિફિન લીધું.

'હાં જી, બિલકુલ.'

બારણું બંધ કરીને એ ગયો. અનંતરાયે પલંગમાં લંબાવ્યું. મન જીદ કરીને અહીં લઈ આવ્યું હતું. હવે અહીં જ રહેવાનું હતું આ પરિચિત નગરીમાં એકલા. આ ભરી-ભરી નગરીમાં એ કોઈ ટાપુ પર હોય એમ. અત્યાર સુધી જિવાયેલું જીવન, વિતાવેલાં વર્ષો એ બધાનું પોટલું વાળી એનાં અસ્થિ ગંગાજીમાં વહાવી દઈને જીવતેજીવ નવો અવતાર લેવાનો.

થાકી ગયા હતા. પડખું ફર્યા. થોડાં વર્ષ પહેલાં ઍરપોર્ટ પર બેઠા હતા. ફ્લાઇટ મોડી થતાં બુકશૉપમાં ફરતાં હાથમાં 'બનારસ સિટી ઑફ લાઇટ' પુસ્તક એમ જ ખરીદી લીધું હતું. હાર્વર્ડ યુનિવર્સિટીના એક પ્રોફેસરનું લખેલું હતું. વાંચતાં ખૂબ જ રસ પડ્યો હતો. પછી તો બનારસ વિશે વાંચ્યું. ઇન્ટરનેટ પર ઘણા ફોટો જોયા ત્યારથી બનારસે એમના મનનો કબજો લઈ લીધો હતો. રોહિણી સાથે આવીને નિરાંતે હોટેલમાં રહેવું, રોહિણી ખૂબ રાજી થઈ ગઈ હતી. ચેતવણીયે આપી હતી, બિઝનેસ, દુનિયાદારી ઘરે જ મૂકી દેજો, રોજ ગંગાઆરતી, કાશી વિશ્વનાથનાં દર્શન કરીશું...

આવું આવું કરતી ઊંઘ ઊડી ગઈ. મન તો સાચે જ મુસાફરીએ નીકળ્યું હતું એ ક્યાં આરામ કરવાનું હતું!

થોડું પાણી પીધું.

પણ રોહિણી તો સ્વયં કાશી

વિશ્વનાથનાં ચરણોમાં વંદન કરવા ચાલી ગઈ. આખું જીવન સંસારની તેજ ગતિ સાથે દોડતાં-હાંફતાં એક દિવસ અટકી પાછળ ફરીને જોયું તો પત્ની નહોતી. દીકરી, જમાઈએ સઘળું મુઠ્ઠીમાં કેદ કરી એમને હાંસિયામાં ધકેલી દીધા હતા. ધીમે-ધીમે બનારસ મોહિનીસ્વરૂપ ધારણ કરી એમને આકર્ષવા લાગ્યું. ક્યાં સુધી આ બધાને વળગી રહેવું! અને શું કામ! આ જંજાળની જાળ જ કાપી નાખું તો!

ન જાહેરાત, ન સમજાવટની કોઈ શક્યતા. ચૂપચાપ તૈયારી કરી. બૅન્ક સાથે ગોઠવણ કરી અને એક દિવસ આ અપરિચિત શહેરની પરિચિત પગદંડીએ નીકળીને પહોંચી ગયા નો મેન્સ લૅન્ડ. જીવન અને મૃત્યુ વચ્ચેની ભૂમિ પર. પછી જીવનની અંતિમ સરહદની કાંટાળી વાડ પાસે અનેક મુમુક્ષોઓ સાથે પ્રતીક્ષાની કતારમાં, અચાનક પાંખો ફૂટશે અને સરહદની પેલે પારની અગોચર ભૂમિમાં.

બારીમાંથી પવન આવતો હતો કે કેમ કંપી ઊઠ્યા. ફરી સૂતા. પંદર દિવસ પછી આ ભવન છોડવાનું. ત્યાં સુધીમાં... કે પછી વર્ષો સુધી...

બારણાંની કડી ખખડતી હતી. એ ઝબકીને બેઠા થયા. ક્યાં હતા એ! કેવી રીતે અહીં આવી પડ્યા હતા! ચશ્માંના કાચ પરની ઝાંખી પરત ભૂંસાય એમ દશ્ય સ્પષ્ટ દેખાયું. એમણે બારણું ખોલ્યું.

ભોલુ ઊભો હતો.

'ફ્રેશ હો ગયે સાબજી! ચલિયે, મૈં રિક્ષામેં બૈઠા હૂં.'

થોડી વારે શુક્લાજીની ઑફિસ પાસેથી પસાર થતાં એમણે હાથ ઊંચો કર્યો, રિક્ષામાં ગોઠવાયા. ભોલુએ ખખડધજ રિક્ષાને વહાલથી થપથપાવી અને પેડલ મારતાં બજાર તરફ રિક્ષા લીધી. પ્રભાત કરતાં બનારસનું રૂપ અત્યારે જુદું હતું.

'સાબજી, દશાશ્વમેધ ઘાટ લે લૂં? ક્યા હૈ કી મણિકર્ણિકા ઘાટ તો ફેમસ હૈ જી, પર પહલી બાર દેખોગે તો રાતકો સો ન પાઓગે. અબ કિતની ચિતાયે જલતી હોગી. દિન-રાત કા સમસાન જો હૈ.'

હમ... ઠુ.

'યહાં કાશી વિશ્વનાથ કા દર્શન કરૌ, ગંગાઆરતી સબ દર્શન કરો, ઘાટ પર બૈઠો ફિર વાપસ ચલતે હૈ.'

ભોલુએ જોરથી પેડલ મારવા માંડ્યાં. રસ્તા પર ભીડ ઊભરાતી હતી. બત્તીઓ ઝગમગી ઊઠી હતી. રસ્તા પરના ટ્રાફિકના અવાજો પરથી હર હર મહાદેવ... હર હર ગંગેનો સ્વરઘોષ યજ્ઞની ધૂમ્રસેરની જેમ ઊંચે-ઊંચે જતો દેવાધિદેવનાં ચરણોમાં પ્રણિપાત કરતો હતો. ગિરદીમાં રિક્ષા ઊભી રહી, બાજુમાં ભીડાઈને ઊભેલી રિક્ષા તરફ ધ્યાન ગયું. રિક્ષાચાલક નિરાંતે દાંત ખોતરતો હતો, અંદર બેઠેલા બે જણ વાતો કરી રહ્યા હતા, રિક્ષાની ઉપર સફેદ વસ્ત્રોમાં વીંટાળેલું શબ બાંધેલું હતું. એમણે તરત નજર ફેરવી લીધી, તો ધ્યાન પડ્યું બીજી બાજુની એક દુકાન પાસે બે સ્ત્રીઓ

ઊભી હતી.

આ તો ટ્રેનના સહમુસાફરો! વયસ્ક સ્ત્રીએ સુંદર સાડી પહેરી હતી અને જેને લાજુ કહી આદેશાત્મક વાતો કરતી હતી તેના હાથમાં બે થેલી હતી, દુકાનદાર બતાવી રહ્યો હતો. અનંતરાય સ્તબ્ધ બેઠા હતા. ઓશોએ કહેલી ભર્તૃહરિની વાત યાદ આવી ગઈ. સંસારનાં જુદાં-જુદાં દૃશ્યો જોતાં કહે છે.

न जाने संसार: किममृतमय: किं विषमय!

ઘાટથી થોડે દૂર રિક્ષા ઊભી રહી. એમણે ખિસ્સામાં હાથ નાખ્યો. સોની નોટ હાથમાં આપી. ભોલુ આશ્ચર્યથી તાકી રહ્યો.

'ભોલુ, લે લો.'

'પર સાબજી...'

'લે લો ભાઈ. તુમ્હારે લિયે કુછ ગરમ કપડા ભી લેના. કમ પડે તો બોલ દેના.'

ભોલુએ હાથ જોડ્યા. આંખમાં ઝળઝળિયાં. એમણે એના હાથમાં મૂકી મુઠ્ઠી વાળી. ચલકે જાઉંગા કહેતાં ઘાટનાં પગથિયે બેસી ગયા. ઘાટ પરની ભીડ થોડી વિખરાઈ. થોડા સમય પહેલાં થઈ ગયેલી આરતીનો ઝળહળતો સોનેરી પ્રકાશ ગંગાના વહેણમાં વહેતો દૂર અજવાળવા વહી જઈ રહ્યો હતો. નાના ફૂલદીવડાઓ થોડે સુધી તરંગનૃત્ય કરતાં જળમાં ડૂબી જતા હતા. કેટલાય લોકો ઠંડાગાર પાણીમાં ધ્રૂજતાં સ્નાન કરી રહ્યા હતા. ગંગા જાતિ, ધર્મ, રંગ, વયના કશાય ભેદભાવ વિના સૌની આસ્થા, સપનાં, પ્રાર્થના પોતાના ખળખળતા વહેણમાં લઈ જતી હતી. બે શ્વેત પરદેશી યુવતીઓ ભારતીય કુરતા, ચાંદલામાં મોબાઇલથી ફોટો પાડી રહી હતી. એમણે મોબાઇલને અત્યાર સુધી હાથ લગાડ્યો નહોતો. સિમકાર્ડ બદલ્યું હતું. ફોટો પાડવાની ટેવને હવે ભૂલી જવાની હતી. શું કરવાનું હતું હવે એનું!

ફોટોગ્રાફ્સ અને પેઇન્ટિંગ્સથી ભરેલી ઘરની દીવાલો યાદ આવી. રોહિણી અને નાનકડી જાહ્નવી સાથે કેટકેટલી તસવીરો! પછી જાહ્નવી અને પ્રદીપ્તનાં લગ્નની તસવીરો, નાનકડી પરીના તો અઢળક ફોટોગ્રાફ્સ...

ચાની કીટલી લઈને છોકરો ફરી રહ્યો હતો. માટીની કુલડીમાંથી ચાનો ઘૂંટ ભરતાં એ આખું દૃશ્ય મનમાં સમાવતા ઊભા થયા. ફૂલદીવો લીધો અને પત્નીની સ્મૃતિમાં વહેણમાં તરતો મૂકી દીધો. જળતરંગો પર સોનેરી ઉજાસ પાથરતો, નાચતો પ્રવાહમાં તણાતો જળમાં ડૂબી ગયો. મન ભરાઈ આવ્યું. તું કેમ ચાલી ગઈ? તારી ઇચ્છા મુજબ દીકરી-જમાઈને સોંપી દઈ હું નિશ્ચિંત બની આપણે સાથે સમય વિતાવ્યો! પણ તું શું જાણે આપણી વહાલી દીકરીએ જ પ્રદીપ્તના કહ્યામાં આવી જઈ પ્રદીપ્તના ફૅમિલી મેમ્બર્સને...

ભીના પગથિયે બેસી પડ્યા. જે પોટલું નદીમાં વહાવી દેવાનું હતું એ તો હજી છાતીસરસું ચાંપેલું હતું!

'નયે હો વારાણસી મેં?'

અચાનક જરા જોરથી પ્રશ્ન પુછાયો. એ ચમકી ગયા. બાજુમાં એક સ્ત્રી બેઠી હતી. શરીર ચીમળાઈને સૂકું હતું. તગતગતી આંખો એને જોઈ રહેલી.

'અ... હા... જી.'

'મૈં અસ્સીઘાટ મેં મોક્ષધામ મેં રહતી હૂં. કિતને સાલ સે? પૂછો.'

એમણે પરાણે પૂછ્યું.

'બીસ સાલ સે. કિતને? બીસ સાલ. જૈસે વો ચલ બસે, તીન બેટો કો બોલા વારાણસી મેં રહના હૈ મુઝે. આપકી પત્નીયાં, બચ્ચોં કા બોજ ક્યું ઉઠાઉં? આપ ભી ખુશી સે રહના ઔર સંભલકે. મોબાઇલ સે બચ્ચો પર ભી નઝર રખ્ખો. ઔર યહાં ભી સાવધાન.'

શિવ શિવ બોલતાં તે પગથિયાં ચડી ગઈ. એ હતપ્રભ થઈ ગયા. વૃંદાવનમાં દક્ષિણા પડાવવા પંડાઓએ માફિયાની જેમ એને અને રોહિણીને ઘેરી લીધાં હતાં તે યાદ આવ્યું, પણ અહીં ગંગાકાંઠે! મોક્ષાર્થી થઈને! અંધારું થતું હતું. એ ઊઠ્યા. બજારની ભીડ વચ્ચેથી નીકળી ભવન પહોંચ્યા. શુક્લાજીના ઓરડા પાસેથી પસાર થતાં એમણે હાથ કર્યો. અનંતરાયને પણ અત્યારે જાત સાથે એકલા રહેતાં ભય લાગતો હતો. એ શુક્લાજીની સામેની ખુરશીમાં બેઠા.

'સાબજી, લગતા હૈ પહલે હી દિન આપ કુછ ઉદાસ હો ગયે?'

'હૈ તો કુછ ઐસા હી શુક્લાજી.'

'ક્યોંકિ તુમ કભી અપને સાથ નહીં રહે હો ન! જાતકે સાથ રહને કી આદત ડાલની પડતી હૈ. મૈં યહાં સે દો દફ્રા દિલ્હી વાપસ ઘર ભાગ ગયા થા, મતલબ મૈં મેરે સે હી ભાગ રહા થા.'

'ઔર અબ?'

'મેરે સાથ ખુશ હું.'

'ઔર યે કામ?'

'વો ભી અચ્છા હૈ. જૈસે શ્રીકૃષ્ણ કે છોટે સે મૂંહ મેં માતાને બ્રહ્માંડ દેખ લિયા, યે કમરે મેં સારા સંસાર દેખ લિયા. ગીતાકા ઉપદેશ યહાં ચરિતાર્થ હો ગયા મેરે લિયે.'

દેખાવે કર્મકાંડી સાધારણ લાગતો માણસ ફિલોસૉફીનાં થોથાં વાંચ્યા વિના જીવનને નિર્ભ્રાન્ત દૃષ્ટિથી જોઈ શકતો હતો!

'વો કૈસે?'

'સીધી સી બાત હૈ. કુછ ભી અપેક્ષા બિના કર્મ કરતે રહો.'

એમણે ચોપડો ખોલ્યો, થોડાં પાનાં ફેરવ્યાં.

'પિછલી સાલ એક પત્રકાર આયા થા. મેરી મુલાકાત લી થી. યે રજિસ્ટર ભી દેખા. દેખો યે એન્ટ્રી. પુત્ર આયા થા પિતા કો સાથ મેં લે કે. પિતા કે મોક્ષ કે લિયે, પિતા કી ઇચ્છા પૂરી કરને કો. લેકિન હુઆ ક્યા? અચાનક હાર્ટ-અટૅક સે પુત્ર કી મૃત્યુ ઔર પિતાને અગ્નિસંસ્કાર કિયા. હૈ ના જીવનમૃત્યુ કા અજબ ખેલ?'

અનંતરાય અવાક્ બનીને સાંભળી

રહ્યા.

'ઇસલિયે સબકો કહતા હૂં, ઉદાસ મત હો, ઝ્યાદા સોચો મત. હોની હોય સો હોય.'

શુક્લાજી ધીમું હસ્યા. ચોપડો બંધ કર્યો.

'બહોત ટેમ સે બાત કરને કો નહીં મિલા તો આપકે ભેજે કા દહીં-મખ્ખન બના દિયા. હાં, કલ મણિકર્ણિકા ઘાટ જાના. વો ઘાટકો ભગવાન શિવને અનંત શાંતિ કા વરદાન દીયા હૈ. અવિરત ચિતા જલતી રહતી હૈ. ઉસકી બહોત સારી કથાએં હૈ, મોબાઇલ પર મિલ જાએગી. લેકિન જીવન કી અમૃતસુધા ચિતા કી રાખસે હી મિલેગી.'

અનંતરાય હાથ જોડીને ઊભા થયા. ત્યાં ભોલુ ડોકાયો.

'આપકા ટિફિન સાબજી. આપ તો બોલના ભૂલ ગયે, ચલિયે.'

અનંતરાય ભોલુના ખભે હાથ મૂકીને પોતાના ઓરડામાં આવ્યા. ટિપોય પર ટિફિન ખોલ્યું.

'ચલ ભોલુ, સાથ મેં ખાતે હૈ.'

ભોલુ ચક્ક થઈ ગયો.

'ક્યા બાત કરતે હો! પૂરે પચાસ કા ટિફિન હૈ... ઔર મેરી જાત...'

'ચૂપ ઔર બૈઠ જા.'

અનંતરાયે પ્લેટમાં પોતાના માટે થોડું લીધું અને ટિફિન ભોલુને આપ્યું, પરાણે સામે બેસીને ખવડાવ્યું. ભોલુએ ટિફિન બંધ કર્યું, પ્લેટ ધોઈને અનંતરાયનો ચરણસ્પર્શ કર્યો.

'રહને દે ભોલુ, કલ મણિકર્ણિકા જાએંગેને!'

'હાં સાબ. સબસે પવિત્ર ઘાટ હૈ વો સાબજી.'

'વો કૈસે? ત્યાં તો સ્મશાન હૈ ના!'

'પર માતા સતી કે શરીર કા અગ્નિસંસ્કાર વો હી ઘાટ પર હુઆ થા, ઔર વહ ભી મહાદેવને અગ્નિસંસ્કાર કિયા થા તો હુઆ ન પવિત્ર!'

'વો તો સહી હૈ. સુબહ મેં આજા. હમ બાઝાર મેં નાસ્તા કરેંગે - તેરા ફેમસ સમોસા ઔર ચાય.'

બન્ને હસી પડ્યા. ભોલુ ગયો.

પહેલી વાર મણિકર્ણિકા ઘાટ જોયો અને સુન્ન થઈ ગયા. લાકડાં ભરેલી હોડીઓમાંથી લોકો સતત લાકડાંની ભારીઓ કિનારે ખડકતા હતા, તરત ચિતાએ ચડતાં હતાં. ભડભડ અગ્નિ પ્રજ્વળતો હતો. ધુમાડાથી આકાશ મટમેલું લાગતું હતું. એક પછી એક શબ આવતાં હતાં, ગંગામાં હડસેલાઈ સ્નાન કરી ચિતાએ ચડતાં હતાં. ઠાઠડીઓ વણજારની જેમ આવતી હતી, કોઈ ગલગોટાથી સજાવેલી, કોઈ શબ સફેદ વસ્ત્રોમાં, એક તરફ કોઈ ને કોઈ મુંડન કરાવી રહ્યું હતું. થોડે દૂર ટોળું બેઠું હતું. સામે ઠાઠડી પડી હતી. એ લોકો ચા પી રહ્યા હતા. દૂરદૂરનાં ગામોથી મૃતદેહ લઈને લોકો આવી રહ્યા હતા. રોજની ત્રણસો... ચારસો... પાંચસો ચિતા...

પગ જમીનમાં મૂળિયાં બનીને ઊતરી ગયા હોય એમ અનંતરાય સ્તબ્ધ ઊભા હતા. લાલ વસ્ત્રોમાં કંકુ, ફૂલોથી સજાવેલી ઠાઠડીમાં બંધાયેલો મૃતદેહ અંતિમ વિદાયની પ્રતીક્ષામાં હતો. એક યુવાને મોઢા પરથી કપડું ખસેડ્યું અને સેલ્ફી લીધો.

જીવન અને મૃત્યુ જોડાજોડ કેવો સાક્ષાત્કાર! સવારે જ ભોલુએ કહ્યું હતું.

'સાબજી, યે મુર્દો કે બીચ સાલ મેં એક બાર નૃત્યમહોત્સવ હોતા હૈ પતા હૈ?'

એ તાકી રહ્યા હતા ભોલુને. 'નૃત્યમહોત્સવ? સ્મશાનઘાટ પર?'

'હા જી. ચૈત્ર નવરાત્ર કી સપ્તમી કો. ઔર નાચતી કૌન હૈ? ગણિકા... ધંધા કરતી હૈ વો. સમજે! બનારસ ગાઇડ મેં ઉસકો નગરવધૂ લિખા હૈ. મૌત કે માતમ કે બીચ નાચતી હૈ. હે મા! અગલા જનમ ઐસા મત દેના. આગે સે ચલતી પરંપરા હૈ યે નાચ ઉત્સવ કી.'

ઘાટનાં પગથિયાં ચડીને અનંતરાય રસ્તા પર આવી ગયા. હાંફતાં થોડી વાર એક ઓટલા પર બેસી ગયા. એ પણ અહીં મૃત્યુ પામશે? ક્યારે? કેવી રીતે? કેટલો સમય આમ રહેશે આ નગરીમાં? રોજેરોજ આ જીવનમૃત્યુનો ખેલ. આ સદ્‌ગત આત્માઓ ખરેખર મોક્ષ પામશે? એ પણ અહીં મૃત્યુ પામે તો લાવારિસ લાશની જેમ એની ચિતા ખડકાશે કે પછી ગંગામાં જ કોઈ વહાવી દેશે!

એ અન્યમનસ્કપણે ચાલવા લાગ્યા. બજાર વીંધીને જતાં બુકશૉપ જોઈ, ન્યુઝપેપર ખરીદ્યાં. બાજુમાં જ હતી બનારસી સાડીની દુકાન. એક યુવા દંપતી સાડી ખરીદી રહ્યું હતું. નવપરિણીત લાગતું હતું. યુવતીનો દુલ્હન જેવો શૃંગાર હતો. પતિ પણ હોંશભેર સાથે સાડી ખરીદી રહ્યો હતો. કેટલા આનંદિત હતાં બન્ને! મૃત્યુના ઓછાયા નીચે જીવન કેટલું પલ્લવિત હતું!

એમણે પાછળ ફરીને જોયું. અગ્નિના ભડકાઓ દેખાતા હતા. શું ખરેખર આ બધા મોક્ષાર્થી હતા કે જીવનના રણસંગ્રામમાંથી અહીં ભાગી આવ્યા હતા! એમની જેમ!

એ કાળા ધુમાડાને વાદળની જેમ આકાશને ગોરંભાયેલું જોતા રહ્યા. રામ શ્રીરામ... મહાદેવ શંભો... હરહરગંગે... સ્વરઘોષ ઘંટારવમાં એકાકાર થઈ જતો હતો.

રાત્રે ભોલુ ટિફિન લઈને આવ્યો કે એમણે કહ્યું...

'દો-તીન દિન બનારસ મેં ઘૂમા દે, સાંજ કો નાવ મેં ઘૂમેંગે... ફિર...'

'ફિર ક્યા સાબજી? પંદ્રહ દિન તો યહાં ખતમ હો જાએંગે, હોટેલ મેં બુકિંગ કરે?'

એમણે હસીને કહ્યું.

'નહીં રે ભોલુ, ફિર સ્ટેશન લે કે ચલ. બનારસ સુંદર શહર હૈ, દેખ લિયા. અબ વાપસી કી ટિકિટ કટાયેંગેને!'

ભોલુના હાથમાં કોળિયો અધ્ધર રહી ગયો. ❑❑❑



અહીં છું, પપ્પા

☐ વીનેશ અંતાણી

કોઈએ બોલાવી કે ભણકાર થયો? આંખો બંધ છે. આસપાસ ચાલતી ગતિવિધિમાં એને રસ નથી. રોકેલાં આંસુ સુકાયાં નથી. ભૂલી જવા માગે છે બધું. હજી જાગી જ ન હોય. પપ્પા આવે, ધીમેથી બોલાવે અને એ જાગી જાય. એમનું સ્મિત દેખાય. એ સાથે જ બાકી બચેલી ઊંઘમાંથી બહાર આવી જાય. વળગી પડે એમને.

'ગુડ મોર્નિન્ગ, શ્રેયા! ઊઠો બેટા, સ્કૂલ જવું છેને?'

'શ્રે...યા!'

આ અવાજ પપ્પાનો નથી. એમનો અવાજ તો દૂરથી પણ ખૂબ નજીક લાગે, જાણે અંદરથી ઊઠ્યો હોય. આ અવાજ કર્કશ છે. કંટાળાભરેલો.

સામે મોટાકાકા ઊભા હતા.

'ક્યાં ધ્યાન છે તારું? લે, તારા માટે

ફોન છે.'

એનો ફોન એમની પાસે ક્યાંથી? ધમાલમાં ક્યાંક મૂકી દીધો હશે.

'લે, જલદી. વાત કર. એનો છે.' તકલીફ પડતી હોય એમ ઉમેર્યું, 'સિમરનનો.'

કદાચ એરપોર્ટ પહોંચી ગઈ હશે. ત્યાંથી જ કરતી હશે. ફ્લાઇટમાં બેસતા પહેલાં જાણવું હશે કે શ્રેયા સ્વસ્થ છેને? કહેશે, બસ, હું નીકળું જ છું. બે-અઢી કલાકમાં તારી પાસે. ત્યાં સુધી સંભાળી લેજે, પછી તો હું આવી જઈશ.

'હલ્લો, મમ્મી.'

'ક્યાં હતી? કેટલા ફોન કર્યા, તેં ઉપાડ્યો જ નહીં. કરે છે શું?'

શું કરે છે? પપ્પાના રૂમ તરફ નજર કરી. એ અંદર બરફની પાટ પર સૂતા છે. ઠંડી પડતી હશે. બ્લેન્કેટ ઓઢાડી આવે?

'સૉરી, મમ્મી.'

'સાંભળ, મારી ફ્લાઇટ ચાર કલાક ડિલે થઈ છે. દિલ્હીમાં વેધર બહુ ખરાબ છે.'

'ઓહ!'

કાકા એને જોતા હતા.

'મારી રાહ જોઈ શકાશે?'

એ તરત જવાબ આપી શકી નહીં. પપ્પાને રાતે ઘેર લાવી ત્યારથી ઘરનો કબજો બીજા લોકોએ લઈ લીધો છે. હૉસ્પિટલમાં ચાર દિવસ રહેવું પડ્યું. એ વખતે કોઈ આવ્યું ન હતું. એણે એકલીએ જ દોડાદોડી કરી. ડૉક્ટરે પપ્પાની ખુલ્લી રહી ગયેલી આંખ બંધ કરી તે સાથે બધું પૂરું થઈ ગયું હતું. આગળ શું કરવું એ સૂઝ્યું ન હતું. થોડી વાર પછી કાકાને ફોન કર્યો.

એમને ઊંઘમાંથી જાગવું પડ્યું. શ્રેયા પપ્પાને લઈને ઘેર પહોંચી ત્યારે એ, કાકી અને એમના બે દીકરા આવી ગયાં હતાં. ત્યારથી એ લોકો જ બધા નિર્ણય લે છે. કાકાએ પરિવારમાં ફોનથી સમાચાર આપ્યા. એમનાં મોટીબહેન ત્રણ કલાકના રસ્તે બીજા શહેરમાં રહે છે. એ વહેલી સવારે નીકળશે. વાટ જોવા કહ્યું છે. એ લોકો અંદરઅંદર વાતો કરતાં અને શ્રેયાને એના ટુકડા સંભળાતા. બીજા ચાર-પાંચ જણ પણ રાતે જ આવી ગયા. બરફના પાટની વ્યવસ્થા કરી હતી.

'શ્રેયા? તારા જવાબની રાહ જોઉં છું,' મમ્મીએ કહ્યું.

મમ્મીને જવાબ દેવાનો છે. એનો ફોન ચાલુ છે.

'હા, પૂછી જોઉં.'

'કોને?

કાકા સામે જોયું.

મોટાકાકાને... બધાં અહીં છે, કાકા, કાકી અને –'

'એ લોકો ત્યાં શું કરે છે?'

મમ્મી ભૂલી ગઈ કે શું બન્યું છે? આવા સમયે લોકો એમના મતભેદ બાજુએ રાખી આવી જાય.

'હમણાં જ ફોન કરું,' શ્રેયાએ કહ્યું.

કાકાને વાત કરી.

'એને કોણે સમાચાર આપ્યા?' કાકાનો અવાજ થોડો ઊંચો થયો.

'મેં.'

'કેમ?'

કેમ એટલે? મારી મા છે. આ સમાચાર જાણવાનો એને અધિકાર છે. આવે વખતે -

આવો વખત... એકાએક બધું બદલાઈ જાય છે. કોઈની છેલ્લી ક્ષણ અને એનું ચાલ્યા જવું. વીતેલો સમય અર્થહીન બની જાય છે એટલી સાદી વાત પણ આ વડીલને સમજાતી નથી? જેમ એ આવ્યા તેમ મમ્મી પણ...

'હવે વાટ ન જોવાય. બહેન પહોંચવામાં જ છે. બધાંને સમય આપી દીધો છે. લોકો આવી ગયા છે.'

'પણ -'

'પણ બણ કશું નહીં. ફ્લાઇટ અત્યારે ચાર કલાક મોડી છે. વધારે પણ થાય. એક જણ માટે બધાંને રોકી ન રખાય.'

એક જણ... એક ક્ષણ માટે એની આંખ બંધ થઈ ગઈ. એક સમયે એ એક જણ પણ આ ઘરમાં જ રહેતું હતું. પપ્પા એને પરણીને ઘરમાં લાવ્યા હતા. બધાં ભૂલી જાય પણ શ્રેયા કેમ ભૂલે? એનો એક છેડો એ 'એક જણ' સાથે જોડાયેલો હતો. હવે તો એ છેડો જ બાકી રહ્યો છે.

કાકા ચાલ્યા ગયા છે. શ્રેયાએ ફોન જોડ્યો.

'મમ્મી, કાકા કહે છે કે... બધાં આવી ગયાં છે. કદાચ વેઇટ નહીં કરે'.

'ઇટ્સ ઓકે... આ તો તેં મને જણાવ્યું એટલે થયું કે આવી જાઉં... તમારે જે કરવું હોય તે કરો... મારી જરૂર જ ન હોય તો ટિકિટ કેન્સલ કરાવું.'

'ના, મમ્મી... પ્લીઝ... તું આવી જા. અહીં ઘણું કરવાનું છે અને... અને હું સાવ એકલી છું.' ડૂસકું માંડ રોક્યું. સામેથી જવાબ ન મળ્યો. ફોન કાપી નાખ્યો? શ્રેયાનાં છેલ્લાં વાક્ય એણે સાંભળ્યાં નહીં હોય. ખબર નથી પડતી, બધાંને શેની ઉતાવળ આવી ગઈ છે?

ઘરમાં દોડાદોડી વધી ગઈ. કાકાએ એમને તૈયારી કરવા કહી દીધું છે. માણસો ઊભા થઈ ગયા છે. આંગણામાં મૂકેલાં વાંસના ડાંડા, ફૂલોનો કરંડિયો અને બીજી વસ્તુઓ ઉપાડે છે. આખો ડ્રોઇંગ રૂમ ભરાઈ ગયો. ફોઈ આવ્યાં. સ્ત્રીઓ એમને વીંટળાઈ વળી. એમણે શ્રેયાને જોઈ. એની પાસે આવ્યાં. બાથમાં લઈ મોટેથી રડવા લાગ્યાં. કાકી એમને આશ્વાસન આપતાં હોય એમ દૂર લઈ ગયાં. ઘણા માણસો પપ્પાના રૂમમાં આવ-જા કરે છે. જાતજાતની સૂચના અપાય છે. શ્રેયા ખસતી ખસતી ખૂણામાં ભરાઈ ગઈ.

એનું પોતાનું જ ઘર. એનું અને પપ્પાનું. કુટુંબની કોઈ વ્યક્તિ ભાગ્યે જ અહીં આવતી. પપ્પા પંજાબણને લઈ આવ્યા પછી મન ખાટાં થઈ ગયાં. પપ્પાએ કોઈની પરવા કરી ન હતી. થોડાં વરસ પછી આ ઘરમાં શ્રેયા અને પપ્પા બે જ જણ રહ્યાં ત્યાર પછી પણ નહીં.

કાકી આવ્યાં.

'અહીં શું કરે છે? કાકા ક્યારના તને શોધે છે. ચાલ જલદી, પૂજા કરી લે એટલે પુરુષો નીકળે.'

પૂજા? કોની? પપ્પા તો એને જન્મદિવસે કે નવા વરસે પણ પગે લાગવા દેતા નહીં. દીકરી પગે ન લાગે, એ કહેતા. એમના રૂમમાં ગઈ. પપ્પાને જમીન પર સુવડાવ્યા છે. ચત્તા સૂતા છે. રોજ આ રીતે જ સૂએ છે. તો પછી હવે શું બદલાયું? માથા પાસે મૂકેલી દીવડીનું અજવાળું એમના ગૌર વર્ણ પર થરકે છે. નાકમાં રૂ ખોસ્યું છે. શું કરે છે આ લોકો એમની સાથે? બોલતા નથી એટલે? આ પહેલાં તો એમની સાથે કંઈ પણ કરવાની કોઈમાં હિંમત ન હતી.

શ્રેયા આંસુ રોકી શકતી નથી. બ્રાહ્મણ મોટેથી કશુંક બોલ્યા કરે છે. એનો અવાજ શ્રેયાના કાનમાં ભોંકાય છે. ચૂપ થઈ જાઓ બધાં... પપ્પા ઊંઘે છે, ઊંઘવા દો એમને... કાકીએ એનો ખભો દાબી નીચે બેસાડી. બ્રાહ્મણ કહેતો ગયો અને એ યંત્રવત્ વિધિ કરતી ગઈ. આ બધું શું છે, પપ્પા? તમે આ લોકોને રોકતા કેમ નથી?

'ચાલો, હવે ફટાફટ, બપોર તો અહીં જ થઈ ગયા,' કોઈ બોલ્યું. શ્રેયા ખસી ગઈ. આંગણામાં ગઈ. ઓટલા પર ફસડાઈને બેઠી. ફૂલછોડનાં કૂંડાંની માટી સુકાઈ ગઈ છે. ચાર-પાંચ દિવસથી પાણી પાયું નથી. એક મિનિટ, પપ્પા... પાણી નાખીને આવું. હા, હા, જલદી કરીશ. તમને પણ ઉતાવળ આવી ગઈ?

'અગ્નિદાહ કોણ આપશે?' કોઈએ કાકાને પૂછે છે.

'એને દીકરો હોત તો એ આપત. મારો મોટો દીકરો આપશે.'

– કશુંય ખોટું થતું હોય તો ચલાવી ન લેવું, શ્રેયા.

ઊભી થઈ. કાકા પાસે ગઈ.

'હું આપીશ.'

બધા ડઘાઈ ગયા. કોઈ વિરોધ કરે તે પહેલાં મક્કમ ડગલે પપ્પાના રૂમમાં ગઈ. એમને ઠાઠડીમાં બાંધ્યા છે. આટલા બધા લાચાર થઈ ગયા, પપ્પા? ક્યાં ગઈ તમારી કડપ? કાકા અને બીજા ત્રણ જણ વાંસના ચાર છેડે ગોઠવાઈ ગયા છે. શાંતિ છવાઈ ગઈ છે. બહાર ઊભેલા લોકો માથું ઊંચું કરી જોઈ રહ્યા છે.

'ઉપાડો,' કાકાએ કહ્યું.

શ્રેયાની નજર પપ્પા પર પડી. કશુંક અધૂરું લાગ્યું.

'એક મિનિટ,' એ બોલી ઊઠી.

'હવે શું છે? કાકા ચિડાઈ ગયા. શ્રેયાએ પપ્પાનો કબાટ ખોલ્યો. એમાંથી એમની કેપ લીધી. એમના માથામાં પહેરાવી. પડી ન જાય એ માટે માથું ઊંચું કરી બરાબર ગોઠવી. હવે સાચા પપ્પા. કેપ જ એમની ખરી ઓળખ છે.

શ્રેયા એમને દૂરથી ઓળખી જતી. બૂમ પાડતી:

'પ...પ્પા! આયમ હિઅર!'

ભીડની વચ્ચેથી એક માણસ એની કેપ ઉતારી એની સામે હલાવતો.

•

સ્મશાને પહોંચ્યાં ત્યારે બપોર થઈ ગયો હતો. શબવાહિનીમાંથી પપ્પાને ઉતાર્યા. પાછળ શ્રેયા ઊતરી. થોડા દિવસ પહેલાં એ એમને એમ્બ્યુલન્સમાં હૉસ્પિટલ લઈ ગઈ હતી. હવે શબવાહિનીમાં અહીં લાવી. સ્મશાનમાં પહેલી વાર આવી છે. પપ્પા એને ઘણાં સ્થળ જોવા લઈ ગયા, પરંતુ આ જગ્યા...

ચિતા ખડકાઈ ગઈ છે. પપ્પાને એના પર સુવડાવ્યા છે. ઉપર થોડાં લાકડાં મૂક્યાં છે. બ્રાહ્મણે શ્રેયાના ખભા પર પાણીથી ભરેલી માટલી મૂકી, ચિતાને પરિક્રમા કરવા કહ્યું. મંત્રોચ્ચાર થાય છે. તડકાના તીખા અજવાળામાં શ્રેયાની આંખ બંધ થઈ જાય છે. ના, બંધ આંખે નહીં, એણે ખુલ્લી આંખે બધું જોવાનું છે અને યાદ રાખવાનું છે કે પપ્પાએ આ રીતે વિદાય લીધી હતી. એ ચિતાની ચારે બાજુ ફરે છે, જાણે કોઈ ગાઢ સીમા બાંધી રહી હોય. હવે પપ્પા એની આ બાજુ આવી શકશે નહીં.

'ઊભી રહે, દીકરી,' બ્રાહ્મણે કહ્યું, 'માટલીને પાછળ ધક્કો મારી ફોડવાની છે. તું પાછળ વળીને જોજે નહીં.'

માટલી તૂટવાનો અવાજ થયો. થોડું પાણી એના પગને અડક્યું. એ પાછળ જોવા માગે છે, પણ ના પાડવામાં આવી છે.

માટલીની સાથે એણે પપ્પા સાથેના સંબધો તોડી નાખ્યા?

કાકાએ શ્રેયાને સળગતું છાણું આપ્યું. બ્રાહ્મણે પપ્પાના શરીરના કોઈ ભાગ તરફ ઇશારો કરી ત્યાં અગ્નિ મૂકવા કહ્યું. એટલો ભાગ સળગ્યો. જાળ માથા સુધી પહોંચે તે પહેલાં શ્રેયાએ કેપ ઉપાડી લીધી. કેપ મુઠ્ઠીમાં દાબી ઊભી રહી. એ સામે બનતી ઘટના વિશે પપ્પાને પૂછવા માગે છે, પરંતુ આગની સાથે ઊઠતા ધુમાડા પાછળ એ અદૃશ્ય થઈ રહ્યા છે.

– શ્રેયા, હું ન હોઉં ત્યારે...

એ એમના ગાલે હળવી ટપલી મારે છે.

– ડૉન્ટ ટૉક નોનસેન્સ, યુ ઇડિઅટ!

પપ્પા ખડખડાટ હસે છે. દીકરીએ એમનો પ્રિય શબ્દ પાછો આપ્યો. એમના માટે શ્રેયા સિવાય આખું જગત ઇડિઅટ હતું.

લોકો ચિતા પાસેથી ખસવા લાગ્યા. શ્રેયાને ચિતાની આગનો તાપ લાગે છે, છતાં એ ખસવા માગતી નથી. પપ્પા કશુંક કહેવા જાય અને તે વખતે એ એમની પાસે ન હોય... એમને પૂરેપૂરા જતા જોવા છે, પછી કોઈ ભ્રમ જ ન રહે કે...

'ચાલ, બેટી.'

ક્યાં? એ જઈ શકે એવું શું બાકી રહ્યું છે? એ ઇડિઅટ જગતમાં, જ્યાં પપ્પા નહીં હોય?

કોઈ એનો હાથ પકડી ચિતાથી દૂર લઈ ગયું. બાંકડા પર બેસાડી. લોકો

નાનાંનાનાં વર્તુળ બનાવી બેસી ગયા છે. કાકા પણ દેખાયા. હથેળીમાં તમાકુ મસળે છે. કોઈ વાતે હસે છે. શ્રેયાએ ચિતા સામે આંખ સ્થિર કરી. આખા સ્મશાનઘાટમાં જાણે એકલી એ છે અને સળગતી ચિતા. એમાંથી ઊડતા તણખા પવનમાં દૂર ચાલ્યા જાય છે. થોડીથોડી વારે કશુંક ફાટતું હોય એવા અવાજ આવે છે. ચિતામાં દબાયેલો એક માણસ અંદરથી ફાટવા લાગ્યો છે. એની નસેનસ તૂટી રહી છે.

ડૂસકું ઊઠ્યું. આને જ જવું કહેવાતું હશે? રાખ થઈ જવું અને પછી બચેલાં થોડાં હાડકાં...

પૂરની જેમ ધસમસતી ભીડ અને એની વચ્ચે કોઈ નહીં હોય. શ્રેયા ગમે ત્યાં હોય, કોઈને ફરક પડશે નહીં. કદાચ ચાર કલાક મોડી પડેલી ફ્લાઇટ ઊપડવાની રાહ જોતી એક સ્ત્રીને ફરક પડે તો પડે.

•

મોડી પડશે તો પણ એ આવશે ખરી. અહીંથી ગઈ પછી પહેલી વાર. ઘરમાં આવશે ત્યારે એને શું દેખાશે? સ્મૃતિમાં ઝાખું થયેલું એક સ્થળ... પોતાના બિઝનેસમાં વ્યસ્ત રહેતા પપ્પા. એક મીડિયા હાઉસમાં કામ કરતી એ. એના માટે શ્રેયાનું મોટું થવું વચ્ચેથી કપાઈ ગયું હતું. ઉનાળાના વેકેશનમાં એ થોડા દિવસ એની પાસે દિલ્હી જતી ત્યારે એણે એને દર વરસે મોટી થઈ ગયેલી જોઈ હતી.

એ ચાલી ન ગઈ હોત તો શ્રેયાનું મોટા થવું એને ટુકડામાં જોવું પડ્યું ન હોત. ચાલી ગઈ એ. એણે અને પપ્પાએ સાથે મળીને ઊભું કરેલું ઘર એમણે સાથે મળીને વીંખી નાખ્યું. કોઈ તબક્કે એણે નક્કી કર્યું હશે - આ રીતે જીવવાનો અર્થ નથી. શ્રેયા મોટી થઈ ત્યારે પપ્પાએ એક વાર કહ્યું હતું, એ છૂટા પડવા તૈયાર ન હતા. એ તીવ્રતાથી અનુભવતી હતી એવું કશું જ એમને લાગતું ન હતું. હતા થોડા ઝઘડા, સમાધાન કરી શકાય એવા. એ છ વરસની એકની એક દીકરીની ચિંતા કરતા હતા. એને ખાતર પણ સહન કરી લેવું જોઈએ. એ તૈયાર ન હતી. એણે કહ્યું હશે:

- શ્રેયા મારી સાથે આવશે.

- પૂછી જો એને.

- આ ઉંમરે એને શું ખબર પડે?

- એ મારા વગર નહીં રહી શકે.

- તારા વગર તો કોઈ પણ રહી શકે. તારી સાથે રહેવા જેવું છે પણ શું?

કોઈની પણ સાથે રહી શકાય તો માત્ર પપ્પા સાથે જ રહી શકાય. એક ભરપૂર માણસ, લાગણીથી છલોછલ, બધી જગ્યાએ પહોંચી વળતો. દીકરીને સાથે રાખી દોડતો રહ્યો. હાંફી ગયો પણ થાક વરતાવા ન દીધો નહીં. કશાયની ખોટ પડવા ન દીધી. એક જ વાક્ય - તું કહે એમ, શ્રેયા... બતાવતા રહ્યા બધું, શીખવતા રહ્યા નાનામાં નાનું કામ... એ

બોલતા ન હતા, પણ સતત ફફડાટમાં જીવ્યા કે ગમે તે ઘડી એમને કશુંક થઈ જશે તો દીકરી ક્યાં જશે? તારી મમ્મી પાસે ચાલી જજે, શ્રેયા... શટ અપ, યુ... એ દીકરીને એકલી રહેવા માટે તૈયાર કરતા રહ્યા. ભણાવી, બિઝનેસની આંટીઘૂંટી સમજાવી. કોઈ વાતે રોકી નહીં. શ્રેયાની દરેક સફળતા વખતે એમના હોઠ ધ્રૂજતા અને આંખ સજળ બનતી. પ્રસન્નતા પણ એમને રડાવતી.

વેકેશનમાં મમ્મી પાસે જવા દેતા. એરપોર્ટ પર મૂકવા આવતા, પાછી આવે ત્યારે સમયથી એક કલાક વહેલા આવી જતા. શ્રેયાને લાગતું, એ ગઈ પછી પપ્પા એરપોર્ટથી ઘેર ગયા નથી.

- મમ્મી, ટેન્થનું રિઝલ્ટ આવ્યું. ડિસ્ટિન્કશન સાથે પાસ થઈ! શ્રેયાએ ફોન પર બૂમો પાડીને કહ્યું હતું.

ગુડ, સામેથી એટલું સંભળાયું હતું, જાણે પડોશીની દીકરીના સમાચાર મળ્યા હોય.

એ વેકેશન પહેલાં પૂછતી: તું આવવાની છે? ક્યારે? કેટલા દિવસ માટે? શ્રેયાને એમાં આગ્રહ સંભળાતો નહીં. કદાચ એ ત્યાં હોય એટલા દિવસ એણે એની વ્યવસ્થાઓ બદલવી પડતી હશે. એની ઑફિસ, એના મિત્રો, રોજ સાંજે આવતો એક પુરુષ...

બારમાનું પરિણામ આવ્યું ત્યારે એ એને જણાવ્યા વિના પહોંચી હતી. મમ્મી નારાજ થઈ હતી.

- આ રીત છે આવવાની?

- તને સરપ્રાઇઝ આપવા માગતી હતી.

એ સાંજે ડોર બેલ વાગ્યો ત્યારે મમ્મીએ જ બારણું ખોલ્યું અને પૂરું ખોલ્યા વિના બહાર ગઈ. બહારથી બંધ કર્યું. થોડી વારે પાછી આવી ત્યાર પછી ઘણી વાર સુધી શ્રેયા સામે જોયું ન હતું. ચાર દિવસ પછી શ્રેયાએ પપ્પાને ફોન કર્યો: મારી રિટર્ન ટિકિટ બુક કરો.

મમ્મીને કહ્યું, કૉલેજમાં એડમિશન માટે જલદી જવું પડશે.

- ક્યાં લેશે એડમિશન?

- ક્યાં એટલે? ત્યાં જ...

- ત્યાં? બહાર નીકળીને જો તો ખરી... કેટલીય સારી કૉલેજો છે.

- દિલ્હીમાં?

- ના, ના... આ શહેરમાં તો અવાય જ નહીં...

- ડૉન્ટ વરી, મમ્મી... હું પપ્પા પાસે રહીને જ ભણીશ.

- કોણ જાણે શું જોઈ ગઈ છે એનામાં!

બધું. એમણે મને જીવતાં શીખવ્યું છે. પોતે પૂરું ખવાઈ ગયો અંદરથી, પણ દીકરીને ભરપૂર સાચવી. હવે ચાલ્યો ગયો છે વચ્ચેથી ઊભો થઈને. મંદ પડવા લાગેલી આગમાંથી ગરમ રાખ નીચે ખરતી હશે. એની નસોનું ફાટવું પૂરું થયું છે.

•

કાકાની કારમાં પાછાં વળ્યાં. શ્રેયાએ

ફોનમાં જોયું. મમ્મીના ચાર મિસ કૉલ હતા, પછી મેસેજ હતો. તેં ફોન ઉપાડ્યો જ નહીં. મેં ફ્લાઇટની ટિકિટ કેન્સલ કરી છે. ત્યાં આવવાની જરૂર લાગી નથી. તને ઇચ્છા થાય ત્યારે આવજે.

'કેટલા વાગે પહોંચે છે?' કાકાએ પૂછ્યું.

ક્યારેય નહીં, શ્રેયાના મનમાં જવાબ આવ્યો.

'એણે ટિકિટ કેન્સલ કરી છે,' કાકાને કહ્યું.

'એને કહે, બેસણું પરમ દિવસે રાખ્યું છે, આવવું હોય તો આવે.'

શ્રેયાએ એ કામ પણ કર્યું. કશું જ બાકી રાખવું નથી.

કાકા એને સ્મશાનથી એમને ઘેર લઈ ગયા. બે દિવસ ત્યાં રાખી. બેસણું પૂરું થયું પછી ઘરનાં લોકો જ રહ્યાં. કાકાએ પૂછ્યું:

'હવે શું કરવાની છે?'

કાકી અને દીકરા ઉત્સુકતાથી એના જવાબની રાહ જોતાં હતાં. શ્રેયાને લાગ્યું, કાકા કહે છે કે એમની જવાબદારી પૂરી થઈ. હવે એણે પાછા જવાનું છે. એને ઘેર. કૂંડાંની માટી સાવ બરડ થઈ ગઈ હશે. પાણી પાવું પડશે.

'અહીંથી સીધી ઘેર જઈશ.'

કદાચ કાકીનો અદ્ધર થયેલો શ્વાસ હેઠો બેઠો. શ્રેયાએ ટિપાઈ પરથી પપ્પાનો ફોટો, અગરબત્તીનું સ્ટેન્ડ અને સુખડનો હાર ઉપાડ્યાં. પોતાની કારમાં મૂક્યાં. શાંતિથી કાર ચાલવતી ઘેર પહોંચી. ઘર ખોલતા પહેલાં ટ્યૂબથી ફૂલછોડને પાણી પાયું. તાળું ખોલતી હતી ત્યાં મમ્મીનો ફોન આવ્યો.

'હું આવી ન શકી, શ્રેયા... હવે તું શું કરવાની છે?'

એ જ સવાલ, કાકાએ પૂછેલો. બંને જણે એમનાં બારણાં બંધ કરીને શ્રેયાને એના ઘરનું બારણું ઉઘાડી લેવાનો સંકેત કર્યો હતો. હસી.

'બસ, સેટલ થવાની શરૂઆત કરીશ.'


ત્રણ દિવસ પહેલાં ઘરમાં ખરેલાં ફૂલ ઉપાડવાનાં છે, તાજું પાણી ભરવાનું છે, દૂધ છે કે નહીં એ જોઈ લેવાનું છે. રાત પડશે અને બીજો દિવસ. ઊઠ, બેટા... કૉલેજ નથી જવું? હા, પપ્પા, તમે જઈ શક્યા નહીં એ બધી જગ્યાએ જવું છે.

પપ્પાનો રૂમ ખુલ્લો હતો. અંદર જતાં પગ ખચકાયા. એ ન ચાલે. અંદર જવું પડશે, પ્રવેશ કરવો પડશે ફરીથી. ગઈ અંદર. કશુંક શોધવા પર્સ ખોલ્યું. પપ્પાની કેપ દેખાઈ. રૂંવાડાં ઊભાં થઈ ગયાં. અરીસા સામે ઊભી રહી. એમાં દેખાતી છોકરીને બતાવવા પોતાના માથા પર કેપ મૂકી.

– અહીં છું, પપ્પા... શ્વાસ ખેંચ્યો, અહીં જ છું.

કેપ ઉતારીને હલાવતી હલાવતી અરીસાની નજીક જાય છે, એ અને એનું પ્રતિબિંબ એક થઈ જાય ત્યાં સુધી.

❑❑❑



ટાઢું ટબુકલું

☐ બિપિન પટેલ

બપોરના ત્રણ વાગ્યા છે. આખી સોસાયટી જંપી ગઈ છે. કાળા ઉનાળાનું માર્યું પાંદડું પણ હલતું નથી. 'તેરી દો ટકિયેકી નોકરી' ખાતર, ડાઘુ જેવા લાગતા ચોકીદાર, માસ્ક પહેરીને નક્કી કરેલા પોઈન્ટ પર ઊભા છે. હમણાંથી દિવસે પણ ચાર ચોકીદાર ડ્યુટી પર લગાડ્યા છે. એક ટેમ્પરેચર ગન લઈને મેઈન ગેઇટ પર, બીજો સોસાયટીમાં કોઈ હરતું ફરતું હોય તો ટોકે, ત્રીજો અંદરથી કોઈને બહાર ન જવા દે, બહારનાને પરમિશન વગર અંદર ન આવવા દે, અને ચોથો એ ત્રણેયની ચોકી કરે.

જીગલાએ બંગલાની પાછળની જાળીના હેન્ડલ અને મજાગરાં પર આંગળીથી તેલ લગાડી ધીરે રહીને હેન્ડલ ખોલ્યું. તોય સહેજ કિચૂડાટ થયો. 'બચ ગયા સાલ્લા' બબડીને કિચન ગાર્ડનની દીવાલ ઠેકીને, ક્લબહાઉસ તરફ દબાતે પગલે નીકળ્યો. લાકડી ઠપઠપાવતો ચોકીદાર 'સબ સલામત, સબ સલામત' એમ રાતની રોન કરતાં ધીમી હાક મારતો નીકળ્યો. આજના દિવસના પહેલા શિકારમાં જીગલાને ઝડપ્યો. એની તરફ ગનની જેમ લાકડી તાકી ધમકાવ્યો, 'બીક ફિક છે કે નઈ? કાળો કેર વર્તાવ્યો છે દશમને. ચેરમેનસાહેબ છોલી નાંખશે. ખરા બપોરે ક્યાં નીકળ્યા કુંવોર?' સામટા પ્રશ્નોના મારાથી ગૂંચવાયા વગર, જીગલાએ બચાવ પેશ કર્યો,' એવું નથી અંકલ, છે ને તે....પલા આંટીને ત્યાંથી મારી મમ્મીએ છીણી લેવા મોકલ્યો છે. 'હારું, હારું, પણ હાથમોજાં કેમ નથી પહેર્યાં?' ચોકીદારને દેખાય એમ એણે માસ્ક સરખું કર્યું. ચોકીદારે લાકડી નીચે કરી રોન મારવા પગ ઉપાડતા પહેલાં, સંતુષ્ટ બુદ્ધની જેમ બીજા હાથની

મુદ્રા કરી. જીગલાને ક્લબહાઉસ તરફ જતો જોઈ, ફરી પડકાર્યો, 'અલ્યા દૂ બનાવે છે? આમ ક્લબહાઉસ બાજુ ક્યાં હેંડ્યો? પલામેડમ તો છેલ્લા ખાંચામાં રહે છે ને?' આ વખતે જીગલો ગૂંચવાયો.

બીજી સોસાયટીમાં ઘૂસી ગયેલા કૂતરાની જેમ નીચું મોં કરી, 'સોરી, સોરી અંકલ' કહી છેલ્લી ગલી પાસે જઈ ઊભો રહ્યો. ચોકીદાર રોન મારીને જેવો કેબિનમાં ઘૂસ્યો કે ચોરપગલે ક્લબહાઉસની દીવાલ કૂદી વાંકો વાંકો પાછળ ગયો. ત્યાં લીમડા નીચે ઊભો રહ્યો. મોડો ન પડે એના ઉચાટમાં પાણી પીવાનું રહી ગયું હતું. ટપકતા નળમાંથી ખોબામાં ભરાય એટલું ભરીને પીધું, હાથથી જ મોં લૂછી નાંખ્યું. ત્યાં જ રાજીયો અને અમાયા દેખાયાં. જીગલાએ રાજી થઈને બેય હાથ ઊંચા કર્યા. રાજીયો અને અમુ પહોંચતાં, ત્રણેય જણે એકબીજાના હાથ પકડી, સોસાયટીનાં મકાનો તરફ, બીજા હાથનો અંગૂઠો ઉલાળ્યો, ને હીપ હીપ હૂર્રે! હીપ હીપ હૂર્રેરે! નો નાદ કર્યો.

નક્કી કર્યા પ્રમાણે રાજીયો પહેલા બોલ્યો, 'સવારે આઠ વાગે હું ઘસઘસાટ ઊંઘમાં. કોક માણસ ધીમા, છોકરી જેવા અવાજમાં, મારા કાનમાં ઘૂસીને બોલતો હતો, 'રાજુ બેટા, ઊઠો! જો સવાર પડી ગઈ. ઊઠો મારા દીકરા!' મેં ઊંઘમાં જ જવાબ આપ્યો, 'મમ્મી થોડું ઊંઘવા દે ને? હમણાં ક્યાં સ્કૂલે જવાનું છે?' ફરી ધીમો અવાજ, 'રાજુ બેટા, ગુડ બોય. બહાર ના નીકળતો. નથીને કંઈ થઈ જાય!' અવાજ ઓળખાયો કે, ફટાફટ બેઠો થઈ ગયો ને ગભરાટમાં બોલ્યો, 'પપ્પા... પપ્પાજી તમે...!' પપ્પાના મોં પર સ્માઈલ જોઈ ચમક્યો. રોજ તો 'રાજીયા ઊઠ ઘોડીના! ક્યાં સુધી ઘોર્યા કરીશ?' એમ સાંભળતો. યાર પપ્પામાં સોલીડ ચેન્જ આવી ગયો છે. બકા આવું કેમ થયું હશે? કહી એણે જીગલા સામે જોયું. જીગલો મૌન રહ્યો. રાજીયાએ પીછો ન છોડ્યો, 'યાર કંઈ ખબર નથી પડતી!'

એને બદલે ચિબાવલી અમુએ જવાબ આપ્યો, 'શાયદ, તારા પપ્પા ડરી ગયા છે. જો ડર ગયા સમજો મર ગયા!'

-મારા પપ્પા વિશે એમ કેમ બોલે છે?

હવે જીગલો જાગ્યો હોય એમ કહ્યું, 'બધાં બીતાં બીતાં ફરે છે. છાપાંમાં કેવું કેવું આવે છે? મારી મમ્મી કહેતી હતી આવા ભારે દહાડા કદી નથી જોયા. દુશ્મન સામે લડી લેવું પડશે.'

રાજીયાને ચિંતા પેઠી, 'એ.... કોની સામે લડી લેવાનું છે, જીગલા? તારા ડેડીને પૂછને? એ તો પ્રોફેસર છે. એમને બધી ખબર હોય.'

વચ્ચે અમુએ ભજિયું તળ્યું, 'વો તો ગુજરાતીના પ્રોફેસર છે. એમને થોડી ખબર હોય? સાયન્સવાલાને ખબર હોઈ શકે. અપની સોસાયટીમાં કોઈ છે?'

બધાં ગૂંચવાયાં. થોડીવાર મૂંગાં મૂંગાં નળમાંથી ટપ ટપ ટપકતાં પાણીનાં ટીંપાં ગણવા માંડ્યાં. જીગલાએ પૂછ્યું, 'હવે હું

બોલું?' અમુએ ડોકું ધુણાવી કહ્યું, 'હા, તારો ટર્ન છે. એ પછી મૈ બોલીશ.'

જીગલાએ શરૂ કર્યું, 'અબે, મારા દાદાજીને એક પ્રોબ્લેમ થયો છે. દાદાજી એકદમ ટ્રેડિશનલ. મમ્મીને સીધું ના કહે કે, ચા મૂકો. દાદાજી સવારે વહેલા ચાર વાગે જાગી જાય. એક કલાકમાં એમની ઓલ એક્ટિવિટી પૂરી થાય કે, ખોંખારો ખાય. તરત રિઝલ્ટ ન આવે તો બે ત્રણ ખોંખારા ખાય, ને મારી મમ્મી ચાવી ભરેલા રમકડાની જેમ, આંખો ચોળતાં ચોળતાં ફટાફટ ચા-બિસ્કિટની ડિશ દાદાજી પાસે મૂકી જાય. પછી દાદાજી ખોંખારો ન ખાય. એમના તે પછીના શેડ્યુલની મમ્મીને બધી ખબર.

દુશ્મનના આવ્યા પછી દાદાજી સાત વાગ્યા સુધી ખોંખારો નથી ખાતા. એ બીએ છે. મારા પપ્પા ચીકણી માયા છે. દાદા જેવા ખોંખારો ખાય કે, ચાલુ પડી જાય. શું થયું બાપુજી? શરદી, ઉધરસ એનાં લક્ષણો ગણાય. ચાલો ફિઝિશિયન પાસે લઈ જાઉં. જરૂર લાગશે તો હોસ્પિટલમાં એડમિટ કરી દઈશું.' દાદાજી ગભરાટમાં બોલે, 'ના ના ભઈ, ભલે ચા થોડી મોડી મળતી. હવે ખોંખારો નહીં ખાઉં, બસ?' પછી તો ખોંખારા બિલકુલ બંધ જ થઈ ગયા.

મમ્મીએ મને કહ્યું, 'ગયા સોમવારે સવારે ખેલ થયો. દાદાજીને ચાની એવી તલપ લાગી કે, પાંચ પછી માથું પકડીને બેસી રહ્યા. માથું કેમેય કર્યું ઊતરે નહીં. ખોંખારો તો ખવાય નહીં. દાદાજીને સ્કૂલનું ગીત યાદ આવી ગયું. એમણે તો મોટા રાગડા તાણી ગાયું, 'છાશ પીવી તો સારી, ભાઈઓ ચા પીવી નઠારી, ભાઈઓ ચા પીવી નઠારી.' અમુ હસી પડી, 'સો ફની, જીગલા' કહી ફરી હસી. રાજીયો પણ લાફિંગક્લબવાળા દાદાઓની જેમ જોર જોરથી હસવા માંડ્યો. જીગલાએ વાત આગળ વધારી, 'અરે સાંભળો તો ખરાં!' ચા પીવી નઠારી 'ગાતાં દરેક કડીએ ફર્શ પર ડાન્સરની જેમ પગ ઠોકે, બરાબરનો.'

થોડીવાર એમનું ગાન ચાલ્યું, ત્યાં જ પપ્પાએ મમ્મીને જગાડીને પૂછ્યું, 'આ બાપુજી સવાર સવારમાં છાશ કેમ માગે છે?'

- તમારી બીકે. ક્યાંક હોસ્પિટલ ભેળા કરી દો તો? ઊભા રહો, હું પૂછી આવું? ચા પીવી હશે, બીજું શું?' છેવટે દાદાજીને ચા મળી ખરી. પછી મમ્મીએ રોજ એલાર્મ મૂકી દેવાનું નક્કી કર્યું.'

કોઈના હોંકારાની રાહ જોયા વગર અમાયાએ શરૂ કર્યું, 'માય મોમ ટાઈગર મોમ. જબસે એનિમી આયા છે, ઉસને રુલ બનાયા છે. ઘરનો હરેક પર્સન ઘરમાં પણ માસ્ક પહેરીને જ ફરે.

રાજીયાએ હાથ ઊંચો કરી એને રોકી, 'એવું તો કોઈ કરતું નથી. બહાર જઈએ તો માસ્ક પહેરીએ, એ ઠીક છે. ઘરમાં પોલીસ થોડી પકડે?'

'યસ, બટ માય મોમ એવી જ છે. જમવાના દરેકના ટાઇમ સ્લોટ અલગ.

સાથે બેસવાની મનાઈ.'

જીગલાએ ચીડાઈને કહ્યું, 'ચીકણી માયા છે તારી મમ્મી.'

'હા, ઘરમાં એનું જ સબ ચાલે છે. પાપા સીધા આદમી. એને ડાંટતા જ નથી. અગર રૂલ્સ સામે કોઈ બોલ્યું તો ઇન્ડેક્સ ફિંગર ઉઠાકે ચૂપ કરી દે છે. પરસોં અમારી ગ્રોસરી મંગાવી હતી. ડેડી પર ગ્રોસરકા ફોન આયું, તો ડેડી બહાર નીકળ્યા. મોમ ફટાકસે બોલી, 'ઇસ ઘરમાંથી કોઈ નહીં જશે. હર વસ્તુને ઇન્ફેક્શન લાગે છે. મેં ગ્રોસરને ફોન કરું છું. ચોકીદાર વરંડામાં રાખી દેશે. પૂરો એક દિન કોઈ ટચ નહીં કરશે.' 'મારો બડો ભૈયા બધું સેનિટાઈઝ કરે. મેં મમ્મીને પૂછ્યું, 'ચોકીદારકો ઇન્ફેકશન ન લાગે?' 'એણે સુનાવી દીધું, 'ઉસકા ડ્યુટી બને છે. તન્ખાહ નથી લેતો?'

કાલે પણ આ જ સમયે મળવાનું નક્કી કરી, ત્રણેય જણ એક એક મિનિટનું અંતર રાખી, છુપાતાં છુપાતાં ઘર બાજુ ગયાં.

(૨)

બીજે દિવસે ત્રણેય પોતપોતાના રૂમની બારીએ અઢી વાગ્યાનાં ગોઠવાઈ ગયાં હતાં. આજે તો બધાંએ ઘણી વાતો કરવાની હતી. પણ બધાનાં મમ્મી-પપ્પા પાકાં નીકળ્યાં. બરાબર પાંચ મિનિટ બાકી હતી ને જીગલાએ પાછલી જાળીનું હેન્ડલ ખોલ્યું. દેડકા ચાલે જેવો દીવાલ ઠેકવા ગયો કે, એની મમ્મીએ કાન પકડ્યો, 'ક્યાં ચાલ્યા બેટમજી? એટલે તો આજે બપોરના ઊંઘી જ નહીં ને? તને કેટલીવાર સમજાવ્યું કે બહાર નથી નીકળવાનું? કેટલું જોખમી છે? ચલ અંદર, ભણવા માંડ.' ત્યાં રાજીયાના પણ એ જ હાલ. એના ડેડીનો અવાજ ખૂલી ગયો હતો. ઘાંટા પાડી ધમકાવતાં બળદ, જંગલી, ચંબુ એમ આવડતાં બધાં વિશેષણ ખર્ચી નાંખ્યાં, ને એને અંદર ધકેલ્યો. અમુની ટાઈગર મોમે આંગળી ઊંચી કરી રૂમનો દરવાજો બતાવ્યો ને અમુ મીંદડીની જેમ અંદર જતી રહી. ત્રણેય ભરાઈ ગયાં.

બિન્ધાસ્ત અમાયા હવે ગભરાવા લાગી. રાતે ખરાં ખોટાં સપનાં આવવા લાગ્યાં. એને મમ્મીની સોડમાં લપાઈ જવાનું મન થયું. મમ્મીએ ચોખ્ખો નનૈયો ભણ્યો. એણે વોટ્સેપ પર વાંચ્યું હતું કે બહારગામથી આવેલા પતિએ આખા ઘરને ચેપ લગાડ્યો. એક કુટુંબમાં તો દાદી ખુદાને પ્યારાં થઈ ગયાં. તે પછી એની મોમે રુલ બનાવ્યો. હરેક વ્યક્તિ આજ રાતથી અલગ રૂમમાં સૂઈ જશે. આ વખતે એના ડેડીએ ખૂલીને વિરોધ કર્યો. 'એ કેવી રીતે બરદાસ્ત થાય? સાથ સાથ રહતે હુએ ભી પાસ પાસ નહીં રહ સકતે?' એની મમ્મીએ સ્માઈલ કરી ઈમોજીનું 'યસ' બતાવ્યું, પણ માની નહીં. ત્યારના એના ડેડી ચીડિયા થઈ ગયા છે. અમુએ આ બધી વાતો કરવી હતી. પણ શું કરે?

રાજીયાએ પણ એક વાત કરવાની હતી. એના કાકા સમજુ તેથી પાણીની

બોટલ લઈને આવ્યા હતા. એમણે ઇશારો કરીને કહ્યું, 'ભાભી પેલી પ્લાસ્ટિક ચેર લાવજો!' એનાં મમ્મીએ મોં તોડી લીધું, 'ના હોં! ત્યાંથી જ આખા ઘરમાં ચેપ પેસે. એના કરતાં પેલા કદંબને છાંયડે બેસો, બે ભઈ. ટાઈમ ખરાબ છે, નહીં તો... નરેશભાઈ આમ...

(૩)

રાજીયાનો બંગલો જીગલાના બંગલાની પાછળની લાઈનમાં, પણ બેયના રૂમમાંથી એકબીજાને ઇશારો કરે તો દેખાય. આટલે દૂરથી વાતો કેમની કરવી? આખો દિવસ બેયના દરવાજા બહારથી બંધ. એમણે ગેઈમ કરી. આખો કક્કો બારીના સળિયા પર ટક ટક કરી ગોઠવી દીધો. અ આ ઇ ઈ ઉ ઊ લખવા નીચેથી ઉપર સુધી ટક ટક કરે. છઠ્ઠા સળિયે રાઉન્ડ પૂરો. એમ ઉપરથી નીચે બીજા અક્ષર. કાનો હોય તો સામે સળિયે ટક ટક, માત્રા હોય તો બે વાર ટક ટક. એમ બેય જણે વાતોનો દોર શરૂ કર્યો. મારા વ્હાલા આનંદી કાગડા. જેલમાંય મજા કરે! બપોરના ત્રણ વાગે ને એમની કોન્ફરન્સ શરૂ. જીગલાના રૂમમાંથી હસવાનો અવાજ આવ્યો તો એના પપ્પા ચેક કરી ગયા. કોઈ દેખાયું નહીં, તોય જીગલાને ધમકાવ્યો. જીગલાએ રોતલ અવાજે કહ્યું, 'તમારા રાજમાં હસવાનું ય નહીં?' એના પપ્પાને દયા આવી કે, પુરાવાના અભાવે બા-ઇજ્જત બરી કર્યો.

કર્ફ્યુ પડ્યો ત્યારનો રાજીયાના પપ્પા જન્મોજનમની ઊંઘ કાઢતા હોય એમ સાંજના પાંચ સુધી, મોટાં મોટાં નસકોરાં બોલાવતાં પડ્યા રહે. રાજીયાનો ખડભડાટ ન એની મમ્મીને સંભળાય કે ન ઘોરતા પપ્પાને. આમ બે ત્રણ દિવસ કોન્ફરન્સ સરસ ચાલી. અમુ એકલી પડી ગઈ હતી. વરંડાના ઓટલા પર છાનીમાની આવી સૂનમૂન બેસી રહેતી. એને બહેરાં- મૂંગાંની સાઈન લેન્ગવેજ આવડતી, પણ રાજીયો ભોપાની જેમ પ્રશ્નસૂચક હાથ હલાવ્યા કરે. બંને જણ રાતેય ભૂતની જેમ ઇશારા કર્યા કરે. એમાં પણ એની ટાઈગર મોમને વાંધો પડે તો અંદર બોલાવી લે.

(૪)

પંદર દિવસ પછી એક સવારે જ્યારે જીગલાના રૂમનું તાળું ખૂલ્યું ત્યારે એની મમ્મીને ભેટીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો, 'મમ્મી... ઈ... આ જેલમાંથી ક્યારે છોડશો...? પપ્પારે... ક્યારે...?' એનાં મમ્મી-પપ્પા બંનેએ એના માથે હાથ ફેરવતાં એને સમજાવ્યો, 'જો બેટા, આજે કેટલા દિવસ થયા?'

-મને શું ખબર? હું તો ગણવાનું જ ભૂલી ગયો છું.

-જો, પંદર દિવસ તો થઈ ગયા. બસ, છ દિવસ વેઠી લે. પછી આપણે બધાં છુટ્ટાં. આ જંતુડાની એકવીસ દિવસની સાયકલ હોય છે. એ એકવાર તૂટે એટલે રાજ્જા! મહાભારતનો જંગ અઢાર દિવસમાં જીતી ગયા હતા ને? એમ આ પણ. જો, આપણા વડાપ્રધાન પણ કહે છે, 'એકવીસ દિવસ સહુ સહન કરો. સરકારને સહકાર આપો.

આપવાનો કે નહીં?'

-હા, પણ, આમ તો અમે ગાંડા થઈ જઈશું. અમુ, રાજીયો, બધ્ધાં.

મમ્મીએ ફરી પડખામાં લઈ, વ્હાલથી ગાલ ચૂમી એને પૂછ્યું, 'મારા રાજા બેટા માટે આજે જમવામાં શું બનાવું? આજે તું કહે તે. જમીને મોટી સ્લિક કેડબરી ખાજે. આજથી દરરોજ.'

-હા, પણ મમ્મી, આખો દિવસ શું કરું? કહી ડૂસકે ચડ્યો.

એ દિવસે એના માટે મેગી અને પાસ્તા બનાવ્યાં. જીગલો પેટ ભરીને જમ્યો. તક જોઈ બે મોટી સ્લિક સરકાવીને એના રૂમમાં ગયો. ટી. વી. પર કાર્ટુન ચેનલ ચાલુ કરી. બપોરે એમના સૂવાના સમયે પપ્પાએ જીગલાના રૂમને તાળું માર્યું. જીગલો પથારીમાં પડ્યો પડ્યો અમળાતો હતો. બપોરે ઊંઘવાની ટેવ નહીં. એને થયું, સળિયા પર ટક ટક કરી રાજીયાને આજની વાત કરું. એને પણ મારી જેમ સ્લિક મળે. ઘણીવાર સુધી ટક ટક કર્યું, પણ રાજીયો ન દેખાયો. કદાચ ઇશારાથી અમુ સાથે વાત કરતો હશે, કે પછી માંદો તો નહીં પડ્યો હોય ને? એવો વિચાર મનમાં આવતાં એના ધબકારા વધી ગયા. શ્વાસ ધીમો પડવાનું નામ નહોતો લેતો. એ ઊભો ન થઈ શક્યો. બારી પાસેની ખુરશીમાં જ બેસી પડ્યો. એની બારી પાસે થઈને ચોકીદાર, જાગતા રહેજો, જાગતા રહેજો, સબ સલામત, સબ સલામત બોલતાં પસાર થતાં, એની સામે જોઈ ઊભો રહ્યો. જીગલાને થયું, પાછો નવો ઓર્ડર કાઢ્યો છે કે શું? એને લાગ્યું, ચોકીદાર એના ભણી ધસી રહ્યો છે. ચોકીદાર પહોંચે એ પહેલાં એણે બારી બંધ કરી, સળિયા પર ટક ટક કરીને રાજીયાને સંદેશો પહોંચાડ્યો :

હું સિંહલાથી ના બીઉં, હું વાઘલાથી ના બીઉં,

હું ટાઢા ટબુકલાથીય ના બીઉં.

જીગલો, રાજીયો, અને એમના સહુ દોસ્તારો એકસાથે ટક ટક ટક ટક સળિયા પર ફૂટપટ્ટી ઠોકતા રહ્યા. એમના અવાજની ગુંજ આખી સોસાયટીમાં સંભળાવા લાગી. આટલા મોટા અવાજને કારણે મોટેરાંઓ ઝટપટ બહાર આવી ગયાં. અવાજની ગુંજ ક્યાંથી આવી એ શોધતાં રહ્યાં. ચારેય ચોકીદાર બઘવાઈ ગયા. લાકડી પછાડતાં પછાડતાં અવાજની દિશામાં દોડ્યા. અવાજ ચારેય દિશામાંથી આવતો રહ્યો. એક ચોકીદાર જીગલાના બંગલા તરફ ગયો. અચાનક જીગલાએ બારી ખોલી, સળિયા પર ટક ટક કરવાને બદલે ત્રાડ નાંખી :

હું જીગલો છું,

હું સિંહલાથી ના બીઉં, હું વાઘલાથી ના બીઉં,

હું ટાઢા ટબુકલાથીય ના બીઉં.

ફટાફટ આખી સોસાયટીના બંગલાની બારીઓ ખૂલી. બધી ખુલ્લી બારીઓ જોઈ, ચોકીદાર અને મોટેરાં જ્યાં ઊભાં હતાં ત્યાં જ સ્ટેચ્યૂ થઈ ગયાં.

❑❑❑



પડદા

□ પન્ના ત્રિવેદી

ચકુ સફેદ પડદાના સફેદ ફૂલો પર આંગળીઓ ફેરવતી ફેરવતી બેધ્યાન બેઠી હતી.

મને જોતાવેંત જ એક નવો નક્કોર પડદો મારી તરફ ફંગોળતી મને કહે: 'આને કે'વાય મટિરિયલ! જો અડક. નેટનું છે તોય કેટલું સ્મૂથ છે! સેમ રંગના ફૂલોની પ્રિન્ટ ને પાછી ચારે બાજુ ચેક્સ. આમ લગાડ્યા હોય તો લાગે કે પડદા છે. રીચ લાગે....'

હજી તો હું ધારીને જોઉં તે પહેલાં તો મારા હાથમાંથી પડદો ખૂંચવી લઈને જૂના પડદા ઉતારતી, પાઈપમાં નવા પડદાની કડીઓ ભેરવવા લાગી.

હું ચકુના મોં સામે ધારી ધારીને જોઈ રહી - ચકુ સાવ આવી ક્યારની થઈ ગઈ? ઘરની સજાવટમાં તેને ક્યારેય કોઈ રસ જ નહોતો પડ્યો જેટલો તેને આલિયા ભટ્ટ કે સોનમ કપૂરની ફેશન સેન્સમાં પડતો હતો કે જેટલો તેને કલર્સ

ચેનલના બિગ બોસના એપિસોડમાં પડતો હતો. કોણ ઈમોશનલ ગેમ રમે છે કોણ કોને રમાડે છે, કોણ કોને બનાવે છે, કોણ કોની ચુગલી કરે છે એક-એક વાક્ય યાદ હોય પાછું. બિગ બોસની નવી સિઝન ચાલુ થવાની હોય કે તેનું આખું ઘર અકળાઈ ઊઠે - ત્રણ-ચાર મહિના ચાલવાનો આ કકળાટ ભૈ'શાબ! બળ્યું! કયા મૂઆને સૂઝ્યું હશે આ! ઘેર ઘેર કકળાટ હોય જ છે તેમાં ઉપરથી વળી આ નકલી કાગારોળ જોવાનો, તેમનાં તો ગજવાં ભરાય ને આપણે અહીં લોહીઉકાળા! નવ વાગ્યા નથી કે અમારા તો બધાંય પ્રોગ્રામ ઠપ્પ! - ચકુની મમ્મીનાં કાયમના રાડા પણ ચકુડી તો તાળી મારતી મારતી ગેલમાં ખડખડાટ હસતી હોય.

એને તો હું પગથી માથા લગી રજ્જેરજ્જ ઓળખું. તે ઓળખું જ ને, બેનપણી કોનું નામ. એય પાછી પેલ્લા ધોરણથી જોડે ને જોડે જ. રોલનંબર પણ આગળ પાછળ. બેસવાનું એક જ બેંચે. પણ હું જરા ઢીલી. જરા નહીં બહુ ઢીલી ને ચકુ એટલી જ માથાભારે. કોઈકે કંઈ કહ્યું કર્યું નથી કે ચકુ.... ચકુ બરાબરની ફરી વળતી તેને. બીજી વાર નામ મારું કે તેનું લેતા પહેલાં સો વાર વિચારે કરે. ચકુ ચબરાકેય એવી પાછી. સામેના માણસની આંખ ફરે કે તેને તે આખો પરખાઈ જાય. મને તો કંઈ સમજાય જ નહીં ને. ને કોઈ માણસને ઓળખવામાં મેં થાપ ખાધી તો ખલ્લાસ. ચાર માણસો વચ્ચે ચકુડી આંખ કાઢી ધમકાવી નાંખે: 'ગગી! એટલુંય ભાન ના પડે?'

પણ આ હમણાં હમણાં ચકુને શું થઈ ગયું છે તે જ નથી સમજાતું. છ મહિના થયા નથી કે તેના ઘરના ડ્રોઈંગરૂમની દીવાલનો રંગ બદલાયો નથી. નેરોલેક, એશિયન પેઈન્ટ જાત જાતની કંપનીઓના જાત જાતના કલરકાર્ડમાંથી રંગ પસંદ કરવામાં ને કરવામાં ચાર-પાંચ દિવસો કાઢી નાંખેલા તેણે. કલર થઈ ગયા પછી દીવાલોને એ રીતે જોતી'તી કે જાણે રંગોનું ટીપેટીપું આંખમાં ભરતી હોય. ત્યારે તો 'સુપર્બ....સુપર્બ...' કહેતી'તી ને વળી બે મહિના થયા ત્યાં તો વળી પાછું વોલપેપરનું ભૂત ચડ્યું. પ્લેઇન કે ડિઝાઈનવાળું એ નક્કી કરવામાં ને જોવા જોવામાં બીજા ત્રણ દિવસ કાઢી નાંખેલા ને છેવટે રંગ કરેલી દીવાલો પર વોલપેપર લગાડાવીને જ જંપી! નવા પડદાય ત્યારે જ લીધેલા. જોકે એક વાતે હું થાપ ખાઈ ગઈ. આ ચકુને પડદા ક્યારથી ગમવા લાગ્યા તે જ યાદ આવતું નથી મને. પડદા માટેનું તેનું આ ગાંડપણ સમજાતું જ નથી ને!

હું જ્યારે જ્યારે તેને પડદા લગાડતી જોઉં છું ત્યારે ત્યારે તે મને હાથમાં કાતર લઈને જ ઊભેલી દેખાય છે. એક દિવસ ભૂલભૂલમાં તેની મમ્મીએ તેના રૂમની બહાર કપડાં સૂકવવાની દોરી બાંધી દીધેલી. ખલ્લાસ! ચકુ તો મોટી કાતર

સોંતી બહાર દોડી ગયેલી. આડુંઅવળું જોયા વિના દોરીની જોડાજોડ સૂકવેલું કપડુંય કાપી નાંખેલું તેણે. ને ઘોષણા કરેલી ઊંચા સાદે - 'ખબરદાર! જો આજ પછી કોઈએય મારી બારી બહાર એક કટકોય ટિંગાડ્યો છે તો...!' તેની મમ્મી કેટલુંય બબડેલી પણ ચકુડી એકની બે ના થઈ તે ના જ થઈ.

ને આ ચકુ....

હું ધૂંધવાઈ: 'અલી તારે પડદાની દુકાન ખોલવાની છે કે શું? ફરાસખાનાવાળાને ત્યાં જ નાંખવી જોઈતી હતી તને તો. હજી ચાર મહિનાય નથી થયા નવા પડદા લાવ્યે તને. શહેરમાં આવીને મોલિયો ચેપ ચોંટ્યો તનેય. મોલવાળાને તો શું, ધંધો લઈને બેઠા છે, ઓફરો તો કાઢ્યા કરવાના જાતજાતની. ઓફર કાને પડી નથી કે બેનબાએ ઉપાડી નથી. બાકી આપણા ગામમાં હતી ત્યારે તો ઘરવખરી ને આવી-તેવી ચીજોમાં જરીય ગતાગમ નહોતી પડતી તને! લિપસ્ટિકો ને પર્સો જોવામાંથી આંખ નવરી પડે તો ને. આ તો જીજાજી સધ્ધર મળ્યા તે તેમાં આટલી છકી ગઈ છો. ખોટેખોટા ખર્ચા.. કશું કહેતા નથી તેમાં. સાસુ-સસરાવાળું ઘર હોત તો ભાન પડત. એકલા રહેવાનું છે તો આઝાદ થઈ ગઈ, નંઈ? બાકી તારે ઘેર ખબર છે ને, તું કોઈને બારીબહાર કશુંય ટિંગાડવા દેતી નહોતી.. બારી તો ખુલ્લી જ જોઈતી'તી ને તને તો... તો હવે કેમ આ...'

ચકુએ ફટાક કરતી અધખૂલી બારી વાસી દીધી. મારી વાત સાંભળી ના સાંભળી કરીને તે નીચી મૂંડીએ બીજા પડદાની કડીઓ જોડવા લાગી.

હું તાડૂકી: 'ચકુડી, તને કહું છું. પડદા પાછળ ગાંડી થઈ ગઈ છે કે શું? ગઈ ફેર તો કોટનનું ભૂત ધૂણતું'તું. મેં તને ના પાડેલી. તું લાખ રૂપિયાનું કોટન કપડું લે ને, બે ચાર ધોયે રંગ ઊડે, ઊડે અને ઊડે જ. એ કપડાંની જાત જ એવી ને! તોય ધરાર તેં ચારેય બારીઓનાં ગણી ગણીને આઠ પડદા લઈ નાંખેલા. તે વખતે તો આનાથીય અફલાતૂન ડિઝાઈન દેખાડેલી દુકાનદારે. એય પાછું સફેદમાં જ. તો ચાંપલી કે 'ના, સફેદ તો નઈ નઈ ને નઈ જ. પાછી દુકાનદારને ગેરફાયદા ગણાવતી'તી ચંપા - આરપાર દેખાય બધું, ધૂળ ધૂળ થાય તે તરત દેખાય, પંદર પંદર દા'ડે ધોવાની જંજટ. ઊંહ! હત્તર બહાના. ઉપરથી કલરના બે-ચાર ઇંગ્લિશ નામો શું આવડી ગયાં કે 'એક્વા એક્વા' કરતી કરતી આખા બજારમાં બબ્બે વાર ફેરવી મને. સીધેસીધું કીધું હોત કે પાણી કલરના.. આછો-ઘાટો સમજાવી શકાય. કેટલા ધકોડા ખવડાવ્યા ને છેલ્લે તો પાછી મોલમાં જ ઢસેડી ગઈ તું. ને હવે પાછા સફેદ...?'

હું એકીશ્વાસે બોલી ગઈ. મારી પહોળી થઈ ગયેલી આક્રોશિત આંખો સામે ચકુએ એ રીતે જોયું કે અત્યારે

તેના હાથમાં કાતર હોત તો પડદા ભેગી મનેય વેતરી નાંખત. હું મૂંગી થઈ ગઈ. એય મૂંગી મૂંગી પડદા બદલવા લાગી. ગોરી ગોરી ચકુડી અત્યારે ગુસ્સામાં લાલચોળ થઈ ગયેલી.

ચારેય બારીઓના પડદા બદલી લઈ જૂના પડદા સંકેલતાં તે ધીમે ધીમે બોલી: 'વૃંદા... કોણજાણે કેમ પણ... બસ આમ જ થાય છે મને... પડદા અને ભીંતોના રંગો બદલાવાનું મન થયા કરે છે. ફૂલોવાળા ખરીદીને આવું તો થાય કે પ્લેઈન જોઈએ. એક જ રંગના સાદા લઈ આવું તો થાય કે ડિઝાઈનવાળા જોઈએ. આ રંગ ને તે રંગ.. આ કાપડ ને તે કાપડ.. નવા રંગ.. નવી ભાત... વેલવેટ... કોટન... નેટ... સિલ્ક... નવા બજાર... મોલ... એમેઝોન... ફ્લિપકાર્ટ... ક્યાં... ક્યાંથી... થાય કે એવું તે શું કરું, શું બદલું કે મન બદલાય... અજંપો ઓલવાય.'

ભીનાશમાં પલળતા અવાજને ક્ષણમાં જ કોરો કરવાનો મિથ્યા પ્રયાસ કરતી ચકુ એક ક્ષણ અટકીને બોલી; 'ગઈ ફેર થયું કે જાડ્ડા મટિરિયલના એવા પડદા લઈ આવું કે કોઈનેય અંદરનું કશું દેખાય જ નહીં. પણ પછી તો અંદરથી આપણનેય બહારનું અંદરનું કશું ન જ દેખાય ને! જરાક ખખડાટ થાય તોય ફફડી જવાય મારાથી તો. નેટના પડદા હોય તો ઝાંખું ઝાંખું તો ઝાંખું વળી, પણ આકાર જેવું કંઈક તો દેખાય! એક અંદાજ આવી શકે કે આવી આકૃતિનું કોઈક ઊભું છે. તે એટલે વળી નેટના પડદા લઈ આવી. પડદાના પડદા ને પાછું પારદર્શક જેવુંય ખરું. ખબર છે ત્યારે મેં એક્વા કલર કેમ લીધેલો તે? આપણી સ્કૂલ પાછળની નદી બહુ યાદ આવતી હતી ત્યારે. ને હવે બીજું કશું યાદ આવે છે એટલે આ સફેદ રંગ.. તારે શું?'

-આ ચકુ? હું તેને તાકી રહી.

આ પહેલાં તો તે આવા શબ્દો ક્યારેય નથી બોલી 'તારે શું?' આટલા મોટા થયા ત્યાં સુધી. તેને ખબર છે જે છે કે બધું મારે જ છે. મોં-માથા વિનાનો સાવ આવો જવાબ? તેય મને?

ના, આ પહેલાંની એ ચકુ છે જ નહીં. કૉલેજના ત્રીજા વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં આવી ત્યારની એ બદલાયેલી બદલાયેલી લાગે છે. પહેલાં તો કેટલી બિનધાસ્ત હતી એ! કૉલેજની સો છોકરીઓ એક બાજુએ બેસાડો ને એક બાજુ એકલી ચકુડી. ચકુ પોતે જ એક ટોળું. એના વિના બધુંય સૂનું. ફળિયુંય. એ મારા ફળિયામાં રહેતી ના હોત તો હું ક્યારની મા પાસે હરિધામ પહોંચી ગઈ હોત. માના મરણ પછીના એ જીવલેણ દિવસોમાં તે ઘેર આવતી-જતી, હસાવતી તે ઘર અને હું બેય બેઠાં થવા લાગેલાં. તેના ગોરા ગોરા ગાલના ઊંડા ઊંડા ખાડામાં મારા દુ:ખો ક્યાંય નંખાવા લાગ્યા. તે હસતી ત્યારે અમારા

ઘરની પડું પડું થતી ભીંતો બેઠી થઈ જતી. તેના ઘરનાએય મારા ઘર માટે કાયમનું આપી રાખેલું - નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ. રાત હોય કે મધરાત, બૂમ પાડી નથી કે ચકુડી ફટ્ટ કરતી હાજર. સાજી-માંદી હોઉં કે તાવમાં શરીર ધખતું હોય ચકુ રહી પડતી. આખી રાત જાગી જાગીને માથે પોતાં મૂકતી. વ્હાલ ઠાલવતી. તે હતી તો હું ટકી વળી. બાકી મા વિનાની જુવાન છોકરીનાં દુઃખ તો દુનિયાનું કોઈ ત્રાજવું તોલી ના શકે.

ચકુ ના હોત તો? - એ વિચારે જ હું થથરી ઊઠતી. જેવી પપ્પાને જોતાવેંત થથરી જતી'તી એમ જ. મમ્મી પણ થથરી જ ઊઠતી હતી ને વળી! પપ્પાએ કહી રાખેલું : 'કાળીએ કાળી જ જણી! તારી મા જેવું કાળું મેશ ડાચું લઈને આ ઘરમાં જન્મી તું..' એક વાર તો થયુંય ખરું કે પપ્પાને કહી નાંખું કે મા કાળી હતી. હા હતી. ધોળાં ધોળાં વાદળાંથી આકાશ સુંદર લાગતું હશે પણ કાળી કાળી વાદળીઓવાળું આકાશ? ને વાદળી જ્યારે કાળી હોય છે ને, ત્યારે જ તો એ વરસે છે... અનરાધાર... પણ કશું બોલાયું જ નહીં ક્યારેય. ચૂં-ચા પણ નહીં. દસમા ધોરણની બોર્ડની પરીક્ષાના છેલ્લા પેપર વખતે પપ્પા સ્કૂલના દરવાજા પાસે ઊભેલા. સુખનો આવો આઘાત તો જિંદગીમાં પહેલી જ વાર લાગેલો! પાછું બરાડ્યા વિના હળવેથી પૂછેલું પણ ખરું, 'કેવું ગયું પેપર?' ત્યારે બીજી બેનપણીઓની જેમ ભેટી પડવાનું મન થઈ આવેલું પણ ત્યાં જ મારા હાથનું કાંડું પકડીને એક બાજુએ લઈ જઈને ધીમેથી ઠંડા કાળજે બોલેલા: 'તારી માએ ફાંસો ખાધો છે. પોલીસ આવી છે. હજાર સવાલ પૂછશે પણ તારો જવાબ એક જ - મને કશું ખબર નથી. ઝઘડા, મારપીટ વિશે એક શબ્દ પણ કહ્યો છે તો તને પણ...' ને પપ્પાની આંખોમાં લાલ લાલ લોહી ધસી આવેલું. આખું ફળિયું દબાયેલા અવાજમાં ગણગણતું હતું - 'તેણે જ...' મને ખબર હતી તે કરી શકે એવું. સાવ ઠંડા કાળજે. લટકાવી શકે કોઈનેય પણ પોતે ક્યારેય ન પૂછી શકી એ માણસને - 'તમે જ?'

અને ઘરની ચાર ભીંતોની જોડાજોડ હું પાંચમી ભીંત બની ગઈ, પણ ચકુએ પાંચમી ભીંતને ફરી છોકરી બનાવી નાંખી! એક એ જ તો હતી જેને પપ્પા બોલતા નહોતા, જરીક જેટલોય ગુસ્સો નહીં. બેરોકટોક આવે, જાય, મને પિક્ચર જોવા લઈ જાય કે લઈ જાય શોપિંગમાં. ચકુનું નામ પડ્યું કે પત્યું! હસવાની-ફરવાની-રમવાની-ગાવાની... બધી જ છૂટ. ને પછી તો પપ્પાય અમારી બેનપણી બની ગયેલા. અંતાક્ષરી રમતા'તા. ફિલ્મી ગીતો ગણગણતા થઈ ગયેલા, એય પાછાં નવાં પિક્ચરોનાં. વેકેશનની રજાઓમાં તો એય રમતા થઈ ગયેલા અમારી સાથે દો-તીન-પાંચ. ચકુ ઢાલ

હતી મારી. એણે એ પથ્થરનેય પુરુષમાં ફેરવી જ નાંખ્યો છેવટે. મને 'બેટા' કહેતા થઈ ગયેલા ને ચકુનેય સ્તો! પપ્પા એવા વ્હાલા લાગવા લાગેલા. ચકુડી મને સ્કૂલ પાછળની મારી નદી જેટલી જ વ્હાલી લાગવા માંડેલી, ચોખ્ખાચણાક ભૂરા ભટ્ટાક પાણી જેવી, નરી પારદર્શક, રમતિયાળ, ખિલખિલ હસતી... એ આંખ સામે હોય કે બધોય થાક છૂમંતર!

પણ આ ચકુ? આટલી ચૂપ તો ક્યારેય નહોતી! જોકે પાક્કી બેનપણી હોઈએ એટલે તેના એક એક હાવભાવ પર મારી આંખનો પહેરો હોય જ. પણ તેના મન પર પહેરો કેમ કેમનો રખાય? કંઈ ખૂલીને કે' તો ખબર પડે ને! જોકે લગન પહેલાંની બદલાવવા લાગેલી. પણ મને તો એમ કે તેનું સગપણ આમ એકદમ નક્કી થઈ ગયું એટલે કદાચ એમ હોય. મારી જુદાઈના ગમમાં.... પણ જીજાજીની જોડે નોકરી કરતા તેમના ભાઈબંધ સાથે વળી મારુંય ગોઠવાઈ ગયું, અમે બેય એક શહેરમાં, એક ક્વાટર્સમાં જોડાજોડ.. તોય સાવ આમ?

ચકુ બારી પાસે જ સૂનમૂન ઊભી હતી. બેધ્યાનપણે પડદાની કોર રમાડતી હતી. હું નજીક ગઈ. તેના ખભે હાથ મૂક્યો. તે ધીમું ધીમું ગણગણી : 'જો ને વૃંદા... આ પડદામાં કાણું છે. મને તો ખબર જ નહીં ને કે... હવે બીજા પડદા...'

તેની આંખ ડબકવા લાગી. મને સમજાતું જ નહોતું કે આટલી રાઈ જેવી વાતમાં આમ રડવાનું શું વળી? દુકાનદારને કહેવાનું, ને કાણાવાળો પડદો બદલાવી લાવવાનો! ના શેનો બદલી આપે? આમ તો વાઘણ બનતી ફરતી'તી!

ચકુ હજીય પડદાના કાણા પર ગોળ ગોળ આંગળી ફેરવતી ફેરવતી રડતી હતી. જોકે હું આજે નક્કી જ કરીને આવેલી કે થોડા દિવસ ચેન્જ માટે ચકુને લઈને પિયર જતી રહીશ. કાલે જીજાજી સાથેય વાત કરી જોયેલી. તેમણે તો તરત જ સંમતિ આપી દીધેલી મને. કહેતા'તા કે કંઈ કરતાં કંઈ નથી થયું, ઊંચા સાદે બોલવાનુંય નથી થયું, ખબર નહીં કેમ, પણ ઊલટાનો જેટલો વધારે પ્રેમ છલકાવું છું ત્યાં એ આંખો છલકાવી નાંખે છે. સત્તર વાર પૂછ્યું પણ બોલતી જ નથી ને... ઘર જ યાદ આવ્યું લાગે છે. બિચારી કહેતી નહીં હોય.. જઈ જ આવો બેય જણીઓ.

'ચકુ, થેલો તૈયાર રાખજે. કાલે નીકળીએ છીએ આપણે. શું થયું છે તને એ જ નથી ખબર પડતી મને. હું કશું જ નથી સાંભળવાની તારું. નીકળીએ છીએ એટલે બસ નીકળીએ છીએ. આપણી નદી, આપણી વાતો, આપણી મસ્તી... તાજી કરી આવીએ. તુંય તાજી થઈ જઈશ. જાણે કે આપણે પેલી રમતિયાળ છોકરીઓ હોઈએ એ

જ રીતે. કોઈ ભાર નહીં. બે દા'ડા મારે ત્યાં રે'જે. મનેય લાગે કે મારા ઘેર કોઈ રહેવા આવ્યું છે. કેટલી મજા આવશે! મેં તો પપ્પાને કહેવડાવી પણ દીધું છે કે તુફાન મેલ આવે છે...'

હજી તો છેલ્લું વાક્ય પૂરું કરીને કશું બોલું તે પહેલાં તો ચકુ ફસડાઈ પડી. પગથી માથા લગી થરથર કાંપતી'તી. મને ભીંસીને એવી ભેટી પડી જાણે કોઈક તેને ખેંચી જવાનું હોય!

મારા કાનમાં શબ્દો થથરતા હતા : 'ના, એ છોકરી નથી બનવું વૃંદા... આ ભવે નહીં ને આગલા સાત ભવેય નહીં. વાઘણ નહીં, હું તો ગગી જ નીકળી સાવ... તને યાદ છે તે રાતે તને બહુ તાવ આવે'લો, એ રાત્રે તું તાવમાં ધખતી'તી ને એ રાત્રે... કોઈ મને છોકરીમાંથી સ્ત્રી બનાવી રહ્યું હતું... મેં બચવા બહુ હવાતિયાં માર્યાં, તારા સમ દીધા... યાદેય અપાવ્યું કે તમે તો મને બેટા કહેતા હતા પણ બધુંય ફોગ! તે રાત્રે હું ભીંત બની ગઈ વૃંદા... પાંચમી ભીંત... મમ્મીને કહ્યું તો તેણે કહ્યું પડદો પાડી રાખ આ વાત પર. ખબરદાર જો ક્યાંય મોં ખોલ્યું છે તો! મૂંગી મર! ડૉક્ટરેય કહ્યું વાત પર પડદો જ પાડી રાખ. આવી વાતોથી સગપણ તૂટી જાય. તારા એમને શંકા જાય તો લઈ આવજે મારી પાસે. હું સમજાવી દઈશ. આવા તો ઘણા કેસો હેન્ડલ કર્યા છે. ડૉક્ટર લેડી હતી તોય... ને હવે તું જાણી ગઈ છે તો તુંય પડદો જ પાડી રાખજે વાત પર. તારી મા જીવતી હોત તો કદાચ તેણેય તને આમ જ કહ્યું હોત... કશુંક મરી ગયું છે મારી અંદર..'

હું ધબ્બ કરતી પડી ગઈ. ચકુએ મને ભીંસીને પકડી રાખેલી તોય.

-આ ચકુ?

મારી વિસ્ફારિત આંખો સફેદ રંગના પડદાને તાકવા લાગી. મેં ઠંડી ઠંડી ભોંય પર મુઠ્ઠીથી વાંઝિયો પ્રહાર કર્યો. માથેથી પરસેવાના રેલા ઊતરવા લાગ્યા.

મારે પૂછવું હતું ચકુને કે હેં ચકુ, જ્યારે હું મારા પપ્પા સામે જઈશ અને મને બેટા કહેશે ત્યારે ક્યા મટિરિયલનો પડદો કામ લાગશે મને?

અને તું સાથે ઊભી હોઈશ અને તને પણ બેટા કહેશે ત્યારે....?

❑❑❑


ભોળપણ આમ તો ખૂબ હળવું હોય છે પણ ક્યારેક વાસ્તવિકતા એને ભારે બનાવી નાખે છે. એટલું ભારે કે વ્યક્તિ એને ઊંચકી પણ ન શકે. ત્યારે એને ફગાવી દેવામાં જ ડહાપણ છે.

- અજ્ઞાત

* * *

જે લોકો ઘાતકી ગુના કરી શકતા નથી તેઓ બીજાને પણ શંકાથી જોઈ શકતા નથી.

- ફ્રાંકો દ લા રોચેફોકલ્ડ



ચરકપૂજા, બ્રિટિશ ઇન્ડિયા, ૧૮૫૦

ચરખપૂજા

☐ પ્રા. જે. આર. વઘાશિયા

'નવનીત સમર્પણ', અંકઃ ઓક્ટોબર, ૨૦૨૧, 'શબ્દમૂળની શોધ'ના લેખમાં 'ચરખપૂજા'ના અર્થ સંદર્ભે એવું અનુમાન કરવામાં આવ્યું છે કે 'ચરખ' એ 'ચખ' શબ્દનું વધારે સુધારેલું, વધારે ચોખ્ખું રૂપ છે... મૂળે તો 'ચખપૂજા' એટલે કે સંસ્કૃત 'ચક્ષપૂજા' હોય. અને એ રીતે એનો સંબંધ વિષ્ણુએ શિવપૂજાર્થે પોતાનું નેત્ર અર્પેલું એ અતિ જાણીતી કથા છે... જો એમ હોય તો 'ચક્ષપૂજા' ઉપરથી આ શબ્દ આવ્યો ગણાય. પ્રસ્તુત વિષયના સંદર્ભે જણાવવાનું કે અહીં હિંદી શબ્દ 'ચરખ'નો ખરો અર્થ 'ચરખો', 'ચાક કે કુંભારનો ચાકડો' અને 'લાકડીને છેડે બાંધેલ દોરી ઉપરની નાની ચરખી' થાય છે. અને 'ચરખપૂજા'ની તવારીખ તપાસીએ તો 'ચરખ' શબ્દના પ્રસ્તુત અર્થો 'ચરખપૂજા' અર્થે થતી તાંત્રિક ક્રિયાઓમાં બંધબસતા હોય તેમ લાગે છે.

ભગવદ્ગોમંડળ મુજબ 'ચરખપૂજા' એટલે 'ચૈત્ર સંક્રાતિએ શિવને પ્રસન્ન કરવા માટે થતી પૂજા. તેમાં શિવભક્ત લોકો ભક્તિમાં એટલા ઉન્મત્ત થઈ

જાય છે કે કોઈ પોતાની જીભ કાપે છે, કોઈ લોઢાના કાંટા ઉપર કૂદે છે અને કોઈ પોતાનું શરીર બરછીથી વીંધે છે. એમ કહેવાય છે કે ચૈત્ર સંક્રાતિના દિવસે બાણ નામના એક શૈવ રાજાએ ભક્તિના આવેશમાં પોતાના શરીરનું લોહી ચડાવીને શિવને પ્રસન્ન કર્યા હતા. કે. કા. શાસ્ત્રીના બૃહદ્ ગુજરાતી કોશમાં પણ, ભગવદ્ગોમંડળના આધારે 'એક પ્રકારની શિવજીની પૂજા' એવો અર્થ આપ્યો છે. પરંતુ પ્રસ્તુત વિસ્તૃત સમજૂતીમાં 'ચરખ' શબ્દના અર્થનો કોઈ ચોક્કસ નિર્દેશ મળતો નથી.

વિગતે વાત માંડીએ. 'ચરખપૂજા' ભારતદેશના પશ્ચિમ બંગાળના દક્ષિણ વિસ્તાર અને બાંગ્લાદેશનું એક લોકપર્વ છે, જે બંગાળી નવ વર્ષે 'પોહેલા બૈશાખ' (વૈશાખ, સુદ-૦૧)ના પૂર્વ દિને એટલે કે ચૈત્ર વદી અમાસના દિવસે કે મધ્ય રાત્રિએ મનાવવામાં આવે છે. 'ચરખપૂજા'નાં અન્ય નામ 'નીલપૂજા' અને 'હજરાપૂજા' પણ છે. તદુપરાંત 'ચરખપૂજા' જેવા જ સમાન તહેવારો મહારાષ્ટ્રમાં 'બગાડ' અને વિજયનગરમ (આંધપ્રદેશ)માં 'સિરિમનુ ઉત્સવમ્' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ભગવાન શિવજીને સંતુષ્ટ કરવા માટે શિવભક્તો 'ચરખપૂજા' અર્થે 'માનવ

ચરકપૂજા





ચરકપૂજાની પૂર્વ તૈયારી, ગામઃ નારના, જિલ્લાઃ હાવરા-પશ્ચિમ બંગાળ, ૧૪ એપ્રિલ, ૨૦૧૪

ચરખ' ઉર્ફે 'માનવ ચરખો' બને છે. 'માનવ ચરખો' બનવા માટેની વિધિ એવી હોય છે કે, 'ચરખ વૃક્ષ'ના નામે 'સખુઆ ઉર્ફે સાખૂ ઉર્ફે શાલ (વૈજ્ઞાનિક નામ: Shorea robusta)' વૃક્ષનું મજબૂત થડ કેટલીક તાંત્રિક વિધિઓ બાદ જમીન પર ઊભું ખોડવામાં આવે છે. ત્યારબાદ તે જ વૃક્ષની એક અથવા બે મજબૂત લાંબી ડાળીઓ (લાકડીઓ)ને થડ-સ્તંભની ટોચની ધરી પર બાંધી, એક લાકડીના બન્ને કે બન્ને લાકડીના ચારેય છેડે હૂકવાળું દોરડું બાંધી દેવામાં આવે છે, જેને 'ચરખ-ચરખી-ચરખો' કહેવામાં આવે છે. ત્યારબાદ શિવભક્તની પીઠ પર લોખંડના બે હૂક ખોસવામાં આવે છે અને લોહીલુહાણ હાલતમાં તેમને લાકડીઓના હૂકવાળા દોરડા પર લટકાવી (Hook-Swinging) દઈ, ચરખાને ગોળ ગોળ ફેરવવામાં આવે છે.

'બ્રિટિશ ઇન્ડિયામાં 'ચરખપૂજા' વિવિધ નામો જેવાં કે પોટાપૂજા, ભોક્તાપૂજા, ખિડીમારી, છઠપરબ, સૂદાલુ અને સિલ્લૂ'થી ઓળખાતી. આવી ક્રૂર પૂજા બાબતે ભારત દેશમાં ૧૯મી સદીના સમય દરમિયાન એવો રિવાજ હતો કે, જ્યાં સુધી શિવભક્ત મૃત્યુ ન પામે ત્યાં સુધી તેને ચરખ-ચરખા પર લટકેલો રાખી, ગોળ ગોળ ફેરવવામાં આવતો અને ત્યારબાદ જ તેને મોક્ષપ્રાપ્તિ થતી. જોકે બ્રિટિશ સરકારે ૧૮૬૩માં કાયદો બનાવી આવી ક્રૂર અને ઘાતક વિધિને બંધ કરાવી દીધેલી.'' (J H Powell, Hook-Swinging in India, Read at meeting on: 17 December, 1913) વિશેષ, આઝાદી બાદ દેશમાં આ પ્રકારની 'ચરખપૂજા'માં થોડો સુધારો થયો છે અને તે પ્રમાણે શિવભક્તોને તેના ઇચ્છિત સમય સુધી-નહીં કે પ્રાણ જાય ત્યાં સુધી-જ ચરખ-ચરખા પર લટકાવીને ગોળાકારે ફેરવવામાં આવે છે. ટૂંકમાં ઉપરોક્ત પ્રકારની 'ચરખપૂજા' પર ભારતમાં કાનૂની પ્રતિબંધ હોવા છતાં પણ, પશ્ચિમ બંગાળના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં આજે પણ આ પ્રથા ચાલુ જ છે.

❑❑❑



કામ, પ્રેમ અને સૌંદર્ય

☐ ભાણદેવ

કામ, પ્રેમ અને સૌંદર્ય, ભિન્ન ભિન્ન ઘટનાઓ છે છતાં ત્રણે વચ્ચે ગાઢ સંબંધ છે. આ ત્રણેનો વિષય એક જ હોય એવું અનેકવાર બને છે. તેથી તેમનાં અર્થ, સમાનતા, ભિન્નતા અને સંબંધ સ્પષ્ટ રીતે સમજી લેવાં આવશ્યક છે.

કામ

કામ, જીવની મનોશારીરિક વૃત્તિ છે. કામ મૂલતઃ શારીરિક હોવા છતાં માનવ વ્યક્તિત્વમાં તેણે મનોમય રૂપ પણ ધારણ કર્યું છે તેથી માનવીમાં તે મનોશારીરિક વૃત્તિ છે.

જે વૃત્તિને લીધે જીવ વિજાતીય વ્યક્તિ પ્રત્યે આકર્ષણ અનુભવે છે, જેને લીધે જીવ શારીરિક ભોગ તરફ દોરાય છે, જેને લીધે વંશવૃદ્ધિ થાય છે તે વૃત્તિને કામવૃત્તિ કહે છે. આમ તો વૃત્તિ માત્ર કામના જ છે છતાં કામવૃત્તિની પ્રબળતાને કારણે તેના માટે કામ શબ્દ વિશેષતઃ રૂઢ થયો છે. જાતિગત સ્વરૂપ હોવાને કારણે કામવૃત્તિને જાતીયવૃત્તિ પણ કહે છે.

કામવૃત્તિ સ્વરૂપતઃ પાપ નથી. કામૃવત્તિ પ્રાકૃતિક છે અને જીવમાત્રના જન્મનું

કારણ છે. તેથી કામવૃત્તિને સ્વરૂપતઃ તો પાપ ગણી શકાય તેમ નથી પરંતુ તેમાંથી અગણિત પાપો ઉત્પન્ન થઈ શકે તેવું તેનું સ્વરૂપ છે. કામવૃત્તિ પ્રાકૃતિક હોવા છતાં માનવચિત્તમાં અને માનવવ્યવહારમાં તેણે જે સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે તે જોતાં તેનાં પ્રાકૃતિક સ્વરૂપમાં અનેકગણી વિકૃતિઓ ભળી ગઈ છે. સંભવતઃ તેથી જ ગીતામાં ક્રોધની સાથે કામના પણ પાપસ્વરૂપ ગણેલ છે. કામનો વેગ માનવીના ચિત્તને મૂર્છિત કરી નાખે છે અને મૂર્છિત અવસ્થામાં, વિવેકહીન અવસ્થામાં માનવી ગમે તેવું અઘટિત વર્તન કરી બેસે છે, પાપાચરણ કરી નાખે છે તેથી તેને નરકનું દ્વાર ગણાવેલ છે. (ગીતા - ૧૬-૨૧)

માનવેતર જીવોમાં કામવૃત્તિ શારીરિક વૃત્તિ છે અને સામાન્યતઃ પ્રાકૃતિક સ્વરૂપમાં હોય છે. જેમ જીવને ખાનપાનની વૃત્તિ હોય છે કારણ કે જીવને જીવવું છે તે જ રીતે જીવના શરીરમાં કામૃવત્તિ પણ પ્રકૃતિની રચના છે કેમ કે પ્રકૃતિ જીવની વંશવૃદ્ધિ ઇચ્છે છે. જ્યાં સુધી શારીરિક આવશ્યકતા અને શરીરની એક વિશિષ્ટ સ્થિતિ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી પશુ કામવૃત્તિ અનુભવતું નથી. સો ગાયો સાથે આખો દિવસ રહેવા છતાં ખૂંટ કામની ઉત્તેજના અનુભવતો નથી. જ્યારે કોઈ ગાય એક વિશિષ્ટ શારીરિક અવસ્થામાં આવે ત્યારે જ ખૂંટમાં કામોત્તેજના જાગૃત થાય છે, અન્યથા નહિ. એટલું જ નહિ પણ પશુની કામવૃત્તિ પ્રાકૃતિક છે, તેમાં વિકૃતિ હોતી નથી, પરંતુ માનવીની પરિસ્થિતિ જુદી છે. માનવીની કામવૃત્તિ શુદ્ધ શારીરિક વૃત્તિ નથી અને પ્રાકૃતિક સ્વરૂપની પણ નથી. માનવીની કામવૃત્તિ ઘણે અંશે મનોમય સ્વરૂપની છે. માનવના શરીરને કામની જરૂર ન હોય તો પણ, એટલું જ નહિ પણ તેના શરીરને અનુકૂળ ન હોય ત્યારે પણ મનના વેગને લીધે તેનું શરીર કામ તરફ ઘસડાય છે. શરીરમાં કામોત્તેજના ન હોય તો પણ માનવી, મનનો દોરાયો કૃત્રિમ ઉપાયોથી કામોત્તેજના ઊભી કરે છે. મનોવૈજ્ઞાનિકોએ પ્રયોગો કરીને સિદ્ધ કર્યું છે કે કોઈ પશુના શરીરના કામોત્તેજક તંત્રને દૂર કરવામાં આવે તો પશુ કામની ઉત્તેજના અનુભવતું નથી પરંતુ તેથી ઊલટું માનવીના શરીરમાંથી કામોત્તેજક તંત્ર દૂર કરવામાં આવે તો પણ માનવી કામોત્તેજના અનુભવે છે. માનવીનું મન તેના શરીરને અવશપણે ઘસડી જાય છે.

પ્રેમ

પ્રથમ દૃષ્ટિએ કામ અને પ્રેમમાં ઘણી સમાનતા અને નજીકતા લાગે છે પરંતુ તત્ત્વતઃ બંને વચ્ચે આકાશ-પાતાળનું અંતર છે.

પ્રેમ આત્માનો સહજ ગુણધર્મ છે. આત્મા, પરમાત્માનો અંશ છે. અંશને અંશી પ્રત્યે અને અંશીને અંશ પ્રત્યે

આકર્ષણ હોય જ. આત્માને પોતાના નિજસ્વરૂપ પરમાત્મા પ્રત્યે આકર્ષણ હોય છે, પરમાત્માને પોતાના નિજસ્વરૂપ આત્મા પ્રત્યે આકર્ષણ હોય છે અને આત્માને પોતાના નિજસ્વરૂપ આત્મા પ્રત્યે આકર્ષણ હોય છે - આ આકર્ષણ તે જ પ્રેમનું મૂળ સ્વરૂપ છે. આમ પ્રેમ, મહાચૈતન્યના ભિન્ન ભિન્ન સ્વરૂપો વચ્ચેનો તંતુ છે. આ સમગ્ર બ્રહ્માંડ પ્રેમના તંતુમાં પરોવાયેલું છે. જેમ આત્મા સહજ રીતે જ જ્ઞાનસ્વરૂપ છે તેમ આત્મા સહજ રીતે જ પ્રેમસ્વરૂપ પણ છે. આત્મા-પરમાત્મા તો અનંતગુણ-વિભૂષિત છે. જ્ઞાન અને પ્રેમ સિવાય પણ તેના કેટલા ગુણો, કેટલાં સ્વરૂપો હશે, તેનો કોણ પાર પામી શકે?

પરમાત્માનું એક નામ છે - સચ્ચિદાનંદ. સચ્ચિદાનંદ શબ્દમાં ત્રણ પદો છે – સત્, ચિત્ અને આનંદ, 'સત્' પદ દ્વારા પરમાત્માનું ત્રિકાલાબાધિતપણું વ્યક્ત થાય છે.

'ચિત્' દ્વારા સર્વજ્ઞાતૃત્વ અને સર્વશક્તિમત્તા, વ્યક્ત થાય છે. અને 'આનંદ' દ્વારા આનંદ, પ્રેમ અને સૌંદર્ય વ્યક્ત થાય છે.

પરમાત્મા, સચ્ચિદાનંદ છે એટલે કે તે ત્રિકાલાબાધિત, જ્ઞાનસ્વરૂપ, શક્તિસ્વરૂપ, આનંદસ્વરૂપ, પ્રેમસ્વરૂપ અને સુંદરતમ - સૌંદર્યધામ છે. અહીં પ્રેમને આત્માનો સ્વરૂપગત ગુણધર્મ ગણાવેલ છે.

પ્રેમ વિશ્વાતીત છે અને વિશ્વવ્યાપી પણ છે. પ્રેમ દ્વારા આત્મા અને પરમાત્મા તથા આત્મા જ જોડાયેલા છે તેમ નથી. પ્રેમ દ્વારા આત્મા અને પરમાત્મા જગત સાથે પણ જોડાયેલ છે. સમગ્ર બ્રહ્માંડમાં સર્વત્ર, કોઈને કોઈ સ્વરૂપે પ્રેમ રહેલો છે. ઈલેક્ટ્રોન અને પ્રોટોનના સંબંધમાં પણ પ્રેમ રહેલો છે અને બ્રહ્માંડની રચના, સ્થિતિ, અને ગતિમાં પ્રેમ છે. ગાય વાછરડા માટે દોડે છે તેમાં પણ પ્રેમનું કોઈને કોઈ સ્વરૂપ હોય છે. માની પુત્ર પ્રત્યેની લાગણીમાં પણ પ્રેમ છે અને બે યુવાન પ્રેમીઓ વચ્ચેના અરસપરસના ખેંચાણમાં પણ પ્રેમની કોઈક ઝલક હોય છે. રાધાકૃષ્ણના સંબંધમાં પણ પ્રેમ છે અને કોકિલના ટહુકારમાં પણ પ્રેમ છે. અલબત્ત, બંનેના સ્વરૂપમાં ઘણો ભેદ છે. પ્રેમનાં કોટિકોટિ સ્વરૂપો છે! પ્રેમ વૈયક્તિક પણ છે અને નિર્વૈયક્તિક પણ છે. અને બંનેથી પર પણ છે. પ્રેમની કોઈ વ્યાખ્યા કરી શકાય તેમ નથી. પ્રેમનું સ્વરૂપ મહદ્ અંશે અનિર્વચનીય છે પણ અનુભવગમ્ય છે. પ્રેમ, અચિંત્ય અગાધ છે. ભક્તિ, પ્રેમનું સર્વોચ્ચ સ્વરૂપ છે. દિવ્ય, પ્રેમ માનવ-સબંધોનું રૂપ ધારણ કરી આ ધરતી પર અવતરે છે. બુદ્ધની કરુણા અને ઈશુનો પ્રેમ, પ્રેમનાં જ સ્વરૂપો છે. તે જ પ્રેમ બે મિત્રો વચ્ચેની મૈત્રીનું રૂપ પણ ધારણ કરે છે.

પ્રેમ જ્યારે પૃથ્વી પર અવતરે છે ત્યારે તેમાં ઘણાં વિજાતીય તત્ત્વો

ભળી જાય છે. તેથી જ પ્રેમ શબ્દની અનેક વ્યંજના છે. નારદ ભક્તિસૂત્રમાં ભક્તિની વ્યાખ્યા કરતાં નારદજી કહે છે सात्वस्मिन परम प्रेम स्वरूपा। અને એક કામી પુરુષ કોઈ પાત્ર પ્રત્યે કામજન્ય આકર્ષણ અનુભવે તો તેને પણ પ્રેમ ગણે છે. બંને વચ્ચે કેટલા પ્રકાશવર્ષનું અંતર!

સૌંદર્ય

જે સત્ય છે તે શિવમ્ (મંગલ) છે અને તે સુંદર પણ છે. સઘળું સૌંદર્ય પરમાત્માના ચરણોમાંથી નિષ્પન્ન થાય છે. સૌંદર્ય એટલે સ્થૂળ જગતમાં ઊતરી આવેલા પરમાત્માનું ચિહ્ન. પરમાત્મા આ જગતમાં સ્વરનું રૂપ ધારણ કરીને આવે છે ત્યારે સંગીત બને છે, પરમાત્મા આ જગતમાં રંગ અને રેખાનું રૂપ ધારણ કરીને આવે છે ત્યારે ચિત્ર બને છે, પરમાત્મા આ જગતમાં આકૃતિ સ્વરૂપે આવે છે ત્યારે શિલ્પ બને છે. આ રીતે પરમાત્મા જેમ માનવ સર્જિત કળામાં અવતરે છે તેમ પ્રકૃતિમાં પણ અવતરે છે. પ્રાકૃતિક સૌંદર્ય આપણા ચિત્તને ગમે છે કારણ કે તેમાં પરમાત્માનું એક કિરણ ઊતરી આવ્યું હોય છે. વહેતી નદી, ઝરણાં, પહાડો, વૃક્ષો, ફૂલો, સૂર્યોદય અને સૂર્યાસ્તનાં દૃશ્યો, પક્ષીઓ, નીલરંગી આકાશ - આ બધું સુંદર લાગે છે કેમ કે તેમાં પરમાત્માનો કોઈક અંશ ઊતરી આવ્યો છે. સૌંદર્ય પરમાત્માનું એક રૂપ છે અને જ્યાં કાંઈ પણ સુંદર છે ત્યાં ત્યાં પરમાત્માનાં પદચિહ્ન છે. કાંઈ પણ સુંદર આપણને ગમે છે કારણ કે તેમાં રહેલો પરમાત્મા આપણને ગમે છે. પરમાત્મા આપણને ગમે છે કારણ કે તે જીવમાત્રનો પરમ પ્રેમાસ્વાદ છે.

મૂલતઃ સૌંદર્ય તરફનું આકર્ષણ તેમાં રહેલા પરમાત્મા પ્રત્યેનું આકર્ષણ છે, પરંતુ વાત આટલેથી અટકતી નથી, ઘટના આટલી સરળ પણ નથી. એક પ્રાકૃતિક દર્શનનો આનંદ જેટલી સરળ ઘટના છે તેટલી સરળ ઘટના સ્ત્રીદેહના સૌંદર્ય દર્શનની નથી. કારણ કે સ્ત્રીદેહ માત્ર શુદ્ધ સૌંદર્યનો જ વિષય નથી. તેમાં બીજાં અનેક પરિબળો ભળી જાય છે.

કામ, પ્રેમ અને સૌંદર્યનો સંબંધ

કામનું સ્થાન મન અને શરીર, બંનેમાં છે. કામનો ભોગ શરીર દ્વારા થાય છે છતાં તે મન અને ઇન્દ્રિયોનો સંયુક્ત રસ છે. પ્રેમ ઇન્દ્રિયાતીત છે, કામ નિમ્નસ્તરનો રસ છે. પ્રેમ ઉચ્ચકોટિનો આનંદ છે. કામ સ્વકેન્દ્રી છે. પ્રેમ 'સ્વ'ના વિસર્જનમાંથી નિષ્પન્ન થાય છે. કામાનંદ ક્ષણિક છે, પ્રેમ શાશ્વત છે. કામાનંદ આભાસી છે. પ્રેમ યથાર્થ છે. કામ, અધ્યાત્મમાં બાધારૂપ બને છે. પ્રેમ, અધ્યાત્મપથ છે. કામનું મુખ પશુતા તરફ છે, પ્રેમનું મુખ પરમાત્મા તરફ છે. કામસુખ, પ્રેમના પ્રતિબિંબનું પ્રતિબિંબ છે કેમ કે કામમાં પ્રેમના આભાસના આભાસની ઝલક મળે છે. કામનું આકર્ષણ મૂલતઃ તો પ્રેમનું જ

આકર્ષણ છે. પરંતુ કામમાં પ્રેમનું મૂળ સ્વરૂપ ચૂકી જવાય છે. કામ, પ્રેમનું ઘણું નિકૃષ્ટરૂપ છે. દ્રાક્ષમાંથી દારૂ બનાવવામાં આવે ત્યારે દ્રાક્ષ અને દારૂ વચ્ચે કેટલી ભિન્નતા છે! કંઈક તેવી જ ભિન્નતા પ્રેમ અને કામ વચ્ચે છે. બંને વચ્ચેની ખાઈ એટલી ઊંડી બની ગઈ છે કે બંને સાથે ન સંભવે. પ્રેમનું મુખ રામ તરફ છે કામ રામથી વિમુખ છે.

जहाँ काम वहां राम नहीं,
जहाँ राम वहाँ नहीं काम ।
तुलसी रवि रजनी,
बसत नहीं इक ठाम ।।

કામ આસક્તિમાંથી જન્મે છે અને કામથી આસક્તિ પ્રબળ બને છે. પ્રેમ, આસક્તિનું ઊલટું રૂપ છે અર્થાત્ આસક્તિ, પ્રેમનું ઊલટું રૂપ છે.

હવે આપણે જોઈએ કે કામ અને પ્રેમ સાથે સૌંદર્યનો શો સંબંધ છે. પરમાત્માનું એક કિરણ સ્થૂળ ભૂમિકા પર ઊતરી આવે છે, તેને આપણે સૌંદર્ય કહીએ છીએ. સૌંદર્ય, કામ અને પ્રેમ બંનેનું, વિષયક્ષેત્ર બની શકે છે. સૌંદર્યને ઇન્દ્રિયો દ્વારા ભોગવવાની દૃષ્ટિ હોય ત્યારે તે કામનો વિષય બને છે. અને સૌંદર્યમાં પરમાત્માની ઝલક દેખાય તેવી દૃષ્ટિ હોય અને તે દૃષ્ટિ ઇન્દ્રિયભોગની કામનાથી દૂષિત ન થાય ત્યારે તે પ્રેમનો વિષય બને છે. એક પિતા જ્યારે પોતાની યુવાન પુત્રીને જુએ છે, તેમાં સૌંદર્યબોધ અને પ્રેમ, બંને છે પરંતુ કામભાવ નથી. તે વખત પુત્રીનું સૌંદર્ય પિતાના પ્રેમનો વિષય બને છે, પરંતુ કામનો વિષય બનતું નથી. પરંતુ કોઈ કામી પુરુષ તે જ યુવતીને કામભાવથી જુએ તો તેનું સૌંદર્ય કામનો વિષય બને છે. પિતા, પુત્રીનું સૌંદર્ય પ્રેમભાવથી જુએ છે, અન્ય પુરુષ તે જ સૌંદર્ય કામભાવથી જુએ છે. જે ક્ષણે દૃષ્ટિમાં કામભાવ પ્રવેશે છે તે જ ક્ષણે શુદ્ધ સૌંદર્યબોધ અદૃશ્ય થઈ જાય છે અને ચિત્તનો કબજો કામ લઈ લે છે. કામુક દૃષ્ટિ સાચા સૌંદર્યને જોઈ શકે નહિ.

એક જ પાત્રમાં કામ, પ્રેમ અને સૌંદર્ય, ત્રણે એક સાથે ભળે ત્યારે ઘટના ઘણી અટપટી બની જાય છે. અને તેમના તાણાવાણાને સમજવાનું કાર્ય દુષ્કર બની જાય છે.

એક યુવતી સ્ત્રી સુંદર છે, એક પુરુષ તેના સૌંદર્યને જુએ છે. તેના સૌંદર્યને જોઈને પ્રસન્ન થાય છે. તેના પ્રત્યે પ્રેમભાવ અનુભવે છે અને બીજી જ ક્ષણે તેના ચિત્તમાં કામભાવ પ્રવેશે છે. તે વખતે પુરુષના ચિત્તમાં જે ઘટના બને છે તે સમજવા માટે ઘણી જાગૃતિ અને ઊંડી સમજની આવશ્યકતા છે. આ વખતે તે પુરુષના ચિત્તની અવસ્થાનાં ત્રણ પાસાં છે - સૌંદર્યબોધ, પ્રેમ અને કામ.

આ પ્રકારના અનુભવમાં વ્યક્તિગત ભિન્નતા ઘણી હોય છે. પરંતુ સામાન્યતઃ એવું બને છે કે કામ બાકીના બંનેને ગ્રસી જાય છે. બાકીના બંને સ્રોત, કામના

વેગમાં વહી જાય છે. સૌંદર્યબોધનો આનંદ અને પ્રેમાનુભૂતિનો આનંદ, કામાનુભવનો ભાગ બની જાય છે. પરિણામે આહ્‌લાદ વધુ તીવ્ર બને છે. કારણ કે તેમાં ત્રણે સ્રોતનો વેગ અને આહ્‌લાદ ભળેલા હોય છે. સામાન્યતઃ વ્યક્તિ આ સ્વરૂપના આહ્‌લાદને કામસુખ માની લે છે પરંતુ વસ્તુતઃ તે માત્ર કામસુખ નથી. તેમાં સૌંદર્યબોધનો આનંદ અને પ્રેમાનુભૂતિનો આનંદ ભળી ગયો હોય છે. બળિયાના બે ભાગ, અને કામ તો બળિયો છે જ! તેથી જે આહ્‌લાદ પોતાનો નથી તેને પણ કામ પોતાનામાં ખપાવી લે છે. પરિણામે કામસુખ વસ્તુતઃ અલ્પ હોવા છતાં અન્યના બળે ઘણું મોટું બની જાય છે. એક જ પાત્રમાં કામ, પ્રેમ અને સૌંદર્યબોધ અનુભવાય ત્યારે તે અનુભૂતિના તાણાવાણાને સમજવાનું કાર્ય વિરલ વ્યક્તિ જ કરી શકે છે. મોટે ભાગે તેને કામાનંદ જ ગણી લેવામાં આવે છે. જેમ અજગર પોતાની આજુબાજુના પ્રાણીઓને ગળી જાય છે અથવા જેમ સમુદ્રનાં મોટાં માછલાં નાનાં માછલાંઓને ગળી જાય છે તેમ કામ, બાકીના બંનેના અનુભવને ગળી જાય છે અને પારકી મૂડીએ મૂડીદાર બની જાય છે.

કોઈ સુંદર યુવતીને જોઈને પ્રથમ ક્ષણે જ પ્રસન્નતા અનુભવાય છે તે શુદ્ધ સૌંદર્યબોધ હોઈ શકે છે પણ બીજી જ ક્ષણે ચિત્તમાં સંતાઈને તથા વાટ જોઈને બેઠેલો કામ કૂદી પડે છે અને તે સૌંદર્યબોધ, શુદ્ધ સૌંદર્યબોધ ન રહેતાં કામભાવનો ભાગ બની જાય છે. તેજ રીતે કોઈ સ્ત્રી પ્રત્યે પ્રારંભમાં સ્નેહભાવ હોય અને પછી કામભાવ પ્રવેશે છે અને સ્નેહભાવ અને કામભાવનું મિશ્રણ બની જાય છે. આ જ રીતે ત્રણેનું મિશ્રણ પણ બની શકે છે.

પરિસ્થિતિ આ સ્વરૂપની છે એટલે કે કામ, પ્રેમ અને સૌંદર્ય, ત્રણ એક જ પાત્રમાં અનુભવાય છે, તેથી અનુભવની આહ્‌લાદકતા વધી જાય છે. અને માનવીનું મુર્ખ મન માની બેસે છે કે આહ્‌લાદ માત્ર કામજન્ય સુખ છે, માત્ર કામાનંદ છે. વસ્તુતઃ તે માત્ર કામાનંદ નથી. તેમાં સૌંદર્યબોધનો આનંદ અને પ્રેમનો આનંદ પણ ભળેલો હોય છે. એક પશુનું કામસુખ કદાચ માત્ર કામસુખ હોઈ શકે અથવા પશુની ભૂમિકાના માનવીનું કામસુખ માત્ર કામસુખ હોઈ શકે. પરંતુ માનવી માત્ર પશુ નથી. તેની ચેતનાના અનેક પાસાઓ વિકસેલા છે તેથી માનવીની પરિસ્થિતિ ઘણી જુદી છે. પરંતુ સામાન્યતઃ આ સમજના અભાવમાં માણસ ત્રણેના સંયુક્ત આહ્‌લાદને નર્યું કમસુખ જ માની લે છે પરિણામે કામ અને કામસુખનું આકર્ષણ અનેક ગણું વધી જાય છે. વ્યક્તિના ચિત્તમાં તેની મહત્તા, તેની યથાર્થ મહત્તા કરતાં અનેક ગણી વધી

જાય છે. કામની તીવ્રતા વધી જવાનું આ પણ એક કારણ છે.

પુરુષ સ્ત્રી પ્રત્યે જે આકર્ષણ અનુભવે છે અને સ્ત્રી પુરુષ પ્રત્યે જે આકર્ષણ અનુભવે છે તેમાં કામાકર્ષણ તો હોય છે પરંતુ તેમાં અન્ય તત્ત્વો પણ હોય છે તેટલું સ્પષ્ટ રીતે સમજાય તો કામમુક્તિની દિશામાં મૂલ્યવાન પ્રગતિ થઈ છે, તેમ નિશ્ચિતપણે સમજવું. આ વાત સમજાય તો દીવા જેવી સ્પષ્ટ છે અને ન સમજાય તો લાખ વાતેય ન સમજાય તેવી છે!

આ ત્રણ તત્ત્વોમાં એક ચોથું તત્ત્વ ભળે છે - અભાવગ્રંથિ. માનવીને સ્નેહનો અભાવ સાલે છે. એટલે તેને ક્યાંય પણ સ્નેહનો થોડો પણ અણસાર મળે તો તે સ્નેહ માટે ઘેલો ઘેલો બની જાય છે અને અભાવગ્રંથિને કારણે સ્નેહાકર્ષણ તીવ્ર બની જાય છે. તે જ રીતે માનવચિત્તમાં સૌંદર્યની અભાવગ્રંથિ પણ હોય છે તેથી કોઈક સ્થળે સુંદર જોતાં તે તેની પાછળ રઘવાયો બને છે. અભાવગ્રંથિને કારણે તેનામાં સુંદર દેહ તરફનું આકર્ષણ તીવ્ર બની જાય છે. અને કામાભાવગ્રંથિ તો માનવીને વારસામાં મળે છે. કામવિષયક અભાવગ્રંથિ તો માનવીના સામુહિક ચિત્તનો ભોગ બની ગઈ છે. આ ત્રણે તત્ત્વો અને ત્રણે તત્ત્વોની અભાવગ્રંથિઓ સાથે મળવાને કારણે કામાકર્ષણ તીવ્ર બને છે અને જટિલ સ્વરૂપ ધારણ કરે છે પરંતુ તેમના તાણાવાણાને જાગૃતિ અને સમજના આધારે સમજી લઈએ તો સમસ્યા સાવ સરળ બની જાય છે. ગૂંચ ગમે તેટલી જટિલ હોય પરંતુ ગૂંચનું સ્વરૂપ સમજાય તો પછી ગૂંચને ઉકેલવી સરળ બની જાય છે. કોઈ પણ સમસ્યા સમજના અભાવમાં જટિલ બને છે અને સમજના પ્રભાવથી સરળ બને છે.

❑❑❑

પ્રેમની પીડા એ જીવતા રહેવાની પીડા છે. એ અવિરત ઘાવ છે.

- મૌરીન ડફીન

આખી મનુષ્યજાત પ્રેમને પ્રેમ કરે છે.

- રાલ્ફ વાલ્ડો ઇમરસન

ઇંદ્રિયના દમનથી બ્રહ્મચર્ય સિદ્ધ થતું નથી. આત્મદૃષ્ટિના ઉઘાડ પછી ધીમે ધીમે જગતના દરેક જીવ પ્રત્યે આત્મીયતાનો ભાવ જાગે છે જેને કારણે ચેતનાની ભૂમિકાએ અભેદ અને એકતાની ઝલક મળે છે. પછી શરીરની, લાગણીની કે બુદ્ધિની એકતા માટે ફાંફાં મારવાં પડતાં નથી. એ જ ખરું બ્રહ્મચર્ય છે.

- મુનિ શ્રી કીર્તિચન્દ્રજી (બંધુત્રિપુટી)

કઠિણ ચઢિયો પ્રેમ તરુ, ડાલી બીચ ખજૂર
ચઢૈ તો પાવે મિષ્ટ ફલ, પડૈ તો ચકના ચૂર.

- રાણી રૂપમતી

નેલ્સન મંડેલાનો એક અદ્‌ભુત પ્રસંગ

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ બન્યા પછી નેલ્સન મંડેલાનો એક અદ્‌ભુત પ્રસંગ જે આપણાં બધાનાં જીવનને અજવાળી શકે એમ છે:

"મારા રાષ્ટ્રપતિ બન્યા પછી મેં મારા એસ્કોર્ટને બપોરના ભોજન માટે રેસ્ટોરન્ટમાં જવાનું કહ્યું. અમે બેસી ગયા અને દરેકે ઓર્ડર આપ્યો.

બાજુના ટેબલ પર એક માણસ પોતાના ઓર્ડરની રાહ જોઈ રહ્યો હતો. જ્યારે તેમની વાનગી પીરસવામાં આવી ત્યારે મેં મારા એક સૈનિકને કહ્યું: જાઓ અને તે સજ્જનને આપણી સાથે જોડાવા કહો. સૈનિકે જઈને મારું આમંત્રણ પહોંચાડ્યું. પેલો માણસ ઊભો થયો, તેની થાળી લઈને મારી બાજુમાં જ બેઠો. જમતી વખતે તેના હાથ સતત ધ્રૂજતા હતા. વળી તે જમતી વખતે માથું ઊંચું કરતો ન હતો. જ્યારે અમારું ભોજન પત્યું ત્યારે તેણે માંડ મારી સામે જોયું અને વિદાય લીધી. મેં તેની સાથે હાથ મેળવ્યો અને તે ચાલ્યો ગયો.''


સૈનિકે કહ્યું: ''માદિવા, તે માણસ ખૂબ બીમાર હોવો જોઈએ કારણ કે તે જમતો હતો ત્યારે તેના હાથ સતત ધ્રૂજતા હતા.''



મેં તેને કહ્યું, "ના, બિલકુલ નહીં! તેની ધ્રૂજારીનું કારણ કંઈક બીજું જ છે. તે માણસ હું જે જેલમાં હતો એનો વોર્ડન હતો. એ જે ત્રાસ આપતો એની વેદનાથી હું ચીસો પાડી એને થોડું પાણી આપવા વિનવતો. પણ ઊલટાનો તે મને વધુ અપમાનિત કરતો, મારા પર હસતો અને મને પાણી આપવાને બદલે મારા માથા પર પેશાબ કરતો.

તે બીમાર નથી, તેને ડર છે કે હવે હું દક્ષિણ આફ્રિકાનો રાષ્ટ્રપતિ છું, તેને જેલમાં મોકલી શકું છું અને તેણે મારી સાથે જે કર્યું તેવું વર્તન તેની સાથે કરી શકું છું. પરંતુ હું એવો નથી, એવું વર્તન ન મને શોભે, કે ન મારું અંતઃકરણ એની અનુમતિ આપે.

વેર લેવા માંગતું માનસ રાષ્ટ્રોનો નાશ કરે છે, જ્યારે ક્ષમાપના આપતા લોકો રાષ્ટ્રોનું નિર્માણ કરે છે. મારી સ્વતંત્રતાનાં દ્વાર ખૂલ્યાં છે ત્યારે મને સમજાય છે કે જો હું એ ગુસ્સો, નફરત અને નારાજગી ભૂલીને બહાર ન આવ્યો હોત તો હું હજી એક કેદી હોત." ■



વિશ્વ - જરા જુદી નજરે

☐ પ્રણવ સવાઈ

આપણને અત્યારે કોઈ નીચે મુજબનાં પ્રશ્નો પૂછે તો આપણો જવાબ શું હોય?

• છેલ્લાં ૨૦ વર્ષોમાં ખૂબ જ ગરીબ હોય એવા લોકોનું પ્રમાણ - વધ્યું , ઘટ્યું કે એટલું જ રહ્યું?

• વિશ્વમાં વીજળી વગર રહેતા લોકોનું પ્રમાણ - વધ્યું , ઘટ્યું કે એટલું જ રહ્યું?

• કુદરતી પ્રકોપને કારણે છેલ્લાં ૧૦૦ વર્ષોમાં લોકોનાં મૃત્યુનું પ્રમાણ - વધ્યું, ઘટ્યું કે એટલું જ રહ્યું?

આપણામાંના મોટાભાગનાનો જવાબ હશે કે "વધ્યું", પણ ખરેખર સાચો જવાબ છે કે આ બધું જ એકંદરે ઘટ્યું છે. ફક્ત ઉપરના જ પ્રશ્નો નહીં પણ આવા બીજા ઘણા પ્રશ્નોના આંકડાકીય અને તાર્કિક વિશ્લેષણ માટે સ્વીડિશ લેખક Hans Rosling નું "Factfulness" પુસ્તક જે અંગ્રેજીમાં છે તે વાંચવા જેવું છે. પુસ્તકની શરૂઆત એક ૧૩ પ્રશ્નોની પ્રશ્નાવલીથી થાય છે અને વાચકે પોતાના જવાબ નોંધવાના છે. પુસ્તકમાં આગળ જતાં આ પ્રશ્નોના ઉત્તર આપેલા છે અને વાચક ઉત્તરની સાથે પોતાના જવાબ

સરખાવી એક વ્યક્તિગત અંદાજ લગાવી શકે. પહેલી નજરે આ પુસ્તક કંપનીના વાર્ષિક અહેવાલ જેવું લાગી શકે કે જેમાં ખૂબ બધાં ગ્રાફ, આંકડાઓ અને વિશ્લેષણ હોય પણ જો ધીરજપૂર્વક વાંચીએ તો ખૂબ રસપ્રદ માહિતી સાંપડે એમ છે.

આ પુસ્તકમાં અમુક પ્રશ્નો એવા છે કે જેનો જવાબ કદાચ આપણે જાણતા હોઈએ પણ એને સમગ્ર વિશ્વની સાપેક્ષ મૂલવતા ના હોઈએ જેથી કરીને થઈ રહેલાં સારાં પરિવર્તનોની નોંધ લેવાનું ચૂકી જઈએ. જેમ કે મનુષ્યનું આયુષ્ય - વધ્યું, ઘટ્યું કે એટલું જ રહ્યું? આનો જવાબ છે વધ્યું અને અત્યારે એ સરેરાશ ૭૨ વર્ષ છે. ૧૯૫૦માં એ અંદાજિત ૪૦ વર્ષ હતું. બીજા આવા એક પ્રશ્ન પર નજર કરીએ - દુનિયામાં ઓછી આવક ધરાવતા દેશોમાં પ્રાથમિક શિક્ષણ પૂરું નહીં કરી શકતી છોકરીઓનું પ્રમાણ વધ્યું, ઘટ્યું કે એટલું જ રહ્યું? આમાં જવાબ એ જ કે ઘટ્યું છે. આ શિક્ષણનો સીધો સંબંધ લેખકે વસ્તી સાથે જોડીને પણ દર્શાવ્યો છે. જેમ - જેમ સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધ્યું તેમ તેમ સ્ત્રી દીઠ બાળકોનું પ્રમાણ પણ ઘટ્યું. ૧૯૪૮માં સ્ત્રી દીઠ બાળકોનું પ્રમાણ ૫ હતું જે અત્યારે લગભગ અડધું થઈને ૨.૫ રહ્યું છે.

આ પુસ્તકમાં સૌથી રસપ્રદ બાબત આંકડાઓને વર્ગીકૃત કરવા વિશે છે. લેખકના મંતવ્ય પ્રમાણે મનુષ્યમાં વસ્તુઓને ફક્ત બે જ અલગ જૂથોમાં વહેંચવાની આદત છે - સારું વિરુદ્ધ ખરાબ, અમીર વિરુદ્ધ ગરીબ, વિકાસશીલ વિરુદ્ધ વિકસિત પણ ફક્ત બે અંતિમોને લીધે જે મૂળભૂત વસ્તુ ભૂલી જવાય છે તે છે "મધ્યમ." ઉદાહરણ તરીકે આપણે ભારત દેશની વાત કરીએ તો સતત સાંભળતા આવ્યા છીએ કે ભારત એક વિકાસશીલ દેશ છે પણ પછી શું થયું? વિકસિત તો હજુ નથી થયો તો ક્યાં પહોંચ્યો? જેમ ઉપર જણાવ્યું તેમ જો ફક્ત બે અંતિમ સાથે સરખામણી કર્યા કરીએ તો જે કંઈ મધ્યમાં છે એ વિસરાઈ જાય છે. આનો ઉકેલ લાવવા લેખકે બધા દેશોને દૈનિક આવક પ્રમાણે ચાર સ્તરમાં વહેંચી નાખ્યા છે.

૧. દૈનિક આવક ૨ ડોલર કરતાં ઓછી.
૨. દૈનિક આવક ૨ અને ૮ ડોલરની વચ્ચે.
૩. દૈનિક આવક ૮ અને ૩૨ ડોલરની વચ્ચે.
૪. દૈનિક આવક ૩૨ ડોલરથી વધુ.

આ વર્ગીકરણ પ્રમાણે આનંદની વાત એ છે ભારત અત્યારે સ્તર-૨ના મધ્યથી થોડે ઉપર પહોંચ્યો છે.

લેખક આ બધાં ગ્રાફ, આંકડાઓ અને વિશ્લેષણ દ્વારા એ પ્રતીતિ કરાવી રહ્યા છે કે સમગ્ર વિશ્વમાં ધીમે-ધીમે પણ સતત અલગ-અલગ દિશામાં મક્કમ પ્રગતિ થઈ રહી છે. આ પુસ્તકમાં તેમણે દરેક પ્રકરણમાં એક-એક કારણ આવરી

લઈ વિશ્લેષણ કર્યું છે અને બતાવ્યું છે કે કેમ વિશ્વ આપણે ધારીએ છીએ એના કરતાં સારું થઈ રહ્યું છે.

પુસ્તકમાં સમાવેલી મોટાભાગની વિગતો - https://www.gapminder.org/ પર ઉપલબ્ધ છે. જેમાં ૨ બાબતો સૌથી વધુ રસપ્રદ છે.

૧. આ વેબસાઈટ પર જઈ એક એનિમેશન રૂપમાં તમે કોઈ પણ દેશની પ્રગતિ ૧૮૦૦ની સાલથી જોઈ શકો છો. જો અહીં ઇન્ડિયા પસંદ કરશો તો એક દેશ તરીકે સ્તર - ૧ પરથી સ્તર - ૨ સુધીની યાત્રા જોઈ શકાય છે. સ્વતંત્રતા મળ્યા પહેલાં આપણે સ્તર - ૧ પર હતા અને ધીમે - ધીમે સ્તર - ૨ પર પહોંચ્યા છીએ.

૨. https://www.gapminder.org/dollar-street પર દુનિયાનાં મોટાભાગના દેશોની જીવનશૈલી માસિક આવકના પ્રમાણમાં ફોટો / વિડિયોમાં જોઈ શકાય છે. જેમ કે તેમનાં ઘર, બાથરૂમ, પલંગ, પાણીની સગવડ, રમકડાં વગેરે. ખાસ કરીને બાળકો અને વિદ્યાર્થીઓએ આ ખાસ જોવી જેથી કરીને તેઓ આખા વિશ્વને એક જુદા પરિમાણથી જોઈ શકે.

આજે જ્યારે લોકોને પૂછવામાં આવે કે "દુનિયા સારી થઈ રહી છે કે ખરાબ?" ત્યારે લોકો વિચારવાને બદલે જે અનુભવે છે તે કહે છે અને તેને લીધે અમુક મૂળભૂત હકીકતો પર ધ્યાન નથી જતું. Hans Rosling પોતાને આશાવાદી (optimist) ગણવા કરતાં સંભાવનાવાદી (possibilist) તરીકે ઓળખાવાનું પસંદ કરે છે કે જે કારણ વગર ખોટી આશા નથી રાખતો કે ભય નથી પામતો. આજનો સમય ડેટા એનાલિસિસનો છે અને જેનો બૃહદ ઉપયોગ આ પુસ્તકમાં થયો છે. આંકડાઓની સારી - નરસી બન્ને બાજુ છે એટલે એમનું માનવું છે કે "The world cannot be understood without numbers. But the world cannot be understood with numbers alone". વિશ્વને આંકડા વગર સમજવું શક્ય નથી પણ માત્ર આંકડાથી વિશ્વને સમજવું સુધ્ધાં શક્ય નથી.

આજની વિષમ પરિસ્થિતિમાં આ પુસ્તક એક અલગ હકારાત્મક દૃષ્ટિકોણ રજૂ કરે છે. આ પુસ્તક ગ્રાફ અને વિશ્લેષણ દ્વારા મોટાભાગની બાબતો રજૂ કરે છે પણ જો આપને વધારે ઉદાહરણ, અત્યારનાં વૈજ્ઞાનિક સંશોધનો અને માહિતીમાં રસ હોય તો Yuval Noah Harariનાં બે પુસ્તકો Homo Sapiens અને Homo Deus વાંચવાની ભલામણ કરીશ જે મનુષ્યની અત્યારની પ્રજાતિ (Homo Sapiens)માંથી દેવ (Deus) બનવા તરફની વાત ખૂબ જ રોચક રીતે રજૂ કરે છે. આ પ્રકારનાં પુસ્તકો વાંચ્યા પછી એવી લાગણી જરૂર થશે કે "Things can be bad, and getting better." પરિસ્થિતિ નાજુક છે પણ સુધરી રહી છે. ❑❑❑

[પૃ. ૫૦થી ચાલુ]
મેં એમને કહ્યું કે તમારા વિષે કે તમારી કવિતા વિષે લખવું એ એક મોટું તપ છે. એમાં કેટલા બધા સાંસ્કૃતિક સંદર્ભો આવે અને એમની ભાષા જે છે. એટલે એમનું સન્માન થયું ત્યારે મેં લખ્યું. પણ સારી વસ્તુનો આનંદ થાય એ આશ્વાસન છે, એ આનંદ નથી. આ એક તો છે ને, એ આશ્વાસન. જે નાના નાના માણસો કરી શકે છે તે આપણે નથી કરી શકતા. ભણતરે આપણને ઘણું બધું આપ્યું. વાચાળતા આપી, તર્કો આપ્યા, લુચ્ચાઈ આપી, આપણી સાહજિકતા ઝૂંટવી લીધી. સર્જક સર્જનપ્રથમ હોવો જોઈએ. એનો તોટો છે. આજે જ્યારે આ કોરોના છે આજથી સો વર્ષ પહેલાં કોગળિયું આવ્યું હતું. જામનગર પાસે બેડ ગામ છે ત્યાંથી એનું પહેલું પગરણ આવ્યું હતું. બરાબર ૧૯૧૯માં. એમાં મારા દાદાના બે ભાઈઓ અને એકની પત્ની એમાં ગુજરી ગયાં. ત્યારે ઘરના બે જણ બચ્યા એમણે બાકીના બધાને સંભાળી લીધા. મારા પિતાએ ડાયરી લખેલી, એમના દાદા ગુજરી ગયા ત્યારે કેવું થયું, કેટલાનું કરજ થયું. એ બધું મેં વાંચ્યું ત્યારે ખબર પડી. એટલે ભીંસટમાં આવ્યા એટલે સંકોડાયા. આપણી અંદર અત્યારે જે છે એ એકાકીપણું નથી, એ એકલતા છે. અંદરનો ખાલીપો છે. પણ મને મોટામાં મોટું અનુસંધાન એ મળે કે હું તટસ્થ રહું છું એમ નહીં, ''દો દિનકા જગમે મેલા, સબ ચલા ચલેગા અકેલા. કોઈ ગયા, કોઈ જાવે, કોઈ ગઠડી બંધ સિધાવે...'' એટલે મને તો વિચાર આવે કે અમારું ગામ, મારા પિતા ગુજરી ગયા ત્યારે અમારી પાસે કંઈ નહોતું. અમે દસ માણસો અને ત્રણ ગાયો, પણ અમે ખાધે-પીધે દુ:ખી નથી થયાં. કારણકે જીવનની જરૂરતો ઓછી હતી અને અપેક્ષાઓ નહોતી. આજે ધરવ નથી અને માણસમાંથી ધરમ જતો રહ્યો છે તે એ અર્થમાં કે મનુષ્ય તરીકે આપણું કર્તવ્ય શું છે એ આપણે ભૂલી જઈએ છીએ. અને આમાં કોઈ સુધારો થાય એવી શક્યતા નથી. એટલે સમયે સમયે ખતરા આવ્યા કરે પણ જેમ આપણે વધુ વિકાસ કર્યો એમ વધુ વિનાશની દિશામાં જઈએ છીએ.

પ્રશ્ન: હું ક્યારથી આપની સાથે વાતો કરું છું, આપનાં વક્તવ્યો પણ સાંભળતી આવી છું. આપની વાતો પરથી ખ્યાલ આવે છે કે ભાષા પ્રયોગનો એક આખો નકશો આપની દૃષ્ટિ સમક્ષ સ્પષ્ટ છે. આ કઈ રીતે બન્યું?

એ મેં તમને કહ્યું એમ, કે હું એક કવિતા અથવા કંઈપણ વાંચતો હોઉં તો એમાં એક શબ્દ જો મને સ્પર્શી જાય. દાખલા તરીકે અત્યારની આપણી પરિભાષામાં 'લોકાર્પણ' શબ્દ લો. એમાં અહં અને મમતા છે. મારાપણું ન હોવું જોઈએ, આ મારું છે એ છૂટે તો ભગવાન મળે, અને ભગવાન મળે એટલે માણસ

મળે. દૃષ્ટાંત અને શાસ્ત્ર નહીં, પણ શાસ્ત્રની પૂર્ણતા જોઈએ. અને એ પૂર્ણતા દૃષ્ટાંતો દ્વારા થાય. વિચાર અમૂર્ત ન જોઈએ, વિચારની સાથે વ્યવહાર પણ આવવો જોઈએ. જાણવાની જિજ્ઞાસા ન કહેવાય, જિજ્ઞાસા એટલે જ જાણવાની ઇચ્છા. હું સાહિત્યની સાર્થકતા એમાં માનું. જે મનુષ્યના અંત:સ્થલને ન સ્પર્શે અને એને બદલાવે નહીં, અને એને જુદી ભૂમિકા પર મૂકે નહીં, એ શા કામનું? ભાગવતમાં બે શબ્દો છે-સ્વસંવેદ્ય અને પરસંવેદ્ય. આપણને પગે કાંટો વાગે અને ડોક્ટર પાસે જઈએ, એ પૂછે કે ક્યાં દુખે છે. દુખે છે આપણને, ડોક્ટરને નથી દુખતું. આપણો જાત અનુભવ છે એ સ્વસંવેદ્ય. મીરાં જ્યારે કૃષ્ણપ્રીતિની વાત લખે ત્યારે એને એ સ્વસંવેદ્ય છે. જ્યારે સુરેશ દલાલ લખે ત્યારે એ પરસંવેદ્ય છે. એટલે એમાં ભાષાની કરામત આવે, પણ મીરાંની પંક્તિ સાંભળતાં તમારી આંખમાં આંસુ આવી જાય, એમ બીજામાં ન થાય. તમને પ્રશ્ન એમ થાય કે હું ભાષા દ્વારા કેવી રીતે સમાધાન મેળવું? હું પાંચ-દસ મિનિટ પહેલાં શું બોલ્યો હોઉં એ કદાચ ભૂલી જાઉં પણ જે ભૂતકાળના અનુભવો છે એ પૈકી પ્રત્યેક અનુભવ આપણને એક વિચિત્ર પ્રકારની અનુભૂતિ કરાવે છે. અનુભૂતિ એ હૃદયનો વિષય છે અને અનુભવ એ શરીરનો છે. દરેકની પોતાની જીવનસપાટી પોતપોતાની સમજણ મુજબની હોય છે.



પ્રશ્ન: આપ આપની સામાન્યતાનો બહુ આદર કરો છો. આપ પોતાને સામાન્ય માનો છો?

બહુ સામાન્ય. હું એમ કહું છું, 'ત્રિવેણી'માં હું સંતો ભેગો ઘણાં વર્ષો રહ્યો. એક રેકોર્ડિંગ છે સોમનાથનું- કનૈયાલાલ મુનશીના દીકરા હતા ગિરીશ મુનશી, લાઠીનાં ઠકરાણા હતાં અને સરદાર પટેલના ભત્રીજા હતા, ત્યાં હું બોલ્યો છું. કે મને કોઈ અન્ડર એસ્ટિમેટ ન કરશો. હું તમારા કોઈના કરતાં જરાય ઊતરતો નથી. કૃષ્ણે વ્રજ છોડ્યું પછી બે કામ એનાથી થયાં નથી, એક એણે રાસ નથી લીધો અને બીજું એણે વાંસળી નથી વગાડી. એણે શંખનાદ કર્યો છે. પહેલો છે એ નંદકિશોર છે, નટવર નાગર છે, બીજો છે એ એ ગીતાકાર છે, ત્રીજો છે

દેહોત્સર્ગમાં છે. એની મુદ્રા જુવો, કૃષ્ણની એ મુદ્રા એ સિનિયર સિટિઝનની મુદ્રા છે. દરેકને કૃષ્ણના અવતારમાંથી પસાર થવું પડે છે. કૃષ્ણ જ્યારે દ્વારકામાં છે ત્યારે ઉત્તર ભારતમાંથી કેટલાક ઋષીઓ એમને મળવા આવે છે અને કૃષ્ણ ત્યારે એમને લેવા ઉંબર પર આવે છે. ત્યારે એ ઋષીઓએ કહ્યું કે અમે તમારા વિષે ઘણું સાંભળ્યું છે, તમે તો એનાથી સવાયા નીકળ્યા. આવું આપણા કેટલા કિસ્સામાં બને છે? શિષ્ટ માણસોમાં તમને કેટલે ઠેકાણે આવું મળે છે? પહેલી વખત જ માણસ મળતો હોય અને આપણે કહીએ કે અમે તમારા વિષે ઘણું સાંભળેલું. આપણા છાપાંમાં અને રેડિયોમાં કેટલું બધું ફૂંકાયા જ કરે છે. આપણે આપણી જાતને શાબાશી આપવાની શું જરૂર છે? એક ચીની કહેવત છે કે ભગવાને આપણા હાથ થોડા ટૂંકા આપ્યા છે. આપણા હાથ છે એના કરતાં એક ફૂટ લાંબા આપ્યા હોત તો આપણે આપણા જ હાથે વાંસો થાબડવા માંડત કે તારા જેવો કોઈ થયો નથી અને થશે નહીં. માણસોને પ્રસિદ્ધિની કેટલી બધી ભૂખ હોય છે.

પ્રશ્ન: પૂજાપાઠ અને અધ્યયન એ બેમાંથી પસંદગી કરવાની હોય તો શાની પસંદગી કરો?

બે પ્રકારની ભક્તિ છે- જ્ઞાનમય ભક્તિ અને ભાવમય ભક્તિ. જેનામાં જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિ છે એણે પૂજાપાઠનાં વિધિવિધાન પડવાની જરૂર નથી. મારો પોતાનો જે ક્રમ છે એમાં હું સવારે ભગવાનની પ્રાર્થના કરી લઉં પછી મારા નિત્યક્રમમાં ગીતાનો પાઠ કરું, ભાગવતનો પાઠ કરું અને કેટલાક સ્તોત્રો બોલું. હું ભગવાનને શૃંગાર વગેરે કરતો નથી, કારણકે એ મારી તાસીરમાં નથી. કોઈપણ અધ્યાત્મમાં સૌથી મોટી જરૂર છે આંતરિક પ્રતીતિની. અધ્યાત્મ હોલસેલ ન હોઈ શકે, એ વ્યક્તિપરક છે, સમુદાયપરાક નથી. અધ્યાત્મ, ધર્મ અને સંપ્રદાય એ પર્યાયો નથી. દરેક અધ્યાત્મિક માણસ સાંપ્રદાયિક હોય એવું અનિવાર્ય નથી. તેમ દરેક સાંપ્રદાયિક માણસ અધ્યાત્મિક હોય કે ન પણ હોય. અધ્યાત્મ એક મૂડ છે, એક અવસ્થા છે. એ ચોવીસ કલાક રહેતી નથી. ધર્મ એ જીવન જીવવા માટેની એક વ્યવસ્થા છે, અને સંપ્રદાય એ સંસ્થા છે. આ સંપ્રદાયો મધ્યકાળથી એટલે કે બારમી-તેરમી સદીથી આવ્યા. એ પહેલાં સનાતન ધર્મ હતો જે શંકરાચાર્યએ શરૂ કર્યો હતો. એટલે પૂજાપાઠ એ સૌ સૌની તાસીર પ્રમાણે થાય. વલ્લભ સંપ્રદાયમાં પૂજા શબ્દ નથી વપરાતો, પણ સેવા શબ્દ વપરાય છે . તમારું આખુંને આખું વ્યક્તિત્વ અને અસ્તિત્વ, આખું ચૈતન્ય એના મય બની જાય એનું નામ સેવા. એટલે એકાગ્રતા હોવી જોઈએ. મોટાભાગનાને પ્રતીતિ નથી હોતી. મોક્ષ માટે કોઈ ભક્તિ કરતું જ નથી હોતું, લોકો પોતાના સાચા-ખોટા ઇરાદાઓ, પોતાના સ્વાર્થો માટે જતા



હોય છે. કૃષ્ણ કહે છે કે જ્ઞાની ભક્ત મને સૌથી પ્રિય છે. અને જ્ઞાન બધા પાસે હોતું નથી. વિજ્ઞાન શબ્દ સંસ્કૃતમાં અધ્યાત્મ માટે વપરાય છે. વિશેષ પ્રકારનું જ્ઞાન તે વિજ્ઞાન. અને તમે જો જાત સાથે સચ્ચાઈથી વર્તો, અને વિચારો કે આ મને ગમે છે? અને પોતાને ગમતું હોય અને કોઈને નડતું ન હોય તો એ બરાબર છે. કોઈની પ્રતીતિ એવી હોય. જેમકે હું કૃષ્ણને માનું, એની પાસે પાઠ કરું કારણકે કૃષ્ણ મને ગમે છે, એ પુરુષોત્તમ છે. એટલેકે એનામાં ઉત્તમ પુરુષના કેટલા બધા ગુણો છે, પછી હું એની માળા કરું. અને પાઠ કરતાં એમાં કોઈક શ્લોકનો એક શબ્દ ન સમજાય તો ત્યાં અટકી જાઉં. આપણને એવું કંઈ નથી કે આખા અધ્યાયનો પાઠ કરવો છે અને ન કરીએ તો પાપ લાગે. ભગવાન તમને શિક્ષા કરવા માટે નથી, શીખ આપવા માટે છે. એટલે અધ્યાત્મ જથ્થાબંધ હોઈ શકે જ નહીં, હજારો માણસો બેઠા હોય અને એને તમે મંત્ર આપો. મંત્રનું મંત્રત્વ લિપિમાં નથી શ્રુતિમાં છે. એટલે મંત્રની દીક્ષા આપે છે એ લખીને નથી આપતા, બોલીને આપે છે. જે મંત્રની દીક્ષા આપનાર છે એણે મંત્ર સિદ્ધ કરેલો હોવો જોઈએ. સિદ્ધ કરેલો એટલે કંઈ વેપારીને ત્યાં જઈને ટોકન લઈને બધાએ હારબંધ ઊભા રહેવું એ નહીં. જેણે મંત્ર સિદ્ધ કર્યો છે, એ મંત્રદ્રષ્ટા છે. મંત્રદ્રષ્ટા એક છે, મંત્રદાતા બીજો છે. મનાત ત્રાયતિ ઇતિ મંત્રઃ એટલે જે મનમાંથી મુક્ત કરાવે એ મંત્ર. અને તલાત ત્રાયતિ ઇતિ તંત્ર. મંત્ર અને તંત્ર એ બે એક નથી. એક જણ માઈક પરથી મંત્ર બોલે એવું ન હોય. મંત્રની ગુહ્યતા, મંત્રની પ્રચ્છન્નતા- એનો મહિમા છે. એટલે જનોઈ દે અથવા દીક્ષા આપે ત્યારે એના કાનમાં ધીરેધીરે બોલે.

પ્રશ્ન: આપણે આજના આ સંવાદનું સમાપન કરીએ ત્યારે, આપની દૃષ્ટિએ જીવન સૌથી ઉત્તમ ભેટ શું આપી શકે અને વળતું, મનુષ્ય જીવનને શું આપી શકે?

ગીતાકારે શબ્દ વાપર્યો છે 'લોકસંગ્રહ'. આપણે એ લોક-કલ્યાણના અર્થમાં વાપરીએ છીએ. વ્યક્તિને ઈશ્વરકૃપાથી જે કંઈ વિશેષતાઓ મળી હોય-શારીરિક સંપદા મળી હોય, વિદ્યાકીય હોય કે સંપત્તિ મળી હોય, તો યજ્ઞ શબ્દ ગીતામાં પરાર્થે છે. જ્ઞાનયજ્ઞ, સ્વાધ્યાય યજ્ઞ, વગેરે. વેદમાં યજ્ઞ શબ્દ છે એ જુદા અર્થમાં છે. એટલે યજ્ઞમાં આપણે આહુતિ આપવી જોઈએ. આપણી જે કઈ ગુંજાયશ હોય, આપણી જે સંપદા હોય, આપણી જે સમજ હોય એનો જ્યારે માત્ર પોતાના સ્વાર્થ માટે ઉપયોગ કરીએ છીએ ત્યારે વિદ્યા સરી જતી હોય છે. પણ જ્યારે કોઈને માટે જીવીએ છીએ ત્યારે બત્રીસે કોઠામાં દીવા પ્રગટી જતા હોય છે અને ત્યારે એ આશીર્વાદ આપે. અને આશીર્વાદ એ ભાષાનો પ્રદેશ જ નથી, એ તો આંસુનો અને આંખોનો પ્રદેશ છે. એટલે આપણી પાસે જે હોય એનો પરાર્થે ઉપયોગ. વૈષ્ણવનાં લક્ષણો કહ્યાં છે એ રીતે આપણે જીવી શકતાં નથી. ગાંધી તો હજારો વર્ષે એક પાકે, રોજ ગાંધી પ્રગટ થતા નથી. મને જ્ઞાન શબ્દ બહુ મોટો લાગે છે. શ્રીજી મહારાજે શબ્દ વાપર્યો છે- જાણપણું. એટલે આપણે આપણી જાતને જાણીએ છીએ ખરા? તો આપણું જાણપણું જે હોય, આપણી શારીરિક સંપદા જે હોય, જેમ ઘણા અંગદાન કરે છે, કોઈક આખું શરીર આપી દે છે. એ ઉત્તમ છે. આપણા ન હોવામાં આપણી કોઈ સંપદા નથી, સિવાય કે આપણું મૃત શરીર. એ પણ કોઈ સત્કર્મમાં વપરાય તો એના જેવું બીજું કોઈ પુણ્ય નથી. આ ગીતાનો ઉપદેશ છે. 'સગાં દીઠાં મેં શાહઆલમનાં ભીખ માંગતાં શેરીએ.' શારીરિક શક્તિ ક્ષીણ થઈ જાય, પ્રભાસપાટણમાં બેઠેલા કૃષ્ણની મુદ્રાની મેં વાત પહેલાં કરી. એનો સ્વીકાર આપણે કરી શકતાં નથી. આપણે અંતઃકરણની વાત કરીએ છીએ, આપણી ઇન્દ્રિયો છે એ બાહ્યકરણ. કરણ એટલે સાધન. મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકાર એ ચારે મળીને અંતઃકરણ થાય છે. એ અંતઃકરણ અને આત્મા એ એક સપાટીએ આવે ત્યારે સમાધાન થાય. સમાધાન એટલે કોમ્પ્રોમાઈઝ નહીં, વેદાંતની પરિભાષામાં ક્ષમ-આધાન, જેમ ગર્ભ આધાન એટલે ગર્ભાધાન. તો જ્યારે અંતઃકરણ અને આત્મા એક સપાટીએ આવે ત્યારે આપણને એક પ્રકારની આશાએશ થાય. એટલે સમ્યક યોગની વાત છે. સિદ્ધિ એ કંઈ જીવનને બહુ ઉપારક નથી. સિદ્ધિનો તમે વ્યવસાય માટે કે વ્યવહારમાં નિર્વાહ માટે ઉપયોગ કરો તો ભોગવવું પડે છે. વ્યવસાય માટે જ નહીં, પ્રતિષ્ઠા માટે પણ ઉપયોગ ન થવો જોઈએ. ઈશ્વરના ઐશ્વર્ય કરતાં સામાન્યતાનું ઐશ્વર્ય મોટું છે.

❑❑❑



તમારી દૃષ્ટિએ

'નવનીત સમર્પણ'નો ઓક્ટોબર અંક સરસ થયો છે. ઘણા લેખો સારા છે. પણ એક ખાસ લેખ - લેખક રાધેશ્યામ શર્મા વિષે વાંચવો ગમ્યો.

શ્રી રમણ સોનીએ ખૂબ સરસ રીતે એમની વાત કરી છે. તેમાં એક ખાસ વાત વિષે થોડી વધુ વિગત મોકલું છું.

શ્રી રમણભાઈએ એમના લેખમાં રાધેશ્યામ શર્માના રજનીશ - ઓશો સાથેના સંબંધની વાત લખી છે. ઓશોનું પુસ્તક "કૃષ્ણ મેરી દૃષ્ટિ મેં"ના બધા જ પ્રશ્નો રાધેશ્યામભાઈએ કરેલા. પછીથી એ પુસ્તકનું પ્રકાશન થયું ત્યારે રજનીશે તેની પ્રસ્તાવના પણ રાધેશ્યામ શર્મા પાસે લખાવી. રજનીશે એમના જીવન દરમ્યાન ફક્ત બે જ વ્યક્તિઓ પાસે પ્રસ્તાવના લખાવી છે, તેમાં એક અમૃતા પ્રીતમ અને બીજા રાધેશ્યામ શર્મા. ઓશોના અનેક પત્રો રાધેશ્યામ શર્માને મળેલા. એ પત્રોનું સંપાદન પણ પ્રગટ થવાનું હતું. પણ પ્રકાશકે (નામ નથી આપતો) એ પત્રોની ફાઈલ ખોઈ નાખી. શ્રી રમણ સોનીએ સંગીતકાર નૌશાદનો ઉલ્લેખ પણ કર્યો છે. રાધેશ્યામ શર્મા નૌશાદના જીવન અને સંગીતને કેન્દ્રમાં રાખતી એક નવલકથા પણ લખવા માગતા હતા. એમના વિષે વિસ્તારથી મને વાત કરેલી. અનેક રીતે એ માણસ અદ્ભુત હતા.

"ફિલ્મસંગીતના સુવર્ણયુગીન ગુજરાતી સંગીતકારો" (લેખક – કીર્તિકાન્ત પુરોહિત) માં શ્રી માધવલાલ માસ્ટર (મધુ માસ્ટર) વિષે વાંચીને એમની સાથે ગાળેલી અનેક સ્મૃતિઓ મનમાં ઊભરી આવી. માધુ માસ્ટર (માધવલાલ માસ્ટર - એમની મૂળ અટક વ્યાસ હતી) વિષે એક વિસ્તૃત લેખ "નવનીત સમર્પણ"માં અગાઉ પાંત્રીસેક વર્ષ પૂર્વે છે જેમાં એમના સંગીત અને પપેટ્સ વિષે જાણકારી મળે છે. એ લેખ ઉષા શેઠે લખેલો. આ લેખ એમના પુત્ર શ્યામ વ્યાસને મોકલી આપ્યો છે. એમાં પણ એક માહિતી - રાજકપૂરની ફિલ્મ "મેરા નામ જોકર"માં જોકરનું જે પપેટ દર્શાવ્યું છે એ મધુ માસ્તરે બનાવેલું છે.

- અભિજિત વ્યાસ

* * *

ઓગસ્ટ ૨૦૨૧નાં 'નવનીત સમર્પણ'માં 'અસંમતિ એ લોકશાહીનો સલામતી વાલ્વ છે. ડો. ધનંજય ચંદ્રચૂડનો લેખ 'લોકશાહી' માટે ઘણું કહી ગયો, અત્યારે જે વિરોધ પક્ષો પાસે કોઈ મુદ્દો જ નથી હોતો વિરોધ કરવા ખાતર વિરોધ કરશે તે લોકશાહી માટે યોગ્ય નથી... અસંમતિ એમાં હોય કે જે નિર્ણય ખોટો હોય તો શાસક પક્ષને વ્યવસ્થિત રીતે સમજાવીને સહમતિ મેળવી શકાય. લોકશાહી માટે પ્રશ્નો અને અસંમતિ માટેનો અવકાશનો નાશ રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક તમામ વિકાસના આધારને નષ્ટ કરે છે.

આ અર્થમાં અસંમતિ એ લોકશાહીનો સલામતી વાલ્વ છે.

મીઠાપુર - મુકેશ ટી. ચંદારાણા

* * *

'નવનીત સમર્પણ'નો સપ્ટેમ્બર ૨૧નો અંક મળ્યો. હિમાંશી શેલતની 'અસ્થિ' વાર્તા ખૂબ ગમી. સાંપ્રત સમયની પરિસ્થિતિ તેમાં રજૂ થઈ છે. શોર્ટકટ નવલિકા પણ સરસ છે. જેમાં આજની યુવાપેઢીનું માનસ જોઈ શકાય છે. લેખકે વાર્તાની ઘટના દ્વારા યુવાપેઢી સામે લાલબત્તી ધરી છે. અન્ય વિભાગો પણ વાંચવાની મજા આવી. ટૂંકમાં, માતૃભાષાની સેવાનું ઉત્તમ કાર્ય 'નવનીત સમર્પણ' દ્વારા થાય છે.

વડોદરા - નસીમાબાનુ પટેલ

* * *

'નવનીત સમર્પણ' ઓગસ્ટ-૨૦૨૧નાં અંકમાં પ્રકાશિત શ્રી પ્રવીણસિંહ ચાવડાના લેખ કવિ કાન્તની ખુરશી. મારા ભાવનગરનાં સંસ્મરણોમાં એક ભૂલ છે તે તરફ ધ્યાન દોરું છું. 'સેક્રેટરી ટુ ધ



પ્રભાશંકર મહાશંકર ભટ્ટ

મહારાજા ઓફ ભાવનગર' પ્રભાશંકર મહાશંકર ભટ્ટ હતા. તેઓ પ્રશ્નોરા બ્રાહ્મણ અને તેમનું શરૂઆતનું નિવાસસ્થાન ગઢેચી વડલા પાસે હતું. ત્યાર પછી સર પટ્ટણી રોડ પર 'કૃષ્ણ વિજય' બંગલો હતું - લેખકે તેમનો ઉલ્લેખ પ્રભાશંકર દવે તરીકે કર્યો છે જે ભૂલ છે. સંસ્મરણો મોટે ભાગે, સ્મૃતિને આધારે લખાતાં હોય છે. તેથી હકીકત દોષ આવે તે સ્વાભાવિક છે. આ સાથે પ્રભાશંકર મ. ભટ્ટનો ફોટો પણ મોકલ્યો છે. તેમના દીકરી અમદાવાદ ખાતે સ્થિત છે.

ગાંધીનગર - શૈલેશભાઈ પાઠક

'નવનીત સમર્પણ' લવાજમના દર

છૂટક અંક	-	રૂ. 30	વિશેષ અંક	-	રૂ. 40
એક વર્ષ	-	રૂ. 300	વિદેશમાં દરિયાઈ માર્ગે	-	રૂ. 1500
બે વર્ષ	-	રૂ. 580	હવાઈ માર્ગે	-	રૂ. 2600
ત્રણ વર્ષ	-	રૂ. 850			
પાંચ વર્ષ	-	રૂ. 1400			
દસ વર્ષ	-	રૂ. 2800			

ઓનલાઈન લવાજમ ભરવાની એકદમ આસાન સેવાનો લાભ લેવા...
http://www.bhavans.info/periodical/pay_online.asp



ભવન્સ-વૃત્ત

મુંબઈ કેન્દ્ર

'ઈમોશનલ ઈન્ટેલિજન્સઃ એક ભારતીય પરિપ્રેક્ષ્ય' પર વ્યાખ્યાન



ભારતીય વિદ્યા ભવને ૨૨ જુલાઈ, ૨૦૨૧ના રોજ પોતાના પૂર્વ કાર્યવાહક સચિવ અને મહાનિદેશક સ્વ. શ્રી એસ. રામકૃષ્ણન્ (૧૯૨૨-૨૦૦૩)ની ૯૯મી જન્મજયંતિની ઉજવણી કરી હતી.

આ પ્રસંગે સંસ્કૃતિ સંવર્ધન અને સંશોધન પ્રતિષ્ઠાન, થાણેના સહાયક પ્રાધ્યાપિકા અને મુંબઈ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગમાં વિઝિટિંગ ફેકલ્ટી પ્રો. સુશ્રી રાધિકા દેશપાંડેએ 'ઈમોશનલ ઈન્ટેલિજન્સઃ એન ઇન્ડિયન પર્સ્પેક્ટિવ' પર ઓનલાઈન લેક્ચર આપ્યું. ભવનના મુમ્બાદેવી આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલયના આચાર્ય (I/C) અને મદદનીશ અધ્યાપકે (અદ્વૈત વેદાંત) વૈદિક પ્રાર્થનાઓ રજૂ કરી. મદદનીશ સંસ્કૃત પરીક્ષા અધિકારી શ્રીમતી જ્યોતિ જાધવે આવકાર પ્રવચન આપ્યું અને શ્રી સુ. રામકૃષ્ણન્ દ્વારા ભારતીય વિદ્યા ભવનના વિકાસ અને વિસ્તરણમાં આપેલા આજીવન યોગદાન માટે આદરાંજલિ અર્પણ કરાઈ હતી.

'શૈક્ષણિક પરંપરા અને અધ્યાપન કૌશલ્ય' પર વ્યાખ્યાન



ભારતીય વિદ્યા ભવને ૨૩ જુલાઈ, ૨૦૨૧ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી નિમિત્તે મદદનીશ પરીક્ષા મંત્રી શ્રી કૃષ્ણ કુમાર ઝા અને ભવન સંસ્કૃત પરીક્ષા વિભાગના સહકાર્યકર શ્રી રાહુલ કુમાર વિશ્વકર્માએ ભવનના ગીતા મંદિર સભાગૃહમાં સ્કંદ-પુરાણમાંથી ગુરુ-ગીતાનો પાઠ કર્યો હતો.

આ નિમિત્તે મુંબાદેવી આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલયના સાહિત્ય વિભાગના મદદનીશ પ્રાધ્યાપક શ્રી રમેશચંદ્ર બારમોલાએ 'શૈક્ષણિક પરંપરા અને અધ્યાપન કૌશલ્ય' વિષય પર ઓનલાઈન વ્યાખ્યાન આપ્યું હતું.

ગુરુપૂર્ણિમા ઉજવણી



ભવનની જ્યોતિષ ભારતીએ ૨૫ જુલાઈ, ૨૦૨૧ના રોજ ગુરુ-પૂર્ણિમાના કાર્યક્રમનું ઓનલાઈન આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમનો પ્રારંભ વેદિક પ્રાર્થનાથી થયો. ભવનની જ્યોતિષ ભારતીના મેનેજિંગ કમિટીના અધ્યક્ષ શ્રી દિનેશ દફ્તરી અને ભવનની જ્યોતિષ ભારતીના વાઇસ પ્રિન્સિપાલ પ્રો. શરદ સી. જોશીએ ગુરુ-પૂર્ણિમાના દિવસે નિધન પામેલા ભવનની જ્યોતિષ ભારતીના વરિષ્ઠ વાઇસ પ્રિન્સિપાલ સ્વ. શ્રી. ડી. વી. ઠાકુર (૨૩-૭-૨૦૨૧)ને શ્રદ્ધાંજલિ આપી હતી. તેઓ ૯૭ વર્ષના હતા. ભવનની જ્યોતિષ ભારતીને તેમના દ્વારા આપવામાં આવેલી લાંબી અને સમર્પિત સેવાઓની પ્રશંસા કરી હતી.

જાણીતા જ્યોતિષ અને હસ્તરેખાશાસ્ત્રી, મિકેનિકલ એન્જિનિયર અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોલોજી, અમદાવાદના ભૂતપૂર્વ માન. વ્યાખ્યાતા શ્રી ઉપેન્દ્રસિંહ બી. ભાદોરિયાએ તેમના રસપ્રદ વ્યાખ્યાનમાં વૈદિક જ્યોતિષવિદ્યાના વિવિધ પાસાઓ પર પ્રકાશ ફેંક્યો અને જ્યોતિષશાસ્ત્રના મહાન આચાર્યોને શ્રદ્ધાંજલિ આપી.

તિરુવનંતપુરમ્ કેંદ્ર : સ્વર્ણિમ વિજય મશાલ

ભારતીય વિદ્યા ભવન વટ્ટિયૂર્કાવુ દ્વારા ૧૯૭૧માં ભારત- પાકિસ્તાન યુદ્ધના વિજયોત્સવ રૂપે ૮ જુલાઈ, ૨૦૨૧ના રોજ સ્વર્ણિમ વિજય મશાલનું સ્વાગત



કરવામાં આવ્યું. આ મશાલ દેશની મુખ્ય ચાર દિશાઓમાં પ્રવાસ કરે છે અને દક્ષિણ તરફની મશાલ જુલાઈના પ્રથમ સપ્તાહમાં તિરુવનંતપુરમ્ પહોંચી.

શાળાના સુબ્રમણ્યમ હોલમાં ભવન્સ, કોડુન્ગનૂરની એનસીસી આર્મી વિંગ દ્વારા એક ટૂંકા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં વિજય જ્યોતનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના એનસીસી કેરળ સેકંડ બટાલિયનના કેડેટ્સે ગાર્ડ ઓફ ઓનર રજૂ કર્યું. કાર્યક્રમ દરમિયાન, "ભારત-પાક ૧૯૭૧ના યુદ્ધનો ઇતિહાસ" અને યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવામાં આપણી સશસ્ત્ર દળોની નિર્ણાયક ભૂમિકાને દર્શાવવામાં આવી હતી.

વિજય જ્યોત ૧૯૭૧ના યુદ્ધમાં પરમ વીર ચક્ર, મહાવીર ચક્ર અને વીર ચક્ર પુરસ્કાર પ્રાપ્ત સૈનિકોના ગામોમાં લઈ જવામાં આવી હતી. આ ઘટનાએ ૧૯૭૧ના યુદ્ધના નાયકોએ દાખવેલી બહાદુરી અને આપેલા બલિદાનની સ્મૃતિ તાજી કરી.

ચંડીગઢ કેંદ્ર: શિલાન્યાસનું અનાવરણ

મહામહિમ શ્રી વી. પી. સિંહ બાડનોરે રાજભવન ખાતે એક ભવ્ય સમારંભમાં ભવન વિદ્યાલય, ન્યુ ચંડીગઢ માટે શિલાન્યાસનું અનાવરણ કર્યું. ભવન વિદ્યાલય ચંડીગઢ કેન્દ્રના આદરણીય અધ્યક્ષ શ્રી આર. કે. સાબૂ આ પ્રસંગે રાજભવન ખાતે ઉપસ્થિત હતા, જ્યારે ઉપાધ્યક્ષ શ્રી જગેશ ખેતાન, સચિવ શ્રી મધુકર મલ્હોત્રા, વરિષ્ઠ આચાર્ય સુશ્રી વિનીતા અરોરા, ઉપાચાર્યા સુશ્રી સુપર્ણ બંસલ, જુનિયર વિંગનાં આચાર્યા સુશ્રી સોમા મુખોપાધ્યાય સહિત કેન્દ્ર સમિતિના અન્ય સભ્યોએ ટેલિકોન્ફરન્સ દ્વારા પરોક્ષ રીતે તેમાં હાજરી આપી હતી.



મહામહિમ શ્રી વી. પી. સિંહ બાડનોરે, રાજ્યપાલ, પંજાબ અને વહીવટદાર યુ.ટી. ચંડીગઢ વક્તવ્ય આપતાં

ન્યુ ચંડીગઢ ખાતે આ નવું કેમ્પસ ભારતીય વિદ્યા ભવન, ચંડીગઢ કેન્દ્રની છત્રછાયા હેઠળ ત્રીજું કેમ્પસ છે, સાથે સેક્ટર ૨૭ બી ખાતે વરિષ્ઠ વિંગ અને સેક્ટર ૩૩ ચંડીગઢ ખાતે જુનિયર વિંગ છે. નવું કેમ્પસ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી સંપૂર્ણપણે કાર્યરત બનશે.

હાસ્યેન સમાપયેત

મન્નુ: ''ઉત્સવ મનાવવાનો અધિકાર તો ફક્ત કુંવારાઓને હોય છે.''

તન્નુ: ''કેમ એવું વાંકું બોલે છે!''

મન્નુ: ''તો શું, પરણેલા તો ફક્ત પત્નીને મનાવવામાંથી ઊંચા નથી આવતા.''

☺ ☺ ☺

કાકા: ''ભઈ, આ લોકઅપ અને લોકડાઉન વચ્ચે શું ફરક?''

યુવક: ''કાકા, લોકઅપમાં અંદર લઈ જઈ મારપીટ થાય છે. જ્યારે લોકડાઉનમાં બહાર નીકળો તો મારપીટ થાય છે. માત્ર એક સામ્ય છે, મારપીટ કરવાવાળા એ જ કંપનીના હોય છે.''

☺ ☺ ☺

દર્દી: ''ડોક્ટર સાહેબ, દવા લખી આપો પણ કડવી ના લખી આપતા!''

ડોક્ટર: ''તો એમ કરું, દવાને બદલે ગુલાબજાંબુ લખી આપું?''

☺ ☺ ☺

પતિ: ''આજે શાકમાં ભલીવાર નથી.''

પત્ની: ''ચૂપચાપ ખાઈ લો. આ શાકને ફેસબુક ઉપર હજાર જણાએ લાઈક કરી છે અને એમાંથી અડધો અડધે તો એને સ્વાદિષ્ટ કહી દીધું છે.''

☺ ☺ ☺

એક વહુને સાસુબાના ફેસબુક ફોટા ઉપર કમેન્ટ લખવી હતી.

''બા તો બા હતાં બાકી.''

સ્પેસ રાખવામાં ભૂલ થઈ. લખાયું, ''બા તોબા હતાં બાકી.''

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત
પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

Total Pages 228
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.

bob World | बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

खुशियों का त्यौहार

त्यौहारों के इस मौसम में, करें अपने सपनों को साकार!

ऑफर सीमित अवधि के लिए*

बड़ौदा गृह ऋण @ 6.50%* प्रतिवर्ष

बड़ौदा कार ऋण @ 7.00%* प्रतिवर्ष



मिस्ड कॉल दीजिए* | गृह ऋण - 846 700 1111
कार ऋण - 846 700 1133 | www.bankofbaroda.in | हमें फॉलो करें